**National Seminar**

**Sub Theme: ALL** **Mode: Offline & Online** **Publish: Yes**

**Remaining & On the spot research paper/article**


| No. | Name | Title | Page No. |
|---|---|---|---|
| 1 | Dr. Intekhab Ansari | National Education Policy – 2020 : An Opportunity to Re- Establish the Mohandas Gandhi's thoughts | 1447-1450 |
| 2 | પટેલ અર્ચના બળવંતરાય<br>ડૉ. પ્રીતિબેન જે. ચૌહાણ | બુનિયાદી શિક્ષણ આધારિત NEP 2020 માં દર્શાવેલ માતૃભાષા શિક્ષણનાં અમલીકરણનાં પડકારો | 1451-1460 |
| 3 | Divya M Rana<br>Dr.Pritiben J Chauhan | વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું ગુજરાતી શબ્દભંડોળ -એક અભ્યાસ | 1461-1465 |
| 4 | ડૉ. હેતલબેન જી. પરમાર | NEP 2020 અને મહાત્મા ગાંધીજીના શિક્ષણની સમાનતાઓ | 1466-1472 |
| 5 | DR.VAISHALI DESAI | નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ અને ગાંધીજીના વિચારો અંતર્ગત આધુનિક શિક્ષણ પદ્ધતિઓનું શિક્ષણમાં સ્થાન અને તેની આવશ્યકતા | 1473-1480 |
| 6 | ડૉ. ગાયત્રીબેન રમેશભાઈ પટેલ | ગાંધીજીની સ્વાવલંબી કેળવણી અને NEP 2020 | 1481-1486 |
| 7 | Chaudhari Harunbhai Champakbhai | New Generation, New India: The Tone of Equality in the Mission of Comprehensive Education | 1487-1493 |
| 8 | Patel Hetalkumari Kantibhai<br>Dr.Vidhyachal Yadav | સામાજિક વિજ્ઞાન વિષયમાં ધોરણ 9ના 'કુદરતી વનસ્પતિ' એકમ પર CAI કાર્યક્રમની રચના અને અસરકારકતા | 1494-1503 |
| 9 | Ilaben j. patel<br>Dr. Kaushal kumar H. Parekh | ગાંધીજીનો શિક્ષણક્રમ – અનુભવ આધારિત શિક્ષણની ધોરણ-૯ નાં વિદ્યાર્થીઓનાં લેખનકૌશલ્ય વિકાસ પર અસરકતા–એક અભ્યાસ | 1504-1508 |
| 10 | પ્રા. ડૉ. જયશ્રી જાંબુસિયા | ગાંધીજીના જીવન અને સાહિત્ય પર રામ-પ્રભાવ | 1509-1518 |
| 11 | ખ્યાતિ આર.પટેલ<br>ડૉ. ભાવેશ એમ. મોદી | હાથ, હૃદય અને મસ્તિષ્ક ગાંધીવાદી અભિગમ : સતત સર્વગ્રાહી મૂલ્યાંકન | 1519-1524 |
| 12 | ડૉ. લીનાબેન સી. પટેલ | શિક્ષણ દ્વારા બાળકનો સર્વાંગીણ વિકાસ | 1525-1528 |
| 13 | Dr. Madhavi Satishkumar Bhatt | ASSESSMENT AND EVALUATION IN INDIAN EDUCATION SYSTEM | 1529-1536 |

| | | | |
|---|---|---|---|
| 14 | ડૉ. નરેશ રોહિત<br>ડૉ. સંગીતા પરમાર | નઈ તાલીમ અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ વચ્ચેનો તુલનાત્મક અભ્યાસ | 1537-1543 |
| 15 | Dr. Nitalkumar A. Patel | સર્વગ્રાહી શિક્ષણ પદ્ધતિઓ | 1544-1551 |
| 16 | નિતીન કે. સાવજ | અનૌપચારિક શિક્ષણ સંસ્થા તરીકે તપોવન વિશ્વવિદ્યાલયનો વ્યક્તિ અભ્યાસ | 1552-1559 |
| 17 | Pritisingh Rajput | Developing Mindfulness while Learning the English Language | 1560-1566 |
| 18 | પ્રો. રાંભીબેન એસ. બાપોદરા | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં તકનીકીનો ઉપયોગ અને સમન્વય | 1567-1571 |
| 19 | નિશા રામી<br>ડૉ. જયપ્રકાશ પંડયા | માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની મોબાઈલ ઉપયોજન સભાનતાનો અભ્યાસ | 1572-1578 |
| 20 | Dr. Rohit C. Patel | માતૃભાષામાં શિક્ષણ | 1579-1585 |
| 21 | Vimalkumar Bhagwanbhai Tandel | NEP 2020 અંતર્ગત ગણિત-વિજ્ઞાન વિષયમાં પ્રાથમિક શાળામાં થયેલ ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિનો અભ્યાસ | 1586-1593 |
| 22 | અમિતા ડી. પટેલ | જાપાનની જાગૃતિ : જાપાની શિક્ષણ પદ્ધતિઓમાંથી શીખવું | 1594-1598 |

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1447-1450

# National Education Policy – 2020 : An Opportunity to Re-Establish the Mohandas Gandhi's thoughts

***Dr. Intekhab Ansari***

*Incharge Principal*
*College of Education Kharod*
*Tal.Ankleshwar, Dist. Bharuch*
*Gujarat, India*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

National Education Policy – 2020, Skill development, Vocational education

**A B S T R A C T**

*The education system is the one of the very important contribution and gift from our ancestors. It is always expected that education should be such in which students can reach to the goal of holistic development and get quality education. In this regard many committees and policies are being declared by the concerned Governments in different countries. In India too many efforts are made.NEP – 2020 is one of the greatest and latest efforts of the people associated with the preparation of NEP -2020.There are so many aspects and points in the NEP -2020 which seems to be based on the Mohandas Gandhi's Educational thoughts i.e. skill development, vocational education, importance to mother tongue etc. In this paper an author has tried to present the thoughts of Gandhiji which are the base of NEP – 2020.Author has concluded that NEP – 2020 gives us great opportunity to re- establish the valuable thoughts of our father of nation Mohands Gandhi.*

## Background

Human being living in an unorganized situation in the ancient time has now entered in to the scientific era and in the age of Information and Communication Technology. But this progress is not happened in few years only. It took so much time and sincere efforts of the

visionary people to reach up to this level of development. In real sense it is a result of the hard work and commitment of our ancestors. They invented so many new things for the betterment and benefit of all the human beings of the earth. Fire, agriculture, wheel, electricity…etc...are the revolutionary invention that made human life easy and comfortable. Education system is one of the great contributions of our great ancestors. They thought out the formal education system and made great efforts to materialize it. Many thinkers and visionary people came and by the passage of time gave the shape to education system. Formal education system is a great gift for the coming generation by the past generation. Winfrey (2023) highlighted the importance of education as: “Education is the key to unlocking the world. It is the passport to freedom.” Many other thinkers and authors have expressed their views regarding the importance of education.

In the above perspectives it becomes very essential to make education system more systematic and qualitative. We are fortunate that many sincere efforts were made in India too to make the whole formal education system more effective, efficient and qualitative. In 1968 the first National Education policy was introduced by the Government of India. In 1986 the New Education policy was introduced. Moreover, various commissions and committees were also formulated who recommended for the improvement of the education system. As a part of the improvement process again new National Education Policy was thought of and declared in July – 2020.Now we are in its implementation mode. In the National Education policy – 2020 there are so many recommendations and the things which are very fruitful and important regarding the re establishment of Gandhian thoughts.

## Opportunity to re - establish the Mohandas Gandhi’s thoughts

In NEP – 2020 there are so many aspects which are directly related with the educational thoughts of Mohandas Gandhi. In these sense it is to be noted that the NEP – 2020 is providing great opportunity to re-establish the Mohandas Gandhi’S thoughts. Here, a humble attempt is made to discuss some points which are having close connection of NEP – 2020 with Gandhi’s thoughts.

(1) Our father of nation and the great educationist Mohandas Gandhi emphasized on self dependency through education. He was of the opinion that education should be planned in such a way so that student can settle down in their life at their own. New education policy also aims that through education students must become self dependent. In this regard NEP 2020 given opportunity to re-establish the Gandhin thought of education for self depended.

(2) Gandhiji gave importance to holistic education of an individual. His definition of education itself says that education is the drawing out the best inherent in a child. NEP – 2020 also aims at the all round development of an individual. This angle is also match with the conclusion found by the presenter of this paper that NEP 2020 is giving a great opportunity to re-establised the Gandhian idea of holistic development.

(3) Today is the age of skills. Skill development is more accepted and expected in the present time. Now it seems that only those people would survive who would have various skills. Thus, NEP 2020 has rightly focused on various skills development among the students of different levels. In real sense, it is the idea of Gandhiji. Gandhiji expected that the students should develop various skills while learning, like gardening work, paper work, agriculture work, etc.

(4) New education policy, 2020 gives more importance to collaborative and co-operative learning. NEP 2020 expects new student centered methods and approaches of learning. NEP 2020 expects form the teachers that they should come out from the old traditional methods of teaching and apply various new approaches and methods of teaching. This aspect of the NEP 2020 also found in tune with the Guardian thinking about the methods of teaching and learning.

(5) Inclusiveness and equality are the major concern of NEP – 2020.NEP – 2020 aims to provide equal opportunity of quality education to all the groups and people of the society. This aim of NEP – 2020 goes similar to the Mohandas Gandhi's concept of Nai Talim. Gandhiji was also having the dream of education for all the people of the society.

( 6 ) Today many parents are having confusion about the medium of education to be selected for their children. It is observed that majority of the parents are in the favor of English medium. It is a debatable issue that in which medium of instruction students should be enrolled. But here it is to be noted that NEP – 2020 emphasizing on mother tongue. This expectation of NEP – 2020 also having similarity with the Gandhiji's idea of giving education to children in their mother tongue.

( 7 ) Vocational education is also one of the important point regarding the similarity of NEP – 2020 and Gandhiji's thought. As mentioned earlier Gandhiji's was giving more important to the skill development which is the essentiality of vocational education.NEP – 2020 also gives due importance to vocational education. In this perspectives too Gandhiji's thought and NEP – 2020 go together.

## Conclusion

National Education policy – 2020 is having clear vision and mission about the betterment of the students as well as quality education. The recommendations made in NEP – 2020 are having so many very important and clear educational implications. The NEP – 2020 is the great document for the whole education system of India. The policy is declared after so many efforts and hard work of the people. The NEP – 2020 is having the important base and that is the great thoughts of our father of nation Gandhiji.NEP – 2020 confirms so many important thoughts of Gandhiji. The author of this paper would like to conclude with only these words that NEP – 2020 is the great opportunity to re – establish the great thoughts of Mahatma Gandhiji.

## References

1. National Educational policy. Ministry of Human Resource Development, Government of India.
2. Winfrey, Oprah (2023). Retrived from, https://images.app.goo.gl/itWDvNTf67zJRQ6.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)

Our Impact Factor: 2.0056

International e-Journal for Education and Mathematics

www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1451-1460

# બુનિયાદી શિક્ષણ આધારિત NEP 2020 માં દર્શાવેલ માતૃભાષા શિક્ષણનાં અમલીકરણનાં પડકારો

*પટેલ અર્ચના બળવંતરાય અને **ડૉ. પ્રીતિબેન જે. ચૌહાણ

*પી.એચ.ડી. સ્કોલર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**પ્રિન્સીપાલ

આર.કે.દેસાઇ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપી

**Article Info.**

*Received on 15 Feb 2024*

*Revised on 19 Feb 2024*

*Accepted on 29 Feb 2024*

**Keywords:**

બુનિયાદી શિક્ષણ, NEP 2020, માતૃભાષા શિક્ષણ

**A B S T R A C T**

*પ્રસ્તુત થીમ પેપરનું કેન્દ્રબિંદુ બુનિયાદી શિક્ષણ અને NEP 2020 છે. બુનિયાદી કેળવણીને નઇ તાલીમ, પાયાની કેળવણી કે વર્ધા શિક્ષણ યોજના તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રસ્તુત પેપરમાં અભ્યાસકે બુનિયાદી શિક્ષણ આધારિત NEP 2020 માં દર્શાવેલ માતૃભાષા શિક્ષણના અમલીકરણનાં જે પડકારો છે. તેને દર્શાવવામાં આવ્યા છે. NEP 2020 મુજબ બાળકને ભાષા / માતૃભાષા / પ્રાદેશિક ભાષામાં શિક્ષણ આપવાની વાત કરી છે. પરંતુ આજે અંગ્રેજી માધ્યમની શાળાઓ અને વાલીઓને પણ અંગ્રેજી ભાષા તરફની ઝોક વધુ પડતો જોવાં મળે છે. જે અટકાવવું પડકારરૂપ છે. બંધારણની આઠમી અનુસૂચિ પ્રમાણે મોટી સંખ્યામાં ભરતી કરવાની વાત કરવામાં આવી છે. પરંતુ યોગ્ય કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવતી નથી. જેથી બાળક યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાથી વંચિત રહી જાય છે. દ્વિભાષી પુસ્તકો તૈયાર કરવાની વાત કરવામાં આવી છે.પરંતુ એ પુસ્તકો તૈયાર કરવા માટે ભંડોળ, સમય, દ્વિભાષા અંગે યોગ્ય જ્ઞાન ધરાવતા, તજજ્ઞો હોવા પડકારરૂપ બની જાય છે. વિકસિત દેશોમાં શિક્ષણ માતૃભાષામાં હોય છે.*

*પરંતુ ભારત દેશમાં પોતાની રાષ્ટ્રીય ભાષા કરતાં અંગ્રેજી ભાષાનો પ્રભાવ વધુ જોવા મળે છે. જે વિકસિત દેશ બનવા માટે અવરોધરૂપ બને છે. બાળકને ભારતીય ભાષા ઉપરાંત બીજી વિદેશી ભાષાઓને શીખવવાની વાત કરવામાં આવી છે. પરંતુ આજનું બાળક ચારેય ભાષા સરખી રીતે બોલી શકતું નથી ઉપરાંત વિદેશી ભાષાનાં પુસ્તકો મેળવવા અને વિદેશી ભાષા શીખવવું શાળા માટે પડકારરૂપ બની જશે. ભાષાશિક્ષણને નીત નવીન પદ્ધતિ, ભાષારમતો, એપ્લિકેશન, ફિલ્મો, વાર્તા, નાટક વગેરે દ્વારા અસરકારક બનાવી શકાય પરંતુ આ બધુ શીખવવા માટે શિક્ષકે તમામ શૈક્ષણિક સાધનો, ICT અને નીતનવીન પદ્ધતિ શીખવું શિક્ષક માટે એક પડકારૂપ બની જાય છે. સાંભળવાની ખામી ધરાવતા વિદ્યાર્થીઓ માટે પ્રમાણીકરણ કરેલી આવૃત્તિ તૈયાર કરવાની વાત કરવામાં આવી છે. પરંતુ એ તૈયાર કરવા માટે સમય, સંસાધન, ખર્ચ વગેરેનું આયોજન કરવું જરૂરી છે. જે પડકારરૂપ છે.*

## પ્રસ્તાવના

પહેલાનાં સમયમાં નઇ તાલીમ કે બુનિયાદી શિક્ષણનાં વાયરા વાયા ન હતાં. ત્યારે તમામ શાળાઓમાં માતૃભાષા જ શિક્ષણનું માધ્યમ હતું. આ ઉપરાંત ગુજરાતી, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન અને ગણિત મુખ્ય વિષયો હતાં. કેટલીક શાળાઓમાં જહૉન ડાલ્ટનની સ્વાધ્યાય પદ્ધતિ અને ગાંધી વિચારપ્રસારને પરિણામે નઇ તાલીમ અને બુનિયાદી શિક્ષણનો ઉમેરો થયો. સ્વતંત્રતા મળ્યા બાદ પ્રજાને માતૃભાષાનાં માધ્યમ દ્વારા શિક્ષણ આપવાની ઉત્તમ તક મળી જે ઝડપી લેવાઇ. પરંતુ સમય જતાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા એટલે કે પ્રાંતીય ભાષા હોવી જોઇએ. આ હકીકતનું મહત્વ ઘટતું ગયું અને અંગ્રેજી ભાષાનો મોહ વધતો ચાલ્યો ત્યાર બાદ શિક્ષણ નીતિઓમાં અને શિક્ષણનાં વિવિધ પંચોમાં માતૃભાષા અંગેની ઘણી બધી ભલામણો કરવામાં આવી હતી.

આધુનિક સમયની શિક્ષણનીતિ NEP 2020 માં પણ માતૃભાષા શિક્ષણને મહત્વ આપતી કેટલીક બાબતો અંગેની ભલામણ કરવામાં આવી છે. પ્રસ્તુત પેપર એ બુનિયાદી શિક્ષણ આધારિત NEP 2020 માં દર્શાવેલ માતૃભાષા શિક્ષણનાં અમલીકરણ પડકારોને રજૂ કરે છે.

- **શિક્ષણપંચોમાં માતૃભાષા અંગેની ભલામણો**

પ્રાચીન સમયમાં માતૃભાષાનું ખૂબ મહત્વ હતું પરંતુ અંગ્રેજી શાસન લાગુ પડવાનાં કારણે શિક્ષણની ઘણી અધોગતિ થઇ હતી જેની અસર માતૃભાષા શિક્ષણ પર પણ પડી હતી જેમાં મેકોલેનો હેતુ અંગ્રેજી સંસ્કૃતિના સમર્થકો ઉભા કરવાનો હતો. મેકોલોએ પાશ્ચાત્ય ભાષાનો સ્વીકાર અને માતૃભાષાની અવગણના કરી હતી અને માત્ર અંગ્રેજીનું વલણવાળા 'બાબુ' વર્ગને પેદા કરવાની

વિચારધારા હતી. મેકોલે એ ભારતીય દેશી ભાષાઓની ભારે કેકડી ઉડાવી. ભારતીય શિક્ષણનાં ઇતિહાસમાં મેકોલે એ અંગ્રેજી શિક્ષણ આપીને આધુનિક શિક્ષણનો પાયો નાખ્યો.

દેશની અને સમાજની જરૂરિયાતો ધ્યાનમાં રાખી શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે કેટલીક ભલામણો કરવા માટે ભારત દેશમાં આઝાદી પહેલાં વિવિધ શિક્ષણપંચો રચાયા હતાં. જેમાં માતૃભાષા અંગેની ઘણી બધી ભલામણો કરવામાં આવી હતી. જે આ મુજબ છે.

**વુડનો ખરીતો (૧૮૫૪)**

વુડનાં ખરીતા પ્રમાણે ભારતની બધી જ શાળાઓમાં બંને ભાષાઓ (દેશી અને અંગ્રેજી) સાથે-સાથે ફૂલેફાલે એમ માને છે. દેશી ભાષામાં લખાયેલાં પુસ્તકોનો અભાવ હોવાનું કારણ બતાવી અંગ્રેજી ભાષા માધ્યમ માટે જરૂરી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અંતે બધી જ શાળાઓમાં અંગ્રેજી અને ભારતીય દેશી ભાષાઓ સાથે-સાથે વિકાસ પામે એમ દર્શાવેલ છે.

**ભારતીય વિશ્વ વિદ્યાલય પંચ**

આ પંચ અંગ્રેજી શિક્ષણ પ્રત્યે નિરાશા વ્યક્ત કરી અને કહ્યું કે મેટ્રિક્યુલેશન પાસ કર્યા પછી વિદ્યાર્થીઓ કોલેજમાં જાય છે. ત્યારે તે અંગ્રેજી વ્યાખ્યાનો સમજી શકતાં નથી પંચ એમ માને છે અને કહ્યુ હતુ કે શાસ્ત્રીય ભાષાઓનાં અધ્યયનથી જ ભાષાઓની પ્રગતિ થઇ શકે છે.

**વર્ધા શિક્ષણસમિતિ (ડૉ. ઝાકિરહુસેન સમિતિ)**

વર્ધા શિક્ષણસમિતિ (૧૯૩૭) પ્રમાણે ગાંધીજીનાં શૈક્ષણિક વિચારો અને તેમની અમૂલ્ય ભેટ નઇ તાલીમ એ શિક્ષણસમિતિની નીપજ ગણાય. ૨૧ મી સદીમાં ગાંધીજીની વર્ધા શિક્ષણયોજના ભારતમાં જ નહીં, વિશ્વમાં વધુ ઉપયોગી બનશે. આ સમિતિએ સાત જેટલી ભલામણો કરેલી છે જેમાં બાળકને મફત અને સાર્વત્રિક શિક્ષણ તેમજ શિક્ષણનું માધ્યમ માતૃભાષા રાખવાની ભલામણ કરેલી છે.

**સાર્જન્ટ યોજના**

આ યોજના અનુસાર શિક્ષણનું માધ્યમ બાળકોની માતૃભાષા સૂચવી છે.

**મુદ્દલિયર કમિશન**

આ પંચ પ્રમાણે ત્રણ ભાષા (હિન્દી-અંગ્રેજી-સંસ્કૃત) અંગે અભ્યાસ કર્યો ત્યાર બાદ ભલામણ કરી હતી કે શાળાઓમાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા અને પ્રાદેશિક ભાષા હોવી જોઇએ.

## યુનિવર્સિટી શિક્ષણપંચ (૧૯૪૮-૪૯)

ડૉ. રાધાકૃષ્ણન પંચ ઉચ્ચશિક્ષણમાં શિક્ષણનાં માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાની જગ્યાએ કોઇ ભારતીય ભાષા અપનાવવી તેમજ પ્રાદેશિક ભાષા, સંઘીય ભાષા (હિન્દી) અને અંગ્રેજી ત્રણેય ભાષાઓ ઉપર ભાર મૂકવામાં આવ્યો જોવા મળે છે.

## કોઠારી શિક્ષણ પંચ

કોઠારી શિક્ષણ પંચે 'ત્રિભાષી સૂત્ર' માં ફેરફારો સૂચવી ત્રણ ભાષાનાં શિક્ષણની વ્યવસ્થા સૂચવી છે. જેમાં માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા, હિંદી અથવા અંગ્રેજી અને આધુનિક ભારતીય ભાષા અથવા વિદેશી ભાષા.

- **બુનિયાદી શિક્ષણ**

બુનિયાદી શિક્ષણએ મહાત્મા ગાંધીજીની ભારતને દેન માનવામાં આવે છે. બુનિયાદી શિક્ષણ એટલે પાયાનું શિક્ષણ તેનાં માટે અંગ્રેજી શબ્દ છે. Basic Education એટલે કે ખરી કેળવણી.

ગાંધીજીએ ઇ.સ. ૧૯૩૭ માં 'નઇ તાલીમ' નાં વિચારોનો જન્મ આપ્યો અને 'વર્ધા યોજના'સમિતિ ડૉ. ઝાકિર હુસેને રચી. ૧૯૩૮ માં બુનિયાદી શિક્ષણનો પ્રારંભ થયો અને ભારતીય નઇ તાલીમ શિક્ષણ સંમેલન સેવાગ્રામમાં 'સમગ્ર નઇ તાલીમ' નો વિચાર મૂકીને ગાંધીજીએ 'જીવન પર્યંતની કેળવણી' ની સંકલ્પના રજૂ કરી હતી.

નઇ તાલીમ, પાયાની કેળવણી કે વર્ધા શિક્ષણ યોજના તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમણે 3H-Hand, Heart અને Head થી શિક્ષણ પ્રાપ્ત કરે.

ગાંધીજીએ તત્કાલીન શિક્ષણપ્રથા જેમાં ભેદભાવપૂર્ણ, અન્યાયપૂર્ણ શાસન, વિદેશી સંસ્કૃતિ પર આધારિત, બૌદ્ધિક શિક્ષણ પર ભાર અને અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ પ્રથા જોઇ અને ભારતીય સંસ્કૃતિ પર આધારિત, સમાજને અપેક્ષાએ સંતોષી શકે તેવી શિક્ષણપ્રથા હોવી જોઇએ એમ ગાંધીજી માનતા હતા. અને માતૃભાષા દ્વારા શિક્ષણ પ્રણાલીનો જન્મ થયો. જે શિક્ષણપ્રથાને નઇ તાલીમ, પાયાની કેળવણી, વર્ધા શિક્ષણ યોજના, રાષ્ટ્રીય શિક્ષણ, બુનિયાદી શિક્ષણ, જીવન શિક્ષણ, બેઝીક એજ્યુકેશન તરીકે ઓળખવામાં આવે છે.

- **બુનિયાદી શિક્ષણ પરંપરાગત શિક્ષણનો કાયાકલ્પ**

ભારતીય પર્યાવરણમાં બુનિયાદી શિક્ષણપ્રથા એ ભારતીય સમાજના નવનિર્માણનો એક પ્રયોગ છે. જેમાં કેટલીક મહત્વની લાક્ષણિકતાઓ જોવા મળે છે.

**બુનિયાદી શિક્ષણપ્રથાની લાક્ષણિકતાઓ**

**1) ૬ થી ૧૪ વર્ષનું મફત અને ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ**

૬ થી ૧૪ વર્ષનાં બાળકો માટે ભેદભાવ વિનાનું સાર્વત્રિક શિક્ષણ હોવું અને આ વયજૂથાનાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત તેમજ ઉદ્યોગ માટે ૬ વર્ષની ઉંમરે પ્રવેશ માટે યોગ્ય.

**2) ઉદ્યોગકેન્દ્રી શિક્ષણ**

શિક્ષણ સ્થાનિક ઉદ્યોગોને કેન્દ્રમાં રાખીને આપવું. ઉપરાંત તેનાથી વિદ્યાર્થી આત્મનિર્ભર – સ્વાવલંબી બને અને પોતાનો ખર્ચ કાઢી શકે.

**3) સ્વાવલંબન**

બુનિયાદી શિક્ષણનું મુખ્ય લક્ષણ વિદ્યાર્થીઓ શિક્ષણ દ્વારા ભાવિ જીવનમાં ઉત્પાદક નાગરિક અને ઉત્પાદક ઉદ્યોગ વડે શિક્ષકોનાં પગારો અને શાળાઓનું ખર્ચ કાઢી શકે અને શાળાઓ પણ આર્થિક રીતે સ્વાવલંબી અને આત્મનિર્ભર બને.

**4) માતૃભાષા દ્વારા શિક્ષણ**

ગાંધીજી એમ માનતા કે માતૃભાષા એ બાળકની પ્રથમ ભાષા છે. માતૃભાષા દ્વારા બાળકનું સામાજિક પ્રત્યાયન સરળ અને સફળ બને છે. તેથી તેઓ માતૃભાષાને અભ્યાસક્રમમાં અગ્રિમ સ્થાન હોવું જોઇએ એમ માનતા હતા અને અન્ય વિષયોનું શિક્ષણ પણ માતૃભાષા દ્વારા અપાવું જોઇએ. બુનિયાદી શિક્ષણની આ એક અગત્યની વિશિષ્ટતા છે.

**5) અહિંસા**

ગાંધીજીએ બુનિયાદી શિક્ષણમાં અહિંસાના મૂલ્યનો સમાવેશ કર્યો હતો અને બાળકો જીવનની તાલીમમાં અહિંસાનાં મૂલ્યનો સાક્ષાત્કાર કરે એ અગત્યનું છે.

**6) નાગરિકતા**

બુનિયાદી શિક્ષણની સફળતા ત્રણ પરિબળો પર આધારિત છે. કામદારો, નાગરિકો અને ઉદ્યોગ દ્વારા કૌશલ્યો પ્રાપ્ત કરેલા ઉત્પાદક નાગરિકોનું નિર્માણ અને નાગરિકો જ સમાજનું નવનિર્માણ કરે.

### 7) સહકારી સમાજ

બુનિયાદી શિક્ષણની સફળતા માટે શાળાઓની ભૂમિકા જરૂરી છે. શાળાઓમાં બાળકો સંપ, સહકાર, પરસ્પરાવલંબન, અનુકૂલન કેળવી શકે અને સમૂહજીવનનાં ગુણોનો વિકાસ થાય. સમૂહજીવનની પ્રવૃત્તિ દ્વારા સહકારી સમાજની સંકલ્પના સાકાર થાય એટલે બાળકોને સમૂહજીવનની તાલીમ આપવી અનિવાર્ય છે.

આમ, બુનિયાદી શિક્ષણમાં અનેક લાક્ષણિકતાઓ જોવા મળે છે અને રાષ્ટ્રમાં સફળ રીતે ચાલી પર રહી છે. સમયાનુરૂપ પરિવર્તનોનાં અભાવે અને અમલીકરણનાં નિષ્ઠાવાન પ્રયાસોને અભાવે શિક્ષણમાં બુનિયાદી શિક્ષણપ્રથા નામશેષ થઇ રહી છે અને પરંપરાગત શાળાઓ દ્વારા જ છાલે છે જે અપણા સૌ માટે પડકારજનક છે.

- **માતૃભાષા અંગે ગાંધીજીનાં વિચારો**

ગાંધીજીનાં મત પ્રમાણે શાળા અને સમગ્ર સમાજનાં વિકાસનું કેન્દ્ર છે. અને માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય તે શૈક્ષણિક તત્વજ્ઞાનની મુખ્ય બાબત છે. માતૃભાષાને શિક્ષણમાં આગવું સ્થાન અપાવીને સ્વાતંત્ર્ય સંગ્રામનાં નેતા કરતાંય ગાંધીજી માતૃભાષાનાં સેવક તરીકે વધુ મહાન બન્યા છે. જેમ પ્રાણવાયુ જીવન માટે તેમ માતૃભાષા અન્ય વિષયોનાં શિક્ષણ માટે અનિવાર્ય છે.

ગાંધીજી માતૃભાષા વિશે જણાવે છે કે "મારી માતૃભાષા ગમે તેટલી અધૂરી હોય તોય માની છાતીએથી હું અળગી ન થાઉં તેમ માતૃભાષાથી પણ ન થાઉં  મારા જીવનને ઘડનારું દૂધ મને તેનાં સિવાય બીજે ક્યાંથી મળે ન માતૃભાષા."

ગાંધીજીનાં કલ્પનાની શાળામાં બુનિયાદી શિક્ષણનાં પાઠોમાં કાંતણ વણાટ, માટીકામ, સુથારીકામ, ચર્મઉદ્યોગ જેવો ઉદ્યોગો અને વિવિધ કલાઓનું શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનો સહિત ભાષાઓમાં માતૃભાષા દ્વારા શિક્ષણનો સમાવેશ જોવા મળે છે.શિક્ષણ એ સ્વાવલંબન, અર્થોપાર્જન અને જીવન જીવવાની રાહ દર્શાવે તેવું હોવું જોઇએ.

### NEP 2020 માં દર્શાવેલ માતૃભાષા શિક્ષણનાં અમલીકરણનાં પડકારો

- NEP 2020 મુજબ ઓછામાં ઓછા ધોરણ-૪ સુધી અને વધુમાં વધુ ધોરણ-૮ સુધી ભાષા / માતૃભાષા / સ્થાનિક ભાષા / પ્રાદેશિક ભાષામાં શિક્ષણનું માધ્યમ રાખવું. સરકારી અને ખાનગી બંને શાળાઓએ ઉચ્ચ ગુણવત્તાયુક્ત માતૃભાષામાં શિક્ષણ આપવું. દ્વિભાષી અધ્યયન – અધ્યાપન સામગ્રી સહિત દ્વિમાર્ગી અભિગમને ઉપયોગ કરવા શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવશે. એક ભાષાને શીખવવા માટે શિક્ષણનું માધ્યમ બનાવવું પૂરતું નથી તેને એક વિષય તરીકે ઊંડાણપૂર્વક શીખવવું જોઇએ.

NEP 2020 માં ઓછામાં ઓછુ ધોરણ-૪ અને વધુમાં વધુ ધોરણ-૮ સુધીનું શિક્ષણ માતૃભાષામાં રાખવા માટેની પહેલ કરેલી છે. પરંતુ આજનાં સમયમાં વાલીઓના ઝોક અંગ્રેજી માધ્યમ તરફ વધુ જોવા મળે છે. ઘરનાં વાતાવરણમાં જ માતૃભાષા કરતા અંગ્રેજી ભાષાનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે છે. અને શિક્ષણ માટે પણ તેઓ અંગ્રેજી માધ્યમની શાળાઓની પસંદગી કરે છે. આ ઉપરાંત ખાનગી સંસ્થાઓની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જ જાય છે. જેને અટકાવવું પડકારરૂપ બની જાય છે અને આ બદલાવ પ્રક્રિયા માટે ઘણાં બધાં સમયની આવશ્યકતા રહેલી છે. તેથી આ પરિવર્તન તાત્કાલિક મેળવવું અઘરું છે.

આ ઉપરાંત સ્થાનિક ભાષાને એક વિષય તરીકે સમાવેશ કરવાની પહેલ કરેલ છે. પરંતુ તે માટે સ્થાનિક ભાષા જાણતા શિક્ષકની ભરતી કરવી ખૂબ આવશ્યક છે અને તે માટેના પાઠયપુસ્તકોની રચના કરવાની પણ આવશ્યકતા ઊભી થાય છે. પરંતુ આજની મેરિટ માધારિત ભરતી પ્રક્રિયામાં સ્થળ પ્રમાણે સ્થાનિક ભાષા જાણતા શિક્ષકની ભરતી શક્ય નથી આ ઉપરાંત સ્થાનિક શિક્ષકને પણ સ્થાનિક ભાષા પૂરેપૂરી આવડતી ન હોય તો તે બાળકને શીખવી શક્તો નથી. જે સ્થાનિક બાળકો માટે પડકારરૂપ બની જાય છે.

- NEP 2020માં સંશોધનો જણાવે છે કે બાળકો ૨ થી ૮ વર્ષની ઉંમર વચ્ચે ઝડપથી ભાષાઓ શીખે છે જેથી તેમને ઘણાં બધાં જ્ઞાનાત્મક લાભો થાય છે અને બાળકોને વિભિન્ન ભાષાઓ મનોરંજક અને સંવાદાત્મક શૈલીમાં ભણાવવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય બંને સરકારોએ પ્રાદેશિક ભાષાઓમાં મોટી સંખ્યામાં ભાષાશિક્ષકોની ભરતી કરીને ભાષા શિક્ષણને સુદ્રઢ બનાવવાનો મહાપ્રયાશ છે.

NEP 2020 માં કહેવામાં આવ્યું છે કે ૨ થી ૮ વર્ષની ઉંમરનાં બાળકો ઝડપથી ભાષા શીખે છે અને બહુભાષિતા શીખવાનાં કારણે તેનો જ્ઞાનાત્મક વિકાસ પણ થાય છે. પરંતુ હાલમાં શિક્ષણમાં અંગ્રેજી માધ્યમનો જ વધુ પડતો ઝોક જોવા મળે છે. જેથી માતૃભાષા દ્વારા બાળકોના જ્ઞાનાત્મક

વિકાસ રૂંધાંય જાય છે. તેની વિચાર કરવાની ક્ષમતા ફક્ત ગોખણિયું જ્ઞાન બનીને જ રહી જાય છે. જે તેનાં સર્વાંગી વિકાસમાં બાધારૂપ બને છે.

આ ઉપરાંત બંધારણની આઠમી અનુસૂચિ પ્રમાણે તમામ ભાષાઓમાં મોટી સંખ્યામાં ભાષા શિક્ષકોની ભરતી કરવાનું કહેવામાં આવેલ છે. પરંતુ આજે જોઇએ તો શાળાઓમાં પાંચ વર્ગખંડો સામે એક શિક્ષક હોય છે. અને ઘણી બધી શાળાઓમાં શિક્ષકોનો અભાવ હોય છે. અને હાલનાં સમયમાં બંધારણનાં જણાવ્યા મુજબ યોગ્ય કાયમી શિક્ષકોની ભરતી પણ કરવામાં આવતી નથી. જેથી બાળકો ભાષાનું યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાથી વંચિત રહી જાય છે.

- વિજ્ઞાન અને ગણિતનાં અધ્યયન અને અધ્યાપન માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત દ્વિભાષિક પાઠ્યપુસ્તકો અને અધ્યયન-અધ્યાપન સામગ્રી તૈયાર કરવાના પ્રયાસો કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓ બંને વિષયો વિશે વિચારવા અને અભિવ્યક્ત કરવા માટે સક્ષમ બની શકે.

NEP 2020 મુજબ ગણિત અને વિજ્ઞાનનાં દ્રિભાષી પુસ્તકો તૈયાર કરવા માટે આ વિષયોનાં ઘણાં બધાં તજજ્ઞોની જરૂરિયાત ઊભી થશે. આ ઉપરાંત દ્રિભાષાનો ઉપયોગ કરવાનો હોવાથી પુસ્તકોનું ભારણ પણ વધવાની શક્યતા રહેલી છે. આ પુસ્તકોની રચના માટે ભંડોળ, સમય અને શિક્ષકોને દ્રિભાષા અંગે જ્ઞાન હોવું પડકારરૂપ બની જાય છે.

- વિકસિત દેશોમાં પોતાની ભાષા, સંસ્કૃતિ અને પરંપરાઓમાં સુશિક્ષિત હોવું જરૂરી છે. સંસ્કૃતિનાં સંરક્ષણ અને સંવર્ધન માટે દરેક યુવા ભારતીયને પોતાના દેશની ભાષાઓ વિશે માહિતગાર અને સભાન થવું જોઇએ.

વિકસિત દેશોનું શિક્ષણ માતૃભાષામાં જ હોય છે. જે તેમનાં વિકાસ માટે ખૂબ ઉપયોગી બની રહ્યુ છે. પરંતુ ભારત દેશમાં પોતાની રાષ્ટ્રીય ભાષા કરતાં વધારે અંગ્રેજી ભાષાનો પ્રભાવ જોવા મળે છે. જેથી ભારતનો નાગરિક પોતાની માતૃભાષા સંસ્કૃતિ અને પરંપરાઓ વિશે ખૂબ જ ઓછા પ્રમાણમાં માહિતગાર છે. જે ભારતને વિકસિત દેશ બનાવવા માટે અવરોધરૂપ બને છે.

- જે વિદ્યાર્થીઓને વિશ્વની બીજી ભાષાઓ અને સંસ્કૃતિઓ વિશે જાણવું છે તેમને ભારતીય ભાષાઓ અને અંગ્રેજીમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું અને કોરિયન, જાપાનીઝ, થાઇ, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, પોર્ટુગીઝ અને રશિયન જેવી વિદેશી ભાષાઓ શીખવાનો વિકલ્પ માધ્યમિક શાળા શિક્ષણનાં સ્તરે આપવામાં આવશે.

NEP 2020 મુજબ ભારતીય ભાષા સિવાય ઘણી બધી વિદેશી ભાષાઓ જેવી કે કોરિયન, જાપાનીઝ, થાઇ, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, પોર્ટુગીઝ અને રશિયન વગેરે શીખવવા માટેનો વિકલ્પ

માધ્યમિક શાળાનાં સ્તરે આપવાની વાત કરવામાં આવી છે. પરંતુ આજનું માધ્યમિક શાળાનું બાળક હિન્દી, ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષા અભ્યાસક્રમમાં સમ્મિલિત હોવાં છતાં પણ યોગ્ય રીતે જાણતું નથી. અને બોલી શક્તું નથી. એવાં સમયમાં વિદેશી ભાષા શીખવા માટેનો વિકલ્પ આપવામાં આવ્યો છે. પરંતુ આ વિદેશી ભાષાઓ શીખવવા માટે યોગ્ય તજજ્ઞો, વિદેશી પુસ્તકો મેળવવા અને પુસ્તકોને બાળકોને પૂરા પાડવા તેમજ તે ભાષા બાળકને શીખવવું એ શાળા માટે પડકારરૂપ બની જશે.

- ભાષાઓનાં શિક્ષણમાં ફિલ્મો, નાટક, વાર્તા, કવિતા, સંગીત ભાષા રમતો અને ભાષા અધ્યયન માટેની નીત-નવીન પદ્ધતિ તેમજ એપ્લિકેશન્સનો ઉપયોગી કરી ભાષાનાં શિક્ષણને અસરકારક બનાવવું અને ભાષાનું શિક્ષણ પણ આનુભવિક શિક્ષણનાં અધ્યાપન શાસ્ત્ર પર આધારિત હશે.

NEP 2020 મુજબ ભાષાશિક્ષણને અસરકારક બનાવવા માટે ફિલ્મો, નાટક, વાર્તા, કવિતા, સંગીત ભાષા રમતો નવી નવી એપ્લિકેશન સહિત અને અનુભવી પદ્ધતિનો ઉપયોગ કરવાની વાત કરવામાં આવી છે. પરંતુ ભાષાનાં સંપૂર્ણ અભ્યાસક્રમનો આ તમામ સાધનો, ICT અને પદ્ધતિનાં ઉપયોગ દ્વારા શીખવવું શિક્ષક માટે કઠિન બની જાય છે. આ ઉપરાંત શિક્ષકને પણ આ તમામ બાબતો વિશે સંપૂર્ણ જ્ઞાન હોવું જરૂરી છે. નહીંતર આ પદ્ધતિ દ્વારા યોગ્ય રીતે ભાષાશિક્ષણ આપવુ નિષ્ફળ નીવડે છે.

- સાંભળવાની ખામી ધરાવતા વિદ્યાર્થીઓ માટે સમગ્ર દેશમાં ભારતીય સાંકેતિક ભાષાની પ્રમાણીકરણ કરેલી આવૃતિ તૈયાર કરવામાં આવશે અને સ્થાનિક સાંકેતિક ભાષા શીખવવામાં આવશે.

NEP 2020 માં સમગ્ર દેશમાં સાંભળવાની ખામી ધરાવતા વિદ્યાર્થીઓ માટે સાંકેતિક ભાષાની પ્રમાણીકરણ કરેલી આવૃતી તૈયાર કરવાની વાત કરવામાં આવેલ છે. પરંતુ આ આવૃત્તી તૈયાર કરવા માટે સાંકેતિક ભાષાને જાણનાર ઘણા બધાં તજજ્ઞોની આવશ્યકતા રહે છે. આ તજજ્ઞો દ્વારા સાંકેતિક ભાષાની પ્રમાણીકરણ કરેલી આવૃતિ તૈયાર કરવા માટે સમય, સંસાધન, ખર્ચ વગેરેનું આયોજન કરવું જરૂરી છે. આ સાથે સાથે સ્થાનિક સાંકેતિક ભાષાને પણ શીખવવાની વાત કરવામાં આવી છે. જેથી ભારતીય સાંકેતિક ભાષા માટે પ્રમાણીકરણ કરેલી ભાષા અને સ્થાનિક સાંકેતિક ભાષા બંને ભાષા શીખવવું પડકારરૂપ બની જશે.

**સમાપન**

ગાંધીજીનાં શૈક્ષણિકદર્શને ભારતીય શિક્ષણપ્રથાને નવી દ્રષ્ટિ અને દિશા આપ્યાં છે. હજી પણ આપણા પરંપરાગત અને રૂઢ માનસને લીધે દીશા હોવા છતાં ગતિ સાંપડી નથી, એ આપણી કમનસીબી છે. સ્વ. ડૉ. ઝાકિર હુસેને બુનિયાદી શિક્ષણની અવદશાને જોઇને વ્યથિત કરેલું વિધાન સૌ શિક્ષણકારો સામે પડકારચિહ્ન છે.**"Basic Education as it is practiced today is a fraud"**

અમલીકરણની નિષ્ઠાને અભાવે ઊભા થયેલા આ પડકારોનો સફળતાપૂર્વક સામનો કરી ગાંધીજીનાં શૈક્ષણિક દર્શનનું યોગ્ય અનુશીલન કરી તે દિશામાં ગતિશીલ બનીશું. તેમાં જ ભારતીય સમાજનું શ્રેય છે.

## સંદર્ભસૂચિ


- ભારતીય શિક્ષણ પ્રણાલીનો વિકાસ, વારિષેણ પ્રકાશન, અમદાવાદ
- વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ, નીરવ પ્રકાશન, અમદાવાદ
- ભારતીય શિક્ષણનો ઇતિહાસ: એક ઝલક, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ
- ભારતીય કેળવણીકારોનું શિક્ષણચિંતન, અમદાવાદ
- ગુજરાતી અધ્યાપન પદ્ધતિ, અનડા પ્રકાશન, અમદાવાદ
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ, ૨૦૨૦

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1461-1465

# વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિક શાળાના વિધાર્થીઓનું ગુજરાતી શબ્દભંડોળ -એક અભ્યાસ

***Divya M Rana & **Dr.Pritiben J Chauhan***

**Research Scholar*
*(M.A.M.ED M.Phil)*
***Principal*
*R.K.Desai College Of Education*
*Vapi,Di-Valsad, Gujarat, India*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

વલસાડ જિલ્લા, ઉચ્ચ પ્રાથમિક શાળા, વિધાર્થી, ગુજરાતી શબ્દભંડોળ

**A B S T R A C T**

*ભાષા એ માનવીની મહત્વની સિદ્ધિ છે.તે માનવીને અન્ય પ્રાણીઓથી અલગ પાડે છે.ભાષાના વિકાસમાં શબ્દોનું મહત્વનું યોગદાન રહ્યું છે.કોઈ પણ ભાષાને તેનું શબ્દ ભંડોળ જ સમૃદ્ર કરે છે.વ્યક્તિ-વ્યક્તિએ શબ્દ-ભંડોળમાં તફાવત જોવા મળે છે.આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. "વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિક શાળાના વિધાર્થીઓનું ગુજરાતી શબ્દભંડોળ-એક અભ્યાસ" એ પ્રસ્તુત સંશોધનનો વિષય હતો. વલસાડ જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિધાર્થીઓના પર્યાવરણ સંબંધી, રોજિંદા વ્યાવહારિક શબ્દભંડોળ, સગાઈ સંબંધી શબ્દભંડોળ તેમજ કુમારો અને કન્યાઓ વચ્ચેના શબ્દભંડોળ ભેદ જાણવાનો પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ હતા.નમૂના તરીકે વલસાડ જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાના ૪૦૦ વિધાર્થીઓ (૨૦૦કુમારો+ ૨૦૦કન્યાઓ) નો સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્વરચિત*

*શબ્દભંડોળ કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. ટકાવારી અને સરાસરી અંકશાસ્ત્રીય પ્રયુક્તિ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. સંશોધનના મુખ્ય તારણો આ પ્રમાણે હતા.તેમજ રોજિંદા વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા શબ્દોનું ભંડોળ ખૂબ જ ઊંચું જોવા મળ્યું હતું.પર્યાવરણ સંબંધી અને રોજિંદા વ્યવહારો સંબંધી કન્યાઓનું શબ્દભંડોળ કુમારો કરતાં વધુ જોવા મળ્યું હતું.*

## પ્રસ્તાવના

ભાષા એ માનવીની મહત્વની સિદ્ધિ છે.તે માનવીને અન્ય પ્રાણીઓથી અલગ પાડે છે.પ્રાણીઓ પણ પોતાની ઇચ્છા અને મહત્વની લાગણી વ્યક્ત કરવા વિશિષ્ટ પ્રકારના ધ્વનિઓનું ઉચ્ચારણ કરે છે.ગુફાવસ્થાથી આધુનિક અવસ્થા સુધીમાં માનવીએ ભાષાના બહુવિધ સ્વરૂપો, પ્રકારો અને માધ્યમો વિકસાવ્યા છે.આમ ભાષાનો વિકાસ સતત થતો રહ્યો છે.ભાષાના વિકાસમાં શબ્દોનું મહત્વનું યોગદાન રહ્યું છે.શબ્દોને ભાષાના પાયાના અને મહત્વના અંગો ગણાવ્યા છે. શિક્ષણમાં શબ્દભંડોળની જાણકારીની અસર થતી હોય શકે, વિધાર્થીઓના શબ્દભંડોળ પ્રમાણમાં શી-શી સામ્યતાઓ કે ભિન્નતાઓ હોઇ શકે, વગેરે જેવા પ્રશ્નો ઉત્તરો મેળવવાના હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

## સંશોધનના હેતુઓ

૧. વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિક શાળાના વિધાર્થીઓના પર્યાવરણ સંબંધી, સગાઇ સંબંધી, વ્યવહારિક સંબંધી શબ્દભંડોળ જાણવા શબ્દભંડોળ કસોટીની રચના કરવી.

૨. વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિક શાળાના વિધાર્થીઓના પર્યાવરણ સંબંધી, સગાઇ સંબંધી શબ્દભંડોળ જાણવું.

૩. વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિક શાળાના કુમારો અને કન્યાઓનાં ગુજરાતી શબ્દભંડોળનો તુલનાત્મક અભ્યાસ કરવો.

## સંશોધનના પ્રશ્નો

૧. વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિકના વિધાર્થીઓનું પર્યાવરણ સંબંધી શબ્દોભંડોળ કેવું હશે ?

૨. વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિકના વિધાર્થીઓનું સગાઇ સંબંધી શબ્દોભંડોળ કેવું હશે ?

૩. વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિકના વિધાર્થીઓનું વ્યવહારિક શબ્દોભંડોળ કેવું હશે ?

૪. વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિકના કુમારો અને કન્યાઓના ગુજરાતી શબ્દોભંડોળ વચ્ચેનો તફાવત કેવું હશે ?

## સંશોધનનું મહત્વ

**૧.** શબ્દભંડોળ પરના પ્રસ્તુત અભ્યાસ દ્વારા સાંપ્રત સમયમાં શિક્ષકો, પાઠ્યપુસ્તક લેખકો, અભ્યાસક્રમ રચયિતાઓ, વાલીઓ અને અધ્યયન ક્ષેત્રે જિજ્ઞાસા ધરાવનાર સહુને માર્ગદર્શન મળી શકશે.

૨. વાલીઓ પોતાના બાળકોના શબ્દભંડોળ વૃધ્ધિ માટે પ્રોત્સાહન પર્યાવરણ સર્જવાની પ્રયુક્તિઓ અને દિશાસૂચનો મેળવી શકશે.

૩. શબ્દભંડોળ વૃધ્ધિ માટે શિક્ષકો અને કેળવણીકારો સ્વ-અધ્યયન સામગ્રીની રચના કરી શકશે.

## સંશોધનનું સીમાંકન

૧. પ્રસ્તુત સંશોધન વલસાડ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિક શાળાઓના માત્ર ૪૦૦ વિધાર્થીઓના ગુજરાતી વિષયની શબ્દભંડોળની જાણકારી માટે હાથ ધરવામાં આવ્યું હતું.

૨. પ્રસ્તુત સંશોધન વલસાડ જિલ્લાના જિલ્લા પંચાયત હેઠળની પ્રાથમિક શાળાઓ પૂરતું જ સીમિત રાખવામાં આવ્યું હતું.

## સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યું હતું.

## વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે વલસાડ જિલ્લાની ગુજરાતી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળાઓ હતી.જ્યારે નમૂના તરીકે ઉચ્ચ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ૨૦૦ કુમારો અને ૨૦૦ કન્યાઓ મળીને ૪૦૦ વિધાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નમૂનાની પસંદગી યાદરછીક રીતે કરવામાં આવી હતી.

## ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સ્વરચિત શબ્દ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત પર્યાવરણ સંબંધી શબ્દો,સગાઇ સંબંધી શબ્દો અને રોજિંદા વ્યવહારના શબ્દોને ધ્યાનમાં રાખી કસોટીની રચના કરવામાં આવી હતી, જેના પર વિદ્યાર્થીઓએ શાબ્દિક લેખિત પ્રતિચારો આપવાના હતા.

## માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધન માટેની જરૂરી માહિતી સંશોધકે રૂબરૂ શાળાઓમાં જઇને ઉપકરણની મદદથી મેળવી હતી.

## માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં કસોટીમાં મળેલ શબ્દો પર કુમારો અને કન્યાઓએ જે-તે શબ્દોને અંકિત કર્યા હતા.તેનું સારણીઓમાં પ્રાપ્ત પ્રતિચાર સ્વરૂપ પ્રાપ્તાંકોને ટકાવારીમાં રૂપાંતરિત કર્યા હતા.તથા અર્થઘટન કરવા માટે અંકશાસ્ત્રીય સરાસરી રીતનો ઉપયોગ કરવામાં આવ્યો હતા.

## સંશોધનના તારણો

૧. પર્યાવરણ સંબંધી શબ્દોમાં વિદ્યાર્થીઓ સરેરાશ ૩૦ જેટલા વૃક્ષોના નામ, ૨૦ જેટલા પર્વતોના નામ અને ૧૯ જેટલી નદીઓના નામો જાણતા હતા.

૨. પર્યાવરણ સંબંધી શબ્દભંડોળ કુમારો કરતાં કન્યાઓ વધુ ધરાવતી હતી.

૩. વિવિધ સગાઈના કે સંબંધોના સરેરાશ ૨૦ જેટલા શબ્દો વિદ્યાર્થીઓ જાણતા હતા.

૪. સગાઇ સંબંધી કન્યાઓનું શબ્દભંડોળ કુમારો કરતાં ઊંચું હતું.

૫. રોજિંદા વ્યવહારના શબ્દો સંબંધી અલગ-અલગ કુલ ૨૨૨ જેટલા શબ્દો વિદ્યાર્થીઓ જાણતા હતા

૬. રોજિંદા વ્યવહાર સંબંધી કન્યાઓનું શબ્દભંડોળ કુમારો કરતાં ઊંચું જોવા મળ્યું હતું.

## સમાપન

ભાષાની સફળતામાં શબ્દો વૈવિધ્ય અને શબ્દભંડોળ મહત્વની ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. ગરવી ગુજરાત અને તેની મૂળભૂત ભાષાના ઉત્તરોત્તર લુપ્ત થતાં જતાં શબ્દોને પુનઃદૈદીપ્યમાન બનાવવાની સાથે પ્રાથમિક કક્ષાએથી જ બાળકોની ભાષાકીય ક્ષમતા અને અભિવ્યક્તિ અસરકારક બને તો જ સંશોધકનો પ્રસ્તુત સંશોધન માટેનો પ્રયાસ સાર્થક ગણાશે.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1466-1472

# NEP 2020 અને મહાત્મા ગાંધીજીના શિક્ષણની સમાનતાઓ

*ડૉ. હેતલબેન જી. પરમાર*

*આસિસ્ટન્ટ પ્રોફેસર*

*શ્રી આઈ.જે. પટેલ બી.એડ્. કોલેજ, મોગરી*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

NEP 2020, નઈ તાલીમ, શિક્ષણ નીતિ, માતૃભાષા શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સામુદાયિક જોડાણ, સર્વગ્રાહી વિકાસ

**A B S T R A C T**

***શિક્ષણ વિશેનું ચિંતન મહાત્મા ગાંધીજીએ આ દેશને આપેલી એક મહાન ભેટ છે તે એક વિચાર પ્રક્રિયા છે. તે વખતની અંગ્રેજી શિક્ષણ તરાહના પ્રતિકાર રૂપે તેમણે એક નૂતન શિક્ષણ પ્રવાહનું સૂચન આપ્યું. સને 1920થી ગાંધીજીએ રાષ્ટ્રીય કેળવણીનો મહાન પ્રયોગ શરૂ કર્યો. 1937 માં 'વર્ધા શિક્ષણ યોજના' અથવા 'પાયાની કેળવણી'નો જન્મ થયો. જે નઈ તાલીમ તરીકે પણ ઓળખાય છે. પ્રસ્તુત લેખ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ*** *2020 (NEP 2020)* ***અને મહાત્મા ગાંધીની પ્રભાવશાળી નઈ તાલીમ ફિલસૂફી વચ્ચેની નોંધપાત્ર સમાનતાઓની તપાસ કરે છે. જેમાં પ્રાયોગિક શિક્ષણ, માતૃભાષા શિક્ષણ, વિવિધ કૌશલ્યોનો વિકાસ, સામુદાયિક જોડાણ અને સર્વગ્રાહી વિકાસની હિમાયત કરે છે. બંને વચ્ચેના સહિયારા સિદ્ધાંતોની તપાસ કરવી અને*** *NEP 2020* ***તેમના પર કેવી રીતે નિર્માણ કરે છે.*** *NEP* ***2020 ભારતમાં પરિવર્તિત શિક્ષણ પ્રણાલી માટે આશાસ્પદ દૃષ્ટિકોણ રજૂ કરે છે. પ્રસ્તુત પેપર ઉચ્ચતર શિક્ષણ સંસ્થાઓમા*** *NEP 2020,* ***ગાંધીયન મૂલ્યો અને નઇ તાલીમને કઈ રીતે એકબીજા સાથે સાંકળીને કામ કરશે એ રજૂ કરશે.***

**પ્રસ્તાવના**

સામાન્ય રીતે કોઇપણ ચિંતકના ચિંતનનો મૂળ સ્ત્રોત તેનો પોતાનો જાતઅનુભવ તથા તેના પૂર્વવર્તી જ્ઞાનનું તેણે કરેલું વિશ્લેષણ હોય છે. મહાત્માજીની બાબતમાં પણ આ તથ્ય એટલું જ સાચું છે. શિક્ષણના સંદર્ભમાં ગાંધીજીએ સ્વયં પોતાની માન્યતાઓને પ્રયોગની ભૂમિકા પર ચકાસી જોઇ હતી. ગાંધીજીના મતે "સાચી કેળવણી તો એ કહેવાય જે બાળકની આધ્યાત્મિક, બૌદ્ધિક અને શારીરિક શક્તિઓને બહાર આણે અને ખીલવે." આના સંદર્ભમાં કેળવણીનો કોઇ પણ કાર્યક્રમ વ્યક્તિના વ્યક્તિત્વની આ શક્તિઓ પૈકી કોઇ એકાદ શક્તિને વધુ મહત્વ આપે અને બાકીનાની અવગણના કરે તો તે કેળવણીના મૂળભૂત સિધ્ધાંતોનો દ્રોહ કરે છે એમ કહેવાય. શિક્ષણ સંસ્થાઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નો અમલ શરૂ થવા જઈ રહ્યો છે ત્યારે ગાંધીજીના મૂલ્યોમાં ખાસ કરીને નઇ તાલીમના સિધ્ધાંતો ખૂબ જ અસરકર્તા બની રહેશે.

**રાષ્ટ્રીય શિક્ષણના પ્રેરક પરિબળો:** આધુનિક શિક્ષણપધ્ધતિ દેશને કોઈ રીતે પોષક નથી બલ્કે નુકશાનકારક છે. એની પ્રતીતિ તો ગાંધીજી દક્ષિણ આફ્રિકા હતા ત્યારથી એમને થઈ ચૂકી હતી. પરંતુ ભારતના એક વર્ષના પરિભ્રમણથી અંગ્રેજી શિક્ષણપધ્ધતિના નીચેના દૂષણો એમની નજરે તાદ્દશ થયા:

૧. ચાલુ શિક્ષણપધ્ધતિ સર્વથા અન્યાયી સરકાર સાથે સંબંધ ધરાવે છે.

૨. એનું મંડાણ પરદેશી સંસ્કૃતિના પાયા પર થયેલું છે અને આ દેશની સંસ્કૃતિ એમાંથી લગભગ બાદ જ રાખવામા આવી છે.

૩. તે હ્રદય અને હાથની કેળવણી પ્રત્યે દુર્લક્ષ કરે છે અને કેવળ બુધ્દ્રિની કેળવણી પર જ લક્ષ્ય આપે છે.

૪. તે પરદેશી માધ્યમ દ્વારા આપવામાં આવે છે. પરિણામે છોકરાઓના મગજને તાણ પડે છે.

૫. નિશાળોમાં કશું નૈતિક-ધાર્મિક શિક્ષણ આપતું નથી.

૬. અંગ્રેજી ભણેલા લોકોનું લક્ષ્ય સરકારી નોકરી પર મંડાયેલું છે.

૭. આ શિક્ષણને લીધે મુઠ્ઠીભર ભણેલા અને આમ જનતા વચ્ચે ખાઈ ઊભી થઈ ગઇ છે.

૮. કોલેજનો ક્રમ પૂરો કર્યા પછી બુધ્દ્રિ શૌર્યહીન બને છે અને શરીર નમાલા થઈ જાય છે.

૯. અંગ્રેજી શિક્ષણ લેવાનું શરૂ કરતાં જ આપણી માતૃભાષા ભૂલવાનું શરૂ કરીએ છીએ. કેટલાકને બાપુ કી ભાષા પર તિરસ્કાર ઉપજે છે.

૧૦. અંગ્રેજી શિક્ષણ લઇને આપણે પ્રજાને ગુલામ બનાવી છે.

**NEP 2020 અને ગાંધીજીની નઈ તાલીમ વચ્ચે સામ્યતા**

NEP 2020 અને ગાંધીજીની પાયાની કેળવણી વચ્ચે કેટલીક સમાનતાઓ રહેલી છે. જે નીચે મુજબ છે.

- **ઉધોગ દ્વારા પાઠ્યપુસ્તકોથી આગળ શીખવું**

મહાત્મા ગાંધીની નઈ તાલીમ ફિલસૂફી અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 વચ્ચેની રસપ્રદ સમાનતાઓનું અન્વેષણ કરીએ તો બંને વર્ગખંડમાં હાથથી શીખવાના અનુભવો અને વિવેચનાત્મક વિચારસરણીના કૌશલ્ય પર ભાર મૂકે છે. NEP 2020 ના અમલીકરણ દ્વારા સર્વગ્રાહી શિક્ષણ પ્રણાલીનું આ આદર્શ સ્વપ્ન વાસ્તવિકતા બની રહેશે. સૌથી મોટી અડચણ ઉદ્યોગ શિક્ષણ અને તેને લગતી કેળવણી શી રીતે અપાય એ મૂળ વિચારના  અમલ અંગે આવી શકે. ઉદ્યોગ એક સાધન છે. તે સાથે જ એ સાધ્ય છે. બીજા વિષયો માટે એમ નથી. એટલે ઉદ્યોગને એક સાધ્ય તરીકે બારોબાર શીખવવો જોઈએ. તેનું કામ વ્યવસ્થિત થવું જોઈએ. એમ થાય તો જ કેળવણીના સાધન તરીકે તે પોતાની શક્તિ દાખવી શકે. જૂની કેળવણી પદ્ધતિને શ્રમ અને જાત-મહેનતની સૂગ છે. તેમાં ઊંચનીચનો ભાવ દાખલ થયો છે. આથી શાળાઓમાં ઉપર બતાવેલી દૃષ્ટિએ ઉદ્યોગ ન ચાલ્યો અને બીજી બાજુ તેને સાધન તરીકે વાપરવા માટે અનુબંધને નામે એક વિચિત્ર બાજુ જ શિક્ષણશાસ્ત્રીઓને હાથે નિર્માણ થઈ. 'એકટીવિટી' અને 'પ્રોજેકટ' પદ્ધતિ જોડે તેને સાંકળવામાં આવી. તો પણ શિક્ષણ એ ઢબથી વધારે ન સુધર્યું. ઉદ્યોગને કેવળ પ્રયોગશાળાના  એક પ્રયોગરૂપે કર્યા પછી તે વિષે જાતજાતની માહિતીની વાતો અને પુસ્તકો પર જ શિક્ષણ પદ્ધતિ પાછી વળી ગઈ. અને નિયત અભ્યાસક્રમ છેવટે પૂરો કરવો જોઈએ એટલે ઉદ્યોગ પર ક્રમિક કાપ વધતો ગયો. NEP 2020 અને નઇ તાલીમની સામ્યતાની વાત કરીએ તો બંને શિક્ષણ પદ્ધતિઓ માત્ર પુસ્તકિયું જ્ઞાન આપવાના વિરોધમાં છે. અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં પણ હવે ઉદ્યોગ શિક્ષણ ને મહત્વ આપવામાં આવશે જેથી કરીને ઉદ્યોગ વિશેની લોકોની માન્યતાઓમાં જરૂરથી પરિવર્તન આવશે.

- **અનુબંધ દ્વારા શિક્ષણ:**

ગાંધીજીના લખાણોમાં 'અનુબંધ' શબ્દપ્રયોગ નથી. તેમ છતાં અમુક અભ્યાસક્રમ વરસમાં થાય એમ તે પ્રથમ ઠરાવે છે. વર્ધા પદ્ધતિનો અર્થ તે અભ્યાસક્રમને અનુબંધથી ચલાવવો એમ તે માને છે તથા ભણતરની જૂની કલ્પના પણ ગઈ નથી. વર્ધા યોજના એ શિક્ષણ પદ્ધતિ નથી. તેનાથીય  ક્યાંક વધારે છે. એ હિંદના આખા પ્રજાકીય સવાલને પહોંચી વળવાને માટેનો શિક્ષણ દ્વારા માર્ગ છે. તેથી જ ગાંધીજીએ તેને હિન્દ માટેની પોતાની પરમ ભેટ કહી હતી. NEP 2020 મુજબ હવે સંકલિત અભ્યાસક્રમ શરૂ થવા જઈ રહ્યો છે જેમાં એક વિષયને બીજા સાથે સાંકળી લેવામાં આવશે જેથી અનુબંધ દ્વારા શિક્ષણની ગાંધીજીની સંકલ્પના વધુ સ્પષ્ટ થશે.

અનુબંધ દ્વારા શિક્ષણની મુખ્ય વિશેષતા છે કે તે વિદ્યાર્થીઓને વાસ્તવિક અનુભવોની આવશ્યકતાઓ અને તેમના પ્રિય વિષયોમાં વાસ્તવિક જીવનની પ્રવૃત્તિઓ પર કેન્દ્રિત કરે છે. ગાંધીજીની 'નઈ તાલીમ'માં અનુબંધ દ્વારા શિક્ષણનો સમાવેશ થતો હતો. તેમ વિદ્યાર્થીઓને વિવિધ કાર્યક્રમો, કર્મયોગ, ગાર્ડનિંગ, ઉદ્યોગ અને સમાજસેવા જેવા વિવિધ ક્ષેત્રોમાં અનુભવ મળે તેમને શૈક્ષિક મૂલ્યોનું સ્વીકાર કરવાનું અને તેને અધ્યાત્મિક અનુભવમાં જોડવાનું કર્મ કરવાનું મુખ્ય ધ્યેય હતું. NEP 2020 પણ અનુબંધ દ્વારા શિક્ષણની પ્રવૃત્તિઓ પર જોર આપે છે. તે વિદ્યાર્થીઓને વિવિધ અનુભવોની પ્રદર્શની અને તેમના સામાજિક મુદ્દાઓ તેમજ સમસ્યાઓની સમજ અને  માર્ગદર્શન આપણાં અનુભવાત્મક શિક્ષણને આભારી છે. અનુબંધ દ્વારા શિક્ષણનું મુખ્ય લક્ષ્ય વિદ્યાર્થીઓને સામાજિક અનુભવો અને તેમના અનુભવાત્મક શિક્ષણને પ્રોત્સાહિત કરવું અને તેમની સ્થિતિને સમજવું અને સુધારવું છે. તેથી આ પ્રણાલીઓ દ્વારા શિક્ષણને નિખારી અને વિશેષ રીતે અભ્યાસાત્મક અનુભવો આપવામાં આવે છે. અનુબંધ દ્વારા શિક્ષણ પ્રણાલી શિક્ષણની એક વિશેષ સમજ અને અનુભવ અનુભવવાની પ્રણાલી છે. આ પ્રણાલીમાં, વિદ્યાર્થીઓને અધ્યાપકો દ્વારા માત્ર  પુસ્તકો અને લેખનશીલ શિક્ષણ નથી મળતું. પણ વિવિધ અનુભવો અને ક્રિયાઓનું સંકલન થાય છે જે શિક્ષકો અને વિદ્યાર્થીઓને અનુભવ કરવાનું આવશ્યક બનાવે છે.વાસ્તવિક જીવનની પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, અને સમાજની જીવનશૈલી સાથે સંવાદ કરવામાં આવે છે. NEP 2020 અને ગાંધીજીની 'નઈ તાલીમ' વારસાનું નિર્માણ અને અનુબંધ દ્વારા શિક્ષણને પ્રોત્સાહિત

કરે છે. તેથી વિદ્યાર્થીઓને વિશેષ રીતે સમાજમાં અનુભવો અને સ્વાયત્ત અનુભવોનું પ્રદાન કરવામાં આવે છે. આ રીતે, અનુબંધ દ્વારા શિક્ષણ વિદ્યાર્થીઓને જીવનમાં વાસ્તવિક અનુભવો અને જીવનની મુખ્ય શિક્ષા આપે છે.

- **સમવાયી શિક્ષણ પદ્ધતિ:**

ગાંધીજી જ્ઞાનના કૃત્રિમ વિભાજનના વિરોધી હતા. તેથી અખંડિત-એકીકૃત સમવાયી પદ્ધતિની તેમણે હિમાયત કરી, તેમના કહેવા પ્રમાણે "હિંદુસ્તાનની શાળાઓમાં જે પદ્ધતિ ચાલે છે તેને મનુષ્યમાં રહેલું હીર બહાર લાવવું કહેતો નથી એ તો બુદ્ધિનો વ્યભિચાર છે. બાળકોના મગજમાં ગમે તેમ હકીકતો ઠાંસવામાં આવે છે. જ્યારે આરંભથી ગ્રામોધોગ કેન્દ્રમાં રાખી મનને કેળવવાની પદ્ધતિ મનનો સીધો અને વ્યવસ્થિત વિકાસ સાધે છે અને તે શક્તિમાં વધારો કરે છે." વળી, સમવાયી શિક્ષણ પદ્ધતિમાં સામાજિક, ભૌતિક અને ઔધોગીક ત્રણેય વાતાવરણને મહત્વ અપાયું છે. ગાંધીજીની યોજનામાં બાળકના સામાજિક અને ભૌતિક વાતાવરણની સાથે સાથે શરીર ક્ષમતા કેળવણીના પાયારૂપ બને છે અને આસપાસના બાળકોનો ઉપયોગ કરવાનો છે. એ જ રીતે પુસ્તકના પાનાં કે શિક્ષકના વ્યાખ્યાન દ્વારા નહીં, પણ શાળા સમયનું હેતપૂર્ણ જીવન ખરેખર જીવીને તેણે વિવિધ પ્રકારની કુશળતા તેમજ ટેવો અને વૃત્તિઓ કેળવવાની છે. આનું નામ જ જીવનની કેળવણી. આમ, સમવાયી શિક્ષણ પદ્ધતિ દ્વારા શિક્ષણની તકને ઉમદા બનાવવાનો અભિગમ છે. NEP 2020 દ્વારા આ સમવાયી શિક્ષણ પદ્ધતિનો ખ્યાલ વધુ સ્પષ્ટ થશે.

- **અનુભવાત્મક શિક્ષણ તરફ સ્થળાંતરઃ**

NEP 2020 અને નઈ તાલીમ બંને "કામ કરીને શીખવા" પર ભાર મૂકે છે. NEP 2020ના મનોરંજક અભ્યાસક્રમો અને ઇન્ટર્નશીપ નઈ તાલીમના શારીરિક શ્રમ અને હસ્તકલાના એકીકરણનો પડઘો પાડે છે, જે આનંદકારક શિક્ષણ અને ઊંડી સમજણને પ્રોત્સાહન આપે છે. 'અનુભવાત્મક શિક્ષણ તરફ સ્થળાંતર' એ એક શૈક્ષણિક અભ્યાસની પદ્ધતિ છે જેનું મુખ્ય લક્ષ્ય વિદ્યાર્થીને વિવિધ અનુભવો દ્વારા શિખવવાનું છે. આ પદ્ધતિમાં શિક્ષકો વિદ્યાર્થીને માનવિકી, સાહિત્ય, વિજ્ઞાન, સાંસ્કૃતિક અને સામાજિક વિચારગમ્યતાઓ આદિને મળેલ અનુભવો મૂલક શિક્ષણ આપે છે. ગાંધીજી માનતા હતા કે શિક્ષણ કેવી રીતે અનુભવને જીવંત કરે તે મુખ્ય છે, પરંતુ કેવી રીતે કામ કરવું તે પણ મહત્વપૂર્ણ છે. પરિણામે નઈ તાલીમ દ્વારા પરંપરાગત શૈક્ષણિક સિદ્ધાંતોની બદલી અને વિદ્યાર્થીને વિવિધ અનુભવો દ્વારા શિક્ષણ આપવાની માંગ વધી હતી. NEP 2020 માં ગાંધીજીના શૈક્ષણિક સિદ્ધાંત 'નઈ તાલીમ' નો પ્રભાવ જોવા મળે છે અને અનુભવાત્મક શિક્ષણને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ નીતિ વિવિધ પ્રતિભાઓને અનુભવાત્મક શિક્ષણનો અવસર આપે છે અને વિદ્યાર્થીને તેમના પરિપ્રેક્ષ્યમાં સ્થળાંતર કરવાનો અવસર આપે છે, જે તેમને અનેક સાંસ્કૃતિક, સામાજિક અને અન્ય વિવિધ અનુભવોનો પરિચય કેળવવાનો પ્રાપ્ત કરે છે. આ રીતે નઈ તાલીમ અનુભવાત્મક શિક્ષણને આધાર બનાવે છે જે વિદ્યાર્થીને પ્રેરિત કરવા માટે મોટા એવા અનુભવોનું અવલંબન છે.

- **માતૃભાષા દ્વારા સંભવિતતાને વધારવી:**

માતૃભાષાની નિર્ણાયક ભૂમિકાને ઓળખીને, બંને નીતિઓ પ્રારંભિક શિક્ષણમાં તેના ઉપયોગને પ્રોત્સાહન આપે છે. આ વિદ્યાર્થીઓને તેમની સાચી ક્ષમતાને ઉજાગર કરીને, અજાણી ભાષાના અવરોધ વિના શીખવા માટે સશક્ત બનાવે છે. ગાંધીજીએ કહ્યું છે કે, "શરૂથી જ અંગ્રેજી શીખવું એ બાળક ઉપર એક સાવ બિનજરૂરી બોજો છે. બાળક માતૃભાષાને ભોગે જ તે શીખી શકે. હું તો માનું છું કે, ગામડાના બાળક જેટલું જ શહેરી બાળકને માટે પણ જરૂરી છે કે તેના વિકાસનું ચણતર માતૃભાષાના સંગીન ખડક પર રચાય છે." રશિયાએ વિજ્ઞાનમાં પોતાની બધી પ્રગતિ અંગ્રેજી વગર

જ કરી છે. આપણી મનોવૃત્તિ એવી ગુલામ થઈ ગઈ છે કે, અંગ્રેજી વગર આપણું ચાલે જ નહીં, એવું આપણને લાગ્યા કરે છે. કામ શરૂ કર્યા પહેલા આગળથી હારી બેસવાની આવી માન્યતાને ગાંધીજી સ્વીકારતા નથી. NEP 2020 પણ માતૃભાષા દ્વારા શિક્ષણને વધુ મહત્વ આપે છે. જે માતૃભાષાનો ઉપયોગ કરીને શિક્ષણ અને અધ્યયન કરવાનું મુખ્ય લક્ષ્ય છે. આ પદ્ધતિમાં, વિદ્યાર્થીઓને તેમની માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે છે જે તેમના સમાજના સાંસ્કૃતિક અનુભવો અને ભાવનાઓને વિકાસ કરે છે. ગાંધીજીની 'નઈ તાલીમ'ની દ્રષ્ટિએ પણ માતૃભાષાનું મહત્વ અત્યંત ઉચ્ચ છે. તે માનતા હતા કે શિક્ષણ માતૃભાષા દ્વારા આપવાથી વિદ્યાર્થીઓની સમજ અને સ્વીકાર કરવાનું સામર્થ્ય અને આત્મવિશ્વાસ વધારે છે. તેમાં વિવિધ શિક્ષણ પદ્ધતિઓનો અનુભવ માતૃભાષાની સંબંધિતતાને વધારી શકે છે. NEP 2020 પણ માતૃભાષા શિક્ષણને વધારવાની માંગ કરે છે. આ નીતિ વિવિધ રાજ્યોના માતૃભાષામાં શિક્ષણ અને અધ્યયનને પ્રોત્સાહિત કરી રહી છે. પરિણામે વિદ્યાર્થીઓ પોતાની ભાષામાં સહજતાથી સમજે અને અભ્યાસ કરી શકે છે જે તેમના શૈક્ષણિક અનુભવને વધારે સાર્થક અને પ્રભાવશાળી બનાવે છે. આથી, માતૃભાષા દ્વારા સંભવિતતાને વધારવી શૈક્ષણિક પ્રક્રિયાઓનો એક મહત્વપૂર્ણ ભાગ બને છે.

- **પ્રમાણિત પરીક્ષણોથી આગળ બહુવિધ કુશળતાનો ઉછેર કરવોઃ**

બંને ફિલસૂફીઓ રટણથી યાદ રાખવા કરતાં આગળ વધે છે. NEP 2020ની મૂલ્યાંકનની લવચીકતા અને નઈ તાલીમની પ્રતિભાની ઓળખ વિવિધ રુચિઓનું અન્વેષણ કરવા અને જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને સામાજિક કુશળતાની શ્રેણી વિકસાવવા માટે પ્રોત્સાહિત કરે છે. જેમાં વિવિધ પરીક્ષાઓ સાથે સાંપ્રદાયિક પરીક્ષણોનું પરિણામ લઈને વિવિધ ક્ષેત્રોમાં કુશળતાનો ઉછેર કરવાનું મુખ્ય લક્ષ્ય છે. ગાંધીજીની 'નઈ તાલીમ'ની દ્રષ્ટિએ પણ પ્રમાણિત પરીક્ષણોનું અત્યંત મહત્વ છે. NEP 2020 પણ પ્રમાણિત પરીક્ષણોની આગળ બહુવિધ કુશળતાનો ઉછેર કરવાની માંગ કરે છે. આ નીતિ વિવિધ પરીક્ષાઓની પ્રક્રિયાઓને અનુમતિ આપે છે.અને વિદ્યાર્થીઓને તેમની રુચિઓ, ક્ષેત્રો અને વિશેષતાઓમાં સ્વાર્થને અનુકૂળ ચિંતન કરવાનું માર્ગદર્શન આપે છે. આથી, વિવિધ પ્રમાણિત પરીક્ષણોથી આગળ બહુવિધ કુશળતાનો ઉછેર કરવો વિવિધ શૈક્ષણિક સ્થળો અને સમાજમાં શિક્ષણને સુધારી શકે છે.

- **સામુદાયિક જોડાણ સાથે અંતરને દૂર કરવુંઃ**

NEP 2020 અને નઈ તાલીમ બંને માને છે તેમ શિક્ષણ સામુદાયિક સંડોવણી સાથે વિકસે છે. NEP 2020 ની સ્થાનિક ઇન્ટર્નશીપ અને નઈ તાલીમનું સામુદાયિક એકીકરણ શિક્ષણને સમૃધ્ધ બનાવે છે અને તેને વિદ્યાર્થીઓના જીવન સાથે સુસંગત બનાવે છે. સામુદાયિક જોડાણ વિવિધ સામુદાયિક સંસ્થાઓ, સમુદાયો અને શિક્ષકોનો સહકાર મેળવીને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની પદ્ધતિ છે. ગાંધીજીની 'નઈ તાલીમ'માં પણ સામુદાયિક જોડાણના મહત્વનો ઉલ્લેખ થયો છે. ગાંધીજી માનતા હતા કે શિક્ષણ અને સમાજનો સંબંધ સામુદાયિક જોડાણ દ્વારા હિતકર અને સાર્થક શિક્ષણ સુરક્ષિત કરવાનું સાધ્ય છે. NEP 2020માં પણ સામુદાયિક જોડાણ સાથે અંતરને દૂર કરવા વિશે ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. આ નીતિ શિક્ષણ પ્રક્રિયાઓ અને સમાજને આપણા સાથે સંબંધિત કરવાની માંગ કરે છે અને એને માટે વિવિધ પ્રકારના સામુદાયિક પ્રોજેક્ટ્સ, સામુદાયિક સેવાઓ અને સહયોગ પ્રદાન કરવામાં આવે છે. તેને શિક્ષણ સાથેના જોડાણની શક્તિ આપે છે જે શિક્ષણને સમાજની જીવનશૈલી, સમસ્યાઓ, અને મૂલ્યો સાથે જોડી દે છે. આથી, સામુદાયિક જોડાણ સાથે અંતરને દૂર કરવું એ શૈક્ષણિક પ્રક્રિયાઓનો એક મુખ્ય ભાગ બને છે.

- **માર્ગદર્શક તરીકે શિક્ષકની પુનઃ કલ્પનાઃ**

બંને નીતિઓ શિક્ષકોના દરજ્જાને ઊંચો કરે છે. NEP 2020 સતત વિકાસને પ્રોત્સાહન આપે છે, જ્યારે નઈ તાલીમ તેમને સુવિધા આપનારા, વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સશક્તિકરણ તરીકે જુએ છે. આ પરિવર્તન એક સર્વગ્રાહી શિક્ષણના વાતાવરણને પ્રોત્સાહન આપે છે. માર્ગદર્શક તરીકે શિક્ષકની પુનઃ કલ્પનાનું મુખ્ય લક્ષ્ય શિક્ષકોને પુનઃ પ્રેરણામય બનાવવું અને તેમની ભૂમિકાઓ પુનઃ સ્થાપિત કરવી છે. ગાંધીજીની 'નઈ તાલીમ'ની દ્રષ્ટિએ શિક્ષક નિયંત્રિત શિક્ષણની જગ્યાએ શિક્ષણની પુનઃકલ્પનાનું મહત્વ અત્યંત મોટુ છે. તેમ તેમને પ્રેરક બનાવવાની પ્રેરણા અને તેમને સહાય અને માર્ગદર્શન આપવામાં આવે છે. NEP 2020 પણ માર્ગદર્શક તરીકે શિક્ષકની પુનઃકલ્પનાને મહત્વની અહમિયત આપે છે. આ નીતિ શિક્ષકોને અને તેમના શૈક્ષણિક અભ્યાસને પુનઃકલ્પના અને પ્રેરણામય બનાવવામાં સહાય કરે છે તેથી તેમની સાથે જોડાણ બનાવી, તેમના સમાવેશનું વધારે મહત્વ પારિતોષિકમાં જાહેર કરવું. એક માર્ગદર્શક તરીકે શિક્ષકની પુનઃકલ્પના વિદ્યાર્થીઓની પ્રેરણામય સ્થિતિને મજબૂત કરી શકે છે.

- **વારસાનું નિર્માણઃ**

NEP 2020 નઈ તાલીમની નકલ નથી કરતી, તે તેના મૂળ સિદ્ધાંતોને 21મી સદીમાં અપનાવે છે. પરંપરાગત ઇન્ટર્નશિપની સાથે ઓનલાઇન વ્યાવસાયિક અભ્યાસક્રમો શિક્ષણની પહોંચને વિસ્તૃત કરે છે અને તેમાં વિવિધતા લાવે છે. વધુમાં, વ્યાવસાયિક શિક્ષણને મુખ્ય પ્રવાહની શાળાઓમાં એકીકૃત કરવાથી તેની સાથે સંકળાયેલ કલંક દૂર થાય છે, જે તમામ વ્યવસાયોમાં શ્રમની ગરિમાને પ્રકાશિત કરે છે. NEP 2020 અને ગાંધીજીની 'નઈ તાલીમ' દ્વારા વારસાનું નિર્માણ આપણે એક સામાજિક સ્થિતિને સમજવા અને તેના સુધારાની યોજના કરવા માટે મહત્વપૂર્ણ માનીએ છીએ. આ પદ્દતિ દ્વારા, શિક્ષકો અને શિક્ષક સમુદાયો પૂર્વાંગ સંસ્થાઓની મૂળભૂત અનુભવો, સિદ્ધાંતો અને મૂલ્યોની સાથે પ્રેરણામય રીતે કામ કરે છે અને તેનાં આધારે વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. વારસાનું નિર્માણ NEP 2020 દ્વારા પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યું છે. આ નીતિ દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. આ પ્રણાલી દ્વારા શિક્ષણના પરંપરાગત મૂલ્યો અને સિદ્ધાંતો તથા માનવીય મૂલ્યોને સહનાયક બનાવવામાં આવે છે. અને સમાજમાં સમાવેશ અને સમાજની સંસ્થાઓને પ્રવૃત્ત કરી શકે છે. તેથી NEP 2020 અને ગાંધીજીની 'નઈ તાલીમ'ની પ્રણાલીઓ વારસાનું નિર્માણ સાક્ષરતા, સમાજસેવા, અને સમાજની સ્થિતિ વધારવામાં મદદ કરી શકે છે.

## નિષ્કર્ષ

NEP 2020ના અસરકારક અમલીકરણમાં પડકારો હોવા છતાં, નઈ તાલીમ સાથે તેનો પડઘો બદલાયેલી શિક્ષણ પ્રણાલીની ઝલક આપે છે. આ પ્રણાલી વિદ્યાર્થીઓને માત્ર હકીકતો શીખવા માટે જ નહીં, પરંતુ તેમના સમુદાયો અને વિશ્વ માટે અર્થપૂર્ણ યોગદાન આપવા માટે તૈયાર, સર્વગ્રાહી વ્યક્તિઓ બનવા માટે પણ સશક્ત બનાવે છે. કદાચ આ ગાંધીજીની દૂરદર્શી શિક્ષણ ફિલસૂફીનો સાચો વારસો છે, જે 21મી સદીમાં નવી અભિવ્યક્તિ શોધે છે. બંને NEP 2020 અને ગાંધીજીની નઈ તાલીમ સામાજિક સમજણ પર ભાર આપે છે. તેમની લાક્ષણિક્તાઓ અને મૂલ્યો સામાજિક સમજણને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ છે. બંને પ્રણાલીઓ અનુભવાત્મક શિક્ષણને પ્રમુખ માને છે. વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનમાં અનુભવો અને અનુભવોને અધ્યયનનો ભાગ બનાવવાનું આવશ્યક માને છે. વિવિધતાનો આદર અને વિવિધ જ્ઞાનને મહત્વ આપે છે. તેથી આ પ્રમુખ લક્ષણોને જોવાથી તેમ બંને શિક્ષણ પ્રણાલીઓ એકસમાન જીવનશૈલી અને શિક્ષણને માન્ય માને છે. NEP 2020 પોતાની યોજનાનાં સિદ્ધાંતોમાં અને ગાંધીજીની નઇ તાલીમના આદર્શો પર આધારિત છે જે વિદ્યાર્થીઓને સામાજિક અનુભવો અને સ્વયંસેવાની મહત્વતા સમજાવે છે. આ રીતે, NEP

2020 અને ગાંધીજીની તાલીમ બંને શૈક્ષણિક પ્રણાલીઓ અને માનવીય મૂલ્યોને આદર્શવાદી પ્રક્રિયાને પ્રોત્સાહિત કરે છે.

## સંદર્ભ

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

2. દવે, શા.જ., (2013), ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, ISBN : 978-93-18265-69-1

3. પાયાની કેળવણી, ગાંધીજી, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ www.navajivantrust.org

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1473-1480

# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ અને ગાંધીજીના વિચારો અંતર્ગત આધુનિક શિક્ષણ પદ્ધતિઓનું શિક્ષણમાં સ્થાન અને તેની આવશ્યકતા

***DR.VAISHALI DESAI***

*ASSISTANT PROFESSOR*
*R.K.DESAI COLLEGE OF EDUCATION,VAPI, Gujarat, India*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦,આધુનિક શિક્ષણ પદ્ધતિ, ગાંધીજીના વિચારો

**A B S T R A C T**

*રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ ભારતની પ્રાચીન જ્ઞાન પરંપરાઓને પુનર્જીવિત કરવાના ઉદ્દેશ્ય પ્રતિ સમર્પિત છે.સમૃદ્ધ અને ઉન્નત ભારતીય જ્ઞાન પરંપરાની સૂક્ષ્મ સમજ,ગાંધીજી તેમજ પંડિત દીનદયાળ ઉપાધ્યાયના દૃષ્ટિકોણથી પ્રેરિત તેમજ આત્મનિર્ભર ભારતની આકાંક્ષા ધરાવતી આ શિક્ષણ નીતિ વિવિધ શિક્ષણ અધ્યયન સિદ્ધાંતોનો સુમેળ ભર્યો સમાવેશ કરવામાં આવ્યો છે.જેમાં પ્રારંભિક બાળપણ ની જરૂરિયાત, સર્વસમાવેશક શિક્ષણ અને વર્તમાન અભ્યાસક્રમમાં સુધારાનો સમાવેશ થઈ છે.આજે શિક્ષણમાં ટેકનોલોજીના ઉપયોગ અને નૂતન શિક્ષણ પદ્ધતિ દ્વારા શિક્ષણ આપતી જરૂરિયાત વધી રહી છે.જે વિદ્યાર્થીથીઓમાં "સર્જનાત્મક ક્ષમતા" અને "જ્ઞાનાત્મક ક્ષમતા" વિકસાવવા પર ભાર મૂકે છે. ગાંધીજીના વિચારો પણ આજ બે વિચારો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી જાય છે.તેમના વિચારો પણ આજે માનવ જીવન જરૂરીયાત સંબંધિત શિક્ષણ,વ્યવહારુ*

*શિક્ષણ,સર્જનાત્મક શિક્ષણ,વ્યવસાયલક્ષી શિક્ષણ આપવા તરફ વધુ ભાર આપે છે.તેમના વિચારોનું ગઠબંધન જ નવી શિક્ષણ નીતિ-2020 ના વિચારો સાથે કરવામાં આવ્યું છે.આ અંતર્ગત બાળકોને પણ પરંપરાગત પરંપરાગત શિક્ષણ પદ્ધતિ દ્વારા જ ભણવામાં આવશે તો તેમના કૌશલ્યોનો આજની માંગ હિસાબે વિકાસ કરી શકાશે નહી. આ માટે શિક્ષકો એ પણ ખૂબ પ્રયત્નો કરવા રહ્યા. માટે પ્રસ્તુત લેખમાં શિક્ષકો માટે નવીન શિક્ષણ પદ્ધતિઓ વિશે વિશેષ ખ્યાલ આપવામાં આવ્યો છે.*

## પ્રસ્તાવના

છેલ્લા દાયકામાં ભારતે પોતાને એક "માહિતી અને સમાજ" માં પરિવર્તન કહ્યું છે. જેમાં ભારતમાં શિક્ષણ એક રસપ્રદ વળાંક પર છે. એક તરફ ને નવી નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 માટે જૂનું જોડાણ કરવા માટે તૈયાર છે. બીજી તરફ શીખવાના નવા ડિજિટલ પ્લેટફોર્મ અને શિક્ષણની નવીન ટેકનિકો અને નવા બેંચ માર્ક બનાવવા માટે વૈશ્વિક ધોરણો તરફ ધપાવે છે. માનવ સંશોધન વિકાસ તલાશો દ્વારા અનાવરણ કરાવેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ,2020 દરેક અર્થમાં ક્રાંતિકારી છે. જે નીતિ બહુવિધ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## (૧) નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને ગાંધીજીના કળીરૂપ વિચારો:

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ તેમના શિક્ષણ પ્રત્યેના વિચારો દર્શાવ્યા હતા જેમાં તેમણે બુનિયાદી શિક્ષણની વાત કરી જેમાં વિધાર્થી સ્વાવલંબી બનવાની લાયકાત અને કુશલતાઓથી સજ્જ થાય અને સમાજ તેમજ રાષ્ટ્ર માટે ઉપયોગી બની શકે.પ્રવર્તમાન સમયમાં રાષ્ટ્રને વિકસિત કરવાની દિશામાં ગાંધીજીના વિચારો રૂપી શિક્ષણ થકી જ દેશનો વિકાસ કરી શકાય તેમ છે.બાળકોના ભાવિને રાષ્ટ્રનિર્માણની દૃષ્ટિએ બહેતર બનાવવા માટે યોગ્ય પ્રદાન સુનિશ્ચિત કરશે. તેમના શિક્ષણ માટેના વિચારોમાં અહિંસક સમાજ,હકારાત્મક,રચનાત્મક,પારસ્પરિક પ્રેમ,સભ્યતા,કૌશલ્યો અને વિશ્વાસની તાકાત સમસ્ત પ્રાણીઓ પ્રત્યે એ જ વિચારો દૈવીય પ્રભુતા તરફ લઇ જાય છે.જેમાં એકબીજાના હિતો સચવાય છે.એ શિક્ષણને જ નઈ તાલીમ,બુનિયાદી શિક્ષણ જેવા નામોથી સંબોધે છે.એ શિક્ષણ ભારરૂપ ભણતર નથી પણ જીવનરૂપી ઘડતર છે.આ શિક્ષણ વ્યવસ્થા વિધાર્થીઓને માનવી તરીકે કર્મશીલ ભૂમિકા ભજવવા માટે તૈયાર કરે છે.આ શિક્ષણની સફળતાનો માપદંડ ડિગ્રી કે પ્રાપ્ત થયેલ અંકોનો શ્રેષ્ઠ સરવાળો નથી પરંતુ પોતાની વિવિધ જરૂરિયાતો માટે સ્વાવલંબન,જરૂરિયાતો અને કૌશલ્યોના વિકાસની આજે શિક્ષણ દ્વારા વિકાસ

કરવાની આવશ્યકતા ઊભી થઇ છે અને હજુ પણ શિક્ષક પોતાની પરંપરાગત ચોક એન્ડ ટોક શિક્ષણ પધ્દ્ધતિ દ્વારા શિક્ષણ કાર્ય કરાવશે તો આ જરૂરિયાતોને આપણે કદી સંતોષી શકીશું નહી. માટે જ શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે શિક્ષણના સ્તંભોને ટેકો આપવા માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની જરૂરીયાત વિચારોને પ્રવર્તમાન સમયમાં મૂકવા તરફ પ્રેરિત કરી જાય છે.આ નવીન શિક્ષણ નીતિ એટલે જ તો "ગાંધીજીના શિક્ષણ વિચારોનો આયનો" તરીકે ઓળખવામાં આવી રહી છે. જેથી આપણે પણ એક શિક્ષક તરીકે આ બંનેના વિચારોને અપનાવી શિક્ષણને ઊંચી બુલંદી તરફ લઇ જવાનું છે.જેના માટે અનેક પ્રયાસો હાથ ધરવા પડશે.

## (૨) નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને શિક્ષણમાં નવીન શિક્ષણ પધ્દ્ધતિઓ:

NEP 2020 ત્રણ સ્તંભ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ગુણવત્તા શિક્ષણ-શિક્ષક (QTE ), ગુણવત્તામાં શિક્ષણ (Q-in-i) અને ગુણવત્તા ખાતરી(QA)-સખત શીખવાની ખાતરી કરાવવા માટે છે. માટે આ સ્તંભોને મૂળ સ્થાને શિક્ષકે છે શિક્ષણ કાર્યમાં સુધારા બનાવવાની વિશેષ આવશ્યકતા છે શિક્ષક હજુ પણ હજુ પણ પરંપરાગત શિક્ષણ પ્રવૃત્તિ દ્વારા જ ભણાવશે તો નવી શિક્ષણનીતિ ના સ્તંભો તૂટતાં વાર લાગશે નહીં. શિક્ષકે પોતાના શિક્ષણ માટે નવા જ્ઞાનની સાથે જોડવું નવું શિક્ષણ વ્યૂહરચનાઓ અપનાવી શિક્ષણ કાર્ય કરવું પડશે. એમ જ આજના સમયની શિક્ષણનીતિ માટેની માંગ છે.માટે અહીં નીચે મુજબ નવી શિક્ષણ નીતિ અને શિક્ષણમાં નૂતનવ્યૂહરચના અને તેની આવશ્યકતા વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

## (૩) આધુનિક શિક્ષણ પધ્દ્ધતિઓ

- **આધુનિક શિક્ષણ પધ્દ્ધતિ એટલે શું?**

  હેમચંદ ટી.કે.(૧૯૯૮) મુજબ,

"વિધાર્થીઓને એ જ જૂની શૈલી થી પરીક્ષા પાસ કરવા માટે અભ્યાસક્રમ નું પાઠ કરવા ને બદલે વિવિધ નવા વિચારોનો ઉપયોગ કરીને તેમની ભૌતિક સુધારવા માટે શીખવવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતી શિક્ષણ પધ્દ્ધતિ એ આધુનિક શિક્ષણ પધ્દ્ધતિ".

આ રીતે શીખનારાઓ તેમની જ્ઞાનનું નિર્માણ કરવા અને તેમની કુશળતાને વધુ તીવ્ર બનાવવા માટે સમગ્ર પ્રક્રિયામાં સક્રિય પણે ભાગ લે છે અને રચનાત્મક અભિગમ તરીકે પણ ઓળખવામાં આવે છે બીજી બાજુ માર્ગદર્શક શિક્ષણ માત્ર તેમને ઘેરે છે આમ યુગ ની નવી માંગ વિધાર્થી વિધાર્થીઓ માટે સમયની જરૂરિયાત એ સમકાલીન શિક્ષણ પધ્દ્ધતિઓ અપનાવવાની છે જે વિધાર્થીઓ વચ્ચે સ્પર્ધા ઘટાડવામાં સહકારને પ્રોત્સાહન આપવામાં મદદરૂપ થશે

- **આધુનિક શિક્ષણ પદ્ધતિ દાખલ કરવાના કારણો:-**

તાજેતરમાં વર્ષોમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં જ્ઞાનનો બળ નાટ્યાત્મક રીતે વધ્યો છે અને નવા જ્ઞાન સાથે અનુકૂલન ક્રાંતિ આવે છે તો ચર્ચા કરીને નવી શિક્ષણ પ્રવૃત્તિઓ આપણે શિક્ષણમાં અપનાવી જોઈએ. વિધાર્થીએ 21મી સદીનો સામનો કરવા માટે એ રીતે શીખવવું જોઈએ જે ટેકનોલોજી આધારિત હોય છે અને જે વ્યક્તિ સમાજ અને રાષ્ટ્રની પ્રગતિ માટે સર્જનાત્મક અને નવીન મનની જરૂર છે જેથી આ નૂતન શિક્ષણ પદ્ધતિઓને ઉપયોગ કરવો અતિ આવશ્યક થઈ પડ્યો છે જો શિક્ષકો આવા વ્યવહારો પદ્ધતિઓને બદલે આધુનિક શિક્ષણ પદ્ધતિથી ભણાવે અને વધુ યોગ્ય વૈજ્ઞાનિક ઢબે પાઠો રજૂ કરે તો બેરોજગારી સહિતની અનેક સમસ્યાઓ દૂર થઈ શકે છે.

- **આધુનિક શિક્ષણ પદ્ધતિઓની લાક્ષણિકતા :-**
  1. શીખનાર કેન્દ્રિત
  2. કાર્ય આધારિત અથવા JYFA આધારિત
  3. સંસાધન આધારિત
  4. પ્રકૃતિમાં ઇન્ટર્કિમ
  5. પ્રકૃતિમાં એકીકૃત
  6. પીયર સહયોગ

- **આધુનિક શિક્ષણ પદ્ધતિઓ અને તેની આવશ્યકતા :**

પહેલા શિક્ષકોએ શિક્ષક અને વિધાર્થીઓ વચ્ચે સેતુ બનાવવાનું એકમાત્ર માધ્યમ હતું. તેઓ વિષયો સમજાવવા અથવા નોંધો આપવા માટે પરંપરાગત શિક્ષણ શાસ્ત્રની પદ્ધતિઓનો ઉપયોગ કરતા હતા .આધુનિક શિક્ષણ એક વિશાળ દ્રશ્ય જુએ છે જે શીખનાર અને ગ્રહણ અથવા અભ્યાસ કરવા પ્રોત્સાહિત કરે છે અને શીખવવાની નવીન રીતો સાથે ટેકનોલોજીના પરિચયની શિક્ષણ ક્ષેત્રમાં ઘરે નવી સામગ્રી  અથવા સામગ્રીનો અભ્યાસ કરે છે. અને શાળામાં તેનો અભ્યાસ કરે છે. વિધાર્થીઓ વિડીયો ટ્યુટોરીયલ જોઇને ઓનલાઈન શોધ કરીને અથવા શિક્ષક દ્વારા સામાન્ય રીતે શેર કરવામાં આવતી સામગ્રી પર કામ કરીને ઘરે આ પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે. ઘરે ભણી પછી શાળાએ આવી તેને સમાપ્ત કરશે.આવી  પદ્ધતિઓ દ્વારા શાળાથી વિપરીત તેઓ સામગ્રીને સમજવા એક મુદ્દા પર વધુ ભાર સ્વયં રીતે આપી શકે છે.આ નવીન શિક્ષણ પદ્ધતિઓ નીચે મુજબ વિસ્તૃત રીતે દર્શાવામાં આવી છે.

**(૧) સહયોગી શિક્ષણ :-**

આ પદ્ધતિમાં દરેક વિદ્યાર્થીઓ જૂથની સફળતાને એક ભાગ છે કારણ કે તેઓ ઇચ્છિત પરિણામ સુધી પહોંચી શકીએ એકબીજાને મદદ કરે છે અને તેઓ એકબીજા સાથે વાતચીત કરવાનો પણ શીખે છે શીખનારાઓ અન્યને સહન કરવાનું શીખે છે અન્યને સાંભળવાની કુશળતા વિકસાવે છે અને ટીમમાં કેવી રીતે કામ કરવું એ શીખે છે જેથી તેમની કામ ની સાચી સમીક્ષા મેળવી શકે વિદ્યાર્થીઓ તેમના વિચારો રજૂ કરે છે સર્જનાત્મકતા વિનિમય  કરે અને વધુ જ્ઞાન મેળવવા માટે પરવાનગી આપે છે જે માટે શિક્ષણની સહયોગી પ્રવૃત્તિ અપનાવવાનો પસંદ કરવું જોઈએ આ પદ્ધતિ તરીકે ટીમ લર્નિંગ નો પણ સમાવેશ થયો છે

**(૨) સ્પેસ લર્નિંગ:-**

આ પદ્ધતિ શિક્ષકો દ્વારા અનુસરવા માં આવી છે આ પ્રવૃત્તિમાં શિક્ષકો એક પાઠને વધુ વખત પુનરાવર્તિત કરે છે મજબૂત રીતે સુધી વિદ્યાર્થીઓ સંપૂર્ણ રીતે સમજી ન જાય ત્યાં સુધી શિક્ષક પાઠની વચ્ચે દસ મિનિટની જગ્યાઓ સાથે પાઠનું પુનરાવર્તન કરે છે. ગેપ નો અર્થ શારીરિક પદ્ધતિઓ અથવા માઈન્ડફુલનેસ તકનીકો રમીને મનને તાજા કરવામાં આવે છે આ પદ્ધતિ વિદ્યાર્થીઓને જ્ઞાનનો વારસો મેળવવા અને શિક્ષકો વચ્ચે જોડાણ બનાવવા માટે અંતરાય આપે છે તે વિદ્યાર્થીઓને માનસિક અને શારીરિક રીતે સ્વાસ્થ્યને સુધાર કરે છે.

**(3) ફ્લિપ કરેલ વર્ગખંડ :-**

આ આધુનિક શિક્ષણ પદ્ધતિ પૈકીની એક છે જે આ દિવસોમાં ઉપયોગમાં લેવાયેલ છે વિદ્યાર્થીઓ જાતે જ કરામતની મુજબની ક્ષમતાઓમાં પણ વધારો થયો છે. તેથી નવીન અને સર્જનાત્મક દિમાગ ની સાંપત આવશ્યકતા છે આધુનિક વિશ્વ અને ટેકનોલોજીના જ્ઞાન સંચાલિત યુગનો સામનો કરવા માટે આધુનિક માર્ગો અપનાવવા એકમાત્ર સાધન છે.

**(૪) ગેમિફિકેશન**

રમતો દ્વારા શીખવવું એ આવશ્યક આધુનિક શિક્ષણ પ્રવૃત્તિઓ પૈકીની એક છે. બાળકોને રમત રમે છે એ પછી ઓનલાઈન રમતો હોય કે મેદાની રમતો હોય રમતો દ્વારા શીખવવું વધુ અસરકારક સાબિત થઈ શકે છે. શિક્ષકોએ વય અનુરૂપ યોગ્ય પ્રોજેક્ટ ની યોજના ઓનલાઈન કરવી જોઈએ.તેમની રુચિને જીવંત રાખવા માટે આકર્ષક પગલાંઓ સામેલ કરવા જોઈએ. શિક્ષકો ઓનલાઇન પ્લેટફોર્મની પણ મદદ લઈ શકે છે ઓનલાઇન ક્વિઝ કોયડાઓ મગજની રમતો ગોઠવી શકે છે.

**(૫) VAK :-**

શિક્ષકે પોતાના શિક્ષણમાં V A K એ ત્રણ કેટેગરીમાં વિભાજિત કરે છે.'વી' એટલે વિઝ્યુઅલ ડેટા, 'એ' એટલે ઓડિયો માહિતી સાંભળીને, 'કે' એટલે કાઈનેથેટીક એટલે ડેટાની અનુભૂતિ કરવી. વિદ્યાર્થીઓ માહિતી જોઇને સાંભળીને લાગણી દ્વારા મેળવે છે.સમાન સામગ્રી જુદી જુદી રીતે રજૂ કરવી જોઈએ. આ પદ્ધતિ 1920 ના દાયકાના ડિસ્લેક્સિયા વાળા બાળકોને યાદ કરવા માટે હતી. પરંતુ આજે બધા માધ્યમો તેનો ઉપયોગ કરી શકે છે.

**(૬) ક્રોસ ઓવર :-**

જે ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ અને શીખવાના વાતાવરણનો ઉપયોગ કરી શિક્ષણ પ્રદાન કરવા માટે વર્ગખંડો અને અનૌપચારિક વાતાવરણ સંગ્રહાલયો પરિસંવાદો અને શાળા પછીના સ્થળોએ અનુભવોનો ઉપયોગ કરી પ્રશ્નો પૂછીને સમજણમાં વધારો કરે છે.

(૭) **પ્રોજેક્ટ આધારિત શિક્ષણ :-**

આ પ્રવૃત્તિમાં શિક્ષણમાં શીખનારાઓને સામેલ કરવા માટે પ્રોજેક્ટ વર્ક બનાવવાનો સમાવેશ થાય છે. વાસ્તવિક વિશ્વની પરિસ્થિતિ ઉપર આધારિત હોય છે અને વર્ગના વધારવાનો હેતુ હોય છે. વિદ્યાર્થીઓને વાસ્તવિક દુનિયાની સમસ્યા માટે ઉકેલો ઘડવા માટે વ્યુહરચનાત્મક અભિગમ લાગુ કરવા ન હોય શકે.

**(૮) સમસ્યા આધારિત શિક્ષણ :-**

સમસ્યા આધારિત મોડલમાં વિદ્યાર્થીઓને કોઈપણ શીખવતા પહેલા સમસ્યાને રજૂ કરી શ્રેષ્ઠ ઉકેલ પર પહોંચવા માટે પરવાનગી આપવામાં આવે છે. ધીમે ધીમે તેમને વિશ્વની વિભાવના માં સરળ બનાવે છે. જે પ્રોજેક્ટ પદ્ધતિ જેવું જ શિક્ષણકાર્ય છે.

**(૯) યોગ્યતા આધારિત શિક્ષણ :-**

દરેક વિદ્યાર્થીઓ આગલા વિષય એકમ અથવા તો ગ્રેડ પર જતા પહેલા કૌશલ્ય વિકસિત કરે છે. વિદ્યાર્થીઓને યોગ્યતા આધારિત પ્રોજેક્ટ જેવા કાર્ય સોંપવામાં આવે છે. તેમજ રચનાત્મક મૂલ્યાંકન આધારે તેમની યોગ્યતાને માટે પોર્ટફોલિયાના આધારે મૂલ્યાંકન કરવામાં આવે છે. જેથી તે પોતાની અંદર રહેલ ક્ષમતાઓને બહાર કાઢી શકે.

**(૧૦) ટેકનોલોજી આધારિત શિક્ષણ**

વિધાર્થીઓ સામગ્રી વાંચવા સંશોધન કરવા શૈક્ષણિક રમતો રમવા માટે કોમ્પ્યુટર, ટેબલેટ, મોબાઈલ જેવા ઉપકરણોનો ઉપયોગ કરી શકાય. વિડીયો કોન્ફરન્સિંગ સોફ્ટવેરનો ઉપયોગ દ્વારા શિક્ષણ મેળવી શકે છે. MAL,CAI,CAL,MAL,CAE વગેરે જેવા કોમ્પ્યુટર આધારિત અને મોબાઈલ આધારિત કાર્યક્રમો દ્વારા વિધાર્થીઓ શીખી શકે છે. Google, Classroom, PPT, Google Form, Animation, App learning, Focuskey,DIKSHA, MOOK વગેરે દ્વારા શિક્ષણ ઓનલાઇન મેળવી શકે છે. પ્રવર્તમાન સમયમાં AI (આર્ટિફિશિયલ એજન્સી) દ્વારા શિક્ષણ કાર્યની વધુ હિમાયત કરવામાં આવે છે.

**(૧૧) નિશ્રિત શિક્ષણ :-**

જે ઓનલાઇન શિક્ષણ પ્રવૃત્તિઓ સાથે પરંપરાગત ક્લાસરૂમને પણ જોડે છે. આ પદ્ધતિ ટેકનોલોજીને વર્ગખંડમાં એકીકૃત કરે છે. જેમાં વિધાર્થીઓ વ્યક્તિગત રીતે અને દુરસ્ત રીતે પ્રયુક્તિમાં જોડાય છે. જે પરંપરાગત વર્ગખંડના સત્રોમાં હાજરી આપવા ઉપરાંત ઓનલાઇન ચર્ચાઓમાં ભાગ લઈ શકે છે. પ્રસ્તુત શિક્ષણ પ્રવૃત્તિ પ્રવર્તમાન સમયમાં ખૂબ પ્રચલિત પદ્ધતિ થઈ રહી છે.

**(૧૨) વિધાર્થીઓનું 'સ્વ' શિક્ષણ :-**

જેમાં વિધાર્થીઓનું નેતૃત્વ જરૂરી છે વિધાર્થીઓ શું શીખવા માંગે છે, તેઓ કેવી રીતે શીખવા માંગે છે તે પસંદ કરવા માટે વધુ તકો આપવામાં આવે છે વ્યક્તિગત શિક્ષણ તરીકે પણ ઓળખવામાં આવે છે. જે પ્રશ્નો પૂછવા માટે પણ પ્રોત્સાહિત કરે છે. પૂછપરછ આધારિત શિક્ષણ તેમજ તેમની આધ્યાત્મિકતા ને બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવે છે. પ્રવૃત્તિના ટેકનોલોજીના આધારે પણ વિધાર્થીઓને કેન્દ્રમાં રાખી શિક્ષણ આપવામાં આવે છે. પ્રવૃત્તિના અંતે શિક્ષકે છે શીખતા છે તેના પર ચિંતન કરવા વિનંતી કરવી જોઈએ.

આમ,આ રીતે નુતન શિક્ષણ પ્રવૃતિઓ દ્વારા શિક્ષણ શિક્ષક દ્વારા વિધાર્થીઓને રસ આધારિત, વ્યક્તિગત શિક્ષણ, સહાય શિક્ષણકાર્ય, જ્ઞાનના વિકાસ આધારિત શિક્ષણ ,ક્ષમતા વિકાસ આધારિત શિક્ષણ શીખવવામાં આવે છે. NAP 2020 ના બાળકોની દિશામાં મજબૂત પાયાનું કાર્ય કરશે.

**નિષ્કર્ષ**

આમ ડિજિટલ ક્રાંતિ અને શિક્ષણશાસ્ત્રની નવીનતાઓ સતત શિક્ષણ માટે નવા પ્લેટફોર્મ બને તેવી તકનીકો બનાવી રહી છે.નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 દ્વારા સર્જનાત્મકતા માટે વધુ વેગ ખુલશે. આવી નૂતન અધ્યયન પદ્ધતિઓના સમાવેશ દ્વારા એન. ઈ.પી- 2020 દ્વારા શિક્ષણ માટેની ક્ષણો પૂરો પાડવા માટે ઉપયોગી પુરવાર થશે. શિક્ષકો માટે પણ નૂતન શિક્ષણ પદ્ધતિઓમાં ઉપયોગ દ્વારા બાળકોમાં ક્ષમતા આધારિત શિક્ષણ આપવા માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. તેમ જ અભ્યાસક્રમના અમલીકરણ માટે નવી સુવિધાઓ સમાવવા માટે વધુને વધુ પ્રયાસ NEP 2020 કરી રહી છે. જે શિક્ષણ કૌશલ્યોને અને તકનિકીને સુધારશે. આજે ગાંધીજીના વિચારો થકી તેમના શિક્ષણના અભિગમમાં ક્ષમતા દ્વારા શિક્ષણ, પ્રોજેક્ટ પદ્ધતિ આધારિત શિક્ષણ,વ્યવસાય લક્ષી કૌશલ્યોના વિકાસ માટે શિક્ષણકાર્ય ઉપર પ્રકાશ ફેંકે છે. જે માટે શિક્ષકોએ વધુ કટિબદ્ધ રહવાની જરૂરીયાત ઊભી થશે.શિક્ષકો માટે નવીન શિક્ષણ પદ્ધતિઓ દ્વારા શિક્ષણ આપવા માટે NEP 2020 એમના આ સ્વપ્નને સાકાર કરવા એક સહારે પ્રયાસ કરી રહી છે.

- **સંદર્ભસુચી :-**


૧. ભારત સરકાર(૨૦૨૦). **"રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦".** માનવ સંશોધન વિકાસ મંત્રાલય ભારત સરકાર,દિલ્હી.

૨. Hemchand,T.K(1998).**Problems Of Teacher Education (પ્રથમ આવૃત્તિ).**દિલ્હી,ક્રીસન્ટ પબ્લીશિંગ કોર્પરેશન.

૩. RAO,V.K.(૨૦૦૪)**.TEACHER EDUCATION(FIRST EDITION).**Dilhi, A.P.H.Publising Corporation.

૪. www.21centuryskills.org.

૫. www.wikipedia.org.

૬. http://ahaslides.com/gu/blog/15-innovative-teaching-methods/.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1481-1486

# ગાંધીજીની સ્વાવલંબી કેળવણી અને NEP 2020

*ડૉ ગાયત્રીબેન રમેશભાઈ પટેલ*

*આસિસ્ટન્ટ પ્રોફેસર,*

*શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

ગાંધીજી, સ્વાવલંબી કેળવણી, NEP 2020

**A B S T R A C T**

*NEP 2020* ***એ શિક્ષણ જગતમાં પ્રાણ પૂરવાનું કામ કર્યુ છે.****NEP 2020****ની અંદર ભારતીયતાની ઝાંખી થાય છે. એનું કારણ*** *NEP 2020****માં ભારતીય તત્વચિંતકોના વિચારોનો થયેલો સમન્વય છે. આવા જ ભારતના તત્વચિંતક – ગાંધીજીના સમવાયી વિચારોની છાપ આપણે*** *NEP 2020****માં જોઈ શકીએ છીએ. આ સંશોધન પત્રમાં સંશોધકે ગાંધીજીની સ્વાવલંબી કેળવણી અને*** *NEP 2020****માં દર્શાવેલ શૈક્ષણિક વિચારોનો અભ્યાસ કરીને તે વચ્ચે રહેલી સામ્યતા ચકાસવાનો પ્રયત્ન કર્યો છે.***

## પ્રસ્તાવના

NEP 2020ના પ્રારંભિક અમલીકરણ સાથે જ શિક્ષણની નવી વિભાવના વિશે વિચારવાનો સમય આવી ગયો છે. શિક્ષણ એ માત્ર વાંચન ,લેખન અને ગણન પૂરતું ઔપચારિક હોઈ શકે નહીં, એ માત્ર ગોખેલી માહિતીઓ પૂરતું પણ મર્યાદિત ન જ હોય, એ સમજણ NEP 2020 દ્વારા પાકી થઈ છે. NEP 2020માં રજુ થયેલી શિક્ષણની વિભાવના સમજવા માટે એની પાછળની ઐતિહાસિક ભૂમિકા સમજવી પણ એટલી જ જરૂરી છે. ભારતમાં સૌ પ્રથમવાર શિક્ષણનીતિ લોકશાહી રીતે બની. સામાન્ય વ્યક્તિનો પણ અવાજ શિક્ષણનીતિમાં સાંભળવામાં આવ્યો. ભારતીય શિક્ષણદર્શન

એટલેકે ઋષિમુનિઓ દ્વારા દર્શાવાયેલ શિક્ષણપદ્ધતિને સાચા પરિપ્રેક્ષ્યમાં સમજવામાં આવી અને એને પણ કેન્દ્રમાં રાખવામાં આવી. ભારતના મહાન શૈક્ષણિક તત્વચિંતકો દ્વારા રજૂ થયેલ શિક્ષણચિંતનને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું. અને તેથી જ ગાંધીજીના વિચારોનો પણ પડઘો NEP 2020માં સંભળાય છે. આ સંશોધન પત્રમાં સંશોધકે ગાંધીજીની સ્વાવલંબી કેળવણી અને NEP 2020માં દર્શાવેલ શૈક્ષણિક વિચારોનો અભ્યાસ કરીને તે વચ્ચે રહેલી સામ્યતા ચકાસવાનો પ્રયત્ન કર્યો છે

## હેતુઓ

1. ગાંધીજીની સ્વાવલંબી કેળવણીનો અભ્યાસ કરવો.

2. NEP 2020માં દર્શાવેલ કેળવણીનો અભ્યાસ કરવો.

3. ગાંધીજીની સ્વાવલંબી કેળવણી અને NEP 2020માં દર્શાવેલ કેળવણી વચ્ચે સામ્યતા ચકાસવી.

## ગાંધીજીની સ્વાવલંબી કેળવણી અને NEP 2020

1. ગાંધીજીએ સર્વોદયની વિભાવના થકી આખા સમાજનું ચિંતન કર્યું. અને આખો સમાજ શિક્ષણ થકી કઈ રીતે પ્રગતિ સાધી શકે એને કેન્દ્રમાં રાખ્યું. ગાંધીજી માનતા હતા કે અક્ષર જ્ઞાન એ કેળવણી નથી. માણસને લખતા વાંચતા આવડી જાય એટલે માણસ કેળવાયેલ છે અથવા શિક્ષિત છે એમ ન જ કહી શકાય. અક્ષર જ્ઞાન એ કેળવણીની શરૂઆત હોઈ શકે પણ એ કેળવણીનો અંત નથી. તેમના માટે શિક્ષણનું કામ માણસને સ્વાવલંબી કે સ્વાશ્રયી બનાવવાનું છે. ઘરમાં કોઈ પાણીનો નળ રીપેર કરવાનો હોય, અને આપણે પ્લમ્બર આવે ત્યાં સુધી રાહ જોવી પડે, તે શિક્ષણ શું કામનું? આવું શિક્ષણ માણસને સ્વતંત્ર બનાવવાની જગ્યાએ પરતંત્ર બનાવે છે. ગાંધીજી માનતા હતા કે શિક્ષણને વ્યક્તિના રોજિંદા જીવન અને જરૂરિયાતોથી અલગ રાખવું જોઈએ નહીં. આમ,ગાંધીજીએ 3R (reading, writing and arithmetic)નીજગ્યાએઆપણને 3H ( hand, head and heart) ની કેળવણી આપી.

NEP 2020 પણ શિક્ષણની આવી જ કંઈ વિભાવના કરે છે. હમણા સુધી શિક્ષણમાં ડિગ્રીનું ખુબ મહત્વ હતું. પણ ગાંધીજીની જેમ NEP 2020 માને છે કે વ્યક્તિ પાસે જ્ઞાનની સાથે સાથે કૌશલ્ય પણ હોવું અનિવાર્ય છે એમ માની ક્ષમતા આધારિત શિક્ષણ પણ NEP 2020 ભાર મુકે છે. માત્ર શિક્ષક દ્વારા અપાતી માહિતી જ નહીં પણ વિદ્યાર્થી જાતે પોતાના જ્ઞાનનું સર્જન કરે, જાત અનુભવ દ્વારા શીખે, એવા ક્રિયા દ્વારા શિક્ષણની હિમાયત કરવામાં આવી છે. NEP 2020 એવા

શિક્ષણ પર ભાર મુકે છે જે વ્યક્તિને તેના રોજિંદા જીવનમાં ઉપયોગી બને. શિક્ષણ થકી વ્યક્તિને સ્વાશ્રયી બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. અને એ થકી આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને સાકાર કરવાનું સ્વપ્ન છે.

2. ગાંધીજીના ચિંતનમાં સ્વાવલંબન અથવા સ્વાશ્રયી શબ્દ ખૂબ પાયાનો છે. સ્વાશ્રયી અથવા સ્વાવલંબન એટલેકે આર્થિક સામાજિક કે માનસિક કોઈપણ પ્રકારના પરાવલંબનમાંથી છુટકારો. વ્યક્તિનું આત્મનિર્ભર હોવું. ગાંધીજીના મતે જે સર્વ અજ્ઞાનતામાંથી, ગુલામીમાંથી મુક્તિ અપાવે, વ્યક્તિને સ્વતંત્ર બનાવે એવી કેળવણીની હિમાયત કરે છે. NEP 2020 ના કેન્દ્રમાં પણ આ જ બાબતને પ્રાધાન્ય આપ્યું છે.

3. NEP 2020માં નોંધ્યું છે એ પ્રમાણે અન્ય વિકસિત દેશોની સરખામણીમાં ભારતમાં વ્યવસાયિક શિક્ષણ મેળવનારની સંખ્યા ખૂબ ઓછી છે. તે વ્યવસાયિક શિક્ષણના પ્રસારણ વધારવાની જરૂરિયાત દર્શાવે છે. ગાંધીજીના શિક્ષણ દર્શનમાં પણ ઉદ્યોગ દ્વારા શિક્ષણ એટલે કે વ્યવસાયિક શિક્ષણ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો.

ગાંધીજીની વ્યાવસાયિક શિક્ષણની વિભાવના એ આત્મનિર્ભરતા, સામુદાયિક જોડાણ અને નૈતિક મૂલ્યો પર ભાર મૂક્યો હતો અને NEP 2020 મુખ્ય પ્રવાહના અભ્યાસક્રમમાં વ્યાવસાયિક કૌશલ્યોનો સમાવેશ કરીને, શિક્ષણ પ્રત્યે સર્વગ્રાહી અને બહુ-શાખાકીય અભિગમ પર ભાર મૂકે છે.

જે શિક્ષણ શ્રમ પ્રત્યે સુગ જન્માવે તે શિક્ષણ નિરર્થક છે એમ ગાંધીજી માનતા. વિષયો પર કેન્દ્રિત થયેલું શિક્ષણ ખરેખર વિદ્યાર્થીને શારીરિક શ્રમ પ્રતિ સુગ પેદા કરે છે તથા તેને ઉત્પાદન વિમુખ બનાવી વધારેને વધારે નિષ્ક્રિય બનાવે છે. શિક્ષિત સમાજમાં રહેલી શ્રમ પ્રતિની સુગ દૂર કરવા માટે ગાંધીજી શિક્ષણના ક્રમમાં ઉત્પાદકશ્રમને કેન્દ્રસ્થાને મૂકે છે. ગાંધીજી માનતા કે વિદ્યાર્થીને એવું શિક્ષણ પ્રાપ્ત થવું જોઈએ જે તેની રોજીરોટીની સમસ્યામાં તેને આત્મનિર્ભર બનાવે. આજ વાતને તેઓ લખે છે કે, 'બાળક 14 વર્ષની ઉંમરે એટલેકે સાતવર્ષનું શિક્ષણ પૂરું કર્યા પછી શાળા છોડીને જાય ત્યારે તેનામાં કંઈક કમાવાની શક્તિ આવેલી હોવી જોઈએ. અત્યારે પણ ગરીબ લોકોના બાળકો આપોઆપ એમને મદદ કરે છે. એમના મનમાં લાગણી એ હોય છે કે જો માબાપની જોડાજોડ કામ નહીં કરો તો માબાપ ખાશે શું અને મને ખવડાવશે શું?. એ જ પ્રમાણે રાજ્ય સાત વર્ષની ઉંમરે બાળકને પોતાના હવાલે લે અને તેને કામ કરતું કરીને માબાપને પાછું આપે. આમ, તમે કેળવણી આપવાની સાથે બેકારીના મૂળ પર ઘા કરો છો.' (ખરીકેળવણી, મો. ક. ગાંધી, નવજીવન, અમદાવાદ, 1955). આમ, ગાંધીજીની સ્વાશ્રયી કેળવણી બાળકને પોતાના પગ પર ઉભો કરે છે. એનો અર્થ એ નથી કે બાળક આગળ જતા બીજો કોઈ વ્યવસાય ન કરે. પણ શાળાજીવન

દરમિયાન બાળકને કોઇ એક એવો ઉદ્યોગ અથવા વ્યવસાય શીખવા મળે કે જે બાળકને આગળ જતા બીજો કોઇ વ્યવસાય અથવા નોકરી ન મળે તો પણ આ ઉદ્યોગના આધારે બાળક પોતાનું જીવન સ્વમાનભેર જીવી શકે.

NEP 2020 પણ મુખ્યપ્રવાહના અભ્યાસક્રમમાં વ્યાવસાયિક કૌશલ્યોનો સમાવેશ કરીને, શિક્ષણ પ્રત્યે સર્વગ્રાહી અભિગમ ધરાવી વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવવાની વાત કરે છે.NEP 2020માં દર્શાવ્યા પ્રમાણે વર્ષ  2024 સુધીમાં શાળા અને ઉચ્ચશિક્ષણ પ્રણાલી દ્વારા વ્યવસાયિક શિક્ષણ મેળવનારાઓ ઓછામાં ઓછા 40% હશે.અને તે માટે તમામ માધ્યમિક શાળાઓમાં વ્યવસાયિક શિક્ષણ તબક્કાવાર રીતે શૈક્ષણિકતકોના સ્વરૂપમાં સંકલિત થશે.

4. ગાંધીજી માને છે કે કેળવણી થકી વ્યક્તિની મુખ્ય ત્રણ જરૂરિયાતો રોટી, કપડાં અને મકાન પૂરી થવી જોઇએ. બાળક જેવું પોતાનું શિક્ષણ પૂરું કરે કે તરતજ તે આત્મનિર્ભર અથવા તો આર્થિક રીતે સ્વાવલંબીત હોવો જોઇએ.

તેનામાં પોતાના પરિવારનું પોષણ કરવાની આવડત હોવી જોઇએ. ઉદ્યોગ દ્વારા શિક્ષણ હોવાથી બાળક શાળા જીવન દરમિયાન પણ કોઇએક ઉદ્યોગ શીખે છે અને એ દરમિયાન એ ઉદ્યોગમાંથી જે કમાણી થાય છે એનો એક નાનકડો હિસ્સો પણ તે મેળવે છે અને આમ એ શાળા જીવન દરમિયાન પણ પોતાનો આર્થિક ખર્ચ પોતાના માબાપ પાસેથી હળવો કરે છે.

NEP 2020માં પણ શિક્ષણ થકી વ્યક્તિમાં જ્ઞાન સાથે કૌશલ્ય અને ક્ષમતાનો વિકાસ થાય એવી વાત કરવામાં આવી છે. અને તેથી શિક્ષણ પદ્ધતિમાં ક્રિયા દ્વારા શિક્ષણ, અનુભવ દ્વારા શિક્ષણ અને તે દ્વારા શિક્ષણની વાત કરવામાં આવી છે. શાળા જીવન પછી વિદ્યાર્થીમાં એવી ક્ષમતા અને કૌશલ્યનો વિકાસ થાય કે જેથી તે આર્થિક રીતે સ્વાવલંબિત બને.

5. સ્વાશ્રયી કેળવણીના મૂળ માત્ર આર્થિક સ્વાવલંબન પૂરતા જ ઊંડા ન હતા.  આર્થિક સ્વાવલંબનની સાથે સાથે વ્યક્તિએ સામાજિક રીતે પણ સ્વાવલંબી બનવું જ પડે.  મેકોલે આપેલી શિક્ષણપદ્ધતિમાં ભણેલ બાળકને હંમેશા એવું લાગે કે સફેદ કોલરનો ધંધો જ કરવો જોઇએ.  તેને અજાણતા જ શ્રમ પ્રત્યે સુગ થતી હોય છે. એટલે વ્યક્તિ વાંચન, લેખન અને ગણનમાં તો ખૂબ હોશિયાર હોય પણ ઘરમાં કે રોજિંદા જીવનમાં જરૂર પડતા નાના નાના કામો પ્રત્યે અજ્ઞાની હોય. ઘરમાં કામવાળી ન આવે તો તે સાવ નિરાધાર બની જાય!  એને મનમાં એમ જ હોય કે વાસણ માંજવા કે કપડાં ધોવા એ સ્ત્રીનું કામ છે, કામવાળીબહેનનું કામ છે, મારાથી ન થાય. આના ઈલાજ રૂપે ઉદ્યોગ કે હાથપગની કેળવણીની ગાંધીજી હિમાયત કરે છે.  કોઇપણ કામ માટે વ્યક્તિની સુગ ન હોવી જોઇએ. NEP 2020 સમાવેશક શિક્ષણને મહત્વ આપીને સમાજમાં એકરૂપતા ની વાત કરે છે.

કોઈપણ વ્યક્તિ નાનો મોટો નથી તેમ જ કોઈ પણ કામ ઓછું કે વધારે ઉતરતું નથી એમ વર્ગખંડમાં રહેલ દરેક બાળકને શિક્ષકે સમાન રીતે જોવાનું છે. શારીરિક, માનસિક કે ભૌતિક રીતે વ્યક્તિ અલગ અલગ હોઈ શકે પણ પણ માણસ તરીકે સમાન છે અને તેથી સૌને એક સરખી તક મળવી જોઈએ એવું NEP 2020 માને છે. આમ, ગાંધીજીના સામાજિક સ્વાવલંબન ની છાપ આપણે અહીં જોઈ શકીએ છીએ.

6. સ્વાશ્રયી કેળવણીનું કામ માત્ર વ્યક્તિને જે તે વિષય પૂરતી માહિતી આપવાનો ન હતો. પણ એ જે તે વિષયમાં પોતે સ્વતંત્ર રીતે વિચારતો થાય, તર્ક કરતો થાય, કલ્પના કરતો થાય અને સ્વતંત્ર રીતે અભિવ્યક્ત કરતો થાય. વિધાર્થીઓને માત્ર માહિતીનો ઢગલો જ આપવામાં આવે છે, અને એ માહિતી તેને યાદ રાખીને પરીક્ષામાં પાછી લખવાની હોય છે. બાળક જાતે વિચારતો થાય, રજૂઆત કરતો થાય એ શીખવવામાં આવતું નથી. બાળક અજાણતા જ શિક્ષક અથવા અધ્યાપક પર આધાર રાખતો થઈ જાય છે.

NEP 2020 માં બાળકનાસ્વતંત્ર અસ્તિત્વની વાત કરવામાં આવી છે. અને તેથી જ બાળકમાટે શિક્ષણ પદ્ધતિને બદલવાની વાત કરવામાં આવી છે. ક્રિયા દ્વારા શિક્ષણ, અનુભવ દ્વારા શિક્ષણ, ફિલ્ડ પર જઈને મળતું શિક્ષણ, પુસ્તક બહારનું શિક્ષણ, પ્રવૃત્તિ દ્વારા મળતું શિક્ષણ વગેરે પર ભાર મૂકવામાં આવ્યો છે.

## સમાપન

આમ, સંશોધન પત્રમાં રજુ થયેલ મુદ્દાઓ પરની ચર્ચા પરથી સમજાય છે કે ગાંધીજીની સ્વાવલંબી કેળવણીની અસર આપણે NEP 2020 જોઈ શકીએ છીએ. અને આ સ્વાવલંબી કેળવણી થકી આત્મનિર્ભર ભારતની વિભાવનાને સાકાર બનાવી શકીએ છીએ. ટૂંકમાં, **ગાંધીજીની સ્વાવલંબી કેળવણી અને NEP 2020**નો ઉદ્દેશ્ય એવા આત્મનિર્ભર વ્યક્તિઓ બનાવવાનો છે જેઓ સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપે છે. ગાંધીજીના વ્યાવસાયિક શિક્ષણ અને NEP 2020 વચ્ચેનીસમાનતાઓમાં કૌશલ્યવિકાસ, વ્યવહારુજ્ઞાન અને વિવિધ વિષયોની વ્યાપક સમજણ પર ધ્યાનકેન્દ્રિત કરવામાં આવે છે. બંને સમાજ અને અર્થતંત્રની જરૂરિયાતો સાથે શિક્ષણને સંરેખિત કરવાના મહત્વને પ્રકાશિત કરે છે.

## સંદર્ભ

1. શાસ્ત્રી જયેન્દ્ર દવે (2013), ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન, યુનિવર્સીટીગ્રંથનિર્માણબોર્ડ , ગુજરાત રાજ્ય , અમદાવાદ

2. બારૈયા પી. પી. (2013),ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીકપ્રકાશન, આણંદ

3. Vocational Education, retrieved from https://www.newindianexpress.com/opinions/2020/Sep/05/vocational-education-for-atmanirbhar-bharat-2192708.html

4. NEP 2020 and Gandhian principles, retrieved from https://www.educationtimes.com/article/campus-beat-college-events/91785941/nep-2020-highlights-gandhian-principles

5. NEP 2020, Gujarati version, retrieved from https://www.iite.ac.in/national1-educational-policy-2020

6. Nai Talim, retrieved from https://www.mkgandhi.org/village_swaraj/13nai_talim.htm

7. Sawant Shivaji and Shelake R. K. (2023), Mahatma Gandhi and New Education Policy, Navjyot, Vol XII, Issue 1

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1487-1493

# New Generation, New India: The Tone Of Equality In The Mission Of Comprehensive Education

***Chaudhari Harunbhai Champakbhai***

*Ph.D. Research Scholar*
*Dept. of English, VNSGU, Surat,*
*Gujarat, India*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

Nai Talim, Basic education, Craft centered education, self-sufficient education, Religion, Ethics, Equality

**ABSTRACT**

*The role of educators is paramount within any educational program, as they directly or indirectly influence the progress of a nation. Consequently, it is imperative to enhance the quality of teacher education to benefit not only India but also the global community. Some time ago, concerns were raised about the quality of Ph.D. and equivalent research conducted in Indian universities by the University Grants Commission (UGC). Given that UGC and all universities are increasingly investing in research, we should collectively prioritize the quality and relevance of research and its outcomes. This paper aims to address the key quality issues confronting educational research in India in light of evolving global educational paradigms.*

## INTRODUCTION

Mahatma Gandhi's concepts of self-reliance, non-violence (ahimsa) and Satyagraha are known and praised worldwide even today. His philosophy of education refers to idealism in which the [1]Nai Talim is concerned that the basic education must be given to all. Gandhi's

[1] https://en.wikipedia.org/wiki/Nai_Talim

disciple Vinobha Bhave developed this idea of Nai Talim which includes redefining the relationship between teacher and students, knowledge and work. The student was to live, work and grow with the teacher and his/her family so that the student can learn the skill as part of a way of life, ethics, relationships, etc. Gandhi wanted to bring the education of handicraft to the center of the pedagogy and so to bring the equality he proposed skills of the lower castes such as spinning, weaving, leatherwork, basket-making, pottery, metal-work that should be made central. because they symbolized the values of Swaraj (self-sufficiency) and Swadeshi. The idea was to make the learning of a craft/skill the center factor of entire teaching program. These crafts will innovate the lower class people to show their skills and they will come forward to the upper class to compete and thereby the policy will bring the equality for all people.

## DISCUSSION AND ANALYSIS

One nation, one vision and one endeavor towards new India of new generation through new education policy can be called today's demand. Mohandas Karamchand Gandhi had the vision of the National Education System with a worldview of a non-violent social system proposed in his Hind Swaraj which seems very practical today. Gandhi was especially concerned about labor class and he wanted their problems to be solved to provide them free education so that they can solve the real-life problems. Free education can remove the gap between the lower and upper classes. His experiments with truth and education shows his ideals of life including equality and compassion with all. Gandhi was greatly influenced by, Leo Tolstoy, the Russian social and religious reformer who was called as the "teacher of mankind" by Gandhi.

[2] Education molds the new generation with new ideas and gives a heritage of knowledge to the next generation. There is an education scheme called '[3]The Wardha scheme

[2] www.iosrjournals.org

of Education' popularly known as Basic Education or Nai Talim renders an important basic education scheme in India. It proposes that every child is required to have the basic skills and knowledge neglecting gender, caste, religion and color.

NEP 2020 proposes in the introduction part about social justice and equality with other goals of new education, [4]"Providing universal access to quality education is the key to India's continued ascent, and leadership on the global stage in terms of economic growth, social justice and equality, scientific advancement, national integration, and cultural preservation." (NEP 2020, p.3) With other goals, as a citizen on Indian, one must understand individual duty to have union with all human being in intellectual process being unprejudiced of religion, gender, color, class or any other factor which harms the glory of education. Again, NEP states about the equality in education thus: "Education is a great leveler and is the best tool for achieving economic and social mobility, inclusion, and equality." (NEP 2020, p.4)

Basic education emphasizes on free and compulsory education up to seven years. It is necessary to enable the children to acquire a minimum level of achievement in order to lead a self- reliant life. Self-reliance is important for any human being so far; the equality is concerned. In 2009, [5]the Right to Free and Compulsory Education Act (RTE), 2009 was passed by the parliament so that every child with the age of 6 to14 years will have the right to free and compulsory education in a school till completion and the education must be provided through the medium of the mother tongue to which Gandhi emphasized in education system as he believes that a child learns best in its mother tongue. The basic education requires rights, duties and obligations which needs to be learned by everyone in India. Education can develop the value of equality in all making the society an inclusive one with comprehensive education. Gandhi believed that teacher is the core of the education system where he/ she must touch the

---

[3] https://www.studyiq.com/articles/wardha-scheme/
[4] New Education Policy 2020, Ministry of Human Resource Development, Govt of India, p.3
[5] https://www.righttoeducation.in/know-your-rte/about

soul of the students and he should be given freedom to develop teaching content according to the need and aspirations of his students.

Thus is the history of Education policies from 1968 till 2020 according to the demand of time when we have to compete with the world with the globalization process. The first [6]NPE (New Policy on Education) was promoted by the Government of India by Prime Minister Indira Gandhi in 1968 which covered elementary education to higher education in both rural and urban India, the second by Prime Minister Rajiv Gandhi in 1986, and the third by Prime Minister Narendra Modi in 2020. The National Education Policy, 2020 was introduced in India in the 21st century replacing 34 years of NPE, 1986.

The implementation of previous policies on education has focused largely on issues of access and equity but with the changing employment and global ecosystem, we have new challenges to compete with developed nations and so to teach the children not only learn but how to learn. Education has to move towards less content and more towards learning to be innovative. NPE 2020 aims to develop rational thought and actions, having compassion and empathy, courage, scientific temper and creative imagination.

Gandhi viewed that a social revolution was urgently needed to overcome British colonialism, which had left Indian society alienated and impoverished. With his ideas on [7]Sarvodaya, he envisioned a new social order based on rural self-sufficiency. He argued that Sarvodaya would help the welfare of all bringing about equality and an equitable distribution of wealth. Education was the central tool to achieve social revolution for specifically the rural population. The new education based on rural crafts and agriculture should enable all people, but especially village populations, to become self-sufficient.

---

[6] https://www.adda247.com/teaching-jobs-exam/npe-1986/
https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/document-reports/NPE86-mod92.pdf
https://en.wikipedia.org/wiki/National_Policy_on_Education

[7] https://en.wikipedia.org/wiki/Sarvodaya
https://www.mkgandhi.org/articles/gandhi_sarvodaya.html

According to Gandhi's vision, the education concept, also known as Basic Education or Nai Talim, should contribute to the evolution of a new village-minded social order, able to overcome the division between urban and rural areas and the negative impacts of colonial rule. The hierarchical divisions and caste-based discrimination occurred in India and they were called untouchable and another evil happened that is slavery in colonial power structures. These evils lead Gandhi to think upon the policy to overcome the situation with proposing the Sarvodaya.

With regard to Gandhi's religious belief, the sociologist [8]Jonathan Hyslop concludes that he 'was in a sense developing his own religion, largely Hindu in form, but infused with Christian, Islamic, Jewish, Jain, secular-philosophical, and Theosophist ideas and texts.' Gandhi was convinced that, for his vaguely envisioned social order, free from violence and therewith colonial domination, manual work, such as village crafts and agriculture, was the Gandhi called his envisioned social order Sarvodaya which meant as the welfare of all. Hinduism, Gandhi criticized 'modern civilization' which neglected [9] Dharma (ethical integrity) and Moksha (spiritual transcendence) and more focusing on Artha (wealth and political power) and Kama (pleasure). Reading Bhagavat Gita for the first time in his life, Gandhi influenced and fascinated by its principles of Aparigraha (non-possession) and Samabhava (equability).

Leo Nikolayevich Tolstoy (1828–1910) born into a Russian family, became a famous writer. He wrote some essays such as 'My Confession', 'My Religion' and 'The Kingdom of God is Within You' in which Tolstoy described his interpretations of the ethical teachings of the Bible. Once his book was banned in Russia, and by 1901 his views on Christianity led to his excommunication from the Russian Orthodox Church.

[8] https://www.colgate.edu/about/directory/jhyslop
[9] https://ekatvam.org/dharma-artha-kama-moksha/

The ideas on [10]'civil disobedience' by the American writer [11]Henry David Thoreau (1817–1862). Gandhi took these ideas. Similar to the ideas of [12]Tolstoy and Thoreau, Gandhi stated in his autobiography: [13]'If man will only realize that it is unmanly to obey laws that are unjust, no man's tyranny will enslave him. This is the key to self-rule or home-rule.' Gandhi also listed Thoreau's writings in Hind Swaraj. He called his technique of non-violent resistance or civil disobedience Satyagraha.

## CONSLUSION

Our youth generation has a challenge of making new India to compete with other countries. Our NPE envisions an education system rooted in Indian ethos to transform the nation by providing high quality education to all and thereby making the country a global knowledge superpower. We have a vision to the knowledge, skill values, and make the identity as a global citizen so that 'Vasudaivakumbkam' can be cherished into us. The Pedagogy has a goal to the education being experiential, invention/ discovery/ innovation oriented, learner entered, discussion based, etc. Radhakrishnan Sarvepalli says about Gandhi that He first lives and then tells others how they may live likewise. Such a teacher was Gandhi. His religion was a rational and ethical one. We thus need Gandhian philosophy in new education policy today even because of his universal ideas.

## REFERENCE

Joseph, Siby K. et al. *Why Gandhi?* Probhodha Publications Kochi. 2022

Schriewer, Jürgen, and Margrit Pernau. *Gandhi and Nai Talim: Rural Craft Education for a New*

*Village-Minded Social Order*. 2015. Doctoral Dissertation.

[10] Henry David Thoreau's essay *Resistance to Civil Government*, published posthumously as *Civil Disobedience*, popularized the term in the US, although the concept itself has been practiced longer before.
[11] https://en.wikipedia.org/wiki/Henry_David_Thoreau
[12] https://en.wikipedia.org/wiki/Leo_Tolstoy
[13] https://www.mkgandhi.org/hindswaraj/chap17_passiveresistance.htm

Desai, Mahadev. *The Gita According to GANDHI*. *Navajivan Mudranalaya Ahmedabad*, 1946.

Joshi, Divya. *Gandhiji on VILLAGES*. *Mani Bhavan Gandhi Sangrahalaya Mumbai*, 2002.

Bajaj, Abhilasha. "Finding NAI TALIM in the Vision of NPE 2020: Exploring the Resemblance." *IOSR Journal of Humanities and Social Science (IOSR-JHSS)*, 2020, https://doi.org/37/11/2020.

Verma, Hemlata, and Adarsh Kumar. "New Education Policy 2020 of India: A Theoretical Analysis." *International Journal of Business and Management Research (IJBMR)*, 2021, https://doi.org/30/08/2021.

Kripalani, Krishna. *All Men Are Brothers*. *Navajivan Mudranalaya Ahmedabad*, 1960.

"International Innovation Index." *Wikipedia*, Wikimedia Foundation, 25 Feb. 2023, en.wikipedia.org/wiki/International_Innovation_Index.

Buchholz, Katharina. "The World's Most Innovative Countries." *Weforum.Org*, 30 Sept. 2021, www.weforum.org/agenda/2021/09/worlds-most-innovative-countries-innovation/.

"Most Innovative Countries 2024." *Worldpopulationreview.Com*, 1 Jan. 2024, worldpopulationreview.com/country-rankings/most-innovative-countries.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1494-1503

# સામાજિક વિજ્ઞાન વિષયમાં ધોરણ 9ના 'કુદરતી વનસ્પતિ' એકમ પર CAI કાર્યક્રમની રચના અને અસરકારકતા

***Patel Hetalkumari Kantibhai & **Dr.Vidhyachal Yadav***

**Research Scholar*
***Associate Professor*
*Sabarmati University*
*Ahmedabad, Gujarat, India*

**Article Info.**

**A B S T R A C T**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

CAI કાર્યક્રમ, કુદરતી વનસ્પતિ

*શિક્ષણ એ પરિવર્તનશીલ, પ્રગતિશીલ અને પ્રયોગાત્મક છે. કમ્પ્યૂટર વીસમી સદીની ક્રાંતિકારી શોધ છે, જયારે એકવીસમી સદી એ કમ્પ્યૂટર, ઈન્ફોર્મેશન અને ઈન્ટરનેટની છે. વિશ્વમાં જ્ઞાન અને માહિતીનો સતત વધારો થતો જઈ રહ્યો છે. આજના ઈન્ટરનેટ અને કમ્પ્યૂટર ટેકનોલોજીના જમાનામાં શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તનો થયા છે. વિશ્વમાં જ્ઞાન અને માહિતીનો સતત વધારો થતો જ રહ્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના કારણે જ્ઞાનમાં ઝડપી વધારો થાય છે. ઘણા પ્રયોગો , શોધ સંશોધનોના ફળસ્વરૂપે શિક્ષણના નૂતન કલેવરો, સ્વરૂપો, પદ્ધતિઓ, પ્રયુક્તિઓ અસ્તિત્વમાં આવી અમલી બન્યા છે. સામાજિક વિજ્ઞાન વિષય એ રોજિંદા જીવન સાથે ગુંથાયેલ વિષય છે, તે જીવનલક્ષી વિષય છે, જેની દ્વારા વ્યક્તિમાં કેટલાક આવશ્યક કૌશલ્યો અને વલણો આકાર પામે છે. તેથી આવા વિષયને વધુ પ્રયોગાત્મક અને અનુભવો દ્વારા શીખવવું જોઈએ જેથી વધુ ગહન અધ્યયન શક્ય બને. પ્રસ્તુત સંશોધન સામાજિક વિજ્ઞાન વિષયના ધોરણ 9 ના કુદરતી વનસ્પતિ એકમ પર CAI કાર્યક્રમની રચના અને અસરકારકતા ચકાસવા હાથ ધરાયું હતું. જે માટે કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા, જે હેતુઓને આધારે ઉત્કલ્પનાની રચના કરી હતી. પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે 'ટી' કસોટી અને ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાયોગિક જૂથ અને*

***નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ પૂર્વજ્ઞાન સંદર્ભે સમાન હતા. CAI કાર્યક્રમના અમલ બાદ પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના સરાસરી લબ્ધિઆંકો વચ્ચે ૧૫.૩૫ નો તફાવત જોવા મળ્યો હતો. 'ટી' મૂલ્ય ૨૬.૪૭ હતું, જેને આધારે કહી શકાય કે પ્રાયોગિક જૂથમાં થયેલ અધ્યયન વધુ અસરકારક રહ્યું હતું. પ્રાયોગિક જૂથમાં છોકરાઓ અને છોકરીઓ માટે કાર્યક્રમ એક સમાન અસરકારક જણાયો હતો. કાર્યક્રમ સંદર્ભે અભિપ્રાયાવલિના તારણોમાં વિદ્યાર્થીઓને કાર્યક્રમ રસપ્રદ લાગ્યો હતો. તેઓ કાર્યક્રમ દ્વારા આ એકમ ફળદાયી રીતે શીખી શકયા. અન્ય વિષયોમાં પણ તેમને CAI કાર્યક્રમ દ્વારા શિક્ષણ મેળવવાનું ગમશે. કાર્યક્રમ હોંશિયાર અને નબળા બંને વિદ્યાર્થીઓને કંઈક વિશેષ ઉપયોગી છે. CAI કાર્યક્રમ દ્વારા તેઓ સરળતાથી અને અસરકારક શીખી શકયા હતા.***

**પ્રસ્તાવના**

શિક્ષણ એ પરિવર્તનશીલ, પ્રગતિશીલ અને પ્રયોગાત્મક છે. વેદ, ઉપનિષદ, ઋષિવર્યોના યુગથી આજના ઈન્ટરનેટ અને કમ્પ્યૂટર ટેકનોલોજીના જમાનામાં શિક્ષણમાં આમૂલ પરિવર્તનો થયા છે. એકવીસમી સદીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ વિશ્વમાં હરણફાળ ભરી છે. વિશ્વમાં જ્ઞાન અને માહિતીનો સતત વધારો થતો જઈ રહ્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે વિશ્વમાં શિક્ષણનું ક્ષેત્ર તીવ્ર ગતિએ પરિવર્તન પામી રહ્યું છે. આજની શિક્ષણપ્રથાનું માળખું કેટલાક અપવાદને બાદ કરતાં આ ટેકનોલોજીના પ્રવાહથી અલાયદુ રહી શક્યું નથી. વિજ્ઞાન અને ટેકનોલોજી એ રોજિંદા જીવનમાં વણાઈ ગયેલ વિષય છે. તે જીવનલક્ષી વિષય છે. તેના દ્વારા વ્યકિતમાં કેટલાક આવશ્યક કૌશલ્યો અને વલણો આકાર પામે છે. તેથી આ વિષયને ફક્ત સૈધ્ધાંતિક રીતે જ ન શીખવવતા તેને વધુ પ્રયોગાત્મક અને અનુભવો દ્વારા શીખવવું જોઈએ, જેથી વધુ ગહન અધ્યયન શક્ય બને. કમ્પ્યૂટરે શિક્ષણક્ષેત્રે ક્રાંતિ સર્જી છે. તે શિક્ષણના દરેક ક્ષેત્રોમાં ઉપયોગી છે. તેથી જ સામાજિક વિજ્ઞાનના શિક્ષણકાર્યમાં સંશોધકે 'કુદરતીવનસ્પતિ ' એકમ પર (CAI કાર્યક્રમ દ્વારા શિક્ષણ અને શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા દ્વારા અધ્યયન) અસરકારકતા ચકાસવાનું નક્કી કર્યું હતું.

**સંશોધનનાં હેતુઓ**

- ધોરણ-૯નાં પ્રાયોગિક જૂથ (CAI કાર્યક્રમ દ્વારા શિક્ષણ અને શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે ચર્ચા દ્વારા અધ્યયન) ના વિદ્યાર્થીઓ પર કાર્યક્રમની અસરકારકતા તપાસવી.
- ધોરણ-૯ નાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથમાં થતા અધ્યયનનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ પર CAI કાર્યક્રમ દ્વારા થતા અધ્યયન પર જાતિયતાની અસર તપાસવી.
- ધોરણ-૯ નાં પ્રાયોગિક જૂથનાં વિદ્યાર્થીઓનાં કાર્યક્રમ અંગેના અભિપ્રાયો જાણવા.

**ઉત્કલ્પનાઓ**

- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓનાં પૂર્વકસોટી અને ઉત્તરકસોટીનાં સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનાં વિદ્યાર્થીઓના પૂર્વકસોટીનાં સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનાં વિદ્યાર્થીઓના સરાસરી લબ્ધિઆંક વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.
- પ્રાયોગિક જૂથનાં છોકરાઓ અને છોકરીઓના સરાસરી લબ્ધિઆંક વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

**મહત્વ**

- વિદ્યાર્થીઓને અધ્યયન અને સ્વઅધ્યયન માટે CAI કાર્યક્રમ ઉપયોગી પૂરવાર થશે.
- વર્તમાન શિક્ષકો અને ભાવિ શિક્ષકોને અધ્યયન પ્રવિધિ અને શૈક્ષણિક ઉપકરણના ઉપયોગ બાબતે દિશાસૂચન કરી શક્શે.
- શિક્ષણની ગુણવત્તા સુધારણામાં ઉપયોગી પૂરવાર થશે.

- શૈક્ષણિક સાધનોના વધુ ઉપયોગ અંગે પ્રોત્સાહિત કરી શકશે.

**સંશોધનનું સીમાંકન**

- પ્રસ્તુત સંશોધન માત્ર ધો-૯ પૂરતું મર્યાદિત હતું.
- માત્ર ધો-૯ નાં વિવિધ વિષયો પૈકી ફક્ત સામાજિક વિજ્ઞાનના કુદરતી વનસ્પતિ એકમ પૂરતું મર્યાદિત હતું.
- સંશોધન ગુજરાતી માધ્યમનાં વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત હતું.
- સંશોધનમાં ૪૦ વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

માધ્યમિક સ્તરનાં ધો-૯ ના ગુજરાતી માધ્યમમાં સામાજિક વિજ્ઞાન વિષયનો અભ્યાસ કરતા સુરત શહેરનાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ -૨૪ નાં તમામ વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધન માટેનું વ્યાપવિશ્વ બન્યા હતા .

**સારણી -૧.૧**

**નમૂનાની પસંદગી**

| **પ્રાયોગિક જૂથ** | | **નિયંત્રિત જૂથ** | |
|---|---|---|---|
| CAI કાર્યક્રમ દ્વારા શિક્ષણ અને શિક્ષક વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા દ્વારા અધ્યયન | | પરંપરાગત પદ્ધતિ દ્વારા અધ્યયન | |
| છોકરાઓ | છોકરીઓ | છોકરાઓ | છોકરીઓ |
| **૧૦** | **૧૦** | **૧૦** | **૧૦** |
| **કુલ= ૨૦** | | **કુલ = ૨૦** | |

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધનની પ્રાયોગિક યોજના તરીકે 'પૂર્વકસોટી-ઉત્તરકસોટી નિયંત્રિત જૂથ' યોજના પસંદ કરવામાંઆવી હતી.

**સારણી-૧.૨**

**ચલોની સ્પષ્ટતા**

| ચલ | ચલનું સ્વરૂપ |
|---|---|
| સ્વતંત્ર ચલ | શિક્ષણ પદ્ધતિ<br>૧. CAI કાર્યક્રમ દ્વારા અધ્યયન<br>૨. પરંપરાગત શિક્ષણપદ્ધતિ દ્વારા અધ્યયન |
| પરતંત્ર ચલ | ઉત્તરકસોટીના સિદ્ધિ પ્રાપ્તાંકો |
| સહચલ | પૂર્વક્સોટીનાં પ્રાપ્તાંકો |
| પરિવર્તક ચલ | જાતીયતા: ૧. છોકરાઓ, ૨. છોકરીઓ |
| અંકુશિત ચલ | કક્ષા – ૯ , વિષય – સામાજિક વિજ્ઞાન<br>એકમ – કુદરતી વનસ્પતિ |
| આંતરવર્તી ચલ | રસ, ઉત્સાહ, જિજ્ઞાસા, સમજશકિત. |

**ઉપકરણોની પસંદગી અને સંરચના**

પ્રસ્તુત પ્રયોગ માટે સંશોધકે બે પ્રકારના ઉપકરણોનો ઉપયોગ કર્યો હતો.

ઉપકરણ – ૧ પ્રયોગ હાથ ધરવા માટેનું ઉપકરણ:

**સંશોધક દ્વારા સ્વરચિત CAI કાર્યક્રમ.**

ઉપકરણ – ૨ પ્રયોગની અસરકારકતા ચકાસવા માટેના ઉપકરણો - સંશોધક દ્વારા સ્વરચિત લક્ષ્યકસોટી (પૂર્વકસોટી / ઉત્તરકસોટી) અભિપ્રાયાવલિ

**CAI કાર્યક્રમની રચના**

CAI કાર્યક્રમની રચના સંદર્ભે સંશોધકે સૌપ્રથમ ધોરણ -૯ અને એકમ તરીકે કુદરતી વનસ્પતિ સમગ્ર એકમ લેવાનું નક્કી કર્યું હતું. એકમની પસંદગી કર્યા બાદ સંશોધનના હેતુઓને આધારે વિષયવસ્તુનો તલસ્પર્શી અને ઊંડાણપૂર્વક અભ્યાસ કરી તાર્કિક રીતે સુસંગત બને તેવા CAI કાર્યક્રમની રચના કરી હતી, જેથી વિદ્યાર્થીઓને એકમ સરળતાથી સમજાય. CAI કાર્યક્રમ સંદર્ભે

વિષયવસ્તુના નિષ્ણાંત તેમજ કમ્પ્યૂટર અનુભવીના સૂચનો અને માર્ગદર્શનને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. CAI કાર્યક્રમ માટે નીચેની બાબતોને ધ્યાનમાં લીધી હતી.

1. CAI કાર્યક્રમ અંગેની સી.ડી. માટેની હસ્તપ્રત તૈયાર કરવી.
2. CAI કાર્યક્રમમાં ચિત્રો અને ઉદાહરણની રજૂઆત.
3. CAI કાર્યક્રમને ક્રિયાન્વિત કરવા માટેના પગથિયા.

CAI કાર્યક્રમ તૈયાર થયા પછી તેનો શૈક્ષણિક રીતે ઉપયોગ કરતા પહેલા પૂર્વેક્ષણ કરી કાર્યક્રમ પરત્વેના વિદ્યાર્થીઓના અને શિક્ષકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા અને તેના આધારે જરૂરી સુધારા વધારા કરવામાં આવ્યા હતા. પ્રયોગની અસરકારકતા ચકાસવા માટેના બે ઉપકરણોની સંરચના સંશોધક દ્વારા કરવામાં આવી હતી.

1. લક્ષ્યકસોટી (પૂર્વકસોટી/ઉત્તરકસોટી)
2. CAI કાર્યક્રમ અંગેની અભિપ્રયાવલિ

**લક્ષ્યકસોટીની રચના**

સંશોધકે લક્ષ્યકસોટીની રચના એસ. એસ. સી. બોર્ડના પ્રશ્નપત્રના પ્રવર્તમાન માળખાને ધ્યાનમાં રાખીને કુલ ૫૦ માર્કસની લક્ષ્યકસોટીની રચના બે વિભાગમાં કરી હતી, જે પૈકી પ્રથમ વિભાગમાં ટૂંકજવાબી પ્રશ્નો અને નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**CAI કાર્યકમ અંગેની અભિપ્રાયાવલિની રચના**

CAI કાર્યક્રમ અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે સંશોધકે ૨૦ વિધાનોની ત્રિબિંદુ આધારિત અભિપ્રાયાવલિની રચના કરી હતી.

**માહિતી એકત્રીકરણ**

માહિતી એકત્રીકરણ માટે સુરત શહેરની એક માધ્યમિક શાળાની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાનાં ધોરણ-૯ નાં ૧૦૦ વિદ્યાર્થીઓમાંથી ૪૦ વિદ્યાર્થીઓને ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ

દ્વારા ૧૦-૧૦ વિદ્યાર્થીઓના બે જૂથ બનાવવામાં આવ્યા હતા. જેમાંથી એક પ્રાયોગિક જૂથ અને એક નિયંત્રિત જૂથ હતું. આ બંને જૂથોના વિદ્યાર્થીઓને પૂર્વકસોટી આપવામાં આવી હતી જેનો આશય વિદ્યાર્થીઓ એકમ સંદર્ભે કેટલું પૂર્વજ્ઞાન ધરાવે છે તે જાણવાનો હતો. ત્યારબાદ પ્રાયોગિક જૂથને CAI કાર્યક્રમ દ્વારા શિક્ષણ અને શિક્ષક વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા દ્વારા અધ્યયન કરાવવામાં આવ્યું હતું અને નિયંત્રિત જૂથને પરંપરાગત પદ્ધતિ દ્વારા અધ્યયન કરાવવામાં આવ્યું હતું. (બંને જૂથોને છ-તાસ(૨૪૦ મિનિટ) શીખવવામાં આવ્યું હતું.ત્યારબાદ બંને જૂથોને ૫૦ ગુણની ઉત્તરકસોટી આપવામાં આવી હતી. કાર્યક્રમ સંદર્ભે પ્રાયોગિક જૂથને અભિપ્રાયાવલિ આપવામાં આવી હતી, જેનો આશય કાર્યક્રમ સંદર્ભે વિદ્યાર્થીઓના અભિપ્રાય જાણવાનો હતો.

**અંકશાસ્ત્રીય પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં પૂર્વકસોટી, ઉત્તરકસોટી અને લબ્ધિઆંકોના પૃથક્કરણ માટે ‘ટી’ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જયારે અભિપ્રાયાવલિના અભિપ્રાયોનું પૃથક્કરણ કરવા માટે ટકાવારી અને ક્રમાંકનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધનોના તારણો**

પ્રસ્તુત સંશોધનોની ફલશ્રુતિરૂપે ધોરણ -9 માં “ કુદરતી વનસ્પતિ ” એકમ માટે 22 સ્લાઈડના CAI કાર્યક્રમની રચના કરવામાં આવી હતી જેની સમયમર્યાદા ચાર કલાકની હતી. ધોરણ – 9 માં સામાજિક વિજ્ઞાન વિષયના “ કુદરતી વનસ્પતિ ” એકમ પર પ્રાયોગિક જૂથના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૯.૬૫ અને ૪૩.૮૩ પ્રાપ્ત થઈ. આ પ્રાપ્તાંકો વચ્ચેનો સરાસરી તફાવત ૩૪.૧૮ તેમજ ‘ટી’ મૂલ્ય ૮૭.૮૭ પ્રાપ્ત થયું, જે 0.0૧ કક્ષાએ સાર્થક છે. તેથી શૂન્ય ઉત્કલ્પના-૧ નો અસ્વીકાર કરવામાં આવ્યો. જેના આધારે કહી શકાય CAI કાર્યક્રમ પ્રાયોગિક જૂથ માટે અસરકારક રહ્યો. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પૂર્વકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૯.૬૫ અને ૯.૮૩ પ્રાપ્ત થઈ. આ પ્રાપ્તાંકો વચ્ચેનો સરાસરી તફાવત 0.૧૮ તેમજ ‘ટી’ મૂલ્ય 0.૫૮ પ્રાપ્ત થયું, જે 0.0૫ કક્ષાએ સાર્થક નથી. તેથી

શૂન્ય ઉત્કલ્પના-૨નો સ્વીકાર કરવામાં આવ્યો. પ્રાપ્ત પરિણામ પરથી કહી કે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ CAI કાર્યક્રમ દ્વારા અધ્યયન પહેલા પૂર્વજ્ઞાનના સંદર્ભમાં સમાન હતા. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના સરાસરી લબ્ધિઆંકો અનુક્રમે ૩૪.૧૮ અને ૧૮.૮૩ પ્રાપ્ત થઈ. આ પ્રાપ્તાંકો વચ્ચેનો સરાસરી તફાવત ૧૫.૩૫ તેમજ 'ટી' મૂલ્ય ૨૬.૪૭ પ્રાપ્ત થયું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે, તેથી શૂન્ય ઉત્કલ્પના-૩નો અસ્વીકાર કરવામાં આવ્યો. તેથી કહી શકાય કે 'કુદરતી વનસ્પતિ ' એકમ માટે નિયંત્રિત જૂથમાં થયેલ અધ્યયન કરતા પ્રાયોગિક જૂથમાં થયેલ અધ્યયન વધુ અસરકારક હતું. પ્રાયોગિક જૂથના છોકરાઓ અને છોકરીઓના લબ્ધિઆંકોને આધારે મળેલી સરાસરી અનુક્રમે ૩૪.૦ અને ૩૪.૩૫ છે, પ્રમાણ વિચલન અનુક્રમે ૨.૭૦ અને ૨.૩૨ છે. મધ્યકના તફાવતની પ્રમાણભૂલ ૦.૯૭ અને 'ટી' મૂલ્ય ૦.૩૬ છે. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. તેથી ઉત્કલ્પના-૪નો સ્વીકાર થાય છે. પરિણામ સ્વરૂપે કહી શકાય કે પ્રાયોગિક જૂથના છોકરાઓ અને છોકરીઓ માટે CAI કાર્યક્રમ એક સમાન અસરકારક રહ્યો હતો.

" કુદરતી વનસ્પતિ " એકમ માટેના CAI કાર્યક્રમની અભિપ્રયાવલિના મુખ્ય તારણો નીચે મુજબ આવ્યા હતા.

- વિદ્યાર્થીઓને CAI કાર્યક્રમ ખૂબ રસપ્રદ લાગ્યો.
- CAI કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ એકમ ફળદાયી રીતે શીખી શક્યા.
- અન્ય વિષયમાં પણ CAI કાર્યક્રમ દ્વારા શિક્ષણ મેળવવાનું ગમશે.
- આ કાર્યક્રમ હોંશિયાર વિદ્યાર્થીઓને કઈંક વિશેષ આપે છે.
- અધ્યયનની આ પદ્ધતિ કંટાળાજનક નથી.
- CAI કાર્યક્રમમાં દર્શાવેલ ચિત્રો અને લખાણ સ્પષ્ટ હતા.
- CAI કાર્યક્રમમાં વિષયવસ્તુની રજૂઆત ક્રમિક છે.
- પરંપરાગત પદ્ધતિ કરતાં CAI કાર્યક્રમ દ્વારા થતું શિક્ષણ વધુ અસરકારક હોય છે.

- CAI કાર્યક્રમ દ્વારા અપાયેલ શિક્ષણ વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શક્ય હતા.

આમ, તારણો દર્શાવે છે કે CAI કાર્યક્રમ દ્વારા થયેલ અધ્યયનની અસરકારકતા ઘણી ઊંચી જોવા મળી હતી, ઉપરાંત CAI કાર્યક્રમ આકર્ષક અને રસપ્રદ લાગ્યો હતો.

**શૈક્ષણિક ફલિતાર્થો**

- આવા પ્રકારના અધ્યયન કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં અભિરુચિ વધારી તેમને અધ્યયન માટે તત્પર બનાવી શકાય.
- શિક્ષણના વિવિધ સ્તરોના વિવિધ વિષયોના અધ્યયન માટે આ પ્રકારના CAI કાર્યક્રમની રચના કરી તેનો ઉપયોગ કરવાથી શિક્ષણની ગુણવત્તા વધારી શકાય.
- શાળામાં શિક્ષકોની ગેરહાજરી સમયે તેમના તાસનો સદ્‌ઉપયોગ આવા કાર્યક્રમો દ્વારા કરી શકાય.
- CAI કાર્યક્રમ દ્વારા શિક્ષકોનો વર્ગખંડમાં કાર્યબોજ ઘટાડી શકાય ઉપરાંત વિદ્યાર્થીઓને આધુનિક ટેક્નોલોજીથી શીખવી શકાય.
- વિદ્યાર્થીઓને ભારરૂપ અને કંટાળાજનક વિષયવસ્તુઓના મુદ્દાઓને સરળતાથી તથા રસપ્રદ રીતે આ પદ્ધતિ દ્વારા શીખવી શકાય છે અને વિદ્યાર્થીઓને વિષયવસ્તુ લાંબા સમય સુધી યાદ રાખી શકે છે.
- CAI કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં કમ્પ્યૂટર દ્વારા અધ્યયન કરવાની ટેવ વિકસાવી શકાય તેમજ વિદ્યાર્થી સ્વગતિ પ્રમાણે પ્રગતિ સાધી શકે.
- આવા કાર્યક્રમો વિષયવસ્તુને સરળતાથી સમજાવવા તથા વિષયવસ્તુના સંદર્ભમાં વાસ્તવિક સિમ્યુલેટેડ અનુભવો પુરા પાડવામાં મદદરૂપ બની શકે.
- CAI કાર્યક્રમ દ્વારા શિક્ષક પોતાના શિક્ષણકાર્યને નવું સ્વરૂપ આપી શકે.

**સંદર્ભ સાહિત્ય:**

1. ઉચાટ, ડી.એ.(૨૦૦૦). સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ, રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. ગુજરાત રાજ્ય.
2. દેસાઈ, એચ. જી. અને દેસાઈ, કે. જી.(૧૯૯૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.(છઠ્ઠી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
3. શાહ, ડી.બી.(૨૦૦૯). શૈક્ષણિક સંશોધન(દિશાદર્શન). અમદાવાદ : પ્રમુખ પ્રકાશન.
4. પાઠક, એસ.(૨૦૦૮). અસરકારકતા – શિક્ષણ માટે એક અનિવાર્યતા, પ્રગતિશીલ શિક્ષણ. ૪-૫ એપ્રિલ – ૨૦૦૮. અમદાવાદ : પ્રગતિશીલ જીવન પ્રતિષ્ઠાન પ્રકાશન.
5. Garrett, H. E.(1981). Stastics in Psychology and Education. Bombay : Vakil Feffer and Simons Ltd.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1504-1508

# ગાંધીજીનો શિક્ષણક્રમ – અનુભવ આધારિત શિક્ષણની ધોરણ-૯ નાં વિદ્યાર્થીઓનાં લેખનકૌશલ્ય વિકાસ પર અસરકતા–એક અભ્યાસ

***Ilaben j. patel & **Dr. Kaushal kumar H. Parekh***

**Ph.D. Scholar*
*Assi.teacher*
*Suman High School No. 11, surat.*
***Principal*
*Jay Jalaram snatak adhyaapan mandir*
*Thava, Ta. Netrang, Dist-Bharuch.*
*Gujarat, India,*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

ગાંધીજી, અનુભવ આધારિત શિક્ષણ, ધોરણ-૯, વિદ્યાર્થી, લેખનકૌશલ્ય વિકાસ, અસરકતા

**A B S T R A C T**

*મહાત્મા ગાંધીજીનાં વિચારો અને દૃષ્ટિકોણ માત્ર રાજકીય, સામાજિક આધ્યાત્મિક ક્ષેત્રે જ નહિ પરંતુ શૈક્ષણિક વિષય પરત્વે પણ અત્યંત મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. ગાંધીજીની શિક્ષણ પ્રણાલીમાં બાળકેન્દ્રી અભિગમ અંતર્ગત અનુભવ આધારિત શિક્ષણપર ભાર મુકવામાં આવ્યો છે. ગાંધીજીએ આજીવન શિક્ષણ અને સર્જનાત્મકતા પર ભાર મુક્યો છે.તેમના મતેમૂલ્યાંકન માટે વિદ્યાર્થીનીલેખન રજુઆતોમાંજડ માહીતીને બદલે સર્જનાત્મકતા પર ભાર મુકવો જોઈએ.હાલના ભાષા શિક્ષણમાં વિદ્યાર્થીની લેખન વિષયક રજુઆતોમાં ગોખણ કે રટણ પદ્ધતિથી યાદ કરેલયાંત્રિક અનેજડ માહિતી સિવાય ભાગ્યે જ નાવીન્યજોવા મળે છે.જેવિદ્યાર્થીનીવિચાર વિકાસની પ્રક્રિયા સંદર્ભે ચિંતા પ્રેરક બાબત છે.મૂલ્યાંકનમાં પણમોટેભાગેવિદ્યાર્થીની લેખન રજુઆતોમાં યાંત્રિક અનેજડ માહિતીને મહત્વ આપાય છે.ત્યારે કયા અધ્યયન અનુભવો લેખનકૌશલ્યવિકાસ માટે*

***ઉપયોગી છે? લેખન કૌશલ્ય વિકાસ માટેકયા અધ્યયન અનુભવો વર્ગખંડ શિક્ષણ દરમિયાન આપી શકાય?અનુભવ દ્વારા શિક્ષણ લેખન કૌશલ્યનાં વિકાસ માટે કેટલું અસરકારક છે?વગેરે પ્રશ્નોનાં જવાબો પ્રાપ્ત કરવાનોઅત્રે નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.***

**પ્રસ્તાવના**

ગાંધીજીની શિક્ષણ પ્રણાલીમાં બાળકેન્દ્રી અભિગમ અંતર્ગત અનુભવ આધારિત શિક્ષણ પર ભાર મુકવામાં આવ્યો છે. ગાંધીજીએ આજીવન શિક્ષણ અને સર્જનાત્મકતા પર ભાર મુક્યો છે. તેમના મતે મૂલ્યાંકન માટે વિદ્યાર્થીની લેખન રજુઆતોમાં જડ માહીતીને બદલે સર્જનાત્મકતા પર ભાર મુકવો જોઈએ. હાલના ભાષા શિક્ષણમાં વિદ્યાર્થીની લેખન વિષયક રજુઆતોમાં ગોખણ કે રટણ પદ્ધતિથી યાદ કરેલ યાંત્રિક અને જડ માહિતી સિવાય ભાગ્યે જ નાવીન્ય જોવા મળે છે. જે વિદ્યાર્થીની વિચાર વિકાસની પ્રક્રિયા સંદર્ભે ચિંતા પ્રેરક બાબત છે. મૂલ્યાંકનમાં પણ મોટેભાગે વિદ્યાર્થીની લેખન રજુઆતોમાં યાંત્રિક અને જડ માહિતીને મહત્વ આપાય છે.NEP – 2020 અનુસાર બાળકો માટે અનુભવજન્ય શિક્ષણ પર ભાર મુકાયો છે ત્યારે સંભવતઃ લેખનકૌશલ્યવિકાસ માટે અનુભવ આધારિત શિક્ષણ ઉપયોગી થઇ શકે! અનુભવોની ક્રમબદ્ધગોઠવણીકરીવિદ્યાર્થીનેઅધ્યયન અનુભવો પુરા પાડવામાં આવે તો સંભવતઃ હકારાત્મક પરિણામો પ્રાપ્તથઇશકે!

**ચાવીરૂપ શબ્દો –**

ગાંધીજી, શિક્ષણક્રમ, અનુભવ,લેખન કૌશલ્ય .

**શબ્દોની પરિભાષા–**

૧ લેખન કૌશલ્ય વિકાસ -

વિચારોને લેખિત સ્વરૂપમાં અભિવ્યક્ત કરવાની ક્ષમતાનો વિકાસ કરવો.

**હેતુઓ –**

૧. લેખન કૌશલ્ય વિકાસ માટે ઉપયોગી અધ્યયન અનુભવોની ક્રમબધ્ધ સુચી તૈયાર કરવી.

૨. લેખન કૌશલ્ય વિકાસ માટે સૂચી અનુસાર અધ્યયન અનુભવની અજમાયશ કરવી.

૩. લેખન કૌશલ્ય વિકાસ માટે અધ્યયન અનુભવની અસરકારકતા ચકાસવી.

**ઉત્કલ્પના –**

પ્રાયોગિક અને નિયંત્રિતજુથનાં ઉત્તરકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહી.

**સંશોધન પધ્ધતિ અને સંશોધન યોજના –**

પ્રસ્તુત સંશોધન માટે પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પૂર્ણ પ્રાયોગિક યોજના પૈકી બે જૂથ આકસમિક પાત્રો માત્ર ઉત્તરકસોટી યોજનાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## વ્યાપવિશ્વ અને નમુના પસંદગી –

પ્રસ્તુત સંશોધન માટે સુરત શહેરની એક શાળા(સુમન હાઈસ્કુલ નંબર-૧૧)ની સહેતુક પસંદગી કરવામાં આવી હતી. તેમાં ધોરણ૯ નાં છ વર્ગો પૈકી બે વર્ગ (૯-અ) અને (૯-બ) સહેતુક પસંદગી કરવામાં આવી હતી. ૯-અ નાં ૬૫ વિદ્યાર્થીઓ પૈકી ૩૮ વિદ્યાર્થીઓની પ્રાયોગિક જુથ તથા ૯-બ નાં ૬૫ વિદ્યાર્થીઓ પૈકી ૩૮ વિદ્યાર્થીઓની નિયંત્રિતજુથ તરીકે યાદૃચ્છિક (ચિટ્ઠીઉપાડ) પદ્ધતિથી પસંદગી કરવામાં આવી હતી.

## સંશોધનમાં સમાવિષ્ટ ચલો–

| ક્રમ | ચલના પ્રકાર | પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ ચલો |
|---|---|---|
| ૧ | સ્વતંત્ર ચલ | અનુભવો |
| ૨ | પરતંત્ર ચલ | ઉત્તરકસોટીનાંપ્રાપ્તાંકો |
| ૩ | અંકુશિત ચલો | ૧ધોરણ-૯ |
| | | ૨ ગુજરાતીભાષા |
| | | ૩ સુરત જિલ્લો |
| ૪ | આંતરવર્તી ચલો | ૧પ્રયોગમાં નાવીન્ય |
| | | ૨ વિષય પ્રત્યે રસ અને ઉત્સાહ |
| | | ૩ પરિપક્વતા |
| | | ૪ શાળાપર્યાવરણ |

## ઉપકરણો –

માહિતી એકત્રીકરણ માટે સંશોધક દ્વારા અધ્યયન અનુભવોની ક્રમબદ્ધ સુચી તૈયાર કરી તેના અમલીકરણ માટે તૈયાર કરવામાં આવી હતી. આ યાદી અનુસાર વિદ્યાર્થીઓને અધ્યયન અનુભવો પુરા પાડવામાં આવ્યા હતા.

## અનુભવ સુચી –

### 1 સાંસ્કૃતીક અને સહભ્યાસ પ્રવ્રુત્તિ અનુભવ

### કાર્ય પધ્ધતિ –

વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવું અને તેમાં પ્રયોગપાત્રોને સહભાગી બનાવવા. પયોગપાત્રોને કાર્યક્રમની સમય તારીખ મહિમાનોનાં નામ વગેરેની ટુંકી નોંધ રાખવા જણાવવું.

### 2 અભિનય દ્વારા પ્રત્યક્ષ અનુભવ

### કાર્ય પધ્ધતિ –

પ્રયોગપાત્રોને વાર્તા તેમજ વિવિધ પ્રસંગો માટેનાં અભિનય શીખવવા અને પોતાના જ વર્ગોમાં રજૂ કરવા જણાવવું.

### 3 પ્રવાસ – સ્થળ મુલાકાત અનુભવ

### કાર્ય પધ્ધતિ –

પ્રયોગપાત્રોને પ્રવાસન સ્થળો અને વિવિધ સંસ્થાઓની મુલાકાત ગોઠવવી. પ્રયોગપાત્રોને તેની નોંધ કરવા જણાવવું.

**મુખ્ય પ્રયોગ -**

**સત્ર -૧**

શાળાકીય વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રયોગપાત્રોને સક્રિય પણે સહભાગી બનાવવામાં આવ્યા તેમને આ પ્રવૃત્તિ તથા કાર્યકમો ની લેખિત નોધ રાખવા જણાવાયુ .

**સત્ર- ૨**

પ્રયોગપાત્રોમાંથી અમુક્પાત્રોને બે વાર્તાનો અભિનય શીખવવામા આવ્યો અને અન્ય પ્રયોગપાત્રો સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

**સત્ર-3**

પ્રયોગપાત્ર માટે વૃધ્ધાશ્રમની સંસ્થાકીય મુલાકાત ગોઠવવામાં આવી. તેની લેખિત નોંધ રાખવા જણાવાયું.

**સત્ર ૪**

ઉત્તર કસોટી આપવામાં આવી.

**માહિતીનું પૃથ્થક્કરણ–**

માહિતીનું t-કસોટી દ્વારા પૃથ્થક્કરણકરવામાં આવ્યું હતું.

**માહિતીનું અર્થઘટન–**

ઉત્કલ્પનાનીચકાસણી કરવા પ્રાપ્ત થયેલ માહિતીને આધારે અંકશાસ્ત્રીય ગણત્રી કરી t-મુલ્ય શોધી તેને સાર્થકતા કક્ષાએ ચકાસવામાં આવ્યું હતું. જેની નોંધ નીચેની સારણીમાં છે.

**સારણી:-**

| જુથ | વિદ્યાર્થી-ઓની સંખ્યા- n | પ્રાપ્તાંકોની સરાસરી- m | પ્રમાણ વિચલન | મધ્યક્ના તફાવતની પ્રામાણભૂલ | t-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| **પ્રાયોગિક** | 38 | 26.53 | 3.34 | 0.97 | 10.2 | 0.01કક્ષા એ સાર્થક છે. |
| **નિયંત્રિત** | 38 | 16.81 | 4.49 | | | |

સારણીમાં દર્શાવ્યા મુજબ ગણતરી દ્વારા પ્રાપ્ત થયેલ t-મૂલ્ય 10.2 મળેછે. જેt-સારણીની 0.01કક્ષાએમળેલ કિંમત 2.58 કરતાં પણવધારે છે. આ પરિણામને આધારે કહી શકાય કે પ્રાયોગિક

જૂથના અને નિયંત્રિત વિદ્યાર્થીઓના ઉત્તરકસોટી વચ્ચેના પ્રપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત 0.01 કક્ષાએ સાર્થક છે. અને ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

**તારણ–**

લેખન કૌશલ્ય વિકાસ માટે અનુભવઆધારિત અધ્યયન અસરકારકછે.

## સંદર્ભસૂંચી–


1. http:// www.colorado.org
2. http:// www.readabilitytutor.com

3. દોંગા,એન.એસ. (2010). *શિક્ષણનું મનોવિજ્ઞાન.* અમદાવાદ : નીરવ પ્રકાશન.

4. મહેતા, વી. (2002). નાટક નાટક રમતા રમતા (પ્રથમ આવૃત્તી)

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1509-1518

# ગાંધીજીના જીવન અને સાહિત્ય પર રામ-પ્રભાવ

***પ્રા. ડૉ. જયશ્રી જાંબુસિયા***

*વી.ટી.ચોક્સી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત*

---

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

મહાત્મા ગાંધી, રામ, રામનામ મંત્ર, રામરાજ્ય, સ્થિતપ્રજ્ઞ અવસ્થા

**A B S T R A C T**

***500 વર્ષના સંઘર્ષ બાદ જ્યારે અયોધ્યા ખાતે રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા ઉજવાઇ રહી છે, સમગ્ર દેશ રામમય બન્યો છે; ત્યારે દેશના રાષ્ટ્રપિતા એવાં ગાંધીજીને ચોક્કસ હેતુસર યાદ કરીએ. પૂ.બાપુનો રામ, રામનામ સ્મરણ અને રામાયણ માટેનો અનન્ય લગાવ એમનાં જીવન અને સાહિત્યમાં જોવા મળે છે. રામરાજ્ય અંગેનું તેમનું ચિંતન પણ તેમના સાહિત્યમાં મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. પૂ. બાપુએ આદર્શવાદના સિદ્ધાંતને અનુસર્યો હતો. તેઓ હંમેશાં એ ઈશ્વરના સંપૂર્ણ અને નૈતિક અસ્તિત્વમાં વિશ્વાસ રાખતાં હતાં, કે જે આપણા બધાની પાસે આપણા આત્મા તરીકે છે. ગાંધીજી એવાં સર્વગ્રાહી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે જે મનુષ્યનું નૈતિક અને આધ્યાત્મિક ચારિત્ર્ય, વધુ સારા સામાજિક એકીકરણ પર, મનુષ્ય માટે અનંત પ્રેમની, માનસિક સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર પર મુખ્યત્વે ભાર મૂકે. સત્યનો તેમનો ખ્યાલ, સત્યાગ્રહ, પ્રામાણિકતા, અહિંસા આપણને માનસિક શક્તિ આપે છે. મહાત્મા ગાંધીનું સમગ્ર જીવન અને એમનાં લખાણોમાં પણ રામ-પ્રભાવ ને ચિંતન જોવા મળે છે. આ સંશોધનનો હેતુ પણ ગાંધીજીના આવાં અધ્યાત્મિક વિચારો અને એમના જીવન પર ભગવાન શ્રીરામના પ્રભાવનો અભ્યાસ કરવાનો છે. 1) ગાંધીજીના આધ્યાત્મિક વિચારોનું મૂલ્યાંકન કરવું.
2) ગાંધીજીના જીવન અને વિચારોમાં શ્રી રામના પ્રભાવની તારવણી કરવી. આ અભ્યાસ માટે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નવજીવન પ્રકાશન દ્વારા પ્રકાશિત થયેલા ૮૫ પુસ્તકો પૈકી નીચેના પુસ્તકોનો અભ્યાસ કરી માહિતીતારવવામાં આવી હતી, કે જેમાં ગાંધીજીના મૌલિક લેખિત વિચારો પ્રગટ થયાં છે, તેવાં પુસ્તકોનું યોગ્ય રીતે વાચન કરીને***

*માહિતીનું પાંચ વિભાગોમાં વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતીનું કેટલાંક મુદ્દાઓમાં વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જે નીચે મુજબ છે. 1) રામનામ અને રામાયણ વિષયક ગાંધીજીના વિચારો 2) રામ-મંત્ર વિષયક ગાંધીજીના વિચારો 3) રામરાજયના અર્થ વિષયક ગાંધીજીના વિચારો 4) પ્રાર્થનાના યંત્રવત્ત રટણ અંગે ગાંધીજીના વિચારો 5) સ્થિતપ્રજ્ઞ અવસ્થા અને રામ*

## પ્રસ્તાવિક

મહાત્મા ગાંધીનો જન્મ 2જી ઓક્ટોબર, 1869ના પોરબંદરમાં થયો હતો. બાળપણથી જ તેમના માતાના ધાર્મિક અભિગમથી તેઓ પ્રભાવિત હતા, કે જે આધ્યાત્મિક વિચારોએ તેમનામાં સત્ય અને અહિંસાના બીજનું આરોપણ કર્યું, જેણે તેમને સત્યવાદી અને પ્રામાણિક બનવાની પ્રેરણા આપી. 1921માં ગાંધીજીએ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સ્થાપી, આંદોલનનું રાષ્ટ્રવ્યાપી નેતૃત્વ કર્યું. એટલુ જ નહીં, ગરીબીને હળવી કરવા, મહિલાઓના અધિકારને વિસ્તૃત કરવા, નવ-નિર્માણ માટે ઝુંબેશ, ધાર્મિક અને વંશીય સૌહાર્દ, અસ્પૃશ્યતાનો અંત સાથે સ્વરાજ પ્રાપ્ત કરવું, એ પૂજ્ય બાપૂનું સ્વપ્ન હતું. 'સાદું જીવન, ઉચ્ચ વિચાર' એ ગાંધીજીનો આદર્શ હતાં. આત્મનિર્ભરતા માટે તેમણે ગૃહ ઉધોગો પર ખાસ ભાર મૂક્યો હતો,

સર્વશક્તિમાન ઈશ્વરમાં વિશ્વાસ- એ મજબૂત આસ્તિક તરીકે ગાંધીજીમાં હંમેશા સર્વોપરી રહી. તેઓ  પોતાની અંદર જ ઈશ્વરનો સાક્ષાત્કાર અનુભવતાં હતાં. ઈશ્વર પરની તેમની ઊંડી શ્રધ્ધાએ તેમને સ્વરાજ માટે અને રાષ્ટ્ર ઉત્થાન માટે બળ પૂરું પાડ્યું હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી (ગાંધીજી) રામનામને એક અમોઘ શક્તિરૂપે અનુભવતાં હતાં.

## અભ્યાસના હેતુઓ

1) ગાંધીજીના આધ્યાત્મિક વિચારોનું મૂલ્યાંકન કરવું.

2) ગાંધીજીના જીવન અને વિચારોમાં શ્રી રામના પ્રભાવની તારવણી કરવી.

## સંશોધન પદ્ધતિ

આ અભ્યાસ માટે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## માહિતી પ્રાપ્તિ પ્રવિધિ

નવજીવન પ્રકાશન દ્વારા પ્રકાશિત થયેલા ૮૫ પુસ્તકો પૈકી નીચેના પુસ્તકોનો અભ્યાસ કરી માહિતીતારવવામાં આવી હતી, કે જેમાં ગાંધીજીના મૌલિક લેખિત વિચારો પ્રગટ થયાં છે, તેવાં પુસ્તકોનું યોગ્ય રીતે વાચન કરીને માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

પુસ્તકોની યાદી આ મુજબ છે: ૧ ગાંધીજીનો અક્ષરદેહ, 2. હિન્દુ ધર્મનું હાર્દ, 3. કેળવણીનો કોયડો, 4. ખરી કેળવણી, 5. પાયાની કેળવણી, 6. સત્યના પ્રયોગો. ઉપરાંત, 'નવજીવન', 'હરિજનબંધુ', અને 'યંગ ઈન્ડિયા' સામાયિકના online અંકોનું પણ વાચન કરવામાં આવ્યું હતું.

**માહિતીનું વિશ્લેષણ**

પ્રાપ્ત માહિતીનું પાંચ મુદ્દાઓમાં વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જે નીચે મુજબ છે.

1) રામનામ અને રામાયણ વિષયક ગાંધીજીના વિચારો

2) રામ-મંત્ર વિષયક ગાંધીજીના વિચારો

3) રામરાજયના અર્થ વિષયક ગાંધીજીના વિચારો

4) પ્રાર્થનાના યંત્રવત્ત રટણ અંગે ગાંધીજીના વિચારો

5) સ્થિતપ્રજ્ઞ અવસ્થા અને રામ

**માહિતીનું સવિગત અર્થગ્રહણ અને તારણો**

**1) રામનામ અને રામાયણ વિષયક ગાંધીજીના વિચારો:**

ગાંધીજી જે પ્રાર્થના કરતાં, તે પ્રાર્થનામાં રામધૂન- 'રઘુપતિ રાઘવ રાજા રામ...' અને 'સિયાવર રામચંદ્ર કી જય...' બોલતા. ગાંધીજી ક્યારેક કહેતા કે, આ સર્વધર્મ પ્રાર્થનામાં સંમેલનમા હું જે 'રામ'નું નામ લઉં છુ, તે દશરથપુત્ર રામ નહીં, પરંતુ 'જગન્નિયંતા પરમેશ્વર' છે. જેના સંદર્ભમાં કોઈએ એમને પ્રશ્ન પૂછેલો કે, આ સિયાવર રામ કોણ છે? આ પ્રશ્નના જવાબમાં પૂ.બાપુએ જણાવેલ કે, વ્યક્તિ કે વ્યક્તિત્વ એવાં 'રામ'થી પણ મોટું નામ છે- 'રામનામ મંત્ર'. જે સૌથી મોટું છે. હિન્દુ ધર્મ એક મહાસાગર છે, જેમાં કેટલાંય રત્નો પડેલાં છે. આપ જેટલી ઊંડાઈમાં જાઓ, એટલા વધારે રત્નો આપ મેળવશો અને અનુભવશો. હિન્દુ ધર્મમાં તો ઇસવારના પણ કેટલાય નામ છે, એમનું એક નામ એટલે- રામ. હું આ બધામાં નિરાકાર અને સર્વવ્યાપી એવાં શ્રીરામને જાઉં છુ. જેમને કોઈ 'દશરથનંદન રામ' તરીકે ઓળખે છે કે જે જેને હું સર્વશક્તિમાન ઇસવારના રૂપમાં જાઉં છુ. મિ.મોરીસ

ફ્રાઈડમેનએ ગાંધીજીને લખેલાં કાગળોમથી પણ ગાંધીજીની રામ પ્રત્યેની અનન્ય શ્રધ્ધા જોવા મળે છે. મિ. ફ્રાઇડમેન લખે છે કે, રામનામનો મંત્ર જેને લાધ્યો, તેઓ અખંડ જાગૃતિનો ઉપાય જાણતા હતા. અનુભવે તેમને જણાયું હતું કે, સત્યના અને અહિંસાના આચરણ માટે રામનામ એ જ સર્વોત્તમ ઉપાય છે.

ગાંધીજી લખે છે કે, 'મારા માટે તો રામનામમાં જ બધુ આવી જાય છે. મારા જીવનમાં રામ એટલા ઓતપ્રોત થઈ ગયા છે કે મારી અંદર ચોવીસે કલાક સતત રામ નામનું જ રટણ ચાલુ રહે છે. હું કદાચ મોથી ના બોલતો હોઉં, ત્યારે પણ જે પણ કામ કરતો હોઉં એની અંદર પણ રાન-નામ જાપ સતત ચાલતો જ રહે છે. આ જ રામ-મંત્ર મને વિકટ પરિસ્થિતિઓમાં રક્ષા અને ઉપાય આપવાનું કામ કરે છે. મારા અનેકાનેક કાર્યોમાં મારૂ હૃદય રામમય રહે, રામ-સ્મરણ ચાલ્યા કરે; એ જ મારો સંકલ્પ રહે છે.

દુનિયાના સર્વે મહાગ્રંથોમાં 'રામાયણ'ને પૂ.બાપુ અગ્રસ્થાન આપે છે. તમના મતે, જે ચમત્કારો 'રામાયણ'માં છે, તે 'મહાભારત'માં પણ નથી. એ જ કારણે તેઓ તુલસીકૃત 'રામાયણ'ને ઊંડાણપૂર્વકના અધ્યયનનો ગ્રંથ મને છે.

કોઈએ જ્યારે એમને પૂછ્યું કે, અવિનાશી રામ સીતાપતિ કે દશરથનંદન કેવી રીતે હોય શકે? આના જવાબમાં ગાંધીજીએ જાણક્યું કે, આ પ્રશ્ન તો ખુદ તુલસીદાસે પણ ઉઠાવ્યો હતો અને અંતે પોતાને જ સ્વયં ઇનો જવાબ મળી ગયો. આ વાત બુધ્ધિની નહીં, પરંતુ હૃદયની ભાવનાની છે. શરૂઆતમાં તો મે પણ રામને સીતાપતિ રામ કે દશરથનંદન રામ તરીકે જ જોયા હતા, પરનું જેમ જેમ વાચન, ચિંતન વધતું ગયું એમ અનુભૂતિ પણ વધવા લાગી. અને એમ એમ મારા રામ અવિનાશી અને સર્વવ્યાપક બનતા ગયાં. જેથી એમનું 'સીતાપતિ હોવું' કે 'દશરથનંદન હોવું' આપોઆપ જ નષ્ટ થઈ જાય છે. પરંતુ તેમના નામની સર્વવ્યાપકતા વધતી રહે છે. સર્વવ્યાપી રામ 'દશરથનંદન' પણ હોય શકે છે ને 'સીતાપતિ' પણ. જેવી જેની ભાવના, શ્રીરામ એવાં ભાસે. ધર્મ ભલે બધા અલગ અલગ હોય; આપણે મળીને એનું એકીકરણ કરવાનું છે. અલગ થઈને લડવું એ આપણો ધર્મ નથી, એ તો આપણી નાસ્તિકતાનું ધોતક છે.

## 2) રામ-મંત્ર વિષયક ગાંધીજીના વિચારો:

રામમંત્રની અજમાઈશ અંગે ગાંધીજીએ લખ્યું છે કે એમને બાળપણમાં ખૂબ ડર લાગતો હતો; એટલે સુધી કે પોતાના જ પડછાયાનો પણ ડર લાગે ! ગાંધીજીને 'રામનામ'નો મંત્ર બચપણમાં દાઈ રંભા પાસેથી મળ્યો હતો. આયા રંભાએ તેમને ભયના મરણ અને નિવારણ માટે 'રામનામનું રહસ્ય' સમજાવ્યું. તેણી ગાંધીજીને ભૂતના ડરની બાબતમાં કહેતી કે, 'ભૂત જેવુ કઈ હોતું નથી, છતાં પણ ડર

લાગે તો રામનામ સ્મરણ કરજે.' આ પ્રસંગનો ગાંધીજીએ પોતાની આત્મકથામાં ભાવપૂર્વક ઉલ્લેખ કર્યો છે કે રંભા મને કહેતી કે, 'જ્યારે ડર લાગે ત્યારે રામનામ લેજે, એ તારી રક્ષા કરશે.' ગાંધીજીએ લખ્યું છે કે, 'તે દિવસથી રામનામ મારા માટે દરેક પ્રકારના ભણી સામે એક અમોઘ આશરો બની ગયો.'

બચપણના આ જ ડરને છોડાવનાર રામનામ સ્મરણે પૂ.બાપુના માનસિક ફલકમાં વિરાટ રૂપ ધારણ કર્યું, જે સૂર્ય પ્રકાશે તેમણે કપરી પરિસ્થિતિના અંધકારમાં પણ તેજ આપ્યું. એક ક્રિશ્ચિયનને ઈશુના નામથી અને એક મુસલમાનને અલ્લાહના નામથી શક્તિ મળે છે, તે પૂ.બાપુએ રામનામમાંથી મેળવી.

ગાંધીજીએ કહ્યું છે કે, રામભક્ત અને સ્થિતપ્રજ્ઞમાં કોઈ ભેદ નથી. રામભક્ત પંચમહાભૂતનો સેવક જ હોય છે કે જે રામને પોતાની પાસે રાખવા માટે કે પોતાને રામની પાસે રાખવા માટે રામનામની સાધના કરવી ઉચિત સમજે છે. રામનામ હૃદયમાં અંકિત થવાથી નવાં જીવનની શરૂઆત થાય છે.

ગાંધીજીને તેઓ કોઈ આધ્યાત્મિક ક્રિયા કરે છે કે કેમ? એવાં મિ. મેથ્યુઝના પ્રશ્નના ઉત્તરમાં ગાંધીજીએ કહેલું કે, હું કોઈપણ યોગક્રિયા કરતો  હોઉં તો તે ફક્ત રામ સ્મરણ છે.' મંત્રની અજમાઈશ બાબતમાં ગાંધીજીએ લખ્યું છે કે, જોશમાં આવીને પ્રતિજ્ઞા કરી લેવી બહુ સરળ છે, પરંતુ તેની વચ્ચે રહેલાં પ્રલોભનોમાં રહેવું વધારે કઠીન છે.

પૂ. બાપુએ સુરત જિલ્લાના વેડછીમાં વકીલોની એક સભામાં રામનામની સલાહ આપેલી હતી. તેમણે કહેલું કે, 'રામ, અલ્લાહ, ગોડ-મારે મન એક જ છે. પરંતુ રામનામમાં મારી શ્રધ્ધા અસિમ છે. મેં જોયું છે કે મારા આ મંત્રની અજમાઈશથી મને ક્યાંય નિષ્ફળતા નથી મળી.' સભાના લોકોને પૂ. બાપુએ સવારે સૂર્યોદય પહેલાં અને રાતે સૂતાં પહેલાં પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા માટે ઇશ્વર પાસે મદદ માંગવાની વાત કરી હતી.  તેમણે કેટલાંક ક્રૂર અને લડાયક કોમને અને અંત્યજોને રામજપ કરવાનું કહ્યું હતું. એટલુ જ નહીં, તેમણે તો જે લોકો વધારે પંડિતાઇને કારણે ઘમંડી બની ગયાં હોય, તેમને પણ રામનામના મંત્રનું રટણ કરવાંની સલાહ આપેલી. કેમ કે પંડિતાઈ ખરેખર તો જીવનને ઉચ્ચ કોટિ તરફ લઈ જવામાં મદદ કરે છે, પરંતુ સંકટ અને પ્રલોભનોમાં પંડિતાઈ નિષ્ફળ બની જાય છે.

રામ સ્મરણ માટે પૂ.બાપુએ કહ્યું હતું કે, જેઓ ઇશ્વરને પ્રલોભન આપીને લલચાવે છે અને હંમેશા એવું માને છે કે કે સંકટ સમયે રામ એમને બચાવી લેશે; એવાં લોકો માટે રામ-સ્મરણ નથી. રામનામ તો તેઓ માટે છે કે જેઓ ઈશ્વરથી ડરીને ચાલે છે અને સંયમી જીવન જીવે છે.

## 3) રામરાજયના અર્થ વિષયક ગાંધીજીના વિચારો:

ભારતમાં 'રામરાજ્ય' શબ્દના અર્થ વિશે ઘણી ગેરસમજો પ્રવર્તે છે. ત્યારે આપણે ગાંધીજીના સ્વપ્નના વાસ્તવિક 'રામરાજ્ય' પર ફરીથી વિચાર કરવાની જરૂર છે. એવું નથી કે ગાંધીજીના સમયમાં જ આ શબ્દ વિશે કોઇ ગેરસમજ નહોતી. ઘણા પ્રસંગોએ તેમણે પોતે આ અંગે સ્પષ્ટતા કરવી પડી હતી. તેથી, વિવિધ પ્રસંગોએ તેમના રામરાજ્યના નિવેદનોનું પઠન આ અર્થમાં ખૂબ જ મહત્વપૂર્ણ હોઈ શકે છે.

દાંડીકૂચ દરમિયાન આવી ગેરમાન્યતાઓ દૂર કરવા માટે તેમણે ૨૦ માર્ચ ૧૯૩૦ના રોજ હિન્દી સામાયિક 'નવજીવન'માં 'સ્વરાજ્ય અને રામરાજ્ય' નામનો લેખ લખવો પડ્યો હતો. આમાં ગાંધીજીએ કહ્યું હતું- સ્વરાજ્યના ગમે તેટલા અર્થો આપવામાં આવે તો પણ મારી નજીક પણ ત્રિકાળ સત્યનો એક જ અર્થ છે, અને તે છે રામરાજ્ય. જો કોઇને 'રામરાજ્ય' શબ્દ વિશે ખરાબ લાગશે, તો હું તેને 'ધર્મરાજ્ય' કહીશ.

'રામરાજ્ય' શબ્દનો અર્થ એ છે કે ગરીબોનું સંપૂર્ણ રક્ષણ થશે, તમામ કાર્ય ન્યાયી રીતે કરવામાં આવશે અને લોકમતનું હંમેશા સન્માન કરવામાં આવશે. ... સાચું ચિંતન એ છે કે જેમાં રામના રાજ્ય માટે માત્ર યોગ્ય સાધનોનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. યાદ રાખો કે રામરાજ્યની સ્થાપના માટે આપણને શાણપણની જરૂર નથી. જે ગુણવત્તાની જરૂર છે તે હજી પણ તમામ વર્ગના લોકો - પુરુષો, સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો અને તમામ ધર્મોના લોકોમાં હાજર છે. એકમાત્ર ઉદાસી એ છે કે દરેક જણ તે વ્યક્તિને હજી સુધી ઓળખી શકતું નથી. શું આપણે સૌ ઇચ્છે તો આજે સત્ય, અહિંસા, ગરિમા, શૌર્ય, ક્ષમા, ધીરજ વગેરેના ગુણોનો પરિચય આપી શકીએ ખરા ?'

આ પહેલા અસહકાર આંદોલન દરમિયાન 22 મે, 1921ના રોજ મહાત્મા ગાંધીએ ગુજરાતીમાં 'નવજીવન'માં લખ્યું હતું - આપણે 'રામરાજ્ય'ના અર્થને 'સ્વરાજ્ય', 'ધર્મરાજ્ય અને જનરાજ્ય' કહીએ છીએ. આવું રાજ્ય ત્યારે જ શક્ય બને છે જ્યારે લોકો ધર્મનિષ્ઠ અને બહાદુર બને. ... હવે, જો કોઈ સદગુણી રાજા તેની પ્રજાના બંધનો કાપી નાખશે, તો પણ પ્રજા તેની ગુલામ જ રહેશે. અમે બ્રિટિશ પ્રજાને બદલવાનો પ્રયત્ન પણ કરતા નથી. અમે આપણી જાતને બદલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ."

પોતાના અર્થ સાથે રામરાજ્યના નિર્માણમાં મહિલાઓની ભાગીદારી અનિવાર્ય છે એમ ભારપૂર્વક જણાવતા મહાત્મા ગાંધીએ 16 જાન્યુઆરી, 1925ના રોજ મહિલાઓના એક વિશેષ મેળાવડામાં કહ્યું હતું કે - "... મેં હંમેશાં કહ્યું છે કે જ્યાં સુધી ભારતની સ્ત્રીઓ જાહેર જીવનમાં ભાગ ન લે ત્યાં સુધી ભારતને મુક્ત કરી શકાતું નથી. પરંતુ જે લોકો શરીર અને મનથી શુધ્દ્ હશે તેઓ જ જાહેર જીવનમાં ભાગ લઇ શકશે. જ્યાં સુધી આવી સ્ત્રીઓ ભારતના જાહેર જીવનને શુધ્દ્ નહીં કરે ત્યાં સુધી રામરાજ્ય કે સ્વરાજ્ય અશક્ય છે. જો આવું સ્વશાસન શક્ય બને તો પણ તે સ્વશાસન જ હશે, જેમાં મહિલાઓનો સંપૂર્ણ હિસ્સો ન હોય, અને તે મારા માટે નકામું સ્વશાસન હશે."

જ્યાં સુધી આવી સ્ત્રીઓ ભારતના જાહેર જીવનને શુધ્દ્ નહીં કરે ત્યાં સુધી રામરાજ્ય કે સ્વરાજ્ય અશક્ય છે. જો આવું સ્વશાસન શક્ય બને તો પણ તે સ્વશાસન જ હશે, જેમાં મહિલાઓનો સંપૂર્ણ હિસ્સો ન હોય, અને તે મારા માટે નકામું સ્વશાસન હશે." મનપાત્ર લેવાના પ્રસંગે ગાંધીજીએ સમગ્ર જ્ઞાતિપ્રથાને રામરાજ્ય કે સ્વરાજ્ય માટે ઘાતક ગણાવી હતી અને કહ્યું હતું કે - 'હું માનતો આવ્યો છું કે આ નાના વાડાઓ (જ્ઞાતિના) નાશ કરવા જોઈએ. હિંદુ ધર્મમાં જ્ઞાતિઓને કોઈ સ્થાન નથી.

તેમણે વધુમાં કહ્યું - '... જો તમે (જ્ઞાતિના) આ નાના વાડાઓની કોતરોમાં પડ્યા રહેશો, તો તેમાંથી દુર્ગંધ આવશે. જેમ જાતિના ઘેરાઓ પણ મનુષ્યો માટે જીવલેણ હોય છે, તેવી જ રીતે ડૉક્ટરો ખાડા પૂરવાની સલાહ આપે છે. સમજી લો કે ઈશ્વર આવું પ્રાણઘાતક સર્જન કદી સર્જી જ ન શકે. ... દલીલો અને અજ્ઞાનતાનું જ્ઞાન ન કહો. આજે વિશ્વમાં જુદા જુદા ધર્મોનો સામનો થઈ રહ્યો છે. પરંતુ જો આપણે તેને ખુલ્લા મનથી જોઈએ, તો આપણે જોઈશું કે આપણી જાતિઓ આપણી પ્રગતિ, (સાચા માણસ) ધર્મ, સ્વશાસન અને રામરાજ્યને રોકવાનું કામ કરે છે. હું આ વાડને તોડવાના પ્રયત્નોને વધુ તીવ્ર બનાવવા માંગું છું. તમને કદાચ ખબર નહીં હોય કે મેં મારા એક પુત્રને જાતિને આધારે પરણ્યો છે."

આજે રામરાજ્યને ખાસ ધાર્મિક સંપ્રદાય સાથે જોડવામાં આવી રહ્યું છે. ગાંધીજીના સમયમાં પણ આવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આના જવાબમાં મહાત્મા ગાંધીએ 26 ફેબ્રુઆરી 1947ના રોજ એક પ્રાર્થના સભામાં કહ્યું હતું - 'જે માણસની ત્યાગની ભાવના પોતાના સંપ્રદાયથી આગળ વધતી નથી, તે પોતે સ્વાર્થી છે, તે પોતાના સંપ્રદાયને પણ સ્વાર્થી બનાવે છે. મેં મારા આદર્શ સમાજનું નામ રામ રાજ્ય રાખ્યું છે. રામ-રાજ્ય એટલે હિન્દુઓનું શાસન એ સમજવાની ભૂલ કોઈએ ન કરવી જોઈએ. મારો રામ એ ભગવાન અથવા ભગવાનનું બીજું નામ છે. મને ખુદા રાજ જોઈએ છે,

જેનો અર્થ છે પૃથ્વી પર ભગવાનનું સામ્રાજ્ય. આવા રાજ્યની સ્થાપનાથી માત્ર ભારતના સમગ્ર લોકોને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને લાભ થશે."

મહાત્મા ગાંધીએ 25 મે, 1947ના રોજ આપેલા એક ઈન્ટરવ્યુમાં આર્થિક અસમાનતાને રામરાજ્ય માટે ખતરો ગણાવતા કહ્યું- 'આજે આર્થિક અસમાનતા છે. સમાજવાદના મૂળમાં આર્થિક અસમાનતા છે. કેટલાક લોકો પાસેથી અપેક્ષા ન રાખવી જોઈએ કે તેઓ રામ રાજ્યને આવી ભયંકર અસમાનતામાં જોશે અને બાકીના લોકો માટે રોટલી પણ સુકાશે નહીં. તેથી જ મેં દક્ષિણ આફ્રિકામાં જ સમાજવાદનો સ્વીકાર કર્યો. સમાજવાદીઓ અને અન્યો સામે મારો એકમાત્ર વિરોધ એ રહ્યો છે કે સત્ય અને અહિંસા એ તમામ સુધારાઓ માટેનું સર્વોચ્ચ સાધન છે..."

એક પ્રશ્નકર્તાએ જ્યારે ગાંધીજીને પૂછ્યું કે, "તમે કહો છો કે શાસકો, જમીનદારો અને મૂડીવાદીઓ માત્ર ટ્રસ્ટી હોવા જોઈએ. શું તમે એવી અપેક્ષા રાખો છો કે તેઓ તેમનો અભિગમ બદલે?" આના પર મહાત્મા ગાંધીનો જવાબ હતો - '... જો તેઓ પોતાની મેળે રક્ષક નહીં બને, તો સમય તેમને બનાવશે અથવા તેઓ નાશ પામશે. જ્યારે પંચાયતરાજ રચાશે (સાચા અર્થમાં), ત્યારે લોકોનો અભિપ્રાય બધું જ કરી દેશે. જમીનદારી, મૂડી કે રાજ્યની સત્તાની સત્તા ત્યાં સુધી જ અસ્તિત્વમાં રહી શકે છે જ્યાં સુધી સામાન્ય લોકો તેમની સત્તાને ન સમજે. જો લોકોને ગુસ્સો આવે તો રાજ્ય, મૂડીવાદી કે જમીનદાર શું કરી શકે?"

### 4) પ્રાર્થનાના યંત્રવત્ત રટણ અંગે ગાંધીજીના વિચારો:

પૂ.બાપુ સ્પષ્ટપણે કહે છે કે, રામનામ લેવામાં ખૂબી છે એમ હું માનું છું. જે માણસ ખરેખર એમ માને છે કે રામ તો તેના હૈયામાં રહ્યા છે તેને સારુ રામનામ-રટણની જરૂર નથી, પણ એ પૂર્ણ સત્ય નથી. આથી ઊલટું, રામનામ-રટણમાં કંઈક ચમત્કાર છે. તે કેમ છે અને શો છે તે જાણવાની જરૂર નથી.

ગાંધીજી જણાવે છે કે, પ્રાર્થનાનું યંત્રવત્ રટણ સાવ નકામું છે. એ આત્માને ઘેનમાં નાખવાનું કામ કરે છે. રટણ જ્યારે યંત્રવત્ હોતું નથી ત્યારે તેનાં અદ્દભુત પરિણામ આવે છે. આમ હું જપમાળાને વહેમ ગણતો નથી. ભટકતા મનને શાંત પાડવામાં તે મદદ કરે છે. વ્રતોનું રોજ રોજ રટણ જુદી કોટિમાં આવે છે. સાચા શોધકને રોજ જાગતી ને સૂતી વખતે યાદ આપે છે કે તે અગિયાર વ્રતાથી બંધાયેલા છે જે અનુસાર તેણે તેના આચારનું નિયમન કરવાનું છે. બેશક કેવળ રટણ કરવાથી તેને પુણ્ય મળશે એવા ભ્રમમાં જો કોઈ વ્રતોનું યંત્રવતુ રટણ કરે તો તેની કશી અસર નહી થાય.

પૂ. બાપુ આ અંગે પોતાના અનુભવને ટાંકતા જણાવે છે કે, વિચારપૂર્વકનું રટણ આપણા સંકલ્પને પ્રેરણા આપે છે. નબળા શરીર માટે જે કામ ટૉનિક કરે છે તે જ કામ નબળા મન અને આત્મા માટે વ્રત કરે છે. સ્વસ્થ શરીરને કોઇ ટોનિકની જરૂર પડતી નથી. તેમ દ્રઢ મન વ્રત વગર અને રોજ તેનું સ્મરણ કર્યા વિના પોતાની સ્વસ્થતા જાળવી શકે. પરંતુ વ્રતોનો અભ્યાસ કરતાં જણાશે કે આપણામાંના મોટા ભાગના એટલા નબળા છીએ કે તેમને વતોની મદદની જરૂર છે.

## 5) સ્થિતપ્રજ્ઞ અવસ્થા અને રામ:

રામનામને હૃદયમાં કાયમનું અંકિત કરવામાં અખૂટ ધીરજ જોઈએ. તેમાં યુગના યુગ વહી જાય, એમ બને. પણ તે છતાંયે મહેનત કરી જોવા જેવી છે. અને છતાં સૌ યાદ રાખજો કે, આખરનું ફળ આપવાનું કેવળ ઈશ્વરના હાથમાં છે, અને તેની કૃપા પર અવલંબે છે. અંદર અને બહાર સત્ય, પ્રામાણિકતા અને શુદ્ધિના ગુણ ન કેળવો, ત્યાં લગી રામનામનો નાદ દિલમાંથી નહીં ઊઠે. દરરોજ સાંજે પ્રાર્થનામાં ભેગા મળીને સ્થિતપ્રજ્ઞના લક્ષણો ગણાવનારા શ્લોકો બોલીએ છીએ. કેવળ સેવા કરવાના હેતુથી શરીરને નભાવવાને ખાતર ખાઓ કે પીઓ, આનંદ કે આરામ લો, તો સ્થિતપ્રજ્ઞ થાઓ. એમાં જરાયે શક નથી.

ગાંધીજી જણાવે છે કે, માણસનો પોતાના મનમાં ચાલતા વિચારો પર કાબૂ ન હોય, વળી ધારો કે, માણસ ઉંદરના દર જેવા ઘરમાં બધાં બારીબારણાં વાસીને સૂઈ જાય ને મેલી હવા પોતાનાં ફેફસાંમાં ભર્યા કરે, અને પાણી સ્વચ્છ ન પીતાં મેલું પીએ, તો તેનું રામનામ લીધેલું ફોકટ સમજવું. પણ આનો એવો નહીં કે, ચાલો આપણામાં તો જોઈતી શુદ્ધિ કે ચોખ્ખાઈ નથી, તો રામનામ લેવામાં ફાયદો નથી એટલે તે મૂકી દઈએ. એ શુદ્ધિ મેળવવાને માટે પણ રામનામનું રટણ, એ જ ઉપાય છે. જે પોતાના દિલથી રામનું નામ રંટે છે, તેને તપ અને સંયમ સહેલાં થઈ જાય છે, અને તંદુરસ્તીના ને તેને સાચવવાના નિયમાનું પાલન તેના સ્વભાવનું અંગ બને છે. તેનું જીવન સીધે સરળ રસ્તે ચાલે છે. તે કોઈને ઈજા કરવાની ઇચ્છા નહીં રાખે. બીજાનાં દુ:ખોનું નિવારણ કરવાને ખાતર જાતે દુ:ખ સહન કરવાનું તેના જીવનનો એક ભાગ બની તેને અનિર્વચનીય એવી શાશ્વત શાંતિથી ભરી દેશે..

ગાંધીજીએ જણાવ્યું છે કે, તમે સૌ જાગતા હો તે દરમિયાન ખંતથી રામનામ લેવાનું અખંડ ચાલુ રાખો. પછી આખરે તે અમારા દિલમાં જડાઇ જશે, ઊંઘમાંયે તેનું તમને વિસ્મરણ નહીં થાય, અને તમે ઇશ્વરની કૃપાના એવા અધિકારી થશો કે, તમારાં શરીર, મન અને આત્મા સંપૂર્ણપણે નીરોગી રહેશે.

## ઉપસંહાર

મહાત્મા ભારતના ગાંધી મહાન માનવોમાંના એક હતા. તેમની જીવન યાત્રા આપણને આપણને આ રીતે આપણું જીવન જીવવાની પ્રેરણા આપે છે, તેમની માતાના ધાર્મિક અભિગમની તેમના જીવન પર ખૂબ અસર થઈ અને તેમને સત્યવાદી અને પ્રામાણિક વ્યક્તિ બનવાની પ્રેરણા આપી હતી. ગાંધીજી લિખિત/ગાંધીજી વિષયક સંપાદિત કેટલાંક ગ્રંથો- જેમ કે, ગાંધીજીનો અક્ષરદેહ, હિન્દુ ધર્મનું હાર્દ, કેળવણીનો કોયડો, ખરી કેળવણી, પાયાની કેળવણી, સત્યના પ્રયોગો વગેરેમાં તેમના રામનામ વિષયક આધ્યાત્મિક વિચારો જોવા મળે છે. 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' ના તેમના લખાણોમાં પણ તેમની રામનામ પરની શ્રધ્ધા જોવા મળે છે. રામનામ ગાંધીજીમાં એટલું હૃદયસ્થ બની ગયું હતું, કે છાતીમાં ગોડસેની ગોળી વાગતાં પણ તેઓ 'રામ રામ રામ' જ બોલ્યા હતા.

**સંદર્ભ સૂચિ:** (ગુજરાતી)


- ગાંધી, મોહનદાસ કરમચંદ (1980). 'આત્મકથા/સત્યના પ્રયોગો'. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
- ગાંધી, મોહનદાસ કરમચંદ (1995 ). 'હિન્દુ ધર્મનું હાર્દ'. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
- ગાંધી, મોહનદાસ કરમચંદ (1923-1955). 'યંગ ઈન્ડિયા'. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.


**References (English):**


- Dhawan G.N. (1996), The Political Philosophy of Mahatma Gandhi, New Delhi, Ram Nagar S, Chand and Company Ltd.
- Das P.G. (2011), Modern Political Theory, New Delhi, Central Book Agency Private Ltd.
- Ghosh P.C. (1995) Mahatma Gandhi As I Saw Him, New Delhi Ram Nagar S. Chand and Company Ltd.
- Mukti H.R. (1996), Modern Indian Political Thought, Delhi, SBD, Publishers and Distributors.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1519-1524

# હાથ, હૃદય અને મસ્તિષ્ક ગાંધીવાદી અભિગમ : સતત સર્વગ્રાહી મૂલ્યાંકન

*ખ્યાતિ આર. પટેલ & **ડૉ. ભાવેશ એમ. મોદી

*એમ.એડ્. પ્રશિક્ષણાર્થી

**માર્ગદર્શક

આસિસ્ટન્ટ પ્રોફેસર

શિક્ષણ વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

હાથ, હૃદય અને મસ્તિષ્ક, ગાંધીવાદી અભિગમ, સતત સર્વગ્રાહી મૂલ્યાંકન

**A B S T R A C T**

*ગાંધીજીના શિક્ષણદર્શને ભારતીય શિક્ષણ પ્રણાલીને નવી દિશા અને દૃષ્ટિ આપી છે. ગાંધીજી એ બાળકોના સર્વાંગીણ વિકાસ મહત્વ આપ્યું છે.પરંપરાગત શિક્ષણમાં જ્ઞાનાત્મક બાબતોને વધુ ભાર આપવામાં આવે છે.વિધાર્થીઓમાં શારીરિક,માનસિક, સામાજિક,સાંવેગિક અને આધ્યાત્મિક વિકાસ થાય એવા શિક્ષણના હેતુ હોવા જોઈએ.શિક્ષણમાં હાથ, હૃદય અને મસ્તિષ્ક( 3H-Head,Heart અને Hand) ને ગાંધીજી એ મહત્વ આપ્યું છે એ બાબતો જ્ઞાનાત્મક,ભાવાત્મક અને મનોશારીરિક ક્ષેત્ર સાથે સંકળાયેલ છે. એમના મતે કેળવણી એ આજીવન ચાલતી પ્રક્રિયા છે.જ્યારે આવા હેતુઓ પર આધારિત શિક્ષણ હોય ત્યારે મૂલ્યાંકન પ્રક્રિયામાં પણ બદલાવ આવે અને સમગ્ર પાસાંઓને આવરીને સતત સર્વગ્રાહી મુલ્યાંકન થાય અને તેનાથી સમગ્રલક્ષી વિકાસની તક મળે.*

**પ્રસ્તાવના**

ગાંધીજીનું શિક્ષણદર્શન બાળકના સર્વાંગી વિકાસ માટેની એક સંપૂર્ણ દૃષ્ટિકોણ છે. ગાંધીજીના મતે, બાળકના અને માણસના શરીર,મન અને આત્મામાં જે કંઇ છે તેના ઉત્તમ અંશોનું આવિષ્કરણ થવું જોઇએ.તેમના મતે ,કેળવણી એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. સાચી કેળવણી બાળક અને માનવ શરીર,મન અને આત્માના ઉત્તમ અંશોને જ બહાર જ લાવતી નથી પરંતુ, બાળકની શારીરિક, બૌધ્ધિક, સામજિક, આધ્યત્મિક શક્તિઓને બહાર લાવે છે તેને ઉત્તેજ છે અને તેનો વિકાસ કરવાની તક પ્રદાન કરે છે. પરંપરાગત રીતે વાંચન,લેખન અને ગણન ને જ શિક્ષણ માનવામાં આવતું હતું. તેના બદલે સર્વાંગીણ વિકાસના  હેતુ પર ભાર મૂકે છે.તેમણે શિક્ષણમાં જ્ઞાનાત્મક વિકાસની સાથે સાથે હાથ, હૃદય અને મસ્તિષ્ક (3H- Head, Heart અને Hand)ની કેળવણી પર ભાર મૂક્યો છે.

ગાંધીવાદી અભિગમ હાથ, હૃદય અને મસ્તિષ્ક(3H-Head,Heart અને Hand)ની બેન્જામિન એસ.બ્લૂમ અને એમના સાથીદારો દ્વારા આપવામાં આવેલ શૈક્ષણિક હેતુઓના આધારે રજૂ કરેલ છે.

**મસ્તિષ્ક- જ્ઞાનાત્મક ક્ષેત્ર (Head- Cognitive Domain)**

ગાંધીજીના મતે, મસ્તિષ્કને સંબધિત બાબતોનો જ્ઞાનાત્મક ક્ષેત્રમાં સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં જ્ઞાન, સમજ, ઉપયોજન, વિશ્લેષણ, સંશ્લેષણ,મૂલ્યાંકન અને સર્જનાત્મકતા જેવા શૈક્ષણિક હેતુઓનો સમાવેશ થાય છે. અહીં બૌધ્ધિક શક્તિના વિકાસ પર વધુ ધ્યાન આપવામાં આવે છે. શીખેલી માહિતીને યાદ રાખવું,માહિતીનો અર્થ સમજવો, અર્થઘટન કરવુ, તારણ કાઢવું, વાસ્તવિક અને વ્યવહારિક પરિસ્થિતિમાં જ્ઞાનનો ઉપયોગ કરવો,વર્ગીકરણ કરવું, સમગ્ર વિચારનું નિર્માણ કરવું, આંતરિક અને બાહ્ય માપદંડો આધારિત નિર્ણયો લેવા.

- જીવનનું જ્ઞાન મેળવે ગણિત,વિજ્ઞાન, સામજિક વિજ્ઞાન, ઉધોગ, શારિરીક સ્વાસ્થ્યનું જ્ઞાન મેળવે,મગજ થી સતેજ બને.
- ગાંધીજીના મતે કેળવણી દ્વારા વ્યક્તિમાં સ્વતંત્ર વિચારશક્તિ, કલ્પનાશક્તિ અને નિર્ણયશકિતનો વિકાસ થવો જોઇએ.
- વ્યક્તિ શિક્ષણમાં પણ શિક્ષક પર પરાવલંબી ન રહેતાં સ્વઅધ્યયનની તાલીમ મેળવી સ્વઅધ્યયન કરતો થાય.
- કેળવણી દ્વારા સર્જનાત્મકતાનો વિકાસ થવો જોઇએ.

**હૃદય- ભાવાત્મક ક્ષેત્ર (Heart-Affective Domain)**

ગાંધીજીના મતે, હૃદયને સંબધિત બાબતોનો ભાવાત્મક ક્ષેત્રમાં સમાવેશ થાય છે.ભાવાત્મક ક્ષેત્રમાં વિદ્યાર્થીઓના વલણો,મૂલ્યો,અભિરુચિ અને કદરના સંબંધિત શૈક્ષણિક હેતુઓનો સમાવેશ થાય છે. અહીં મૂલ્યને ચારિત્ર્ય બનાવવું એ મુખ્ય હેતુ છે.આ ક્ષેત્ર આંતરિક વર્તનને સંબંધિત છે જેને પ્રત્યક્ષ રીતે અવલોકન કરી શકાતા નથી અને એનું સ્પષ્ટ અને ચોક્કસ મૂલ્યાંકન થતું નથી. ગાંધીજીએ આપેલ ૧૧ વ્રતો સત્ય, અહિંસા,ચોરી ન કરવી, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, જાત મહેનત, નિર્ભયતા, અસ્પૃશ્યતા નિવારણ, સ્વદેશીભાવ, સ્વાર્થત્યાગ,સર્વ ધર્મ સમભાવ આવા ભાવનાત્મક પાસાને સંબંધિત માનવજીવનના આધારસ્તંભો આપેલ છે.

- ગાંધીજીના મતે જ્ઞાનનો હેતુ માત્ર ચારિત્ર્યની ખીલવણી છે.
- અપેક્ષિત માનવગુણનો વિકાસ થવો જોઈએ.
- જીવનની વાસ્તવિક પરિસ્થિતિ સાથે શિક્ષણનો સંબંધ જોડવો જોઈએ.
- કેળવણીનો હેતુ સામાજિક સંસ્કૃતિનું રક્ષણ અને સંવર્ધન કરવાનો છે.
- ગાંધીજી કેળવણી દ્વારા નૈતિક, સામાજિક,આધ્યત્મિક અને સૌદર્યાત્મક મૂલ્યો જે જીવન ઘડતર કરે છે તે મૂલ્યના વિકાસ પર ભાર મૂકે છે.
- કેળવણી દ્વારા સત્ય,અહિંસા,પ્રેમ,કરુણા,ભાતૃત્વ જેવા મૂલ્યોનો વિકાસ થવો જોઈએ.
- કેળવણીનો સર્વોચ્ચ ઉદ્દેશ આત્મસાક્ષાત્કાર ગણાવે છે આત્મસાક્ષાત્કાર એટલે સ્વપ્રતિતી-વ્યક્તિને પોતાની મહાનતા અને મર્યાદાઓનું જ્ઞાન થાય અને તે દ્વારા વ્યક્તિ આત્મસંયમ, અને આત્માનુભૂતિ કરવા પ્રેરાય છે.

**હાથ- મનોશારીરિક ક્ષેત્ર ( Hand- Psychomotor Domain)**

ગાંધીજીના મતે, હાથને સંબંધિત બાબતોનો મનોશારીરિક ક્ષેત્રમાં સમાવેશ થાય છે. એમાં ક્રિયાશીલતા પર ભાર મૂકવામાં આવ્યો છે. અનુકરણ કરવું, પ્રયત્ન કરે, ક્રિયા કરતાં ભૂલ કરે, કૌશલ્ય કરવા માટે આત્મવિશ્વાસ કેળવે,કૌશલ્યનું પ્રદર્શન, ચોકસાઈ, નિપૂણતા વગેરેનો મનોશારીરિક ક્ષેત્રમાં સમાવેશ થાય છે. ચિત્રકળા, સંગીત, નૃત્ય જેવા કલાવિષયક શૈક્ષણિક કાર્યમાં વિધાર્થીઓની શારીરિક ક્રિયાઓનો સમાવેશ થાય છે

- ગાંધીજી પરિશ્રમી,ઉત્પાદક કેળવણીમાં માનતા હતા.
- શિક્ષણના કેન્દ્રમાં પાયાનો ઉધોગો હોવો જોઇએ.ઉત્પાદક પ્રવૃત્તિઓ અને ઉધોગ દ્વારા શિક્ષણ થવું જોઇએ.
- તેઓ પ્રવૃતિ દ્વારા શિક્ષણ/ક્રિયા દ્વારા શિક્ષણ (Learning by Doing)માં માનતા હતા.
- ગાંધીજીના મતે કેળવણી દ્વારા આર્થિક કાર્યક્ષમતા આત્મનિર્ભરતા આવવી જોઇએ. તે પોતાનો જીવન નિર્વાહ યોગ્ય રીતે કરી શકે તેવી કાર્યક્ષમતા કે વ્યવસાયિક કાર્યસજ્જતા વ્યક્તિમાં કેળવવી જોઇએ..
- પરંપરાગત શિક્ષણપ્રથા વ્યક્તિને સામાજિક રીતે પરાવલંબી બનાવે છે તેને સૈધ્ધાંતિક શિક્ષણ પ્રાપ્ત થાય છે પરંતુ તે જ્ઞાનનો સામાજિક વ્યવહારમાં યોગ્ય રીતે ઉપયોગ કરી શકતો નથી. આજની કેળવણી વ્યક્તિને શ્રમથી વિમુક્ત કરે છે.સમાજમાં શ્રમનું ગૌરવ થાય, શ્રમ અને શ્રમિકોનું સન્માન થાય વ્યક્તિ કેળવણી દ્વારા સ્વાવલંબી બનવી થવી જોઇએ.
- આજીવિકાનું ઉપાર્જન કરે એ પ્રકારનું શિક્ષણ હોવું જોઇએ.

શિક્ષણની પ્રક્રિયામાં અંતિમ સોપાનમાં વિધાર્થીઓના વર્તનમાં કેટલું પરિવર્તન આવ્યું તે જાણવાનો હેતુ મૂલ્યાંકનનો છે.ઉપરોકત શિક્ષણના હેતુઓના આધારે શિક્ષણ થાય ત્યારે મૂલ્યાંકન પ્રક્રિયા કેવા પ્રકારની હોય કે જેનાથી વિધાર્થીનો સર્વાંગીણ વિકાસ થાય તે સંદર્ભેની રજૂઆત નીચે મુજબ કરેલ છે.

## સતત સર્વગ્રાહી મુલ્યાંકન

આપણી પરંપરાગત મૂલ્યાંકન પધ્ધતિ વિધાર્થીઓની માત્ર શૈક્ષણિક સિધ્ધિનું મૂલ્યાંકન કરે છે. ગાંધીજી એ આપેલ શિક્ષણના હેતુઓ અનુસાર શિક્ષણ થાય ત્યારે મૂલ્યાંકન પ્રક્રિયામાં પણ બદલાવ આવે. જ્ઞાનાનાત્મક(મસ્તિષ્ક) બાબતો સિવાય ભાવાત્મક(હૃદય) અને મનોશારીરિક(હાથ)ને સંબંધિત બાબતોનો પણ સમાવેશ થાય. જેથી વિધાર્થીઓના માત્ર શૈક્ષણિક પાસાંઓની પ્રગતિનું જ મૂલ્યાંકન થતું નથી પરંતુ વિધાર્થીઓના બૌધ્ધિક બાબતોના,શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદન કૌશલ્ય,સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં સહભાગિતા,સામજિક ગુણો, શકિતઓ અને સમજ,મૂલ્યો, વલણો, અભિરૂચિ, દૃષ્ટિકોણ જેવી બાબતોનું મૂલ્યાંકન થાય. ગાંધીજી એ મૂલ્યોના વિકાસ પર પણ ભાર મૂક્યો છે એ સંદર્ભે સાચું મૂલ્યાંકન ત્યારે જ શક્ય બને જ્યારે એ વિધાર્થી નું સતત અને સમગ્ર વ્યક્તિત્વ ને ધ્યાનમાં રાખી મૂલ્યાંકન કરવામાં આવે.કેળવણીનું કાર્ય વિધાર્થીઓને

જ્ઞાન કે સમજ તો આપવાનું છે પણ વ્યક્તિ આજીવિકાનું ઉપાર્જન કરી શકે ત્યાં સુધીની જવાબદારી છે એટલે જ બુનિયાદી શિક્ષણમાં ઉધોગ દ્વારા શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે.

- સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં વિધાર્થીઓની શૈક્ષણિક અને બિનશૈક્ષણિક પાંસાઓનો સમાવેશ થાય છે.
- સતત સર્વગ્રાહી મૂલ્યાંકન વિધાર્થીઓની સર્વક્ષેત્રીય પ્રગતિને મહત્તમ કક્ષા સુધી વિકસાવવામાં મદદરૂપ થાય છે.
- વિધાર્થીઓની મર્યાદાને દૂર કરવા અને શકિતમાં વધારો કરવાની તક પૂરી પાડે છે.

## શૈક્ષણિક ફલિતાર્થો

- વ્યક્તિ જ્ઞાનાત્મક ક્ષેત્રના વિકાસ સુધી સીમિત ન રહેતાં ભાવાત્મક અને મનોશારીરિક ક્ષેત્રનો પણ વિકાસ થાય.
- મૂલ્યાંકન પ્રક્રિયામાં સર્વાંગીણ વિકાસ સંબંધિત શારીરિક, માનસિક, સામાજિક, સાંવેગિક, આધ્યત્મિક સમગ્રલક્ષી બાબતોનો સમાવેશ થાય.

## સંદર્ભગ્રંથો


રાવલ એન.બી(૨૦૧૧) ***કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ***. પ્રથમ આવૃત્તિ અમદાવાદઃ નીરવ પ્રકાશન

પરમાર જી. અને સિંહ એ.આર.(૨૦૧૨) ***શિક્ષણના સિધ્ધાંતો.*** ત્રીજી આવૃત્તિ, સુરત: ન્યૂ પોપ્યુલર પ્રકાશન

ભોગાયતા સી.કે.(૨૦૦૩) ***અધ્યાપન પ્રાયોજિત મનોવિજ્ઞાન.*** પ્રથમ આવૃત્તિ અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન

બોરિયા એસ. એસ.(૨૦૨૧) ***અધ્યયનમાં આકલન અને મૂલ્યાંકન***. પ્રથમ આવૃત્તિ અમદાવાદઃ નીરવ પ્રકાશન

માલી એ.,વ્યાસ એચ.,પરિહાર પી.,ચૌધરી વી.વી.(૨૦૧૬) ***અધ્યયન માટેનું પરીક્ષણ-B***. પ્રથમ આવૃત્તિ, અમદાવાદઃ નીરવ પ્રકાશન

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1525-1528

# શિક્ષણ દ્વારા બાળકનો સર્વાંગીણ વિકાસ

*ડૉ. લીનાબેન સી. પટેલ*

*સંશોધક*

*શ્રી આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

શિક્ષણ, બાળક, સર્વાંગીણ વિકાસ

**A B S T R A C T**

*દરેક દેશ પોતાની શિક્ષણનીતિમાં રાષ્ટ્રીય મૂલ્ય વિકસાવવા માટે મૂલ્ય શિક્ષણ પર ભાર આપે છે. શિક્ષણથી મૂલ્યનું સિંચન થાય છે શિક્ષણને માણસના જીવનના વિકાસના પાયા તરીકે ગણવામાં આવે છે. માતા પિતા એ પોતાના જીવનમાં મૂલ્ય વિકસાવી બાળકોનું જીવન બનાવવા માટે માતાએ સારા મૂલ્ય વિકસાવવા જોઈએ. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. બાળકના જીવનના વિકાસનો પાયો પણ માતાના હાથમાં જ છે. માટે માતૃભાષામાં જ શિક્ષણ આપવું જોઈએ. મૂલ્ય વિકસાવવા માટે ધર્મગ્રંથનો સહારો લેવો જોઈએ, દરેક ધર્મના વ્યક્તિએ ધર્મગ્રંથોનો સહારો લઈ માનવ જીવનનું ઘડતર કરવાનું છે. હિન્દુ ધર્મના લોકો રામાયણ ગીતા, ઉપનિષદ, મહાભારત, વેદ, ઓખાહરણ, મુસ્લિમ ધર્મના લોકોએ કુરાને શરીફ ખ્રિસ્તી ધર્મ પાળતા હોય તો બાઇબલ અને શીખ ધર્મના લોકો ગુરુ ગ્રંથ સાહેબનો અભ્યાસ કરવો જોઈએ બાળક એ દેશનું ઉજ્જવળ નાગરિક જ નહીં પરંતુ શ્રેષ્ઠ સંતાન પણ બને. અભ્યાસક્રમના માધ્યમ દ્વારા મૂલ્ય શિક્ષણ આપવું જોઈએ. શિક્ષણ હેતુ જ્ઞાન ઉપાર્જન અને બુદ્ધિ વિકાસ ન હોવો જોઈએ પરંતુ મૂલ્ય શિક્ષણ દ્વારા માનવઘડતર કરવું એ હોવો જોઈએ. બુબેકર જણાવે છે કે સુયોગ્ય રાષ્ટ્ર નિર્માણ માટે રાષ્ટ્રીય ચારિત્ર્યની અનિવાર્યતા છે રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણનું કાર્ય શાળાઓ અને તેના દ્વારા અપાતા શિક્ષણ દ્વારા થવું જોઈએ.*

ઓક્સફર્ડ શબ્દકોશ અનુસાર શબ્દનો અર્થ worth કે યોગ્ય થાય છે.

મૂલ્ય એટલે અન્ય સાથે તુલનાત્મક રીતે કિંમત આંકવી કે પાત્રતા મૂલવવી.

**મૂલ્યના ત્રણ પ્રકાર:-**

1. **વ્યક્તિગત મૂલ્ય** -વ્યક્તિગત જવાબદારી-નોકરીના સ્થળે, ઘર કે કુટુંબ
2. **સામાજિક મૂલ્ય**- પ્રમાણિકતા, સત્ય
3. **વૈશ્વિક મૂલ્ય**- વફાદારી, દેશ પ્રત્યે વફાદારી

**શિક્ષણના ચાર આધાર સ્તંભ:**

1. **Learning to know** (જાણવા માટેનું શિક્ષણ)
2. **Learning to d**o )સર્જન માટેનું શિક્ષણ)
3. **Learning to live** (સહજીવન માટેનું શિક્ષણ)
4. Learning to be (અસ્તિત્વ માટેનું શિક્ષણ)

માનવ માત્રામાં વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, પ્રકૃતિ તથા વિશ્વ પ્રત્યે સદભાવ અને સમભાવ જાગે તેવા કાર્યો કરવા કે તે માટે પ્રેરવા અપાતું શિક્ષણ એટલે મૂલ્ય શિક્ષણ કહેવાય.

મૂલ્ય એ માનવ સમાજની દીવાદાંડી છે નાગરિકોના ચારિત્ર્ય ઘડતર માટે મૂલ્ય શિક્ષણ આવશ્યક છે વિધાર્થીઓમાં સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, સહયોગ, સાહસ, સમાનતા, સ્વતંત્રતા ભાઈચારો શ્રમનો મહિમા, વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણ, જેવા ગુણોનો વિકાસ થાય છે.

NCERT એ કુલ 83 મૂલ્યોની યાદી આપેલ છે જેમાંના કેટલાંક જોઈએ તો સત્ય, અહિંસા, સદાચાર, સાધના, પ્રેમ, શાંતિ, શ્રધ્ધા, સહાનુભૂતિ, સહાનુભૂતિ, માનવતા વગેરે

## શૈક્ષણિક પ્રવૃત્તિ દ્વારા મૂલ્યોની ખીલવણી

1. **સ્વચ્છતા**- વર્ગખંડ સફાઈ, ગ્રામ સફાઈ શાળા સફાઈ
2. **સહભાગી પણું**- સમૂહ ભોજન, વન ભોજન, વિજ્ઞાન મેળો, પ્રાર્થના સંમેલન, રમતગમત, પ્રવાસ પર્યટન, સામાજિક તહેવારોની ઉજવણી
3. **સમાજસેવા**- શ્રમયજ્ઞ, વૃક્ષારોપણ શિબિર, રક્તદાન શિબિર અને સ્વયંસેવક

4. **રાષ્ટ્રપ્રેમ**- દેશભક્તિ ગીતની સ્પર્ધા ગાંધી બાપુ, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝના જીવનની ફિલ્મો બતાવવી, રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવી.

**ધોરણ 10 ગુજરાતીના પાઠ્યપુસ્તકમાંથી મળતું મૂલ્ય શિક્ષણ**

1. **વૈષ્ણવજન** નરસિંહ મહેતા રચિત કાવ્યમાં ભક્તિભાવ તથા સજ્જન વ્યક્તિના ગુણો કેળવાય.

2. **રેસનો ઘોડો** વર્ષા અડાલજા રચિત પાઠમાં માતા-પિતાને સલાહ આપવામાં આવી છે બાળકને રેસનો ઘોડો ન બનાવી દો. તેને શિક્ષણ બોજ રૂપ ન લાગે. શિક્ષણથી તેનું વ્યક્તિત્વ ઘડાય ને તે દેશનો સારો નાગરિક બને તથા તેને સ્પર્ધામાં ન ઉતારો પરંતુ શિક્ષણ જીવન લક્ષી બને તે માટે પ્રયત્ન કરતા રહો.

3. **શીલવંત સાધુને** ગંગાસતી રચિત ભક્તિગીતમાં સાચા સંતના ગુણો કેળવવાની વાત કરી છે.

4. **ભૂલી ગયા પછી એ** રઘુવીર ચૌધરી રચિત ગદ્યમાં મનીષાનું પાત્ર એક કુટુંબને રીંછથી બચાવે છે મનીષાના સાહસની આ વાત છે બાળકમાં સાહસનો ગુણ વિકસે.

5. **દીકરી.** અશોક ચાવડા રચિત કાવ્ય દ્વારા સમાજમાં દીકરા દીકરી વચ્ચેનો જે ભેદ જોવા મળે છે આ ભેદ તોડવા માટે કવિ દિકરીને વહાલનો દરિયો, સ્નેહનું ઝરણું, એની હાજરીમાત્ર સુગંધ અને શીતળતા આપે છે. દીકરી મોટી થાય છે ત્યારે બાપને હાથ દે છે અને સહાયરૂપ થાય છે.

6. **વાયરલ ઇન્ફેક્શન** ગુણવંત શાહ રચિત આ પાઠમાં સફાઈનો મહિમા બતાવ્યો છે પાન, ગુટખા, સિગારેટ જેવા વ્યસનથી બચવાની વાત છે વ્યસન મુક્તિ માટે જાગૃતિનું કામ કર્યું છે.

7. **હું એવો ગુજરાતી** વિનોદ જોશી રચિત આ પાઠમાં ગુજરાતી હોવાનું ગૌરવ ગાંધી સરદાર જેવા મહાપુરુષોની વાત કરી છે ગુજરાતની પ્રજા વેપારી ખમીરવંતી પ્રજા.

8. **છત્રી** રતિલાલ બોરીસાગર રચિત આ નિબંધમાં છત્રી ખરીદતી વખતે થયેલા અનુભવ પરથી આ નિબંધમાં જગતને સુધારવાને બદલે પોતાની જાતને સુધારવાની વાત કરી છે. આપણે સુધરીશું તો જગત સુધરી જશે.

9. **શિકારીને** કવિ કલાપી રચિત કાવ્યમાં પ્રકૃતિ પ્રેમ વિકસાવવા વ્યક્તિત્વ વિકસાવવાની વાત, વસુદેવ કુટુંબકમની ભાવના

**10.ડાંગ વનો અને:-** મહેન્દ્ર પરમાર રચિત આ પાઠમાં લેખકનો રખડું સ્વભાવ, ડાંગના જંગલોનો પ્રવાસ, ડાંગના પ્રાકૃતિક સૌંદર્યની વાત, કબીરવડ, નારેશ્વરનો પ્રવાસ બાળકનો પ્રવાસ પર્યટનનો શોખ વધે.

**11.ચોપડાની ઇન્દ્રજાળ** ચંદ્રકાંત પંડ્યા રચિત આ પાઠમાં શાહુકાર દ્વારા ગરીબ અને અભણ લોકોનું શોષણ જેનો હૃદયસ્પર્શી આ લેખન કરવામાં આવે છે બાળકોમાં ગરીબ પ્રત્યે દયાભાવ રાખવો  તેમજ હરામનું ખાવું ન જોઇએ એવા ગુણોનો વિકાસ થાય.

**12.વતનથી વિદાય થતાં** જયંત પાઠક રચિત કાવ્યમાં વતનથી વિખુટા પડેલા માનવની સંવેદના વ્યક્ત કરી છે આ પાઠ દ્વારા બાળકોમાં વતનપ્રેમ કેળવાય છે.

**13.ભૂખથી એ ભૂંડી ભીખ** પન્નાલાલ પટેલ રચિત ખેડૂત પુત્ર કાળુ પોતે દાન કરતો પરંતુ છપ્પનિયા દુકાળમાં તેને પણ સદાવ્રતની લાઇનમાં ભીખ માગવા ઉભું રહેવું પડ્યું જેથી તેના મુખમાંથી આ વાક્ય ઉચ્ચારાઇ ગયું **ભૂખથી ભૂંડી ભીખ** છે.

આમ, દરેક ધોરણ અને વય કક્ષા અનુસાર મૂલ્ય શિક્ષણ મળતું રહે છે. શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે માટે માનવીમાં પણ પોતાના જીવન દરમિયાન મૂલ્યનું ઘડતર થતું જ રહે છે.

**Reference**


- વિકાસ પિડીયા
- વિધાયના
- મૂલ્ય શિક્ષણના પ્રેરક પ્રસંગો ડૉ. સંજય કોરિયા

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1529-1536

# ASSESSMENT AND EVALUATION IN INDIAN EDUCATION SYSTEM

***Dr. Madhavi Satishkumar Bhatt***

*Assistant Professor,*
*Bhawan Mahavir College of Education,*
*Bhagwan Mahavir University,*
*Surat, Gujarat, India*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

Nai Talim, NEP 2020, Assessment, Evaluation

**A B S T R A C T**

*Assessment and Evaluation are two different concepts with a number of differences between them starting from the objectives and focus. Before we go into details about these differences that set assessment and evaluation apart, let us first pay attention to the two words themselves. According to the Webster Dictionary (2017), assessment means appraisal. Then, according to the same dictionary, evaluation is estimation or determining the value of something. So, these processes are used in the field of education very often to test the quality of teaching and learning processes. That is done to let the educational institutes find out what more can be done to improve the education offered by those educational institutes.*

## Introduction

"Literacy is not the end of education or even the beginning. It is only one of the means by which one can be educated. I would therefore begin the child's education by teaching it a useful handicraft and enabling it to produce from the moment it begins its training."

**- Shree Mahatma Gandhi**

These are words of Shree Mahatma Gandhiji. In today's world, unleashing the potential of continuous improvement in teaching/learning requires an appreciation of the difference in spirit between assessment and evaluation. Assessment is frequently confused and confounded with evaluation. The purpose of an evaluation is to judge the quality of a performance or work product against a standard. The fundamental nature of assessment is that a mentor values helping a mentee and is willing to expend the effort to provide quality feedback that will enhance the mentee's future performance. While both processes involve collecting data about a performance or work product, what is done with these data in each process is substantially different and invokes a very different mindset.

## Concept of Assessment and Evaluation

Assessment and Evaluation are two different concepts with a number of differences between them starting from the objectives and focus. Before we go into details about these differences that set assessment and evaluation apart, let us first pay attention to the two words themselves. According to the Webster Dictionary (2017), assessment means appraisal. Then, according to the same dictionary, evaluation is estimation or determining the value of something. So, these processes are used in the field of education very often to test the quality of teaching and learning processes. That is done to let the educational institutes find out what more can be done to improve the education offered by those educational institutes.

## What is Assessment?

As stated above, and according to Brown, (1990) assessment refers to a related series of measures used to determine a complex attribute of an individual or group of individuals. This involves gathering and interpreting information about student level of attainment of learning goals. Assessments also are used to identify individual student weaknesses and strengths so that educators can provide specialized academic support educational programming, or social services. In addition, assessments are developed by a wide array of groups and individuals, including teachers, district administrators, universities, private companies, state departments of education, and groups that include a combination of these individuals and institutions. In classroom assessment, since teachers themselves develop, administer and analyze the questions, they are more likely to apply the results of the assessment to their own teaching. Therefore, it provides feedback on the effectiveness of instruction and gives students a measure of their progress. As Brown (1990) maintains, two major functions can be pointed out for classroom assessment: One is to show whether or not

the learning has been successful, and the other one is to clarify the expectations of the teachers from the students (Brown, 1990).

Assessment is a process that includes four basic components:
1) Measuring improvement over time.

2) Motivating students to study.

3) Evaluating the teaching methods.

4) Ranking the students' capabilities in relation to the whole group evaluation.

**What is Evaluation?**

Evaluation is determining the value of something. So, more specifically, in the field of education, evaluation means measuring or observing the process to judge it or to determine it for its value by comparing it to others or some kind of a standard (Weir & Roberts, 1994). The focus of the evaluation is on grades. It is rather a final process that is determined to understand the quality of the process. The quality of the process is mostly determined by grades. That is such an evaluation can come as a paper that is given grades. This type of paper will test the knowledge of each student. So, here with the grades, the officials come try to measure the quality of the programme. Furthermore, Evaluation is comparing a student's achievement with other students or with a set of standards (Howard & Donaghue 2015). It refers to consideration of evidence in the light of value standards and in terms of the particular situations and the goals, which the group or individuals are striving to attain. Evaluation designates more comprehensive concept of measurement than is implied in conventional tests and examination. The emphasis of evaluation is based upon broad personality change and the major objectives in the educational program (Howard & Donaghue 2015). Evaluation can, and should, however, be used as an ongoing management and learning tool to improve learning, including five basic components according to Kizlik (2010):

(1) Articulating the purpose of the educational system.

(2) Identifying and collecting relevant information.

(3) Having ideas that are valuable and useful to learners in their lives and professions.

(4) Analyzing and interpreting information for learners.

(5) Classroom management or classroom decision making.

Well-run classes and effective programs are those that can demonstrate the achievement of results. Results are derived from good management. Good management is based on good decision making. Good decision making depends on good information. Good information requires good data and careful analysis of the data. These are all critical elements of evaluation.

## Assessment vs. Evaluation

Depending on the area of study, authority or reference consulted, assessment and evaluation may be treated as synonyms or as distinctly different concepts. In education, assessment is widely recognized as an ongoing process aimed at understanding and improving student learning. Assessment is concerned with converting expectations to results. It can be a process by which information is collected through the use of test, interview, questionnaire observation, etc. For example, having your students to write on a given topic your are collecting information, this is what we mean here by assessment (Kizlik 2010; Richards and Schmidt 2002; Weir & Roberts, 1994). Evaluation on the other hand, is recognized as a more scientific process aimed at determining what can be known about performance capabilities and how these are best measured. Evaluation is concerned with issues of validity, accuracy, reliability, analysis, and reporting. It can therefore be seen as the systematic gathering of information for purposes of decision-making, using both quantitative methods (tests) and qualitative methods (observations, ratings and value judgments) with purpose of judging the gathered information. In other words, when the teachers receive written assignment from students, some kind of correction and/or response and a possible mark will be given. Thus we are in presence of evaluation. However, assessment and evaluation are similar in that they both involve specifying criteria and collecting data/information. In most academic environments, they are different in purpose, setting criteria, control of the process, and response. For example, an instructor can use the results of a midterm exam for both assessment and evaluation purposes. The results can be used to review with the students course material related to common mistakes on the exam (i.e. to improve student learning as in assessment) or to decide what measurement or grade to give each student (i.e. to judge student achievement in the course as in evaluation) (Howard & Donaghue 2015).

## Key Differences Between Assessment and Evaluation

The significant differences between assessment and evaluation are discussed in the points given below summarized from (Weir & Roberts, 1994; Howard & Donaghue 2015; (Kellaghan & Stufflebean 2003):

1. The process of collecting, reviewing and using data, for the purpose of improvement in the current performance, is called assessment. A process of passing judgment, on the basis of defined criteria and evidence is called evaluation.

2. Assessment is diagnostic in nature as it tends to identify areas of improvement. On the other hand, evaluation is judgemental, because it aims at providing an overall grade.

3. The assessment provides feedback on performance and ways to enhance performance in future. As against this, evaluation ascertains whether the standards are met or not.

4. The purpose of assessment is formative, i.e. to increase quality whereas evaluation is all about judging quality, therefore the purpose is summative.

5. Assessment is concerned with process, while evaluation focuses on product.

6. In an assessment, the feedback is based on observation and positive & negative points. In contrast to evaluation, in which the feedback relies on the level of quality as per set standard.

7. In an assessment, the relationship between assessor and assessee is reflective, i.e. the criteria are defined internally. On the contrary, the evaluator and evaluatee share a prescriptive relationship, wherein the standards are imposed externally.

8. The criteria for assessment are set by both the parties jointly. As opposed to evaluation, wherein the criteria are set by the evaluator.

**Assessment and Evaluation Comparison of Nai Talim and NEP 2020**

| Nai Talim | NEP 2020 |
|---|---|
| Education through Productive Work | Making child learn how to learn |
| Education in Mother Tongue (Multilingualism) | Mother Tongue as a medium of education at Foundational Stage (Multilingualism) |
| Nurturance of Multiple Skills in Children Based on their own Interests' | No Hard Separation |
| Learning Going Beyond Textbooks | Local Flavour in Curriculum |
| Participation of Local Community in Education | Strengthening School Community Relationship |
| Training of 3-H Head, Heart and Hand | Flexibility in Assessment Methods |

In 1937, Mahatma Gandhi seeded animportant idea to revamp the education system, at a conference in Wardha, Maharashtra through Nai Talim. As we can see in Nai Talim, we need to educate our brain through hand. Learning by doing gives us a joyful feeling and holds our attention fully.

Whereas, in NEP-2020 Every student will take a fun course, during Grades 6-8, that gives a survey and hands-on experience of a sampling of important vocational crafts, such as carpentry, electric work, metal work, gardening, pottery making, etc., as decided by States and local communities and as mapped by local skilling needs.

- A practice-based curriculum for Grades 6-8 will be appropriately designed by NCERT while framing the NCFSE 2020-21. All students will participate in a 10-day bag less period sometime during Grades 6-8 where they intern with local vocational experts such as carpenters, gardeners, potters, artists, etc.
- Similar internship opportunities to learn vocational subjects may be made available to students throughout Grades 6-12, including holiday periods.
- Vocational courses through online mode will also be made available.

To overcome the social status hierarchy associated with vocational education, integration of vocational education programmes into mainstream education in all education institutions is in a phased manner is required. This would lead to emphasizing the dignity of labour and importance of various vocations involving /Indian arts and artisanship.

Education Policy lays particular emphasis on the development of the creative potential of each individual. It is based on the principle that education must develop not only cognitive capacities - both the 'foundational capacities 'of literacy and numeracy and 'higher-order' cognitive capacities, such as critical thinking and problem solving – but also social, ethical, and emotional capacities and dispositions.

In Nai Talim & NEP – 2020 there are some similarities in Assessment and Evaluation System.

- Recognizing, identifying and fostering the unique capabilities of each student, by sensitizing teachers as well as parents to promote each student's holistic development in both academic and non-academic spheres.
- Flexibility, so that learners have the ability to choose their learning trajectories and programmes, and thereby choose their own paths in life according to their talent and interests.
- Multidisciplinary and a holistic education across the sciences, social sciences, arts, humanities and sports for a multidisciplinary world in order to ensure the unity and integrity.
- Emphasis on conceptual understanding rather than rote learning and learning for exams.
- Main focus on formative assessment for learning rather than the Summative Assessment that encourages today's "Coaching Culture".
- Extensive use of technology in teaching and learning, removing language barriers.
- Respect for diversity and respect for local context.
- Light but tight regulatory framework to ensure integrity, transperancy, and resource efficiency of the educational system.

- Continuous review of progress based and sustained research and regular assessment by educational experts.

## Conclusion

An effective, goal-oriented, teaching-learning sequence contains clearly understood objectives, productive classroom activities, and a sufficient amount of feedback to make students aware of the strengths and weaknesses of their performances. Assessment and evaluation are related to both instructional objectives and classroom learning activities and are indispensable elements in the learning process. They are useful for gathering data/information needed into various interests. The data can be used to make decision about the content and methods of instruction, to make decisions about classrooms climate, to help communicate what is important, and to assign grades. Among other techniques to do evaluation and assessment, The teachers can use tests to evaluating and assessing, starting from the small one, incorporating evaluation into the class routine, setting up an easy and efficient record keeping system, establishing an evaluation plan, and personalizing the evaluation plan. NEP 2020 goals are really well organized. If implemented properly it will really help to improve foundational goals of education and students will be creative and can think critically and can become logical and innovative thinkers.

## Reference

Kellaghan, T., & Stufflebean, D.L. (Eds) (2003). International Handbook of educational evaluation. Dordrecht: Klüver Academic Publisher

Kizlik, B. (2010). How to Write an Assessment Based on a Behaviorally Stated Objective.

Richards, C. and Schmidt 2002. *Longman Dictionary of Language Teaching and Applied Linguistics.* (3rd edition).

Weir, J. C., & Roberts, J. (1994). *Evaluation in ELT*. Oxford: Blackwell

**http://www.adprima.com/assessment.htm**
**http://kanchiuniv.ac.in**

**http://www.education.gov.in**

**http://www.mkgandhi.org**

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)

Our Impact Factor: 2.0056

International e-Journal for Education and Mathematics

www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1537-1543

# નઈ તાલીમ અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ વચ્ચેનો તુલનાત્મક અભ્યાસ

*ડૉ. નરેશ રોહિત & ડૉ. સંગીતા પરમાર*

*આસિસ્ટન્ટ પ્રોફેસર*

*શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કૉલેજ અણીતા, કીમ*

**Article Info.**

*Received on 15 Feb 2024*

*Revised on 19 Feb 2024*

*Accepted on 29 Feb 2024*

**Keywords:**

નઈ તાલીમ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, બુનિયાદી શિક્ષણ, માતૃભાષા શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ

**A B S T R A C T**

*દેશની શિક્ષણ નીતિમાં 34 વર્ષ પછી નવા ફેરફાર કરવામાં આવ્યા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઈસરોના પૂર્વ ચેરમેન કસ્તુરી રંગનના અધ્યક્ષપણા હેઠળ રાષ્ટ્રીય શિક્ષણ આયોગની રચના કરવામાં આવી. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના પ્રમુખ પણ આ હેઠળ જુલાઈ 2020 ના રોજ જાહેર કરવામાં આવી હતી. આ નીતિની સૌથી મોટી વિશેષતા એ છે કે એ ગાંધીજીના વિચારોને અનુસરે છે. શાળાના શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની સાથે કૃષિ શિક્ષણ, કાનૂની શિક્ષણ, તબીબી શિક્ષણ જેવા વ્યવસાયિક શિક્ષણ અને તેના અવકાશમાં રાખવામાં આવેલા છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે જીવન વ્યવહાર સાથે જોડવાનો છે. તેમાં કલા, સંગીત, હસ્તકલા, રમતગમત, માટી કામ, ભરતગુંથણ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓને વૈશ્વિક સમગ્રતા, નૈતિક મૂલ્યો, અને આધુનિક જ્ઞાન પ્રાપ્તિ માટે પ્રેરણાદાયી બનાવે છે. આ નીતિ વિદ્યાર્થીઓને સામાજિક અનુભવો, વૈશ્વિક-સાંસ્કૃતિક સમજણ, અને*

*ટેક્નોલોજીના અને સામાજિક રહેઠાણના સ્થિતિઓની માહિતી આપવામાં મદદ કરે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓને સાકારાત્મક અનુભવો, વિચારની સ્પર્ધા, સ્વતંત્ર ચિંતન, અને સમગ્ર વિકાસ માટે પ્રેરણાદાયી બનાવે છે. આ નીતિ શિક્ષકોની નવીનતાને સ્વીકારી અને વિદ્યાર્થીઓને સમગ્ર વિકાસ માટે ઉત્સાહિત કરે છે. આ રીતે, નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સમગ્ર વિકાસ અને જનસામાન્ય સુધાર માટે આવશ્યક છે.*

**પ્રસ્તાવના**

**નઈ તાલીમ**

નઈ તાલીમ એ વિધાર્થીઓને સામાજિક, વૈચારિક, અને પ્રયોગાત્મક પ્રદાન કરવાની એક અનુભવમય પ્રક્રિયા છે. આ તાલીમ સમાજની માનવિકી જરૂરિયાતો અને માનવ સંસ્કૃતિને ધ્યાનમાં લેતી હોવાથી શૈક્ષણિક અને સામાજિક સુધારની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. આ રીતે નઈ તાલીમમાં સમાજની આધુનિક જરૂરિયાતો અને સમગ્ર વિકાસને ધ્યાનમાં લેવામાં આવે છે.

નઈ તાલીમ એટલે ભારતના શિક્ષણક્ષેત્રે ગાંધીજીનું વિશિષ્ટ પ્રદાન. વિદ્વાનોએ તેને અલગ અલગ નામે વર્ણવી છે. ખુદ ગાંધીજીએ પોતે તેને 'ગ્રામોધોગ દ્વારા અપાતું રાષ્ટ્રીય શિક્ષણ' એવું વર્ણનાત્મક નામ આપ્યું હતું. ઝાકિર હુસેન સમિતિએ તેને 'બુનિયાદી તાલીમ' અથવા 'પાયાની કેળવણી' એવું નામ આપ્યું. એ જ અર્થમાં તેને 'જીવનશિક્ષણ' એવું નામ પણ મળ્યું. વર્ધામાં વિદ્વાનોએ પરિષદ ભરેલી તેથી તે વર્ધા-શિક્ષણ અને કાકાસાહેબ કાલેલકરે તેને 'અનુબંધ-શિક્ષણ' એવું નામ આપ્યું. નઈ તાલીમ 'સ્વાવલંબી શિક્ષણ' અને ચારિત્ર્ય તથા સમાજસેવા ઉપર ભાર મૂકે છે તેથી તેને 'ચારિત્ર્યશિક્ષણ' અને 'સેવાશિક્ષણ' એમ પણ કહ્યું. નઈ તાલીમનો આશય વિશ્વમાં સર્વોદય હોઈ તેને 'સર્વોદય-શિક્ષણ' પણ કહ્યું. આમ નઈ તાલીમને અનેક નામો આપવામાં આવ્યાં હતાં. પણ પાછળથી 'વર્ધા-શિક્ષણ યોજના', 'પાયાની કેળવણી', 'બુનિયાદી તાલીમ' અને 'નઈ તાલીમ' નામો વધુ પ્રચલિત બન્યાં. ગાંધીજી એવી સમાજવ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂકે છે કે જેમાં દરેક પોતાના જીવનનું સર્વોચ્ચ ધ્યેય સિધ્દ્ કરી શકે. ગાંધીજીની કલ્પનાની સમાજવ્યવસ્થા સત્ય અને અહિંસાના પાયા ઉપર રચાયેલી હોઈ, આ સિધ્દ્ધાંતો પર રચાયેલી સમાજવ્યવસ્થા આર્થિક, સામાજિક, રાજકીય તેમજ ધાર્મિક વગેરે તમામ પ્રકારના શોષણથી મુક્ત હોય; વર્ગવિહીન સમાજ, ગ્રામસ્વરાજ અથવા ગ્રામ-પંચાયતોના પાયા પર રચાયેલી હોય. આમ ગાંધીજીની કેળવણીની યોજનામાં તેમની કલ્પનાઓનો સમાજ પડેલો હતો. લગભગ ચાલીસ વરસ જેટલા સમય સુધી પ્રયોગ અને અખતરાઓ

પછી ગાંધીજીએ 1937માં રાષ્ટ્રવ્યાપી પાયા પર તેનો અમલ કરવા માટે કેળવણીની આ યોજનાને છેવટનું સ્વરૂપ આપ્યું.

**નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ :-**

29 જુલાઈ 2020 ના રોજ ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને મંજૂરી આપવામાં આવી હતી. આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અનુસાર પ્રવર્તમાન શૈક્ષણિક માળખામાં અસંખ્ય પરિવર્તન સૂચવવામાં આવ્યા છે જે મહદ્અંશે ગાંધીજીની બુનિયાદી શિક્ષણ નીતિ સાથે આનુષંગિક છે.

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો હેતુ 2030 સુધીમાં વિવિધ શાળાઓમાં શિક્ષણ માટે 100 % કુલ નોંધણી ગુણોત્તર પ્રાપ્ત કરવાનો છે એમાં સમાન અને સાર્વત્રિક શિક્ષણની જોગવાઈ છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં તમામ વ્યવસાયિક શિક્ષણ પ્રણાલીનો અભિન્ન અંગ બનશે. 2025 સુધીમાં ઓછામાં ઓછા 50 % તમામ વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણ આપવાનો હેતુ છે. વ્યવસાયિક સંસ્થાઓ સમાજની માંગ અને અનુરૂપ ઉદ્યોગ સાથે ભાગીદારી કરી યુવા વિદ્યાર્થીઓને ઉદ્યોગ સંબંધી તાલીમ આપશે.
- પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણમાં બહસ્તરીય, બહઆયામી, લવચિક, પ્રવૃત્તિ આધારિત, રમતગમત અને શોધ આધારિત શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમ કે, મૂળાક્ષરો, ભાષા, સંખ્યા અને ગણતરી, રંગ અને આકાર, વિવિધ રમતો, ઉખાણા અને તાર્કિક વિચારણા તેમજ સમસ્યા ઉકેલની કળા, ચિત્રકામ, વિવિધ હસ્તકલાઓ, નાટક અને કઠપૂતળી, સંગીતકલા તથા અન્ય પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ધોરણ 5 સુધી માતૃભાષામાં રહેશે ધોરણ 8 બાદ દ્વિભાષા અભિગમ એવો ભાષા અભિગમ રહેશે.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ધોરણ 6 થી 8માં વ્યવસાય કુશળતા અને હસ્તકલા વિશે જ્ઞાન આપવામાં આવશે ધોરણ 9 થી 12 માં પસંદગીપાત્ર વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ આપવામાં આવશે.
- શાળા શિક્ષણના વિવિધ તબક્કાઓમાં, અનુભવ આધારિત અધ્યયન અપનાવવામા આવશે. સાથે સાથે ક્રિયામૂલક શિક્ષણ, વિવિધ કલાઓ અને રમતોનો શિક્ષણમાં સમાવેશ,

વાર્તાકથન દ્વારા અધ્યયન, વિવિધ વિષયો સાથેનો અનુબંધ સાધીને શિક્ષણ આપવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 'કેવી રીતે વિચારો' એના પર એટલે કે વિચારશક્તિ ખીલવવા પર ભાર મૂકે છે. તેમાં જણાવ્યું છે કે બાળકો માટે પ્રશ્નોત્તરી, સંશોધન, ચર્ચા અને વિશ્લેષણ આધારિત શિક્ષણ પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવશે જેથી તેનો અભ્યાસ કરવામાં રસ વધશે અને તે વધુ સહભાગી થશે. આપણા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે કહ્યું હતું કે શિક્ષણનો ઉદ્દેશ્ય કુશળતા અને આવડત સાથે સારા મનુષ્યનું નિર્માણ કરવાનું છે અને આવા મનુષ્યનું સર્જન શિક્ષકો જ કરી શકે છે.

**અભ્યાસના ઉદ્દેશ્યો**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ઝાંખીને પ્રકાશિત કરવા.
- વર્તમાન શૈક્ષણિક નીતિના પડકારો સમજવા.
- નઈ તાલીમ ની સંકલ્પના સમજવા.
- નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સરખામણી કરવા.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ની અસરકારકતા વિશે ખ્યાલ સ્પષ્ટ કરવા.

**નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વચ્ચેની સામ્યતા :-**

મહાત્મા ગાંધીજીએ પરંપરાગત ચાલતી શિક્ષણ નીતિને બદલવા નઈ તાલીમ શિક્ષણ પ્રણાલીથી આરંભ કર્યું હતું અને આ જ રીતે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રણાલીગત ચાલતી શિક્ષણ નીતિમાં પરિવર્તન લાવવા માટે ઘડવામાં આવી છે.

- મહાત્મા ગાંધીજીના મતે શિક્ષણ એ બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે. તેથી તેમણે દરેક વર્ગના બાળકો માટે 6 થી 14 વય જૂથનું શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવ્યું હતું.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો હેતુ 2030 સુધીમાં વિવિધ શાળાઓમાં શિક્ષણ માટે 100% કુલ નોંધણી ગુણોત્તર પ્રાપ્ત કરવાનો છે, એમાં સમાન સાર્વત્રિક શિક્ષણની જોગવાઈ છે.

- મહાત્મા ગાંધીજી માતૃભાષાને પ્રથમ સ્થાન આપતા હતા. વિદ્યાર્થી માતૃભાષા દ્વારા જેટલું ગ્રહણ કરી શકે છે તે અન્ય ભાષા દ્વારા ગ્રહણ કરી શકતો નથી.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષણ ધોરણ 5 સુધી માતૃભાષામાં હશે અને ધોરણ 8 સુધી દ્વિભાષા અભિગમ રહેશે.
- ઉદ્યોગ દ્વારા શિક્ષણ એ નઈ તાલીમનો પાયાનો સિદ્ધાંત છે. ગાંધીજીના મતે બાળકને કોઈપણ પાયાના ઉદ્યોગ દ્વારા શિક્ષણ મળવું જોઈએ.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં 2025 સુધીમાં ઓછામાં ઓછા ૫૦ % તમામ વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણ આપવાનો હેતુ છે. વ્યવસાયિક તાલીમ સંસ્થાઓ સમાજની માંગને અનુરૂપ ઉદ્યોગો અને ભાગીદારી કરી યુવા વિદ્યાર્થીઓને ઉદ્યોગ સંબંધી તાલીમ આપવામાં આવશે.
- મહાત્મા ગાંધીજીના મત અનુસાર શિક્ષણ સ્વાવલંબી હોવું જોઈએ. ગાંધીજી એમ માનતા હતા કે 14 વર્ષની ઉંમરે બાળક શાળા છોડીને જાય ત્યારે એનામાં કંઈક કમાવાની, આર્થિક ઉપાર્જન પ્રાપ્ત કરવાની ક્ષમતાનો વિકાસ થાય.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ધોરણ 6 થી 8 માં વ્યવસાય કુશળતા, હસ્તકલા વિશે જ્ઞાન આપવામાં આવશે.

## ઉપસંહાર

નઈ તાલીમ એ વિદ્યાર્થીઓને સામાજિક, વૈચારિક, અને પ્રયોગાત્મક પ્રદાન કરવાનું એક અનુભવમય પ્રક્રિયા છે. નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વચ્ચે સામ્યતા સાધવામાં આવશે જેથી વિકસિત રાષ્ટ્ર નિર્માણ થકી ભવિષ્યના પડકારોનો સામનો કરી ભારત રાષ્ટ્ર વિકાસશીલ દેશોની હરોળમાં આવશે.

**સંદર્ભ સૂચિ:-**


1. Nandini, ed. (29 July 2020). "New Education Policy 2020 Highlights. School and Higher Education to see major changes". *Hindustan Times.*
2. Jebaraj, Priscilla (2 August 2020). "The Hindu explains| what has the National Education Policy, 2020 proposed?" *The Hindu.* ISSN 0971-751X
3. Rithika (2 August 2020). "Explained: Reading the new National Education Policy 2020". *The Indian Express.*
4. Shukla, Amandeep (29 July 2020). "New Education Policy 2020: NEP moots professional standards for teachers". *Hindustan Times*.
5. Dr. D P Sharma on "The Challenges in Indian Education System". *Eduvoice| the Voice of Education Industry.* 25 May 2020.
6. Final National Education Policy 2020 (PDF) (Report). Ministry of Human Resource Development
7. ગાંધી, મ. ક., મારુ જીવન એજ મારો સંદેશ :- નવજીવન પ્રકાશન, અમદાવાદ
8. ગાંધી, મ. ક., પાયાની કેળવણી :- નવજીવન પ્રકાશન, અમદાવાદ
9. ગાંધી, મ. ક., કેળવણી નો કોયડો :- નવજીવન પ્રકાશન, અમદાવાદ
10. ગાંધી, મ. ક., ખરી કેળવણી :- નવજીવન પ્રકાશન, અમદાવાદ
11. પટેલ, મ. જો., ગાંધીજીનું શિક્ષણ દર્શન :- નવજીવન પ્રકાશન, અમદાવાદ
12. પટેલ, મ. જો., મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી :- નવજીવન પ્રકાશન, અમદાવાદ
13. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 :- માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર
14. https://www.education.gov.in
15. https://pib.gov.in

16. https://www.business-standard.com

17. https://www.educationtimes.com

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1544-1551

# સર્વગ્રાહી શિક્ષણ પદ્ધતિઓ

**_Dr. Nitalkumar A. Patel_**

*Assi. Professor*
*Shri C. H. Shah Maitri Vidyapeeth Mahila College of Education,*
*Surendranagar, Gujarat, India*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

સર્વગ્રાહી શિક્ષણ પદ્ધતિઓ

**A B S T R A C T**

*શિક્ષણનો હેતુ એવી વ્યક્તિઓનું સર્જન કરવાનો છે કે જેમનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે ખીલ્યું હોય,એવી શાંતિમય વ્યક્તિઓ જેઓ દુનિયા અને તેમની આસપાસના સમાજ માટે વિશાળ પરિકલ્પના કરવા ઘડાયા હોય.બાળકનું ભણતર સર્વગ્રાહી હોવું જોઈએ,અને નહીં કે તેના પર માહિતી થોપી દેવાની પ્રક્રિયા. વર્ગમાં ઉપસ્થિત રહેવાનો અર્થ એ નથી થતો કે બાળક ભણી રહ્યું છે. આજે શિક્ષકો માટે એ સમજવું બહુ જરૂરી છે કે દરેક વિદ્યાર્થી કયા સ્તરે છે અને તે સ્તરથી અંતિમ લક્ષ્ય સુધી દરેક ડગલે તેમને માર્ગદર્શન આપવું જરૂરી છે. આ બાબત આપણે ભગવાન શ્રી કૃષ્ણ પાસેથી શીખી શકીએ છીએ,જે રીતે તેઓ અર્જુનને ધીરજ અને પ્રેમથી અંતિમ લક્ષ્ય સુધી ડગલે અને પગલેથી લઈ ગયા. શરુઆતમાં અર્જુન દ્વિધામાં હતો અને તેને અનેક પ્રશ્નો ઉઠતા હતા.જેમ જેમ વિદ્યાર્થીનો વિકાસ થાય છે તેમ તેમ તેને પુષ્કળ દ્વિધા થવી સ્વભાવિક છે કારણ કે તેની માન્યતાઓ તૂટતી જતી હોય છે. દા.ત.,આપણે એવું શીખીએ છીએ કે સૂર્ય પૂર્વમાં ઊગે છે.પછીથી આપણે ગ્રહો કેવી રીતે ફરે છે તે શીખતા હોઈએ છીએ.તો, આ બાબતે વિદ્યાર્થીઓના મનમાં ઉઠતા પ્રશ્નોના ઉત્તર આપવા એક સારો શિક્ષક પ્રાપ્ય રહે છે.એક સારા શિક્ષકને આનો ખ્યાલ હોય છે અને તેથી વિદ્યાર્થીને તેની દ્વિધામાં માર્ગદર્શન આપે છે.અને જ્યારે જરૂરી હોય ત્યારે દ્વિધા ઉત્પન્ન પણ કરે છે. શિક્ષણ પદ્ધતિ એ શિક્ષક અને વિદ્યાર્થીઓની ક્રમબદ્ધ આંતર-સંબંધિત પ્રવૃત્તિઓની એક પદ્ધતિ છે, જે શિક્ષણ, ઉછેર અને શીખવાની પ્રક્રિયામાં વિકાસની*

*સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો હેતુ છે.*

**પ્રસ્તાવના**

શિક્ષણનો હેતુ એવી વ્યક્તિઓનું સર્જન કરવાનો છે કે જેમનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે ખીલ્યું હોય,એવી શાંતિમય વ્યક્તિઓ જેઓ દુનિયા અને તેમની આસપાસના સમાજ માટે વિશાળ પરિકલ્પના કરવા ઘડાયા હોય.બાળકનું ભણતર સર્વગ્રાહી હોવું જોઇએ,અને નહીં કે તેના પર માહિતી થોપી દેવાની પ્રક્રિયા. વર્ગમાં ઉપસ્થિત રહેવાનો અર્થ એ નથી થતો કે બાળક ભણી રહ્યું છે. આપણે બાળકના મન અને શરીર બન્નેના સંપૂર્ણ વિકાસ પર ધ્યાન આપવું જોઇએ અને સાથે સાથે તેનામાં બધાની સાથે આત્મીયતાની ભાવના,અન્યો સાથે વહેંચવાની ભાવના,અન્યો સાથે પ્રેમથી વર્તવાની અને તેમની કાળજી કરવાની ભાવના,અહિંસા અને શાંતિ જેવા માનવીય મુલ્યો પણ રોપવા જોઇએ.

પ્રાચીન ગુરુ શિષ્ય પરંપરાના ભાગરુપે એક સુંદર અભિગમ હતો જેને આજે ફરી અપનાવવો જોઈએ.એક સારો શિક્ષક હંમેશા એવું ઇચ્છતા કે તેમનો વિદ્યાર્થી જીતે.અને એક સારો વિદ્યાર્થી શિક્ષક, કે જે બૃહદ મનના પ્રતિનિધિ છે તે, જીતે એવું ઇચ્છતો. વિદ્યાર્થી જાણતો કે તેના લઘુ મનની જીત માત્ર દુખ લાવશે, જ્યારે બૃહદ મનની જીત સારા પરિણામ જ લાવશે. આને લીધે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે એક મજબૂત સંબંધ બંધાતો જેમાં તેઓ બન્ને વિદ્યાર્થીની વિકાસયાત્રામાં એકબીજા પર સંપૂર્ણ વિશ્વાસ રાખતા.

**શિક્ષણ પદ્ધતિ શું છે?**

શિક્ષણ પદ્ધતિ એ શિક્ષક અને વિદ્યાર્થીઓની ક્રમબદ્ધ આંતર-સંબંધિત પ્રવૃત્તિઓની એક પદ્ધતિ છે, જે શિક્ષણ, ઉછેર અને શીખવાની પ્રક્રિયામાં વિકાસની સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો હેતુ છે.

શિક્ષણ પદ્ધતિ એ શૈક્ષણિક પ્રક્રિયાના સૌથી મહત્વપૂર્ણ ઘટકોમાંનું એક છે. પ્રવૃત્તિની યોગ્ય પદ્ધતિઓ વિના તાલીમના લક્ષ્યો અને ઉદ્દેશ્યોની અનુભૂતિ કરવી, શૈક્ષણિક સામગ્રીની ચોક્કસ સામગ્રીના તાલીમાર્થીઓ દ્વારા એસિમિલેશન પ્રાપ્ત કરવું અશક્ય છે.

## પદ્ધતિઓના મુખ્ય જૂથો.

આમાંથી, શિક્ષણ પદ્ધતિઓના ત્રણ મુખ્ય જૂથોને અલગ પાડવા જોઈએ: 1) શૈક્ષણિક અને જ્ઞાનાત્મક પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણની પદ્ધતિઓ 2) શૈક્ષણિક પ્રવૃત્તિઓના ઉત્તેજના અને પ્રેરણાની પદ્ધતિઓ 3) શૈક્ષણિક અને જ્ઞાનાત્મક પ્રવૃત્તિની અસરકારકતા પર નિયંત્રણ અને સ્વ-નિયંત્રણની પદ્ધતિઓ.

### *પદ્ધતિઓનું 1 જૂથ:*

- શૈક્ષણિક પ્રવૃત્તિઓના પ્રસારણ અને ધારણાના સ્ત્રોત અનુસાર
- માહિતીના પ્રસારણ અને ધારણાના તર્ક અનુસાર
- વિચારની સ્વતંત્રતાની ડિગ્રી અનુસાર
- શૈક્ષણિક કાર્યના સંચાલનની ડિગ્રી અનુસાર
- મૌખિક,પ્રેરક,પ્રજનનક્ષમ
- શિક્ષકના માર્ગદર્શન હેઠળ વિઝ્યુઅલ,આનુમાનિક, સમસ્યા-શોધ
- તાલીમાર્થીઓનું સ્વતંત્ર કાર્ય,વ્યવહારુ

### *પદ્ધતિઓનું 2 જૂથ:*

- શીખવામાં રસ ઉત્તેજીત કરવાની પદ્ધતિઓ
- જવાબદારી અને દેવાને પ્રોત્સાહન આપવાની પદ્ધતિઓ
- શૈક્ષણિક રમતો, શિક્ષણના મહત્વ વિશેની માન્યતાઓ
- શૈક્ષણિક ચર્ચાઓ,દાવાઓ
- ભાવનાત્મક અને નૈતિક પરિસ્થિતિઓનું નિર્માણ, પ્રવૃત્તિ રમતો
- પુરસ્કારો અને સજા
- મૌખિક નિયંત્રણ અને સ્વ-નિયંત્રણની પદ્ધતિઓ

- લેખિત નિયંત્રણ અને સ્વ-નિયંત્રણની પદ્ધતિઓ
- વ્યવહારુ નિયંત્રણ અને સ્વ-નિયંત્રણની પદ્ધતિઓ
- વ્યક્તિગત સર્વેક્ષણ, લેખિત પરીક્ષણો,લેખિત-મૌખિક પરીક્ષાઓ

શિક્ષણ પદ્ધતિઓનું સૂચિત વર્ગીકરણ પ્રમાણમાં સર્વગ્રાહી છે કારણ કે તે પ્રવૃત્તિના તમામ મુખ્ય માળખાકીય ઘટકો (તેનું સંગઠન, ઉત્તેજના અને નિયંત્રણ) ધ્યાનમાં લે છે. તે જ્ઞાનાત્મક પ્રવૃત્તિના આવા પાસાઓને સમજણ, સમજણ અને વ્યવહારિક એપ્લિકેશન તરીકે સર્વગ્રાહી રીતે રજૂ કરે છે. તે શિક્ષણશાસ્ત્રના વિજ્ઞાનના આ સમયગાળા દ્વારા ઓળખાયેલી પદ્ધતિઓના તમામ મુખ્ય કાર્યો અને પાસાઓને ધ્યાનમાં લે છે, તેમાંના કોઈપણને નકારી કાઢ્યા વિના. પરંતુ તે માત્ર યાંત્રિક રીતે જાણીતા અભિગમોને જોડતું નથી, પરંતુ તેમને આંતર જોડાણ અને એકતામાં ધ્યાનમાં લે છે, તેમના શ્રેષ્ઠ સંયોજનની પસંદગીની જરૂર છે. છેવટે, પદ્ધતિઓના વર્ગીકરણ માટેનો પ્રસ્તાવિત અભિગમ આધુનિક શાળામાં શીખવાની પ્રક્રિયાને સુધારવા દરમિયાન ઊભી થતી નવી ખાનગી પદ્ધતિઓ સાથે તેને પૂરક બનાવવાની શક્યતાને બાકાત રાખતો નથી.

વ્યક્તિગત શિક્ષણ પદ્ધતિઓની લાક્ષણિકતાઓ તરફ આગળ વધતા પહેલા, એ નોંધવું જોઈએ કે દરેક પદ્ધતિમાં પદ્ધતિસરની તકનીકોના સમૂહની કલ્પના કરી શકાય છે. આ આધારે, કેટલીકવાર પદ્ધતિઓને પદ્ધતિસરની તકનીકોના સમૂહ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે શીખવાની સમસ્યાઓનો ઉકેલ પૂરો પાડે છે.

**મૌખિક શિક્ષણ પદ્ધતિઓ:**

મૌખિક શિક્ષણ પદ્ધતિઓમાં વાર્તા, પ્રવચન, વાર્તાલાપ વગેરેનો સમાવેશ થાય છે. તેમને સમજાવવાની પ્રક્રિયામાં, શિક્ષક શબ્દ દ્વારા શૈક્ષણિક સામગ્રી નક્કી કરે છે અને સમજાવે છે, અને તાલીમાર્થીઓ તેને સાંભળવા, યાદ રાખવા અને સમજણ દ્વારા સક્રિયપણે અનુભવે છે અને આત્મસાત કરે છે. .

**વ્યવહારુ શિક્ષણ પદ્ધતિઓ:**

પ્રાયોગિક શિક્ષણ પદ્ધતિઓ તાલીમાર્થીઓની વિવિધ પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણીને આવરી લે છે. પ્રાયોગિક શિક્ષણ પદ્ધતિઓના ઉપયોગ દરમિયાન આ તકનીકોનો ઉપયોગ કરવામાં આવે છે. કાર્યને સુયોજિત કરવું, તેના અમલીકરણનું આયોજન, ઓપરેશનલ ઉત્તેજના, નિયમન અને નિયંત્રણ,

વ્યવહારુ કાર્યના પરિણામોનું વિશ્લેષણ, ખામીઓના કારણોને ઓળખવા, લક્ષ્યને સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરવા માટે તાલીમ સુધારવી.

પ્રાયોગિક પદ્ધતિઓમાં ધ્વનિ રેકોર્ડિંગ, ધ્વનિ પુનઃઉત્પાદન સાધનો સાથે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી કસરતોનો પણ સમાવેશ થાય છે, આમાં કમ્પ્યુટરનો પણ સમાવેશ થાય છે.

**પ્રેરક અને આનુમાનિક શિક્ષણ પદ્ધતિઓ:**

***પ્રેરક પદ્ધતિ***

શિક્ષણની પ્રેરક પદ્ધતિ અનુસાર શિક્ષક તે વિદ્યાર્થીઓ સમક્ષ સમસ્યારૂપ કાર્યોને મૂકે છે જેમાં ચોક્કસ જોગવાઈઓથી લઈને વધુ સામાન્ય મુદ્દાઓ, તારણો અને સામાન્યીકરણો સુધી સ્વતંત્ર તર્કની જરૂર હોય છે.

***આનુમાનિક પદ્ધતિ***

આનુમાનિક પદ્ધતિ શૈક્ષણિક સામગ્રીના ઝડપી માર્ગમાં ફાળો આપે છે, સક્રિયપણે અમૂર્ત વિચારસરણીનો વિકાસ કરે છે. તેનો ઉપયોગ ખાસ કરીને સૈધ્ધાંતિક સામગ્રીના અભ્યાસમાં, કેટલીક વધુ સામાન્ય જોગવાઈઓમાંથી પરિણામોની ઓળખની જરૂર હોય તેવી સમસ્યાઓના નિરાકરણમાં ઉપયોગી છે.

**પ્રજનન અને સમસ્યા-શોધ શિક્ષણ પદ્ધતિઓ:**

***પ્રજનન શિક્ષણ પદ્ધતિઓ***

એક વ્યાખ્યાનની રચના એ જ રીતે કરવામાં આવે છે, જેમાં પ્રેક્ષકોને ચોક્કસ વૈજ્ઞાનિક માહિતી રજૂ કરવામાં આવે છે, યોગ્ય નોંધો બનાવવામાં આવે છે, જે શ્રોતાઓ દ્વારા ટૂંકી નોંધોના રૂપમાં રેકોર્ડ કરવામાં આવે છે.

***સમસ્યા-શોધ શિક્ષણ પદ્ધતિઓ***

સમસ્યા-આધારિત શિક્ષણના અભ્યાસક્રમમાં સમસ્યા-શોધ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. તે સમસ્યાની પરિસ્થિતિ બનાવે છે સમસ્યાની પરિસ્થિતિને ઉકેલવા માટેના સંભવિત અભિગમોની સામૂહિક ચર્ચાનું આયોજન કરે છે. તાલીમાર્થીઓ અગાઉના અનુભવ અને જ્ઞાનના આધારે સમસ્યાની પરિસ્થિતિને ઉકેલવા માટેની રીતો વિશે ધારણાઓ બનાવે છે. અગાઉ પ્રાપ્ત કરેલ જ્ઞાનનું

સામાન્યીકરણ કરે છે, ઘટનાના કારણોને ઓળખે છે. સમસ્યાની પરિસ્થિતિને ઉકેલવા માટે સૌથી તર્કસંગત વિકલ્પ પસંદ કરે છે.

માનવીય પ્રવૃત્તિની રચનાના વિવિધ અભ્યાસો હંમેશા તેમાં પ્રેરણા ઘટકની જરૂરિયાત પર ભાર મૂકે છે. કોઈપણ પ્રવૃત્તિ વધુ કાર્યક્ષમ રીતે આગળ વધે છે અને ગુણાત્મક પરિણામો આપે છે, જો તે જ સમયે વ્યક્તિમાં મજબૂત, આબેહૂબ, ઊંડા હેતુઓ હોય છે જે સક્રિય રીતે કાર્ય કરવાની ઇચ્છાનું કારણ બને છે, શક્તિના સંપૂર્ણ સમર્પણ સાથે, અનિવાર્ય મુશ્કેલીઓ, પ્રતિકૂળ પરિસ્થિતિઓ અને અન્ય સંજોગોને દૂર કરવા માટે, સતત. ઇચ્છિત ધ્યેય તરફ આગળ વધવું. આ બધા પાસે છે સીધો સંબંધઅને શીખવાની પ્રવૃત્તિઓ કે જે વધુ સફળ થાય છે જો વિદ્યાર્થીઓ શીખવાની પ્રવૃત્તિઓ પ્રત્યે સકારાત્મક વલણ ધરાવતા હોય, જો તેઓમાં જ્ઞાનાત્મક રસ હોય, જ્ઞાન, કૌશલ્ય અને ક્ષમતાઓ પ્રાપ્ત કરવાની જરૂર હોય, જો તેઓમાં ફરજ, જવાબદારી અને શીખવાના અન્ય હેતુઓ હોય.

## જ્ઞાનાત્મક રસની રચનાની પદ્ધતિઓ

જ્ઞાનાત્મક રસની રચનાની સમસ્યાને સમર્પિત વિશેષ અભ્યાસો દર્શાવે છે કે તેના તમામ સ્વરૂપોમાં અને વિકાસના તમામ તબક્કે રસ ત્રણ ફરજિયાત મુદ્દાઓ દ્વારા વર્ગીકૃત થયેલ છે: 1) પ્રવૃત્તિના સંબંધમાં હકારાત્મક લાગણી; 2) આ લાગણીની જ્ઞાનાત્મક બાજુની હાજરી; 3) પ્રવૃત્તિમાંથી જ આવતા સીધા હેતુની હાજરી.

જીવનની પરિસ્થિતિઓના વિશ્લેષણનો ઉપયોગ ઉત્તેજનાની પદ્ધતિ તરીકે થાય છે. શીખવવાની આ પદ્ધતિ જ્ઞાનનું મહત્તમ સંકલન કરીને શીખવાની સીધી ઉત્તેજન આપે છે.

## શિક્ષણ પદ્ધતિઓ પસંદ કરવા માટેના માપદંડ

અધ્યાપન પદ્ધતિઓની સમસ્યાના મોટાભાગના સંશોધકો એવા નિષ્કર્ષ પર આવે છે કે "પદ્ધતિ" ની વિભાવના બહુપક્ષીય, બહુપક્ષીય હોવાથી, દરેક કિસ્સામાં શિક્ષણની પદ્ધતિ, શિક્ષક દ્વારા રચવી જોઈએ. શીખવાની પ્રવૃત્તિના કોઈપણ કાર્યમાં, ઘણી પદ્ધતિઓ હંમેશા જોડવામાં આવે છે.

- શિક્ષણના સિદ્ધાંતો સાથે પદ્ધતિઓનું પાલન.
- તાલીમના લક્ષ્યો અને ઉદ્દેશ્યોનું પાલન.

## નિષ્કર્ષ

શિક્ષણ પદ્ધતિઓના નામાંકિત વર્ગીકરણની શ્રેણીમાં બે કે ત્રણ ડઝન વધુ ઉમેરી શકાય છે. તે બધા ખામીઓ વિના નથી, અને તે જ સમયે ઘણા સકારાત્મક પાસાઓ છે. ત્યાં કોઈ સાર્વત્રિક વર્ગીકરણ નથી અને હોઈ શકતું નથી. શૈક્ષણિક પ્રક્રિયા એ ગતિશીલ બાંધકામ છે, આ સમજવું જોઈએ. જીવંત શિક્ષણશાસ્ત્રની પ્રક્રિયામાં, પદ્ધતિઓ પણ વિકસિત થાય છે અને નવા ગુણધર્મો લે છે.

એવું માનવામાં આવે છે કે વિસ્તારમાં ધાર્મિક શિક્ષણસૂચનની પદ્ધતિ સૌથી વધુ સક્રિય રીતે ઉપયોગમાં લેવાય છે - જ્ઞાન અર્ધજાગ્રત સ્તરે પ્રાપ્ત થાય છે. અલબત્ત, આવી પદ્ધતિ ફક્ત ધાર્મિક શૈક્ષણિક પ્રણાલીમાં જ નહીં, પણ અન્ય શિક્ષણશાસ્ત્રની પ્રણાલીઓમાં પણ મળી શકે છે અને તેના માટે નજીકના અભ્યાસની જરૂર છે. તાલીમમાં સંબંધિત પદ્ધતિઓનો ઉપયોગ ટૂંકા શક્ય સમયમાં અને ઓછા પ્રયત્નો સાથે નોંધપાત્ર પ્રમાણમાં જ્ઞાન અને કૌશલ્યોને સ્થાનાંતરિત કરવાની ક્ષમતા પ્રદાન કરે છે. પુનરાવર્તિત પુનરાવર્તનની શક્યતાને કારણે જ્ઞાનની શક્તિ નોંધપાત્ર હોઈ શકે છે. પરંતુ અપવાદ વિના તમામ માહિતીનો સંચાર કટ્ટરપંથી રીતે, તમામ તૈયાર તારણો આપવો, વિદ્યાર્થીને વિશ્વાસ પર લેવાની માંગણી કરવી, તર્ક વિના નમવું, માનસિક મંદતા તરફ દોરી જાય છે. સમજૂતીત્મક-દૃષ્ટાંતરૂપ અને પ્રજનન પદ્ધતિઓ બંને એ હકીકત દ્વારા વર્ગીકૃત થયેલ છે

## સંદર્ભ સૂચિ


1. એલેક્સ્યુક એ.એન. શાળામાં સામાન્ય શિક્ષણ પદ્ધતિઓ. - કે.: રેડિયન્સકા સ્કૂલ, 1983. 244 પૃષ્ઠ.

2. ડેવીડોવ વીવી વિકાસશીલ શિક્ષણનો સિદ્ધાંત. - એમ.: INTOR, 1996. - 544 પૃષ્ઠ.

3. Zagvyazinsky V.I. લર્નિંગ થિયરી: આધુનિક અર્થઘટન: ઉચ્ચ શાળાઓ માટે પાઠ્યપુસ્તક. 3જી આવૃત્તિ., રેવ. - એમ.: એકેડેમી, 2006. - 192 પૃ.

4. ક્રેવસ્કી વી.વી., ખુટોર્સકોય એ.વી. શિક્ષણના ફંડામેન્ટલ્સ: ડિડેક્ટિક્સ એન્ડ મેથડોલોજી. પ્રોક. વિદ્યાર્થીઓ માટે ભથ્થું. ઉચ્ચ પાઠ્યપુસ્તક સંસ્થાઓ - એમ.: પબ્લિશિંગ સેન્ટર "એકેડેમી", 2007. - 352 પૃષ્ઠ.

5. લ્યુડીસ વી. યા. મનોવિજ્ઞાન શીખવવાની પદ્ધતિઓ: પાઠ્યપુસ્તક. 3જી આવૃત્તિ., રેવ. અને વધારાના - એમ.: પબ્લિશિંગ હાઉસ ઓફ URAO, 2000. - 128 પૃષ્ઠ.

6. મિખાઇલિચેન્કો ઓ.વી. માં સામાજિક શિસ્ત શીખવવાની પદ્ધતિઓ ઉચ્ચ શાળા: ટ્યુટોરીયલ. - સુમી: SumDPU, 2009. - 122 પૃષ્ઠ.

7. શિક્ષણશાસ્ત્ર: પ્રોક. Bed વિદ્યાર્થીઓ માટે ભથ્થું. ઇન-ટોવ / એડ. યુ.કે.બાબન્સકી. - 2જી આવૃત્તિ., ઉમેરો. અને ફરીથી કામ કર્યું. - એમ.: એનલાઈટનમેન્ટ, 1988. - S.385 409.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1552-1559

# અનૌપચારિક શિક્ષણ સંસ્થા તરીકે તપોવન વિશ્વવિદ્યાલયનો વ્યક્તિ અભ્યાસ

*નિતીન કે. સાવજ*

*રીસર્ચ સ્કોલર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી,*

*વઢવાણ શહેર*

**Article Info.** **A B S T R A C T**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

અનૌપચારિક શિક્ષણ સંસ્થા, તપોવન વિશ્વવિદ્યાલય, વ્યક્તિ અભ્યાસ

***શિક્ષણનો એક હેતુ આજીવિકાનો પણ છે. આથી વ્યક્તિ અભ્યાસ તરીકે આ સંસ્થાનો અભ્યાસ કરવાનો સંશોધકે નક્કી કર્યું હતું. તપોવન વિશ્વવિદ્યાલયમાં ભણવામાં આવતા વિષયોનો અભ્યાસ કરવો. આધુનિક શિક્ષણની ક્ષતિઓ અને નકારાત્મક દુષણોથી આજની પેઢીને બચાવવી અને પ્રાચીન અર્વાચીન શિક્ષણ પદ્ધતિનો સુભગ સમન્વય કરીને ધીર, વીર, પ્રજ્ઞાવાન અને કર્મયોગી તેમજ સર્વાંગી વિકસિત વ્યક્તિત્વનું નિર્માણ કરવાનું લક્ષ્ય છે. તપોવન વિશ્વવિદ્યાલય એ શિક્ષણની ખોજ અર્થે આરંભાયેલી એક અનોખી વાસ્તવિક પ્રયોગશાળા છે.***

## પ્રસ્તાવના

શિક્ષણનો એક હેતુ આજીવિકાનો પણ છે. મોટાભાગે લોકો નોકરી માટે ભણતા હોય છે. 1 થી 9 ધોરણના પ્રમાણપત્રો આમાં ક્યાંય ખાસ ઉપયોગી થતા નથી. તો આ સમયગાળામાં વિદ્યાર્થી ઉપર શા માટે શિક્ષણનો બોજ નાખવો. આવા વિચારોથી પ્રેરાઈને ઘણી બધી સંસ્થાઓએ અનૌપચારિક શિક્ષણ શરૂ કરેલ છે. તેના ઘણા સારા પરિણામો પણ પ્રાપ્ત થયા છે. આવી એક સંસ્થાનો પરિચય સંશોધકને થયો અને તે સંસ્થા એટલે તપોવન વિશ્વવિદ્યાલય ધુમલી. આ સંસ્થામાં

ભણતા વિદ્યાર્થીઓની બહુવિધ પ્રતિભા, તેમની આધ્યાત્મિક દિનચર્યા, ભાવવરણ, કૌશલ્ય યુક્ત અને ભારવિહીન શિક્ષણ આ બધું સંશોધકને આકર્ષી ગયું. આથી વ્યક્તિ અભ્યાસ તરીકે આ સંસ્થાનો અભ્યાસ કરવાનો સંશોધકે નક્કી કર્યું હતું.

## અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબના હતા.

1. તપોવન વિશ્વવિદ્યાલયના સ્થાપનાનો ઇતિહાસ જાણવો.
2. તપોવન વિશ્વવિદ્યાલયના બંધારણ આધારિત હેતુઓનો અભ્યાસ કરવો.
3 . તપોવન વિશ્વવિદ્યાલયની ભૌતિક સુવિધાનો અભ્યાસ કરવો.
4. તપોવન વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીઓની પ્રવેશ પાત્રતા અને પ્રવેશ કાર્યવાહીનો અભ્યાસ કરવો.
5. તપોવન વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ માટેના નિયમોનો અભ્યાસ કરવો.
6. તપોવન વિશ્વવિદ્યાલયમાં ભણવામાં આવતા વિષયોનો અભ્યાસ કરવો.
7. તપોવન વિશ્વવિદ્યાલયની અધ્યાપન પદ્ધતિઓનો અભ્યાસ કરવો.

## અભ્યાસનું મહત્વ

તપોવનવિદ્યાલય આપણી વેદકાલીન સંસ્કૃતિનો પરિચય કરાવી રહે છે. પ્રકૃતિના ખોળે, વૃક્ષોની છાયામાં, ગુરુજનોની સાનિધ્યમા વિદ્યાર્થીઓ વિદ્યાઉપાસના કરે છે. આ નુતન પ્રયાગનો મુખ્ય હેતુ એ છે. અહી ભણનારા વિદ્યાર્થીઓને યોગ્ય દિશા આપીને, તેનામાં છે તેને જ પ્રગટ કરવાનું લક્ષ્ય છે. અહીં આવનાર વિદ્યાર્થીઓ જ્ઞાન જિજ્ઞાસાથી પ્રવેશ કરે અને આદર્શજીવન જીવવાનું શિક્ષણ મેળવી દીક્ષિત થઈને ઘરે પ્રસ્થાન કરે. આ વિદ્યાર્થીઓ સત્યના ઉપાસક અને જ્ઞાનને વેચનાર નહીં પણ વહેંચનારા બને. તેઓ 'સ્વ'ની સાથે સર્વને કેન્દ્રમાં રાખીને જીવનારા બને. તેઓ પરમાર્થ પરાયણ અને પ્રેમ કરુણાથી દીક્ષિત બને. તેઓ ધર્મ ,અર્થ, વિકાસ, અધ્યાત્મ તરફ ગતિ કરનારા બને. તેઓ સાધન સંપન્ન બને. તેઓનો સમાજ સંસ્કારી, કર્મયોગી, ફરજ નિષ્ઠ, સાંસ્કૃતિક અને સ્નેહાળ બને.

આધુનિક શિક્ષણની ક્ષતિઓ અને નકારાત્મક દુષણોથી આજની પેઢીને બચાવવી અને પ્રાચીન અર્વાચીન શિક્ષણ પદ્ધતિનો સુભગ સમન્વય કરીને ધીર, વીર, પ્રજ્ઞાવાન અને કર્મયોગી તેમજ સર્વાંગી વિકસિત વ્યક્તિત્વનું નિર્માણ કરવાનું લક્ષ્ય છે. શિક્ષણ સંબંધી બિનજરૂરી ભાર વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો ઉપરથી હટે અને અધ્યાપન કાર્યમાં ગુરુની મહતાને પુનઃસ્થાપિત કરીને 'ગુરુકુળ પરંપરા' ને પુનઃજીવિત કરી આજની પેઢીમાં ભારતીય સંસ્કૃતિના મહાન મૂલ્યનું સિંચન કરવાની આશા છે.

## સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસને વ્યવહારિક કે ગુણાત્મક પ્રકારમાં મૂકી શકાય તાત્વિક સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકવા કે સૈદ્ધાંતિક જ્ઞાનના ઉપયોજનના હેતુથી હાથ ધરવામાં આવેલા સંશોધનો વ્યવહારિક સંશોધનો તરીકે ઓળખાય છે. પ્રસ્તુત સંશોધનના પરિણામો વ્યવહારિક રીતે ઉપયોગમાં લઈ શકાય તેમ છે, તેથી પ્રસ્તુત અભ્યાસ વ્યવહારિક સંશોધન છે. પ્રસ્તુત સંશોધન તપોવન વિશ્વવિદ્યાલય સંસ્થાનો અભ્યાસ કરી તેના વિવિધ પાસાઓને વર્ણાત્મક સ્વરૂપે રજૂ કરે છે, આથી આ સંશોધન વ્યક્તિ અભ્યાસ પ્રકારનું સંશોધન કહી શકાય. વળી આ સંશોધનમાં પ્રાપ્ત માહિતીને ગુણાત્મક રીતે અને વર્ણનાત્મક રીતે રજૂ કરવાની હોવાથી આ સંશોધન ગુણાત્મક પણ કહેવાય. આમ, સંશોધનની નિષ્પતિ ગુણાત્મક હોવાથી તે ગુણાત્મક સંશોધન છે.

## વ્યાપવિશ્વ અને નમુનો

પ્રસ્તુત અભ્યાસમાં તપોવન વિશ્વવિદ્યાલયનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અહીં વ્યાપવિશ્વ એ જ નમૂનો છે.

## ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં તપોવન વિશ્વવિદ્યાલયનો અભ્યાસ કરવાનો હતો.આ અભ્યાસ અસરકારક રીતે અને સર્વાંગીણ થાય તે માટે રુબરુ મુલાકાત અને તે સંબધિત સાહિત્યનો અભ્યાસ કરવો જરરી હતો. આ માટે પ્રયોજકે નીચે મુજબના મુખ્ય ઉપકરણોની પસંદગી કરી હતી. (1)દસ્તાવેજો (2) અવલોકન (3) મુલાકાત (4) સંસ્થા દ્વારા પ્રકાશિત સાહિત્ય.

## માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે માહિતીના ઉપકરણોને આધારે માહિતીની પ્રાપ્તિ કરી હતી. તપોવન વિશ્વવિદ્યાલય સંસ્થા વિશે લખાણો તેમજ સંસ્થા વિશે વર્તમાન વિધાર્થી, શિક્ષકો, ટ્રસ્ટીઓ

અને મુલાકાતીઓ પાસેથી માહિતી મેળવી હતી. આ ઉપરાંત સંશોધકે તપોવન વિશ્વવિદ્યાલય સંસ્થાની રૂબરૂ મુલાકાત, દસ્તાવેજો, પુસ્તકો, વર્તમાનપત્રો અને ઇન્ટરનેટ દ્વારા માહિતી એકઠી કરી હતી. આમ પ્રાથમિક સ્ત્રોત અને ગૌણ સ્ત્રોતના આધારે માહિતી એકત્રીકરણનું કાર્ય થયું હતું.

**માહિતીનું વિશ્લેષણ**

જુદા જુદા ઉપકરણ દ્વારા એકત્ર કરાયેલી માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણની પદ્ધતિ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. ઉપલબ્ધ સંદર્ભ સ્ત્રોતો પરથી મળેલી માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ કરી વિષયોના મુદ્દાઓને યોગ્ય તાર્કિક ક્રમમાં ગોઠવી માહિતીનું અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસમાં માહિતીના પૃથક્કરણ કે વિશ્લેષણની રીત ગુણાત્મક સંશોધનને અનુરુપ હતી.

**તારણો**

**પ્રાપ્ત પરિણામોનું પૃથક્કરણ, અર્થઘટન અને તારણો**

પ્રયોજકે જુદા જુદા ઉપકરણો દ્વારા પ્રાપ્ત કરેલી માહિતીને હેતુના સદર્ભમાં માહિતીનું પૃથક્કરણ કર્યું હતું. આ પૃથક્કરણ આધારે કેટલાક તારણો મેળવ્યા હતા. હેતુના સંદર્ભમાં માહિતી પૃથક્કરણ નીચે મુજબ છે.

**(1) તપોવન વિશ્વવિદ્યાલયના સ્થાપનાનો ઇતિહાસ.**

તપોવન વિશ્વવિદ્યાલય એ શિક્ષણની ખોજ અર્થે આરંભાયેલી એક અનોખી વાસ્તવિક પ્રયોગશાળા છે. આ સંસ્થાની સ્થાપના 2010મા ભીમશીભાઇ કરમુર દ્વારા કરવામાં આવી હતી. તપોવન વિશ્વવિદ્યાલય ગામ : ધુમલી, તાલુકો: ભાણવડ, જિલ્લો: દેવભૂમિ દ્વારકામાં આવેલ છે.

તપોવન વિશ્વવિદ્યાલય હજારો ઔષધીય વનસ્પતિથી હર્યાભર્યા બરડા ડુંગરની ગોદમાં આવેલ છે. વિશ્વવિદ્યાલય વર્તમાન અભ્યાસની સાથે કૃષિ, કલા અને વિજ્ઞાનની સાથે લઈને એક વિશ્વ વિદ્યાપીઠ તરફ આગળ વધી રહી છે. અહીં માણસ ઉગાડવાની સાથો સાથ તેને સંસ્કારી કરવામા આવે છે. તેમ જ અર્થઉપાર્જન માટે કૌશલ્યનુ શિક્ષણ આપવામાં આવે છે. બ્રહ્મચર્ય, એકાગ્રતા, સ્વયં-શિસ્ત અને સમય પાલન માટે મનનું શિક્ષણ તપોવન વિશ્વવિદ્યાલયમા આપવામાં આવે છે

**(2) તપોવન વિશ્વવિદ્યાલયના બંધારણ આધારિત હેતુઓ.**

વર્તમાન સમયમાં શિક્ષણ સામે અનેક સવાલો સર્જાયા છે. શિક્ષણને માત્ર વ્યવસાયિક અને કારકિર્દીની દ્રષ્ટિએ જોવામાં આવે છે. પરંતુ વ્યક્તિ વિકાસ, પરિવાર અને સમાજ વિકાસ, રાષ્ટ્ર

વિકાસ કે સંસ્કૃતિ જતનનો પ્રયાસ શિક્ષણની વર્તમાન પધ્ધતિમાં ભાગ્ય જોવા મળે છે. પરિણામે આજે બાળક રાષ્ટ્રપ્રેમ, આધ્યાત્મિકતા અને આત્મસંતોષથી વિમુક્ત થઈ રહ્યો છે.

તપોવન વિશ્વવિદ્યાલયના બંધારણ આધારિત મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

1. વ્યક્તિ, કુટુંબ, સમાજ,રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વનો સુમેળભર્યો વિકાસ થાય એવું જીવનશિક્ષણ બાળકોને આપવામાં આવે છે.

2. બહુવિધ કૌશલ્ય અને ટેકનોલોજીથી બાળકને સુસજ્જ કરવામાં આવે છે.

3. શારીરિક, માનસીક, બૌધ્ધિક અને આધ્યાત્મિક વિકાસને કેળવણીનું અભિન્ન અંગ બનાવે છે. તેમજ સંશોધાનાત્મક અને શૈક્ષણિક પ્રવુતિઓને કેન્દ્રવતી સ્થાન અપાય છે.

4. બાળકોમાં શિક્ષણની સાથે માનવીય મૂલ્યોનું ઘડતર કરી શકાય તેવા હેતુને પ્રાધાન્ય અપાય છે.

## (3) તપોવન વિશ્વવિદ્યાલયમાં ભૌતિક સુવિધા.

તપોવન વિદ્યાલય એ પ્રકૃતિનું ધામ છે. અહીં વિદ્યાર્થીઓને રહેવા માટે ટેન્ટ છે. એક મોટા ટેન્ટમાં પ્રાર્થનાખંડ છે. એક ગૌશાળા છે .આ ઉપરાંત એક વર્કશોપ છે. અને કોમ્પ્યુટરનો રૂમ પણ છે. ડુંગરા ઉપર 3 સરસ મજાના પ્રકૃતિમાં ઘાસના મકાન છે. જ્યાં સવારે રોજ યજ્ઞ થાય છે. નીચેની સાઈડમાં ભોજનાલય છે. અને ત્યાં ખુલ્લામાં ભોજન કરી શકાય છે. ખૂબ મોટું પરિસર છે. ઘણાં ફળ જાડ છે. નવું ભવન હાલમાં નિર્માણ થઈ રહ્યું છે.

## (4) તપોવનમાં વિદ્યાર્થીઓનો પ્રવેશપાત્રતા અને પ્રવેશની કાર્યપદ્ધતિ:

(1) વય મર્યાદા 10 વર્ષ કે તેથી વધુ અને 12 વર્ષથી ઓછી.

(2) પ્રવેશ પહેલા વિદ્યાર્થીનું આરોગ્ય, માનસિકતા બૌધ્ધિકતા, સંસ્કાર અને સ્વભાવની કસોટી લેવાય છે. વિદ્યાપીઠના ધ્યેયને લાયક વિદ્યાર્થીને પ્રવેશ અપાય છે.

(3) વિદ્યાર્થીમાં સામાન્યપણે સરળતા, ધગશ, ઉત્સાહ, આજ્ઞાંકિતતા જેવા ગુણો હોવા જોઇએ.

(4) ઉપરોકત પાત્રતા ધરાવતા વિદ્યાર્થી અને વાલીનું ઈન્ટરીયુ લેવામાં આવે છે. તેમાં પંસદ થયેલા વિદ્યાર્થીને કુટુંબ સાથે 5 દિવસ તપોવન વિશ્વવિદ્યાલય રહેવા માટે બોલવામાં આવે છે. ત્યારબાદ પરસ્પર સ્પષ્ટ સમજણના આધારે વિદ્યાર્થીને આખરી પ્રવેશ આપવામાં આવે છે.

**(5) તપોવનમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ માટેના નિયમો.**

(1) દરરોજ એક સામાયિક વાચવું, મંત્ર, પ્રાર્થના, પૂજા ધાર્મિક સૂત્રોની ઓછામાં ઓછી બે ગાથા કંઠસ્થ કરવી.

(2) વિદ્યાપીઠના નિયમ મુજબ ખાદીના વસ્ત્રો ધોતી, ઝભ્ભો, લેંઘો કે શેરવાની જેવા પહેરી શકાશે.

(3) વિદ્યાર્થીએ એક માસમાં બે વાર પોતાના માતા પિતાને પત્ર પોસ્ટકાર્ડ લખી શકશે.

(4) દિનચર્યાને અનુસરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવાનો રહેશે.

(5) પ્રતિદિન વિદ્યાર્થીએ રોજિંદા કામગીરીનો કે કાર્યોનો અહેવાલ લખવાનો રહેશે.

(6) દરેક વિદ્યાર્થીને પ્રતિદિન કાર્યનું આયોજન જાતે કરવાનું હોય છે.

**(6) તપોવન વિશ્વવિદ્યાલયમાં ભણાવવામાં આવતા વિષયોનો અભ્યાસ.**

વિષયોની વહેચણી ત્રણ વિભાગમાં કરવામાં આવી છે

(અ) વિદ્યાઓ (બ) કળાઓ (ક) કુશાણતાઓ

**(અ)** આ વિદ્યાઓ વિશેષ કરીને શ્રવણ, કથન, વાંચન, લેખન સાથે સંબંધિત છે. વિષયો જેવા કે ભાષાઓ ,ગણિતશાસ્ત્ર, આયુર્વેદ આન્વીક્ષિકા વિદ્યા-ન્યાય વિદ્યા, વ્યવસાયની વિદ્યા, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, ઇતિહાસ, વિશ્વદર્શન ભૂગોળ, નિમિતવિદ્યા, નીતિશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, પદાર્થ જ્ઞાન અને સામાન્ય જ્ઞાન, વિદ્યાઓ શીખવવામાં આવે છે.

**(બ) કળાઓ**

**ચિ**ત્ર, ગાન, વાદન, સીવણ રસોઈકળા, અભિનય લેખન, સંભાષણ વાંચન, સર્જન, શણગાર, જાદુકળા જેવી સંબંધી કળાઓ શીખવવામાં આવે છે.

**(ક) કુશળતાઓ:**

સાક્ષરતા સબંધી કુશળતાઓ ,શરીર સંતુલન તાલીમ અને ક્રિયાઓ સુશ્રુષા સંબધી, ઉપકરણો અને યાંત્રિક સાધનો સંબંધી, બંધન સંબંધી, રોજિંદી બાબતો, ગૌશાળા સંબંધી, ભક્તિ સંબંધી, આયોજન સંચાલન સંબંધી કુશળતાઓ શીખવવામાં આવે છે.

**(7) તપોવન વિશ્વવિદ્યાલયની અધ્યાપન પદ્ધતિ.**

(1) ગુરુ શિષ્ય પરંપરા પદ્ધતિથી શીખવવામાં આવે છે

(2) પ્રશનોતરી પદ્ધતિથી શિખવામાં આવે છે.

(3) પઠન ગાન રટણ પદ્ધતિ શીખવામાં આવે છે.

(4) વિદ્યાર્થી સ્વયં વાંચન દ્વારા વિવિધ જ્ઞાન મેળવે છે. અને ન સમજાતી બાબતો વાક્યો શબ્દો પદાર્થો વિશે ગુરુ પાસેથી માર્ગદર્શન મેળવે છે.

(5) ધ્યાન પદ્ધતિ, દર્શન નિરીક્ષણ પદ્ધતિ, જૂથચર્ચા પદ્ધતિ, સ્વયં શિક્ષા અને અભિવ્યક્ત પદ્ધતિ શીખવામાં આવે છે.

(6) પ્રયત્ન અને કરણ પદ્ધતિમાં કળાઓ અને કુશળતાઓનું વારંવાર નિરીક્ષણ કરી સ્વયં પ્રયત્નથી જ શીખી શકાય છે.

**તારણો**

(1) તપોવન વિશ્વવિદ્યાલયની સ્થાપના ૨૦૧૦મા ભીમશીભાઈ કરમુરે કરી હતી.

(2) ધીર, વીર, ગુણવાન ,વિદ્વાન, પ્રજ્ઞાવાન, રાષ્ટ્પ્રેમી, ધર્મપ્રેમી, શ્રેષ્ઠ, સમર્થ વ્યકિતત્વ ધરાવતા યુવાઓનું નિર્માણ કરે છે .

(3) તપોવનમાં મુખત્વે ગુરુકુળ પરંપરા ને ધ્યાનમાં રાખીને સાદય ભરેલી ભૌતિક સુવિધા અને સમૃધ્ધ પર્યાવરણ છે.

(4) 10 થી 12 વર્ષની ઉમર ધરાવતા બાળકની અને વાલીની સંસ્થાના ભાવાવરણ ને અનુરૂપ માનસિકતા હોય તેવા વિદ્યાર્થી ને પ્રવેશ આપવામાં આવે છે.

(5) તપોવનમાં પ્રેવશ લેનાર વિદ્યાર્થીઓ માટેના મુખ્યત્વે નિયમો ગુરુકુળ પરંપરાને ધ્યાનમાં રાખીને બનાવામાં આવ્યા છે .

(6) તપોવનમાં ૬૪ કળાઓ અને કુશળતાઓ શીખવામાં આવે છે .

(7) તપોવનમાં ધ્યાન પદ્ધતિ, દર્શન નિરીક્ષણ પદ્ધતિ, જૂથચર્ચા પદ્ધતિ, સ્વયં શિક્ષા અને અભિવ્યક્ત પદ્ધતિ શીખવામાં આવે છે.

## સંદર્ભ સૂચિ

1. Majumdar, S. C. (1979). A century of Calcutta University : A Study of administration, in M. B. Buch (1989) Fourth survey of research in education, pp. 107, New Delhi : NCERT.

2. Cowan, M. (1995). The National Humanities Institute : The First year in America Quarterly, Vol, XIV, Jan 1998, pp. 378-386.

3. Best, J. W., & Kahn, J. V. (1995) Research in Education (7th Ed.). New Delhi : Prentice Hall of India Private Limited.

4. McMillan, J. H., & Schumacher, S. (1998). Research in Education (2nd Ed.). New York : Halpel Collins.

5. Pandey, K. P. (1984).A Study of the Educational Institution of Ancient India, from Vadic Age to Kushan period, in M. B. Buch (1989) Fourth Survey of Research in Education Vol. I (pp. 108), New Delhi : NCERT.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1560-1566

# Developing Mindfulness while Learning the English Language

***Pritisingh Rajput***

*Research Scholar,*
*Department of Humanities and Liberal Arts,*
*Rabindranath Tagore University, Bhopal, India*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

Mindfulness, English as a Foreign Language

**A B S T R A C T**

*The idea of mindfulness and how it might be applied to foreign language (FL) instruction to enhance the well-being of both teachers and students has attracted increasing attention. Mindfulness is a new practice in FL education that can be utilized to improve learning conditions by transforming negative arousal in the language classroom in a positive way. In order to create a less stressful learning environment and influence the conscious regulation of reactions to events occurring in a language classroom, mindfulness can be incorporated into FL teaching and learning. However, FL teachers might not be familiar with mindfulness or realize it in practice, so they need help figuring out how to use it in their particular teaching environments. This idea led to the development of this paper, which discusses strategies for fostering mindfulness in learning languages in classrooms and summarizes the most recent findings from mindfulness research in language education. For this reason, in addition to mindfulness exercises for the improvement of language abilities, several activities are recommended, such as breathing techniques and meditation techniques, to help teachers cultivate a thoughtful attitude. Additionally, this research emphasizes the significance of incorporating mindfulness into FL teacher education and offers insight into mindfulness-based language teaching with noteworthy implications to enhance FL teaching/learning situations.*

**INTRODUCTION**:

Mindfulness, rooted in ancient Eastern traditions like Buddhism, has gained significant traction in contemporary society as a potent tool for enhancing mental clarity, emotional well-being, and overall quality of life. Its application extends far beyond the realms of meditation and spirituality, finding relevance in various modern contexts, including education. Particularly in the realm of learning English as a foreign language (EFL), mindfulness offers a plethora of advantages, contributing to a more effective, enjoyable, and holistic learning experience.

At its core, mindfulness involves cultivating heightened awareness of the present moment, coupled with an attitude of non-judgmental acceptance toward one's experiences. In the context of language acquisition, this entails focusing on language learning activities with full attention and openness, without dwelling on past mistakes or worrying about future challenges. By fostering a sense of presence and acceptance, mindfulness can significantly enhance comprehension, retention, and linguistic sensitivity among learners.

Moreover, mindfulness practices can serve as powerful tools for managing stress and anxiety commonly associated with language learning. Techniques such as deep breathing exercises, guided relaxation, and mindful meditation can help learners alleviate tension, improve focus, and enhance their overall enjoyment of the learning process. By incorporating these practices into language instruction, educators can create a more supportive and conducive learning environment, where students feel empowered to engage with the material more deeply and authentically. When it comes to language acquisition, this can support a growth mindset in which students see hurdles as chances to get better rather than as barriers to overcome (Zanesco, A. P. et al. 2016)

Furthermore, mindfulness promotes clear communication and attentive listening, essential skills for effective language acquisition. By encouraging students to be fully present in their interactions with the language, mindfulness cultivates a deeper understanding of linguistic nuances, including vocabulary, syntax, and pronunciation. Through mindful listening exercises, learners develop the ability to discern subtle differences in pronunciation and intonation, thereby improving their comprehension and communication skills.

Additionally, mindfulness fosters a growth mindset, wherein learners view challenges as opportunities for growth and development rather than insurmountable obstacles. By cultivating a mindset of curiosity, openness, and resilience, mindfulness empowers learners to

approach language learning with a sense of enthusiasm and curiosity, leading to greater motivation and persistence in the face of difficulties.

Incorporating mindfulness into EFL instruction can take various forms, ranging from short mindfulness activities integrated into language lessons to dedicated mindfulness sessions focused on language learning. Activities such as mindful breathing exercises, listening comprehension exercises, and reflective journaling can be seamlessly integrated into existing language curriculum, enriching the learning experience and promoting holistic development.

Overall, mindfulness offers a comprehensive approach to language learning that addresses both the cognitive and emotional aspects of the learning process. By fostering greater self-awareness, emotional regulation, and linguistic sensitivity, mindfulness empowers learners to develop a deeper connection with the language and culture they are studying, leading to more meaningful and authentic language acquisition experiences. Therefore, integrating mindfulness into English language learning in India and beyond can be highly beneficial, paving the way for a more mindful, effective, and enjoyable approach to language acquisition. Learners can discover new avenues for comprehension, communication, and enjoyment of the rich diversity of the English language by adopting a mindful approach to language learning (Reimers, F. M. et. al.,2022)

The following are some ideas for incorporating mindfulness into your English language learning process:

1. Spend a few minutes breathing mindfully at the beginning of each English study session. As you carefully inhale and exhale, pay attention to your breath. This can aid in mental relaxation and improve focus.

2. Make an effort to be totally present in the moment as you study English. Stay focused on the thing you are studying, whether it is reading comprehension, grammar, or vocabulary, and avoid distractions.

3. Engage in focused listening while honing your language skills. Whether you're listening to podcasts, recorded conversations, or native speakers, pay close attention to the subtleties and sounds of the language. This can improve your ability to understand words.

4. Focus on the words that are written on the page when reading English literature. Be mindful of word definitions, phrase constructions, and the message's overall meaning. Don't rush through; instead, take your time to comprehend the material.

5. Pay attention to the words you use and how you pronounce them when speaking English. By practising, you can get better at speaking English aloud.

6. When engaging in writing activities, practice mindfulness. Be mindful of your word choice, sentence construction, and grammar. With a concentrated mind, go over your work again, making corrections and enhancing clarity.

7. Choose a few new words to concentrate on each day rather than trying to learn a lot of terms at once. Incorporate them thoughtfully into your writing and discussions. Improved usage and retention may result from this strategy.

8. Make time to reflect on your progress in learning a language. No matter how tiny, celebrate your accomplishments and think about how you can do better. Thinking critically promotes optimism and never-ending education.

9. Set aside certain times for practicing your English, and go into each session with awareness. Participate completely in the learning process by practicing your speaking, listening, and reading skills.

10. Look into tools or applications that might help you practice mindfulness and meditation. In addition to your English language studies, these resources can assist you in creating a consistent mindfulness practice.

Your concentration, understanding, and general language proficiency may all be improved by including mindfulness in your English language study regimen. It all comes down to putting your all into the process and enjoying the voyage of learning a new language.

## REVIEW OF LITERATURE

In 2024, Alba Fano-Trabanco's research study, it focused on connecting mindfulness practices with second language (L2) teaching. Initially centered on L2 learners' benefits, research from the early 2020s explored mindfulness's impact on L2 teachers, including its influence on relationships, identity, and motivation. Some teachers hesitated to integrate mindfulness, but interest in its potential for enhancing well-being and job performance grew.

The research highlighted varied opinions among L2 teachers and suggested mindfulness as a valuable addition to language education for teachers, learners, and administrators.

In 2022, Trojan highlights the importance of incorporating mindfulness strategies into English as a Second Language (ESL) instruction to improve the learning experience for non-native English speakers. This approach is particularly relevant in transnational settings, where English language teaching requires critical attention. Mindfulness strategies involve explicit instruction of word function and components using slides and independent research on each system. This aligns with foreign and classical language instruction commitments and promotes healthy transitions for students. Mindfulness strategies can also reduce occupational stress for both students and instructors through new techniques and cognitive behavioural therapy.

In 2021, Ergas emphasised mindfulness in the book "Mindfulness and the Quiet Revolution in Education" highlighting the transformative potential of mindfulness in education, highlighting its impact on student learning and classroom behaviour. It calls for large-scale empirical investigations to evaluate school-integrated mindfulness programs, emphasizing the need for experiential understanding and qualitative studies on young people's experiences.

In 2017, K. Nivenitha found that mindfulness, metacognition, and self-regulated learning significantly impact academic performance among adolescents. Mindfulness positively affects academic self-regulation, while test anxiety and mindfulness also influence academic achievement. Self-regulated learning strategies also positively affect academic achievement. Overall, these findings suggest that mindfulness, metacognition, and self-regulated learning are crucial factors in enhancing academic performance among adolescents.

**IMPLICATIONS**:

After conducting the Literature Review, the following research prospects emerge:

1. Assess the impact of mindfulness exercises on language learning, focusing on vocabulary acquisition, grammar retention, and overall linguistic proficiency.

2. Explore the influence of mindfulness on vocabulary and language structure recall, examining improvements in retention, recall, and long-term memory.

3. Investigate the cognitive benefits of mindfulness in language acquisition, particularly in enhancing focus, attention, and concentration during learning.

4. Examine the relationship between mindfulness and cognitive flexibility in language learning, exploring how mindfulness techniques can aid adaptation to diverse linguistic environments.

5. Mindfulness for Language Anxiety: Explore how mindfulness can reduce language anxiety and enhance emotional resilience in language learning.

6. Motivation and Awareness: Investigate how mindfulness practices influence language acquisition by examining motivation, awareness, and language proficiency.

7. Holistic Impact of Mindfulness: Explore how mindfulness affects overall language development, including speaking, listening, reading, and writing skills.

8. Mindfulness for Communication: Examine how mindfulness exercises can improve foreign language communication skills and pronunciation.

## CONCLUSION

In summary, mindfulness has a great deal of promise to improve language learning. By incorporating mindfulness practices into English language training, teachers can establish a more encouraging and conducive learning atmosphere that helps students become more emotionally resilient and less anxious when speaking the language. Additionally, mindfulness practices foster clear communication, focused listening, and cognitive flexibility, which enhances vocabulary retention, recall of language structures, and general language ability.

In addition, mindfulness improves awareness, motivation, and the development of language in all its forms—speaking, listening, reading, and writing. Incorporating mindfulness into language instruction provides benefits for teachers as well as students, providing insightful information on successful language acquisition techniques and fostering a healthy learning environment. Future studies should look into the various advantages of mindfulness in language learning as well as how it might improve pronunciation and communication abilities in situations where the language is spoken by non-native speakers.

## REFERENCES:


1) Ergas, O. (2021). Mindfulness and the Quiet Revolution in Education. *Resling Publishing.*

2) Fano-Trabanco, A. (2024). Exploring the relationship between mindfulness and second language teaching *(Doctoral thesis, University of Calgary, Calgary, Canada). Retrieved from* https://prism.ucalgary.ca. https://hdl.handle.net/1880/118025

3) K. Nivenitha (2017). Influence of mindfulness metacognition and self regulated learning on academic performance among adolescents. *Retrieved from* http://hdl.handle.net/10603/279693

4) Reimers, F. M. (2022). Learning from a pandemic. The impact of COVID-19 on education around the world. In *Primary and secondary education during COVID-19* (pp. 1-37). Springer, Cham.

5) Trojan, S. (n.d.). Integrating mindfulness strategies and English as a second language instruction. *DigitalCommons@Hamline*. https://digitalcommons.hamline.edu/hse_cp/485/

6) Zanesco, A. P., King, B. G., MacLean, K. A., Jacobs, T. L., Aichele, S. R., Wallace, B. A., Smallwood, J., Schooler, J. W., & Saron, C. D. (2016). Meditation training influences mind wandering and mindless reading. *Psychology of Consciousness: Theory, Research, and Practice, 3*(1), 12-33. https://doi.org/10.1037/cns0000082

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1567-1571

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં તકનીકીનો ઉપયોગ અને સમન્વય

*પ્રો. રાંભીબેન એસ. બાપોદરા*

*શ્રી આર. પી. અનડા કૉલેજ ઓફ એજ્યુકેશન ; બોરસદ*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, તકનીકીનો ઉપયોગ, સમન્વય

**A B S T R A C T**

***ભારત માહિતી અને સંચાર તકનીકીમાં અને અવકાશવિજ્ઞાન જેવા અન્ય લ ક્ષેત્રોમાં વૈશ્વિક અગ્રણી છે. ડિજિટલ ઇન્ડિયા અભિયાન સમગ્ર દેશને ડિજિટલ રીતે સશક્ત સમાજ અને જ્ઞાન અર્થતંત્રમાંપરિવર્તિત કરવામાં મદદ કરી રહ્યું છે. આ પરિવર્તનમાં શિક્ષણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, પરંતુ શૈક્ષણિક પ્રક્રિયાઓ અને અધ્યયન નીપજોમાં સુધારામાં તકનીકી પોતે જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે; આમ, તમામ સ્તરેતકનીકી અને શિક્ષણ વચ્ચેનો સંબંધ અરસપરસ છે.***

વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકો સહિત તકનીકી-સેવી શિક્ષકો અને ઉદ્યોગ સાહસિકોની સર્જનાત્મકતા સાથે સંકલાયેલા તકનીકી વિકાસની વિસ્ફોટક ગતિને જોતાં એ નક્કી છે કે તકનીકી શિક્ષણને અનેક રીતે અસર કરશે, જેમાંથી કેટલીક વર્તમાન સમયમાં આગાહી કરી શકાય છે. નવા તકનીકી ક્ષેત્ર જેવા કે કૃત્રિમ બુધ્ધિમત્તા એઆઇ(**AI**), મશીન લર્નિંગ, બ્લોકચેઇન, સ્માર્ટ બોર્ડ, હેન્ડહેલ્ડ કમ્પ્યુટિંગ ડિવાઇસ, વિદ્યાર્થીઓના વિકાસ માટે એડેપ્ટિવ કમ્પ્યૂટર ટેસ્ટીંગ અને અન્ય પ્રકારના સોફ્ટવેર દ્વારા માત્ર એ પરિવર્તન નહિ થાય કે વિદ્યાર્થીઓ વર્ગખંડમાં શું શીખે છે, પરંતુ તેમાં પણ પરિવર્તન થશે કે તેઓ કેવી રીતે શીખે છે. આ રીતે આ ક્ષેત્રોમાં ભવિષ્યમાં પણ તકનીકી અને તેનાથી શૈક્ષણિક એમ બંને દૃષ્ટિથી વ્યાપક સંશોધનની જરૂર પડશે.

શિક્ષણના વિવિધ પાસાઓને સુધારવા માટે તકનીકીના ઉપયોગ અને સમન્વયને ટેકો આપવામાં આવશે અને અપનાવવામાં આવશે. પરંતુ તે પહેલાં બૃહદ સ્તર પર લાગુ કરાતા પહેલાં તેમનાં વાસ્તવિક સંદર્ભોમાં મજબૂત અને પારદર્શક રીતે મૂલ્યાંકન કરવામાં આવેલ હોય. શાળા અને ઉચ્ચ શિક્ષણ માટે શિક્ષણ,મૂલ્યાંકન, આયોજન, વહીવટ વગેરેમાં સુધારા માટે તકનીકીના ઉપયોગ પર વિચારોના મુક્ત આદાન- પ્રદાન માટે એક મંચ પ્રદાન કરવા માટે એક સ્વાયત્ત સંસ્થાના ભાગરૂપે રાષ્ટ્રીય શૈક્ષણિક તકનીકી ફોરમ (નેશનલ એજ્યુકેશનલ ટેકનોલૉજી ફોરમ - **NETF)**ની રચના કરવામાં આવશે. **NETF નો** ઉદ્દેશ તકનીકીને અપનાવવા અને કોઈ ક્ષેત્ર વિશેષમાં તેના ઉપયોગથી સંબંધિત નિર્ણયોને સરળ બનાવવાનો છે. **NETF** આ કાર્ય કેન્દ્ર અને રાજ્ય સરકારો, શૈક્ષણિક સંસ્થાઓના પ્રમુખો તથા અન્ય હિતધારકોને, નવીનતમ જ્ઞાન અને સંશોધનની સાથે શ્રેષ્ઠ કાર્યપ્રણાલીઓને એકબીજાથી પરિચિત કરી માર્ગદર્શનના અવસર આપી શકાશે. **NTEF** પાસે:

- (ક) તકનીકી આધારિત પ્રયાસો પર કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓને સ્વતંત્ર અને પુરાવા આધારિત સલાહ પૂરી પાડવી;
- (ખ) શૈક્ષણિક તકનીકીમાં બૌદ્ધિક અને સંસ્થાગત ક્ષમતાઓનું નિર્માણ;
- (ગ) આ ક્ષેત્રમાં વ્યૂહાત્મક રીતે અત્યંત પ્રભાવી કાર્યોની કલ્પના કરવી; અને
- (ધ) સંશોધન અને નવીનતા માટે નવી દિશાઓને સ્પષ્ટ કરવા જેવી કામગીરી હશે.

શૈક્ષણિક તકનીકીના ઝડપથી બદલાતા ક્ષેત્રમાં પ્રસ્તુત રહેવા માટે **NTEF** શૈક્ષણિક તકનીકીમાં થતાં સંશોધનો અને તેની સાથે જોડાયેલી વિવિધ માહિતીનો નિયમિત પ્રવાહ જાળવી રાખશે. આ ઉપરાંત આ ક્ષેત્રમાં કાર્યરત ટેક્નૉલૉજી ઇનોવેટર્સ અને અન્ય વિશેષજ્ઞો સાથે મળતી માહિતીનું વિશ્લેષણ કરવા માટે જોડાશે. જ્ઞાન અને તેના પ્રયોજનની તથા આ દિશામાં સતત નવા સર્જનને વધારવા, **NTEF** વિવિધ પ્રાદેશિક અને રાષ્ટ્રીય સંમેલનો વગેરેનું આયોજન કરશે.

તકનીકી પ્રયાસોનો મુખ્ય ઉદ્દેશ અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન પ્રક્રિયાઓમાં સુધારો, શિક્ષકોની તૈયારી અને વ્યાવસાયિક વિકાસને ટેકો આપવા, શૈક્ષણિક સુલભતા વધારવા અને શૈક્ષણિક આયોજન, વ્યવસ્થાપન અને સરળ બનાવવાના હેતુઓ માટે રહેશે, જેમાં, પ્રવેશ, હાજરી, મૂલ્યાંકન વગેરે સાથે સંબંધિત પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત તમામ ફેતુઓ માટે તમામ સ્તરે વિદ્યાર્થીઓ માટે સમૃદ્ર શૈક્ષણિક સોફ્ટવેર વિકસાવવામાં આવશે અને તેમને ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પ્રકારના તમામ સોફ્ટવેર તમામ મુખ્ય ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ હશે. અને અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓ દિવ્યાંગ

વિદ્યાર્થીઓ સહિત વિવિધ વપરાશકર્તાઓ સુધી પહોંચી શકશે. તમામ પ્રાદેશિક ભાષાઓમાં તમામ રાજ્યો તેમજ **NCERT**, **CLET**, **CISE**, **NIOS** અને અન્ય સંસ્થાઓ દ્વારા અધ્યયન અધ્યાપન સંબંધી ઇ-કન્ટેન્ટ વિકસાવવાનું ચાલુ કરવામાં આવશે અને તેને DIKSHA પ્લેટફોર્મ પર અપલોડ કરવામાં આવશે. આ મંચ પર ઉપલબ્ધ ઇ-કન્ટેન્ટનો ઉપયોગ શિક્ષકો વ્યવસાય સંબંધી વિકાસ માટે કરી શકે. **CIET DIKSHA** તેમજ અન્ય શૈક્ષણિક તકનીકીની પહેલને પ્રોત્સાહન આપવા અને તેનું વિસ્તરણ કરવા માટે મજબૂત કરવામાં આવશે. શાળાઓમાં શિક્ષકોને યોગ્ય ઉપકરણો ઉપલબ્ધ કરાવવામાં આવશે,જેથી શિક્ષકો અધ્યયન- અધ્યાપન સંબંધી ઇ-કન્ટેન્ટ યોગ્ય રીતે સંકલિત કરી શકે. **DIKSHA/SWAYAM** જેવા તકનીકી આધારિત શિક્ષણ મંચ (**Platforms**) વધુ સારા બનશે અને સમગ્ર શાળા અને ઉચ્ચ શિક્ષણમાં સંમિલિત થશે તથા વપરાશકર્તાઓ દ્વારા ક્રમાંક સમાવેશ થશે, જેથી સામગ્રી તૈયાર કરનારાઓ વપરાશકર્તાને અનુકૂળ અને ગુણાત્મક સામગ્રી બનાવી શકે.

સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થાને અનિવાર્યપણે પરિવર્તિત કરવામાં ઝડપથી વિકાસ પામતી પરિવર્તનશીલ તકનીકી પર વિશેષ ધ્યાન આપવાની જરૂર પડશે. જ્યારે 1986/1992ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી હતી ત્યારે ઇન્ટરનેટની ક્રાંતિકારી અસરની આગાહી કરવી મુશ્કેલ હતી. આપણી વર્તમાન શિક્ષણ પદ્ધતિની આ ઝડપી અને વિક્ષેપક ફેરફારોનો સામનો કરવાની અસમર્થતાને કારણે (વ્યક્તિગત રીતે અને રાષ્ટ્રીય સ્તરે) વધુને વધુ સ્પર્ધાત્મક દુનિયામાં જોખમી અને નુકસાનકારક સ્થિતિ તરફ લઈ જઈ રહ્યું છે. ઉદાહરણ તરીકે, કમ્પ્યૂટરો મોટા ભાગે વાસ્તવિક અને પ્રક્રિયાગત જ્ઞાનનો લાભ ઉઠાવવામાં મનુષ્યોને પાછળ છોડી રહ્યાં છે ત્યારે પણ તમામ સ્તરે આપણું શિક્ષણ વિદ્યાર્થીઓ પર ઉચ્ચકક્ષાની તેમની ક્ષમતાઓના વિકાસના સ્થાને વધુ પડતો બોજો નાખે છે.

આ નીતિ એવા સમયે ઘડવામાં આવી છે જ્યારે નિ:શંકપણે કૃત્રિમ બુધ્ધિમત્તા **એઆઈ** (**AI**), 3D/7D **Virtual Reality** જેવી પરિવર્તનકારી તકનીકીનો વિકાસ થયો છે. જેમ જેમ એઆઈ **AI** આધારિત આગાહીનો ખર્ચ ઘટશે તેમ તેમ એઆઇ AI કુશળ વ્યાવસાયિકોની સરખામણી કરી શકશે તેમજ તેનાથી પણ આગળ નીકળી શકાશે. અમુક નિદાનાત્મક કાર્યોમાં ડૉક્ટરો જેવા કુશળ વ્યાવસાયિકોને પણ મૂલ્યવાન સહાય મળશે. પરિવર્તન લાવવા માટે એઆઈ **AI** ની ક્ષમતા સ્પષ્ટ છે. જેની ત્વરિત પ્રતિક્રિયા બાબતે શિક્ષણ વ્યવસ્થા હોવી જોઇએ. **NETFનું** કાયમી કાર્ય ઉભરતી તકનીકીનું તેમની ક્ષમતા અને અંદાજિત સમયમર્યાદાને આધારે વર્ગીકરણ કરવાનું રહેશે. સમયાંતરે આ વિશ્લેષણ એમએચઆરડી **MHRD** સમક્ષ રજૂ કરવાનું રહેશે. આ નિવેશના આધારે એમએચઆરડી MHRD એતકનીકીની ઔપચારિક ઓળખ કરશે, જેમના ઉદયને શિક્ષણ પદ્ધતિ તરફથી પ્રતિભાવોની જરૂર છે.

એમએચઆરડી **MHRD** ની નવી ક્રાંતિકારી તકનીકીની ઔપચારિક માન્યતાના પ્રતિભાવમાં, રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન તકનીકીમાં સંશોધન પ્રયાસોનો પ્રારંભ કરશે અથવા તેનું વિસ્તરણ કરશે. એઆઈ AIના સંદર્ભમાં, **NRF** ત્રિપાંખિયો અભિગમ વિચારી શકે છેઃ (ક) મુખ્ય એઆઈ AI સંશોધનને આગળ વધારવા, (ખ) એપ્લિકેશન આધારિત સંશોધનને વિકસાવવું અને તૈયાર કરવું, અને (ગ) આરોગ્ય સંભાળ, કૃષિ અને જળવાયુ પરિવર્તન જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક પડકારોને પહોંચી વળવા માટે આંતરરાષ્ટ્રીય સંશોધન પ્રયાસોને આગળ વધારવા.

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માત્ર ક્રાંતિકારી તકનીકી પર સંશોધન કરવામાં જ નહીં, પરંતુ અત્યાધુનિક ક્ષેત્રોમાં ઓનલાઇન અભ્યાસક્રમો સહિત શૈક્ષણિક સામગ્રી અને અભ્યાસક્રમોની પ્રારંભિક આવૃત્તિઓ બનાવવામાં પણ સક્રિય ભૂમિકા ભજવશે. એક વખત તકનીકી પરિપકવતાનું સ્તર પ્રાપ્ત કર્યા બાદ હજારો વિદ્યાર્થીઓ સાથે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને આદર્શ રીતે આ શિક્ષણ અને કૌશલ્યના પ્રયાસોને આગળ વધારવા માટે મૂકવામાં આવશે, જેમાં નોકરીની તૈયારી માટે લક્ષિત તાલીમનો સમાવેશ થશે. ક્રાંતિકારી તકનીકી કેટલીક નોકરીઓને નકામી બનાવશે અને તેથી કૌશલ્ય અને કૌશલ્યનો અભિગમ કે જે કાર્યક્ષમ છે અને ગુણવત્તા રોજગારીનું સર્જન કરવા અને ટકાવી રાખવા માટે વધુ મહત્વપૂર્ણ બની રહેશે. સંસ્થાઓને આવી તાલીમ આપવા માટે સંસ્થાગત અને બિનસંસ્થાકીય ભાગીદારોને મંજૂરી આપવાની સ્વાયત્તતા હશે, જે કૌશલ્ય અને ઉચ્ચ શિક્ષણ માળખા સાથે સંકલિત થશે.

વિશ્વવિદ્યાલયોનો ઉદ્દેશ યંત્ર આધારીત અધ્યયન તેમજ બહુવિદ્યાશાખાકીય ક્ષેત્રો એઆઈ **AI** અને **X** તેમજ આરોગ્ય સંભાળ, કૃષિ અને કાયદા જેવા વ્યાવસાયિક ક્ષેત્રોમાં **Ph.D.** અને અનુસ્નાતક કાર્યક્રમો પ્રદાન કરવાનો છે. તેઓ સ્વયમ જેવા મંચ મારફતે આ ક્ષેત્રોમાં અભ્યાસક્રમો વિકસાવી શકે છે અને પ્રસારિત કરી શકે છે. ઝડપથી અપનાવી લેવા માટે, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ આ ઓનલાઇન અભ્યાસક્રમોને સ્નાતક અને વ્યાવસાયિક કાર્યક્રમોમાં પરંપરાગત શિક્ષણ સાથે મિશ્રિત કરી શકે છે. **HEI** ડેટા એનોટેશન, ઇમેજ વર્ગીકરણ અને સ્પીચ ટ્રાન્સક્રિપ્શન જેવી એઆઈ **AI** વેલ્યુ ચેઇનને ટેકો આપવા માટે ઓછી કુશળતા ધરાવતા કાર્યોમાં લક્ષિત તાલીમ પણ આપી શકે છે. શાળાના વિદ્યાર્થીઓને ભાષાઓ શીખવવાના પ્રયાસો ભારતની વિવિધ ભાષાઓ માટે ભાષાની કુદરતી પ્રક્રિયા વધારવાના પ્રયાસોથી સંકલન કરવામાં આવશે.

**ઉપસંહારઃ-**

જેમ જેમ ક્રાંતિકારી તકનીકી વિકસતી જશે, તેમ તેમ શિક્ષણ અને વર્તમાન શિક્ષણ સામાન્ય જનતાને તેમની સંભવિત ક્રાંતિકારી અસરો વિશે જાગૃતિ વધારવામાં મદદ કરશે અને સંબંધિત

મુદ્દાઓનું સમાધાન પણ કરશે. આ તકનીકી સાથે સંબંધિત બાબતો અંગે જાહેર સંમતિની જાણ કરવી જરૂરી છે. શાળામાં, વર્તમાન બાબતો અને નૈતિક મુદ્દાઓના અભ્યાસમાં **NETF/MHRD** દ્વારા ઓળખપાત્ર તકનીકીઓ પર ચર્ચાનો સમાવેશ થશે. શિક્ષણ ચાલુ રાખવા માટે યોગ્ય સૂચના અને ચર્ચા સામગ્રી પણ તૈયાર કરવામાં આવશે.

માહિતી એ **એઆઈ AI** આધારિત તકનીકી માટે મુખ્ય સ્રોત છે અને પ્રદત (**Data**) વ્યવસ્થાપન અને પ્રદત સંરક્ષણ સાથે સંકલાયેલા ગોપનીયતા, કાયદાઓ અને માપદંડો વગેરે અંગે જાગૃતિ ફેલાવવા માટે મહત્વપૂર્ણ છે. **એઆઈ AI** આધારિત તકનીકીના વિકાસ અને ઉપયોગ સાથે સંબંધિત નૈતિક મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડવો જરૂરી છે. આ જાગૃતિ વધારવાના પ્રયાસોમાં શિક્ષણ મહત્વની ભૂમિકા ભજવશે. અન્ય ક્રાંતિકારી તકનીકી કે જે આપણી જીવનશૈલી બદલવાની અપેક્ષા છે અને તેથી, સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જા, જળ સંરક્ષણ, સાતત્યપૂર્ણ ખેતી, પર્યાવરણ સંરક્ષણ અને અન્ય હરિત પહેલનો સમાવેશ થાય છે; જેમાં શિક્ષણમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

**સંદર્ભ સૂચિઃ-**


- અંબાસણા, અનિલ (૧૯૯૮) માહિતી પૃથક્કરણ અને અર્થઘટન. રાજકોટઃ નિજ્જિન સાયકો સેન્ટર. ઉંચાટ, ડી.એ. (૨૦૦૫) સંશોધન દર્શન. રાજકોટ પારસ પ્રકાશન.
- દેસાઈ, એચ.જી. અને દેસાઈ, કે. જી. (૧૯૭૯) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. (બીજી આ.). અમદાવાદઃ યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજય.
- પારેખ, બી.યુ. (૧૯૯૪) પરીક્ષા—પ્રાપ્તાંક અને તેનું અર્થઘટન, ગતિશીલ શિક્ષણ. મોદી, એન. જી. (૨૦૦૧) ગુજરાતી શાંતવાંચન અર્થગ્રહણ માપન. અમદાવાદઃ ગુજરાત વિધાપીઠ.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નું માળખું.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1572-1578

# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની મોબાઈલ ઉપયોજન સભાનતાનો અભ્યાસ

*નિશા રામી & **ડૉ. જયપ્રકાશ પંડયા

*સંશોધક
ગૂજરાત વિદ્યાપીઠ
**માર્ગદર્શક
પ્રાધ્યાપક, IASE, ગૂજરાત વિદ્યાપીઠ

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

મોબાઈલ ફોન, ઉપયોજન, વિદ્યાર્થી, અભ્યાસ

**A B S T R A C T**

*આજે ભાષા માટે મોબાઈલ ટેક્નોલોજીનો ઝડપી વિકાસ જોવા મળી રહ્યો છે. ફક્ત અનૌપચારિક શિક્ષણમાં જ નહીં પરંતુ ઔપચારિક શિક્ષણમાં પણ મોબાઈલ લોકપ્રિયતા મેળવી રહેલ છે. છેલ્લા ઘણા સમયથી મોબાઈલ વપરાશકર્તાઓની સંખ્યા ઝડપથી વધતી જાય છે. તે સાથે ભાષા શીખવાની એપ્લિકેશન્સ પણ વિકસિત થયેલ છે. વિશ્વ વધુ વિકસિત દેશોના મોબાઈલ આધારિત ભાષા શિક્ષણ (MALL) વધુ પ્રચલિત અને લોકપ્રિય છે. ICTના યુગમાં સ્માર્ટ વર્ગખંડો તથા ડિજિટલ શાળાઓએ શીખનાર કેન્દ્રી શિક્ષણ તરફ ગતિ કરી છે. ડિજિટલ વર્ગખંડએ શિક્ષકો અને શીખનારાઓને માટે વિશાળ અવકાશ પૂરો પાડે છે.ખાસ કરીને ભાષા શીખવા માટે મોબાઈલએ સૌથી આકર્ષક ટેક્નોલોજી છે. ટેક્નોલોજી જે શિક્ષણ માટે ક્રાંતિકારી અભિગમ રજૂ કરે છે. આ અભિગમ સ્થાન અને સમયની મર્યાદા વિના સરળ પ્રવેશ પ્રદાન કરે છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વિદ્યાર્થીઓની મોબાઈલ ઉપયોજન સભાનતાનો જુદા જુદા ચલોના સંદર્ભમાં અભ્યાસ હાથ ધર્યો હતો. પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે ગાંધીનગર જિલ્લાની 10 માધ્યમિક શાળાઓમાંથી યાદૃચ્છિક રીતે 150 વિદ્યાર્થીઓની નમૂના તરીકે પસંદગી કરી હતી. માહિતીના વિશ્લેષણના આધારે માલૂમ પડ્યું કે, વિદ્યાર્થીનીઓ વિદ્યાર્થીઓ*

***કરતાં વધુ મોબાઈલ ઉપયોજન સભાનતા ધરાવે છે. વિજ્ઞાન પ્રવાહના વિધાર્થીઓ સામાન્ય પ્રવાહના વિધાર્થીઓ કરતાં વધુ મોબાઈલ ઉપયોજન સભાનતા ધરાવે છે.***

**પ્રસ્તાવના**

દુનિયામાં દિનપ્રતિદિન નવી ટેક્નોલોજીનો આવિષ્કાર થતો જોવા મળે છે. જેને કારણે માનવજીવન અત્યંત સરળ અને પ્રગતિશીલ બનેલ છે. આ આવિષ્કારોમાં મોબાઇલ ફોનએ અદભુત સાધન છે. તે ખૂબ જ ઝડપથી પ્રખ્યાત થયેલ છે. ડિજિટલ જનરેશન માટે મોબાઈલએ જીવનનું અંગત પાસું બની ગયેલ છે. તેઓ મોબાઈલનો ઉપયોગ મનોરંજન માટે જ નહીં પણ શિક્ષણ માટે પણ કરે છે. નવી પેઢી પરંપરાગત વર્ગખંડ આધારિત શિક્ષણ ના સ્થાને આ રીતના પોર્ટેબલ ડિવાઈસનો ઉપયોગ વધુ આવકારે છે. મોબાઇલ ફોનએ ભાષા શિક્ષણ માટે સારું અને અસરકારક વાતાવરણ પૂરું પાડે છે. મોબાઈલ દ્વારા ભાષા શીખવા માટે અસંખ્ય વ્યવહારુ ઉદાહરણો આજે ઉપલબ્ધ થયેલ છે.

આજકાલ કહેવાતી ડિજિટલ જનરેશન માટે મોબાઇલએ એક જીવનનું અંગત પાસું છે. તેઓ તેનો ઉપયોગ મનોરંજન તેમજ શિક્ષણમાં કરે છે. નવી પેઢી પરંપરાગત વર્ગખંડ આધારિત શિક્ષણની જગ્યાએ આ રીતના પોર્ટેબલ ડિવાસીસનો ઉપયોગ વધુ આવકારે છે. મોબાઇલ ફોનએ ભાષા શિક્ષણ માટે વધુ સારુ અને અસરકારક વાતાવરણ પૂરું પાડે છે. તે ભાષા શીખવા માટેના અસંખ્ય વ્યવહારુ ઉપયોગો પ્રદાન કરે છે. દૃશ્ય, શ્રાવ્ય તેમજ લેખિત માહિતી જેવી વિવિધ પ્રકારની માહિતીને તે ઝડપથી સંચાલિત કરે છે. શીખનાર કોઈપણ જગ્યાએથી કોઈપણ સમયે માહિતીના સંચાલિત ભાગનો સંશોધન કરી શકે છે. મોબાઇલના સહયોગથી ભાષા શીખવી એ નવો લોકપ્રિય મલ્ટિડિસિપ્લિનરી ક્ષેત્ર તરીકે માનવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વિધાર્થીઓની મોબાઈલ ઉપયોજન સભાનતાનો જુદા જુદા ચલોના સંદર્ભમાં અભ્યાસ હાથ ધર્યો હતો.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે:

1. વિધાર્થીઓની મોબાઇલ ઉપયોજન અંગેની સભાનતાનો અભ્યાસ કરવો.
2. વિધાર્થીઓની મોબાઇલ ઉપયોજન અંગેની સભાનતાનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. વિધાર્થીઓની મોબાઇલ ઉપયોજન અંગેની સભાનતાનો પ્રવાહના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

$H0_1$ મોબાઇલ ઉપયોજન સભાનતા માપદંડ પરનાં વિધાર્થીઓ અને વિધાર્થીનીઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H0_2$ મોબાઇલ ઉપયોજન સભાનતા માપદંડ પરનાં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનાં વિધાર્થીઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલો**

પ્રસ્તુત સંશોધનના ચલો નીચે પ્રમાણે છે:

1. જાતિયતા
- વિધાર્થીઓ
- વિધાર્થીનીઓ

2. પ્રવાહ
- વિજ્ઞાન પ્રવાહ
- સામાન્ય પ્રવાહ

**સંશોધનની મર્યાદાઓ**

1. પ્રસ્તુત સંશોધન માટે ગાંધીનગર જિલ્લાની 10 માધ્યમિક શાળાઓના વિધાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.
2. સંશોધકે સ્વ-રચિત માપદંડનો ઉપયોગ કર્યો હોવાથી માપદંડની બધી જ મર્યાદાઓ એ પ્રસ્તુત સંશોધનની મર્યાદાઓ બનશે.

**સંશોધન પદ્ધતિ**

સંશોધકનો મુખ્ય હેતુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની મોબાઇલ ઉપયોજન સભાનતાનો અભ્યાસ કર્યો હતો. આ માટે મોબાઈલ ઉપયોજન સભાનતા માપદંડની રચના કરી હતી. સંશોધકે યાદ્દચ્છિક રીતે વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમની પાસેથી મોબાઈલ ઉપયોજન સભાનતા માપદંડ આધારિત પ્રતિચારો મેળવ્યા હતા. આ માટે સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**સંશોધન ઉપકરણ**

સંશોધકે સંશોધન ઉપકરણ તરીકે મોબાઈલ ઉપયોજન સભાનતા માપદંડની રચના કરી હતી. આ માપદંડમાં કુલ 20 વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક વિધાન માટે કુલ છ પ્રતિચારો નક્કી કરવામાં આવ્યા હતા:

જાણકારી નથી = 0

જાણકારી છે = 1

વિચારણા કરેલ છે = 2

પૂર્વતૈયારી કરેલ છે = 3

વર્તનનું અનુસરણ કરું છું = 4

અન્યને ભલામણ પણ કરું છું = 5

**સંશોધનનો નમૂનો**

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે ગાંધીનગર જિલ્લાની 10 માધ્યમિક શાળાઓમાંથી યાદ્દચ્છિક રીતે 150 વિદ્યાર્થીઓની નમૂના તરીકે પસંદગી કરી હતી. જે નીચેની સારણીમાં દર્શાવી છે.

**સારણી 1.0**

**સંશોધનનો નમૂનો**

| **પ્રવાહ** | **વિજ્ઞાન પ્રવાહ** | **સામાન્ય પ્રવાહ** | **કુલ** |
|---|---|---|---|
| **વિદ્યાર્થીઓ** | 28 | 34 | **62** |
| **વિદ્યાર્થીનીઓ** | 18 | 70 | **75** |
| **કુલ** | 46 | 104 | **150** |

## માહિતીનું એકત્રીકરણ

સંશોધકે ગાંધીનગર જિલ્લાની 10 માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કાર્ય હતા. સંશોધકે આ શાળાઓની રૂબરૂ મુલાકાત લઇ આચાર્યની સંમતિથી દરેક વિદ્યાર્થીઓને માપદંડ આપી તેના આધારિત પ્રતિચારો મેળવ્યા હતા. માપદંડ આપતાં પહેલા સંશોધક દ્વારા ઉપકરણ વિશેની પૂરતી માહિતી આપવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીને પ્રતિચારો પૂરા કરવામાં આશરે 20 મિનિટનો સમય લાગ્યો હતો.

## માહિતીનું પૃથક્કરણ

વિદ્યાર્થીઓની મોબાઇલ ઉપયોજન સભાનતા માપદંડ પર વિવિધ ચલોની અસર તપાસવા માટે સંશોધકે બે ઉત્કલ્પનાઓની રચના કરી હતી. આ ઉત્કલ્પનાઓની ચકાસણી કરવા માટે t-પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

જેના પરિણામો નીચે દર્શાવ્યા છે:

**$H0_1$ મોબાઇલ ઉપયોજન સભાનતા માપદંડ પરનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.**

**સારણી 2.0**

**વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓના મોબાઇલ ઉપયોજન સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનું t-પરીક્ષણ**

| જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | t-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| **વિદ્યાર્થીઓ** | 62 | 44.73 | 18.11 | 2.96 | 0.01 |
| **વિદ્યાર્થીનીઓ** | 88 | 52.06 | 12.23 | | |

ઉપરોક્ત સારણીમાં દર્શાવ્યા અનુસાર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓના મોબાઈલ ઉપયોજન સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનું અવલોકિત t-મૂલ્ય 2.96 છે. t-મૂલ્ય 0.01 કક્ષાએ 2.62 છે. આમ, અવલોકિત t-મૂલ્ય સારણીયન મૂલ્ય કરતાં વધુ હોવાથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓના મોબાઇલ ઉપયોજન સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. વળી વિદ્યાર્થીનીઓની સરાસરી વિદ્યાર્થીઓ કરતાં વધુ હોવાથી કહી શકાય કે, વિદ્યાર્થીનીઓ વિદ્યાર્થીઓ કરતાં વધુ સભાનતા ધરાવે છે.

**$H0_2$ મોબાઇલ ઉપયોજન સભાનતા માપદંડ પરનાં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.**

**સારણી 3.0**

**વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનું t-પરીક્ષણ**

| પ્રવાહ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | t-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| **વિજ્ઞાન પ્રવાહ** | 46 | 55.80 | 14.43 | 3.76 | 0.01 |
| **સામાન્ય પ્રવાહ** | 104 | 46.03 | 14.80 | | |

ઉપરોક્ત સારણીમાં દર્શાવ્યા અનુસાર વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના મોબાઈલ ઉપયોજન સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનું અવલોકિત t-મૂલ્ય 3.76 છે. સારણીયન t-મૂલ્ય 0.01 કક્ષાએ 2.62 છે. આમ, અવલોકિત t-મૂલ્ય સારણીયન મૂલ્ય કરતાં વધુ હોવાથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના મોબાઈલ ઉપયોજન સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. વળી, સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની સરાસરી કરતાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની વધુ હોવાથી કહી શકાય કે, વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ કરતાં વધુ સભાનતા ધરાવે છે.

## સંશોધનના તારણો

માહિતીના અંકશાસ્ત્રીય વિશ્લેષણના આધારે મળેલા તારણો નીચે પ્રમાણે છે:

1. વિદ્યાર્થીનીઓ વિદ્યાર્થીઓ કરતાં વધુ મોબાઈલ ઉપયોજન સભાનતા ધરાવે છે.
2. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ કરતાં વધુ મોબાઈલ ઉપયોજન સભાનતા ધરાવે છે.

## ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની મોબાઈલ ઉપયોજન સભાનતાનો વિવિધ ચલોના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. આ માટે સંશોધકે વ્યાપવિશ્વમાંથી યાદૃચ્છિક રીતે 150 વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમને સ્વ-રચિત મોબાઈલ ઉપયોજન સભાનતા માપદંડ આપેલ હતા. માહિતીના વિશ્લેષણના આધારે માલૂમ પડ્યું કે, વિદ્યાર્થીનીઓ વિદ્યાર્થીઓ કરતાં વધુ મોબાઈલ ઉપયોજન સભાનતા ધરાવે છે. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ કરતાં વધુ મોબાઈલ ઉપયોજન સભાનતા ધરાવે છે.

## સંદર્ભ સૂચિ

દેસાઈ, એચ.જી. અને દેસાઈ, કે.જી. (1989). **સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ

પટેલ, આર.એસ. (2010). **સંશોધનની પાયાની સંકલ્પના (સંશોધન હાથપોથી),** અમદાવાદ, જય પબ્લિકેશન

પટેલ, આર.એસ. (2017). **સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર,** અમદાવાદ, જય પબ્લિકેશન.

શુકલા, સતીષપ્રકાશ (2014) **સંશોધન પરિચય,** અમદાવાદ, ક્ષિતિ પ્રકાશન

શુકલા, સતીષપ્રકાશ (2019), **સંશોધન પરિચય અને પદ્ધતિશાસ્ત્ર,** અમદાવાદ, ક્ષિતિ પ્રકાશન

ઉચાટ, ડી.એ. (2006), ગુણાત્મક સંશોધન, રાજકોટ : લેખક

ઉચાટ, ડી.એ. (2006), શૈક્ષણિક સંશોધનનાં સારાંશ, રાજકોટ : લેખક

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1579-1585

# માતૃભાષામાં શિક્ષણ

**_Dr. Rohit C. Patel_**

*Lecturer*
*District Institute Of Education And Training Navsari,*
*Gujarat, India*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

માતૃભાષા,NEP-2020,શિક્ષણ, નઈ તાલીમ

**A B S T R A C T**

***કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર તેની શિક્ષણનીતિ પર રહેલો છે.જો તેમાં અસરકારક શિક્ષણ પ્રક્રિયાને મહત્વ અપાય તો વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય છે.જે આગળ જતાં ઉત્તમ નાગરિકો બને છે.તેઓ કોઈપણ પરિસ્થિતિનો સામનો કરી રાષ્ટ્રનો વિકાસ કરે છે.રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના ઉદ્દેશો રહેલા છે.તેમાં અસરકારક શિક્ષણ પ્રક્રિયા-વ્યવસ્થાની વાત સમાયેલી છે.પ્રાથમિક,પૂર્વ પ્રાથમિક કક્ષાએ બાળકોનો માનસિક વિકાસ મહત્તમ થતો હોઈ આ કક્ષાએ શિક્ષણ પ્રક્રિયાને મહત્વ અપાયુ છે.આ તબક્કાઓમાં માતૃભાષામાંશિક્ષણ આપવાથી બાળકના માનસિક અને જીવનમૂલ્યોના વિકાસની તક ઊજળી બને છે.આ નીતિના મુખ્ય ઉદ્દેશો પૈકી પ્રાથમિક કક્ષાએથી જ બાળકનો વિકાસ કરવો,વ્યવસાયિક શિક્ષણથીપરિચિત કરવા, શાળા છોડી જતાં બાળકોનો દર ઘટાડવો વગેરેને સાર્થક કરવાના વિવિધ પ્રયાસો પૈકી નાં એક પ્રયાસ તરીકે 'માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ'ને ગણાવી શકાય.માતૃભાષામા શિક્ષણથી સાંસ્કૃતિક વારસાની જાળવણી અને સમૃદ્ધિકરણ કરી શકાય છે.જેના દ્વારા આ નીતિનો એક ઉદ્દેશ 'PROMOTION OF INDIANLANGUAGES'ને સાર્થક કરી શકીશું***

**પ્રસ્તાવના**

ભાષા એ માણસને વારસામાં મળેલી અમૂલ્ય ભેટ છે.પોતાના જીવનકાળ દરમિયાન સર્જેલ પ્રતિકો કે ચિહ્નો નો વિશાળ ખજાનો છે.સદીઓથી જુદી જુદી ભાષાઓ અને સંસ્કૃતિઓ એક સાથે રહીને એક બીજીને સમૃધ્ધ કરતી આવી છે.જેના ફળ સ્વરૂપે જ અનેક ભાષાઓ ઉદભવી છે અને વિકાસ પામતી રહી છે.આવી ભાષાઓ સાંસ્કૃતિક વારસાને પ્રતિપોષણ આપે છે.જુદા જુદા વિસ્તારોમાં વિકાસ પામેલ સ્થાનિક બોલી માતૃભાષામાં ફેરવાય છે.જે વિચારની અભિવ્યક્તિ,ચિંતન,ભાવાત્મક-ઐક્ય,સામાજિક જોડાણ,ચર્ચા,વાદ-વિવાદ વગેરે જેવા પાસાઓના વિકાસ માટે મહત્વની છે.

અનેક શૈક્ષણિક વિચારકોએ બાળકોને માતૃભાષામાં શિક્ષણ આપવાની વાત કરી છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF)-2005માં પણ શાળાના શિક્ષણનું માધ્યમ જે તે સ્થાનિક ભાષા કે માતૃભાષામાં રાખવાની જોગવાઈ કરેલી છે.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 તો ધોરણ-5 સુધીનું શિક્ષણ ફરજિયાત સ્થાનિક ભાષા કે માતૃભાષામાં રાખવાની વ્યવસ્થા કરવાનું કહે છે અને એટલે જ આ નીતિમાં માતૃભાષામાં શિક્ષણ માટે જરૂરી શૈક્ષણિક અને વહીવટી સુધારા કરવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 માં બાળકના કૌશલ્યોના વિકાસ માટે જરૂરી વર્ગખંડ વ્યવહાર માતૃભાષામાં કરવાની જોગવાઈ કરી છે.આમ કરવાથી જ બાળકના સર્વાંગી વિકાસની તક ઊજળી બને છે.તંદુરસ્ત ભારતીય સમાજના નિર્માણ માટે આ નીતિ અતિ મહત્વની છે.

**માતૃભાષા અને શિક્ષણ**

માતૃભાષા એટલે ...........

- ચોક્કસ સંકેતો,ચિહ્નો કે અવાજની અભિવ્યક્તિ વડે થતી બોલીનું વિસ્તૃત સ્વરૂપ.
- વિચારો,લાગણીઓ,આવેશોને સહજતાથી વ્યક્ત કરવાનું માધ્યમ.

જન્મતાની સાથે જ બાળક પોતાની જાતને આ જગત સાથે જોડે છે. તે શરૂઆતમાં ચોક્કસ સંકેતો,ચિહ્નો અને અવાજ વડે અભિવ્યક્તિની આપ-લે કરે છે.જે આગળ જતાં ચોક્કસ ઉચ્ચારણોમાં ફેરવાય છે.આવા ઉચ્ચારણો થકી જ 'બોલી' નો ઉદભવ થાય છે.જે તે વિસ્તારમાં બોલાતી આવી સ્થાનિક બોલી આગળ જતાં વિકાસ પામી માતૃભાષાના સ્વરૂપમાં ફેરવાય છે.

**માતૃભાષા શિક્ષણ એટલે......**

- બાળકના સર્વાંગી વિકાસ માટે આપવામાં આવતા શિક્ષણનું પ્રત્યાયન માધ્યમ એટલે માતૃભાષા શિક્ષણ.

- જ્ઞાન પ્રાપ્તિના શિક્ષણ માટે સ્થાનિક બોલી/ભાષામાં અપાતું શિક્ષણ એટલે માતૃભાષા શિક્ષણ.

**માતૃભાષાનું મહત્વ**

જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંતભાઇ શાહ કહે છે, "માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે."ગર્ભમાંથી જ બાળક માતાની ભાષા શીખવા લાગે છે. બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીમાં તો તે માતૃભાષાના બે હજાર જેટલા શબ્દો, તેના અર્થ અને ભાવ સાથે શીખીને તેને અનુભવમાં પણ લઇ લે છે.માતૃભાષા દ્વારા જ બાળક સર્જનાત્મક બને છે. વિચારવાની અને કલ્પના કરવાની સ્વતંત્રતા માટે માતૃભાષા અનિવાર્ય છે.

"હું માતૃભૂમિને માટે અને માતૃભાષાને માટે બધું કરી છૂટીશ."

- ગુજરાત વિદ્યાપીઠના બંધારણમાં મૂકેલી શરત

"માતા, માતૃભાષા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચઢિયાતી છે." - ડૉ.રવીન્દ્ર દવે

"માતૃભાષા હૃદયની ભાષા છે." - કોલરીજ (પાશ્ચાત્ય વિદ્વાન)

માતૃભાષાના મૂલ્યને સ્વીકારીને ઇ.સ.1999ની 17મી નવે મ્બરે સંયુક્ત રાષ્ટ્રસંઘની પેટા સંસ્થા યુનેસ્કો દ્વારા દર વર્ષે 21મી ફેબ્રુઆરીને 'વિશ્વ માતૃભાષા દિન' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.

માતૃભાષા શિક્ષણના કેટલાંક મહત્વના મુદ્દાઓ નીચે મુજબ છે.

- માતૃભાષામાં શિક્ષણ ભણતરને ગોખણપટ્ટીથી દૂર રાખે છે.
- સમજ સાથેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.
- સ્વતંત્ર અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસ ખીલે છે.
- સહજ અને આનંદદાયી શિક્ષણ મળે છે.
- ભણતર બોજારૂપ લાગતું નથી.
- જીવન વ્યવહાર સાથે જોડાયેલ પૂર્વજ્ઞાનને સારી રીતે સમજી શકાય છે.

- પ્રાથમિક તબક્કેથી જ બૌધ્ધિક વિકાસ સારો થાય છે.
- વ્યક્તિના સર્વાંગી વિકાસની તક ઊજળી બને છે.
- સામાજીકરણની પ્રક્રિયા સારી રીતે થાય છે.
- ભારતીય ભાષાઓનું સમૃધ્ધિકરણ થાય છે.
- સાંસ્કૃતિક વારસાનું જતન થાય છે.

## વૈશ્વિક પશ્ચાદભૂમિકા

જાપાનમાં અને જર્મનીમાં સર્વેક્ષણો થયા છે. તેના તારણોમાં જણાયું છે કે માતૃભાષાના માધ્યમમાં ભણનારની સ્ટ્રેસ કેપેસીટી વધારે હોય છે, જે તેને જીંદગીના બધા પડકારો ઝીલવા માટે સક્ષમ બનાવે છે.ઇઝરાયેલ કે જે આપણા દેશના દસમા ભાગમાં પણ નથી આવતો તેણે આજે આપણા દેશ કરતાં દસ ગણા વધું નોબેલ પુરસ્કારો મેળવ્યા છે, તેનું કારણ માત્ર એ જ કે તે દેશના બાળકો માતૃભાષામાં શિક્ષણ મેળવે છે.

રશિયા, ફ્રાન્સ, ચીન, જર્મની, જાપાન જેવા દેશોમાં એમની માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. EFA Global Monitoring Report-2005: The Quality Imperative માટે સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સીટીના ડૉ.કેરોલ બેન્સને હાથ ધરેલા એક વિસ્તૃત અભ્યાસનો અહેવાલ રજૂ કર્યો હતો. તેમના અભ્યાસનો વિષય હતો: "The importance of mother-tongue based schooling for educational quality". તેમણે વિશ્વના વિવિધ ભાગોમાં ઇ.સ.1970થી માંડીને થયેલા અનેક સર્વેક્ષણો અને અભ્યાસોને, સંદર્ભોને પોતાના શોધલેખમાં ટાંક્યા છે. તેમાં જણાવ્યા મુજબ, 'માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણના પરિણામો ખૂબ જ સારા દેખાયા છે.

માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ લેનાર વિધાર્થીઓની બીજી ભાષા અંગ્રેજી પણ ખૂબ સારી હોય છે. માતૃભાષાના સહારાથી તેમને બીજી ભાષામાં પણ ખૂબ સારી ફાવટ આવી જાય છે. વિધાર્થી બંને ભાષામાં પાવરધો બને છે.'

## માતૃભાષામાં શિક્ષણ મેળવીને મહાનતાના શિખરે પહોંચેલા મહાનુભાવો

- સ્વામી વિવેકાનંદ કે જે માતૃભાષામાં ભણ્યા અને છતાં શિકાગોની ધર્મપરિષદમાં અંગ્રેજીમાં બોલ્યા હતાં.
- 'ગીતાંજલિ' કાવ્યસંગ્રહ માટે નોબેલ પારિતોષિક મેળવનાર રવીન્દ્રનાથ ટાગોરેમાતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું.

- અર્થશાસ્ત્રનું નોબેલ પ્રાઇઝ મેળવનાર અમર્ત્ય સેને માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું.
- વિજ્ઞાન ક્ષેત્રે નોબેલ પ્રાઇઝ પ્રાપ્ત કરનાર સી.વી.રામને માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું.
- વિખ્યાત અણુ વિજ્ઞાની અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પોતાની માતૃભાષામાં ભણ્યા હતાં.
- અવકાશયાત્રી કલ્પના ચાવલાએ ગુજરાતી માધ્યમમાં પોતાનો અભ્યાસ કર્યો હતો.
- સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરે શિક્ષણ માતૃભાષામાં લીધું હતું.
- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પોરબંદરની ગુજરાતી શાળામાં ભણ્યા હતાં.
- ઉદ્યોગપતિ ધીરુભાઇ અંબાણીએ મજેવડીની ગુજરાતી શાળામાં પોતાનું પ્રાથમિક શિક્ષણ લીધું હતું.
- મોટા ઉદ્યોગપતિ, સમર્થ અગ્રણી અને વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવતાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇ ગુજરાતી માધ્યમમાં ભણ્યા હતાં.
- પદ્મશ્રી, પદ્મભૂષણ, મહારાષ્ટ્ર ભૂષણ અને 25 જેટલી યુનિવર્સીટીમાંથી ડૉક્ટરેટ મેળવનાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અરૂણભાઇ ગાંધીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ ગુજરાતી માધ્યમમાં કર્યો હતો.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષામાં શિક્ષણ માટેનું આયોજન**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં આવી રહેલા ક્રાંતિકારી પરિવર્તનો પૈકી વિભાગ-1 ના પ્રકરણ-4 માં બહુભાષાવાદ અને ભાષાની ક્ષમતા અંતર્ગત 4.11 મા મુદ્દામાં માતૃભાષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે અને તેની જોગવાઈઓ નીચે મુજબ છે.

'એ સર્વવિદિત છે કે નાના બાળકો તેમના ઘરમાં બોલાતી ભાષા એટલે કે માતૃભાષામાં મહત્વના મૂર્ત કે અમૂર્ત ખ્યાલોને વધુ ઝડપથી શીખે છે અને ગ્રહણ કરે છે. ઘરોમાં સામાન્ય રીતે માતૃભાષા અથવા સ્થાનિક સમુદાયો દ્વારા બોલવામાં આવતી ભાષાનો ઉપયોગ થાય છે. જો કે, કેટલીક વખત બહુભાષી કુટુંબોમાં, કુટુંબના અન્ય સભ્યો દ્વારા બોલાતી ભાષા ઘરેલુ ભાષા હોઇ શકે છે, જે ક્યારેક માતૃભાષા અથવા સ્થાનિક ભાષાથી અલગ હોઇ શકે છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછા ધોરણ ૪ સુધી, પણ વધુ યોગ્ય હોય તો ધોરણ 9 સુધી, શિક્ષણનું માધ્યમ ઘરની ભાષા/માતૃભાષા/સ્થાનિક ભાષા/પ્રાદેશિક ભાષા હશે. આ ધોરણો પછી પણ ઘર/સ્થાનિક ભાષાને

શક્ય હોય ત્યાં સુધી શાળામાં એક વિષય તરીકે શીખવવામાં આવશે. સરકારી અને ખાનગી બંને પ્રકારની શાળાઓએ આ સૂચનાનું પાલન કરવાનું રહેશે. વિજ્ઞાન સહિત દરેક વિષયોના ઉચ્ચ ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકોને ઘરમાં બોલાતી ભાષા કે માતૃભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. બાળક દ્વારા બોલાતી ભાષા અને શિક્ષણના માધ્યમ વચ્ચે કોઇ પણ અંતર હોય તો તેને સમાપ્ત કરવાના તમામ પ્રયાસો તાત્કાલિક ધોરણે કરવામાં આવશે. જ્યાં ઘરની ભાષા/માતૃભાષામાં પાઠ્યપુસ્તક સામગ્રી ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વ્યવહારની ભાષા, શક્ય હોય ત્યાં ઘરેલુ ભાષા/માતૃભાષા રહેશે. એવા વિદ્યાર્થીઓ જેના ઘરની ભાષા/માતૃભાષા શિક્ષણના મધ્યમથી ભિન્ન છે, તેમ્ના માટે દ્વિભાષી અધ્યયન-અધ્યાપન સામગ્રી સહિત દ્વિભાષી અભિગમનો ઉપયોગ કરવા માટે શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવશે. બધી જ ભાષાઓ તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા સાથે શીખવવામાં આવશે; એક ભાષાને સારી રીતે શીખવવા અને શીખવા માટે તેને શિક્ષણનું માધ્યમ બનાવવું જ પૂરતું નથી, તેને એક વિષય તરીકે ઊંડાણપૂર્વક શીખવવી જોઇએ.'

ઉપરોક્ત જોગવાઇઓ પરથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં માતૃભાષાના મહત્વને અદ્કેરૂં આંકવામાં આવ્યું છે અને સાથોસાથ અન્ય ભાષાઓને પણ જરૂરી મહત્વ આપીને બાળકના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે.

## પડકારો

માતૃભાષાના મધ્યમથી શિક્ષણ આપવાના હેતુને બર લાવવા માટેના પ્રયત્નો સફળ થાય તે માટે આપણે સૌ એ નીચેના પડકારોનો સામનો કરવો પડશે અને નીચેની સમસ્યાઓને વત્તે-ઓછે અંશે ઉકેલવા માટે મંડી પડવું પડશે, તો જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના ઉદ્દેશો પૂર્ણ કરી ભારતને સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો પૂર્ણ કરવા તરફ ગતિમાન બનાવી શકાશે.

1. ભારત વિપુલ ભાષા વૈવિધ્ય ધરાવતો દેશ છે ત્યારે તમામ ભાષાઓમાં વૈવિધ્યપૂર્ણ અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવવી એ એક મોટો પડકાર બની રહેશે.
2. કોર્પોરેટ કલ્ચર, તગડો પગાર, તેજસ્વી કારકિર્દી, ભ્રામક સ્માર્ટનેસ અને આ બધાને કારણે અંગ્રેજી માધ્યમ તરફ ગાંડી દોટ મૂકતાં વાલીઓને સમજાવવા મુશ્કેલ છે.
3. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં પૂરૂં પાડવા માટે મોટી સંખ્યામાં તેના જાણકાર શિક્ષકોની જરૂર પડશે, જે મુશ્કેલ છે.
4. વર્ષોથી સ્થાપિત થઇ ગયેલી ઘરેડ અને માનસિકતાને બદલવા માટે દરેક કક્ષાએ સઘન તાલીમ અને તાલીમ આપનાર નિષ્ણાંતોની જરૂર પડશે. આ માટે વ્યવસ્થા કરવી મુશ્કેલ છે.

5. વિજ્ઞાનના વિકાસને લગતાં મોટાભાગનાં પુસ્તકો અંગ્રેજી ભાષામાં અથવા અંગ્રેજી અનુવાદ સરળતાથી પ્રાપ્ય છે ત્યારે અનુસરવા પડશે અથવા એનું માતૃભાષામાં અનુવાદ કરાવવા માટે ભારે જહેમત ઉઠાવવી પડશે.

## ઉપસંહાર

માતૃભાષાના માધ્યમથી પ્રાથમિક શિક્ષણ આપવાના શુભ આશયને પરિપૂર્ણ કરવા માટે શિક્ષણ ક્ષેત્રનાં પાયાના એકમ વિદ્યાર્થીથી માંડીને વાલીઓ, પરિવાર, સમાજ, શાળા, શિક્ષકો, વહીવટીતંત્ર, અભ્યાસક્રમ સંરચના કરનાર ઘટકો, રોજગારી આપતાં એકમો તથા રાષ્ટ્રના શિક્ષા મંત્રાલય સુધીના તમામે એકસૂત્રતા જાળવીને કટિબધ્ધ બનવું પડશે, તો જ બાળકના સર્વાંગીણ વિકાસના અંતિમ ધ્યેયને આપણે હાંસલ કરી નવભારતનું નિર્માણ કરી શકીશું.

## સંદર્ભ સૂચિ


દેસાઇ,કે. શાહ અને .જી, આર.પી.( 2000). ***શૈક્ષણિક પરિભાષા અને વિભાવના,*** (દ્વિતીય આવૃત્તિ .)બોર્ડ નિર્માણ ગ્રંથ યુનિવર્સિટી : અમદાવાદ,ગુજરાત રાજ્ય.

પારેખ,બીત્રિવેદી અને .યુ., એમ.ડી. (1994.) ***શિક્ષણમાં આંકડાશાસ્ત્ર***, (ચતુર્થ આવૃતિ.) અમદાવાદ બોર્ડ નિર્માણ ગ્રંથ યુનિવર્સિટી :,ગુજરાત રાજ્ય.

શાહ,ડી.બી. 2005 .***શિક્ષણમાં કમ્પ્યુટર***,(પ્રથમ આવૃત્તિ.પ્રકાશન નીરવ : અમદાવાદ.

રાવલ,નટુભાઈ(2005).***શૈક્ષણિક મનોવિજ્ઞાન*** (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ .પ્રકાશન નીરવ :

શુક્લ,સતીશપ્રકાશ(2019).***શિક્ષણ અને મનોવિજ્ઞાન***.અમદાવાદ :એસ.એસ.એસ.પ્રકાશન

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020,માનવ સંસાધાન વિકાસ મંત્રાલય,ભારત સરકાર.

રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા-2005,NCERT-ન્યુ દીલ્હી

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1586-1593

# NEP 2020 અંતર્ગત ગણિત-વિજ્ઞાન વિષયમાં પ્રાથમિક શાળામાં થયેલ ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિનો અભ્યાસ

***Vimalkumar Bhagwanbhai Tandel***

*Ph.d. Research scholar (education)*
*Saurashtra university, rajkot,*
*Gujarat, India*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

NEP 2020, ગણિત-વિજ્ઞાન વિષય, પ્રાથમિક શાળા, ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિ, અભ્યાસ

**A B S T R A C T**

*NEP 2020 સંદર્ભે ટેક્નિકલ પ્રવૃત્તિમય શિક્ષણ, સર્જનાત્મક, રચનાત્મક અને ક્રિયાત્મક કાર્ય કરવાથી બાળકોને ખૂબ જ શીખવામાં મજા આવતી હોય છે. પ્રસ્તુત અભ્યાસનો હેતુ પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિનો અભ્યાસ કરવો. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે શિક્ષકોના, વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે શિક્ષકોની મુશ્કેલીઓ જાણવાનો હતો. તે માટે સ્વરચિત ઉપકરણો દ્વારા તાપી જીલ્લાના સયાજીગામની પ્રાથમિક શાળાના શિક્ષકોને, વિદ્યાર્થીઓને અભિપ્રાયાવલિ આપી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. તેમનું પૃથ્થકરણ કરી તારણો તારવ્યાં હતાં. ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિમાં મુખ્યત્વે વિશિષ્ટ ઉપકરણોનો ઉપયોગ, મોજણી, ક્ષેત્રકાર્ય, સમૂહ માધ્યમનો ઉપયોગ, પ્રયોગો કરવા વર્ચ્યુઅલ રિયાલિટી ટેકનોલોજીનો ઉપયોગ, શિક્ષણમાં AI નો ઉપયોગ, મિશ્રિત શિક્ષણ, 3D પ્રિન્ટીંગ, ડિઝાઇન-વિચાર પ્રક્રિયાનો ઉપયોગ, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, જીગ્સૉ(પઝલ), અને ક્લાઉડ કમ્પ્યુટિંગ શિક્ષણ હતી. ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોના પ્રતિભાવ હકારાત્મક હતા.*

***વિદ્યાર્થીઓ પોતાના શિક્ષણ કાર્યમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી શીખવું ગમતું હતું. અનુભવાતી મુશ્કેલીઓમાં સાધન-સામગ્રી અપૂરતી, અભ્યાસનું ભારણ, પરીક્ષાલક્ષી તૈયારી, શાળા સમયનું બંધન, વિદ્યાર્થીઓમાં શિસ્ત, શાળાકીય કાર્યનો ભારણ, નોંધપાત્ર મુશ્કેલીઓ જણાઈ હતી.***

## પ્રસ્તાવના

વિજ્ઞાન અને ટેકનોલોજીના નિત્ય નવાં-નવાં આવિસ્કારો થતાં રહે છે. આ આવિષ્કારોનો પ્રભાવ શાળા શિક્ષણ પણ પડે છે. બાળકો ટેકનોલોજીના ઉપયોગથી પોતાના વિષયમાં સર્જનાત્મકતા લાવવા મથતા હોય છે. તેમના આ નીશર્ગમાં શિક્ષકોએ મદદરૂપ થવું અત્યંત જરૂરી છે. બાળકો પોતાની આસપાસનું વાતાવરણ પ્રકૃતિ, વસ્તુઓ અને લોકો સાથે પરસ્પરના વ્યવહાર અને ભાષા દ્વારા ઘણું બધુ શીખતા હોય છે. તેઓ નવા વિચારોને તેમના પદાર્થ અને પ્રવૃતિઓ અંગેના અગાઉના જ્ઞાન અને વિચારો સાથે જોડી પોતાના જ્ઞાનમાં વધારો કરે છે. બધા બાળકો કુદરતી રીતે શીખવા માટે તત્પર અને સક્ષમ હોય છે.બાળકો સહજ રીતે શીખતા હોય છે અને તેઓ પોતાની પ્રવૃત્તિ દ્વારા જ જ્ઞાન મેળવે છે. વિજ્ઞાન અને ગણિતમાં રચનાત્મકતા અને આવિષ્કારિતાને પ્રોત્સાહિત કરવા માટે એન.સી.એફ. ૨૦૦૫ (NATIONAL CURRICULUM FRAME WORK 2005) માં પ્રવૃત્તિઓ, પ્રયોગો અને તકનિકી મોડયુલ્સને મહત્વ આપવામાં આવેલ છે. તે વિવિધ માધ્યમોના પ્રસારણ જેમ કે શાળા (કેન્દ્ર), તાલુકો, જિલ્લો, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ગણિત અને વિજ્ઞાન પ્રદર્શનના કાર્યક્રમ દ્વારા વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓના અમલીકરણકરીને પ્રોત્સાહિત કરે છે. NCERT અને MHRD -NEW DELHI દર વર્ષે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય લોકોમાં ગણિત અને વિજ્ઞાન શિક્ષણની લોકપ્રિયતા વધારવા માટે NCERT દ્વારા જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય ગણિત અને વિજ્ઞાન પ્રદર્શન અને MHRD NIF –INDIA દ્વારા INSPIRE AWARD – MANAK વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ વિજ્ઞાન-ગણિત વિષયની મદદથી ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિમાં ભાગ લઈ આ સમગ્ર કાર્યક્રમ વિશે જાણે તે જરૂરી છે. માટે પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક NEP 2020 અંતર્ગત ગણિત-વિજ્ઞાન વિષયમાં પ્રાથમિક શાળામાં થયેલ ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું.

## સમસ્યા કથન

NEP 2020 અંતર્ગત ગણિત-વિજ્ઞાન વિષયમાં પ્રાથમિક શાળામાં થયેલ ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિનો અભ્યાસ

**ગણિત :** પ્રાથમિક શાળામાં ભણાવવામાં આવતો એક વિષય.

**વિજ્ઞાન:** પ્રાથમિક શાળામાં ભણાવવામાં આવતો એક વિષય.

**ગણિત-વિજ્ઞાનમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિ :** ગણિત-વિજ્ઞાન ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિ એટલે કે ગણિત અને વિજ્ઞાન વિષયને લગતા મોડેલ કે કૃતિ બનાવી રજૂ કરવામાં આવે છે. જેમાં શાળાનાં ગણિત-વિજ્ઞાન શિક્ષકના માર્ગદર્શન હેઠળ ગણિત-વિજ્ઞાન વિષયમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને કૃતિ રજૂ કરવા માટેનો કાર્યક્રમ.

## અભ્યાસના હેતુઓ

1. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિનો અભ્યાસ કરવો.
2. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.
3. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા.
4. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે શિક્ષકોની મુશ્કેલીઓ જાણવી.

## અભ્યાસના પ્રશ્નો

1. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કેવી હશે?
2. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવાં હશે?
3. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે વિદ્યાર્થીઓના અભિપ્રાયો કેવાં હશે?
4. પ્રાથમિક શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે શિક્ષકોની મુશ્કેલીઓ કેવી હશે?

## સંશોધન ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ શિક્ષણના સંદર્ભમાં પ્રાથમિક શાળામાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ જાણવી તથા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો જાણવાનો છે. તેથી પ્રસ્તુત અભ્યાસનું સંશોધન ક્ષેત્ર પ્રાથમિક શાળા શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી હતું.

ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓની મુશ્કેલીઓ:

- બાળકોને ગણિત વિજ્ઞાન પ્રદર્શનનાં મોડેલ બનાવવામાં મુશ્કેલી પડે છે.
- કૃતિનું પ્રેઝન્ટેશન માટેની તૈયારી કરવામાં બાળકો મુશ્કેલી અનુભવે છે.
- બાળવૈજ્ઞાનિક તરીકે બાળકો ભાગ લેવા માટે તૈયાર થતાં ન હતા.
- ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં બાળવૈજ્ઞાનિકોનો સંતોષકારક સહકાર મળતો ન હતો.
- શરૂઆતનાં વર્ષમાં શાળાની કૃતિ કેન્દ્ર કક્ષા સુધી જ પહોંચતી.

## ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓની જરૂરિયાત

વિદ્યાર્થીઓને અધ્યાપન દરમિયાન સક્રિય રીતે જોડાય તેમજ વિદ્યાર્થીઓને વધુ રસ લેતા કરી, વધુ વ્યસ્ત રાખવા ઉપયોગી થશે. વિદ્યાર્થીઓને વર્ગોમાં વધુ સારી રીતે શીખવામાં મદદરૂપ બનશે. ઑનલાઇન વર્ગો, હાઇબ્રિડ શિક્ષણ તરફ પરિવર્તનમાં વિદ્યાર્થીઓને, શિક્ષકોને કે શાળાને મદદરૂપ બનશે.

## અભ્યાસની ક્ષેત્ર મર્યાદા

પ્રસ્તુત અભ્યાસ તાપી જિલ્લાના સયાજીગામની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પૂરતું મર્યાદિત છે.

## વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

તાપી જિલ્લાની સયાજીગામની ગુજરાતી માધ્યમની જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ અભ્યાસનું વ્યાપવિશ્વ બને છે. પ્રસ્તુત અભ્યાસમાં સહેતુક નમુના પસંદગીની પદ્ધતિથી શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષકો અને વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## અભ્યાસની પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં સર્વેક્ષણ પદ્ધતિમાં શાળા સર્વેક્ષણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## અભ્યાસના ઉપકરણો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક કક્ષાએ ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓના સંદર્ભમાં વિદ્યાર્થીઓના અને શિક્ષકોના અભિપ્રાયો જાણવાના હેતુસર લીકટ પદ્ધતિ દ્વારા સ્વરચિત બે અભિપ્રયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ 20-20 કલમ હતી. જ્યારે ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરવામાં આવી હતી.

## માહિતી એકત્રીકરણની રીત

સ્વરચિત ઉપકરણો દ્વારા તાપી જીલ્લાના સયાજીગામની પ્રાથમિક શાળાના શિક્ષકોને પ્રથમ અભિપ્રયાવલિ આપી ત્યારબાદ વિદ્યાર્થીઓને અભિપ્રયાવલિ આપી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. અભિપ્રયાવલિ ભરાવી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ પાસેથી પરત મેળવી માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

## માહિતી વિશ્લેષણની રીત

અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરવા માટે ટકાવારી અને કાઇ વર્ગ મૂલ્ય જેવી આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## પરિણામો

પ્રત્યેક વિધાનો પર આપેલા અભિપ્રાયોનું કાયવર્ગ મૂલ્ય 151.36 થી 178.23 વચ્ચે હતું. સારણી ઈ પરથી df =18 માટે આવશ્યક સારણી મૂલ્ય 0.01 કક્ષાએ સાર્થક છે. જે દર્શાવે છે કે પ્રત્યેક વિધાનો પર મળેલા પ્રતિચાર આકસ્મિક નહી પરંતુ વાસ્તવિક છે. તેમજ પ્રત્યેક વિધાનો તરફની સંમતની ટકાવારી વધુ હતી.

## અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસના તારણો નીચે મુજબ પ્રાપ્ત થયા હતાં.

1. ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિમાં મુખ્યત્વે વિશિષ્ટ ઉપકરણોનો ઉપયોગ, મોજણી, ક્ષેત્રકાર્ય, સમૂહ માધ્યમનો ઉપયોગ, નવા અભિગમ અને પ્રયોગો કરવા, ઇન્ટરેક્ટિવ પાઠ, વર્ચ્યુઅલ રિયાલિટી ટેકનોલોજીનો ઉપયોગ, શિક્ષણમાં AI નો ઉપયોગ, મિશ્રિત શિક્ષણ, 3D પ્રિન્ટીંગ, ડિઝાઇન-વિચાર પ્રક્રિયાનો ઉપયોગ, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, જીગ્સૉ(પઝલ), અને ક્લાઉડ કમ્પ્યુટિંગ શિક્ષણ હતી.

2. ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે શિક્ષક પોતાના શિક્ષણ કાર્યમાં ટેક્નિકલ, નાવીન્યપૂર્ણ સર્જનાત્મક પ્રવૃત્તિઓને વ્યાપક બનાવવા, શીખવવામાં અધ્યાપન મોડેલ, નકશા, આલ્બમબુક, ક્ષેત્રકાર્ય, સમૂહ માધ્યમ જેવી પદ્ધતિ પ્રવૃતિઓ પ્રત્યે હકારાત્મક વલણ હતું. જ્યારે શિક્ષકોને વિદ્યાર્થીઓ અને તેના સહાધ્યાયીનો સાથ સહકાર મળતો હોવાનું જાણવા મળ્યું હતું. અધ્યાપનકાર્યમાં ટેકનોલોજીનો ઉપયોગ પ્રત્યેનું શિક્ષકોના પ્રતિભાવ હકારાત્મક હતા.

3. ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સંદર્ભે વિદ્યાર્થીઓ પોતાના શિક્ષણ કાર્યમાં ટેક્નિકલ, નાવીન્યપૂર્ણ સર્જનાત્મક પ્રવૃત્તિઓને વ્યાપક બનાવવા, શીખવવામાં, મોડેલ, નકશા, આલ્બમબુક, ક્ષેત્રકાર્ય, સમૂહ માધ્યમ જેવી પ્રવૃતિઓ પ્રત્યે હકારાત્મક હતો. ટેકનોલોજીનો ઉપયોગ કરી શીખવું ગમતું હતું.

4. ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેક્નિકલ અને સર્જનાત્મક પ્રવૃત્તિમાં અનુભવાતી મુશ્કેલીઓમાં સાધન-સામગ્રી અપૂરતી, અભ્યાસનું ભારણ, પરીક્ષાલક્ષી તૈયારી, વિદ્યાર્થીઓની સંખ્યા, નવા પ્રયોગ પ્રત્યે મુજવણ, જેવી બાબતો મુખ્ય હતી..આ ઉપરાંત શાળા સમયનું બંધન, વિદ્યાર્થીઓમાં શિસ્ત, શાળાકીય કાર્યનો ભારણ, નોંધપાત્ર મુશ્કેલીઓ જણાઈ હતી.

## નિષ્કર્ષ

- સૌપ્રથમ બાળકોને શાળાના પ્રાર્થના સંમેલનમાં ધોરણ 6 થી 8 ના બધા જ બાળકોને આવતો નવતર વિચાર કે મોડેલનો લખીને વિચાર રજૂ કરવા જોઈએ.

- મોડેલ બનાવવાનું હોવાથી ઘર કે ઘરની આસપાસ પડેલી નકામી ચીજ વસ્તુઓ જેવી કે પ્લાસ્ટિકની બોટલ, લાકડાની પટ્ટી, ખીલી, સ્ક્રૂ, લેઝર ટોર્ચ,વગેરે વસ્તુઓ ભેગી કરવા જણાવવું જોઈએ.

- ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે મોડેલ બનાવવાની તાલીમ આપવી જોઈએ.

- કૃતિ બનાવવામાં મદદ કરવી જોઈએ. જેવી કે DIGITAL MICROSCOPE AND LASER MICROSCOPE,SALT WATER BATTERY, DIGITAL FUEL METER, ALL SIDE ROTATE CRAFT, SOLAR IRON SHOP, વગેરે.
- બાળકોને કૃતિનું પ્રેઝન્ટેશનની સ્પર્ધા રાખી બાળવૈજ્ઞાનિક તરીકે પસંદ કરવા જોઈએ.

## ઉપસંહાર

ગણિત-વિજ્ઞાન વિષયમાં ટેકનોલોજીનો ઉપયોગઅને સર્જનાત્મક પ્રવૃત્તિનો અભ્યાસ કરવાથી શાળામાં મળેલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં સફળતાથી દેશની તમામ શાળામાં બાળકોને સર્જનાત્મક પ્રવૃત્તિ કરાવી NEP 2020 ની પ્રવૃત્તિમય શિક્ષણ આપી મૂલ્યો સિધ્ધ કરી શકાય.

## સંદર્ભસૂચિ

ઉચાટ, ડી.એ.(૧૯૯૭). ***સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારું આધારો.*** રાજકોટ : પારસ પ્રકાશન.

...(૨૦૦૦). ***સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ.*** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

...(૨૦૦૪). ***માહિતી પર સંશોધન વ્યવહારો.*** રાજકોટ : લેખક.

...(૨૦૦૫). ***સંશોધન દર્શન.*** રાજકોટ : પારસ પ્રકાશન.

ઉચાટ, ડી.એ. અને અન્ય(૧૯૮૦). ***સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?*** રાજકોટ : સાયકો સેન્ટર.

મોલિયા, એમ.એસ.(૨૦૦૩). ***વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ.*** રાજકોટ : અર્થ ગ્રાફિક્સ.

શાહ, ડી.બી.(૨૦૦૪). ***શૈક્ષણિક સંશોધન.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ ગુજરાત રાજ્ય.

...(૨૦૧૮). ***ગણિત ધોરણ – ૬ .*** ગાંધીનગર : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

...(૨૦૧૮). ***ગણિત ધોરણ – ૭ .*** ગાંધીનગર : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

...(૨૦૧૮). ***ગણિત ધોરણ – ૮ .*** ગાંધીનગર : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

...(૨૦૧૮). ***વિજ્ઞાન ધોરણ – ૬ .*** ગાંધીનગર : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

...(૨૦૧૮). ***વિજ્ઞાન ધોરણ – ૭ .*** ગાંધીનગર : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

... (૨૦૧૮). ***વિજ્ઞાન ધોરણ – ૮ .*** ગાંધીનગર : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

PEER Reviewed Bi-Monthly Journal ISSN : 2320-2971 (Online)
Our Impact Factor: 2.0056
International e-Journal for Education and Mathematics
www.iejem.org Special Issue, (Mar. 2024), pp 1594-1598

# જાપાનની જાગૃતિ : જાપાની શિક્ષણ પદ્ધતિઓમાંથી શીખવું

*અમિતા ડી. પટેલ*

*એમ.એડ્. પ્રશિક્ષણાર્થી*

*શિક્ષણ વિભાગ*

*વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત*

**Article Info.**

*Received on 15 Feb 2024*
*Revised on 19 Feb 2024*
*Accepted on 29 Feb 2024*

**Keywords:**

જાપાનની જાગૃતિ, જાપાની શિક્ષણ પદ્ધતિઓ, શીખવું

**A B S T R A C T**

***જાપાનમાં આધુનિક શિક્ષણ 19 મી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થયું હતું અને તે પશ્ચિમી દેશોની શિક્ષણ પ્રણાલીથી ભારે પ્રભાવિત હતું. જાપાનની શિક્ષણ પદ્ધતિ પ્રયોગશિલ, સામાજિક સુઆયોજન, તકનીકી પ્રયોગ વાળી છે. જાપાનની શિક્ષણ પદ્ધતિ અને NEP 2020માં રજૂ કરાયેલ શૈક્ષણિક સુધારાઓની વૈશ્વિક દ્રષ્ટિકોણથી લક્ષ્ય અને ઉદ્દેશ્ય, પ્રયોગશીલતા, અનુક્રમણિકા, સંબંધિત શૈક્ષણિક પ્રતિષ્ઠા, વિદ્યાર્થી અને શિક્ષક પ્રતિષ્ઠા જેવી બાબતોમાં તફાવત જોવા મળે છે. ગાંધીજીના આદર્શો જાપાને શિક્ષણ પદ્ધતિ સાથે સંબંધિત છે. NEP 2020 અને જાપાનની શિક્ષણ પદ્ધતિમાં કેટલીક સમાનતા જોવા મળે છે.***

## પ્રસ્તાવના

જાપાન એ વિશ્વનાં સૌથી વધુ શિક્ષિત અને ઉત્પાદક સમાજોમાનુ એક છે. તે OECDના Program for International Student Assessment (PISA) માં સતત રીતે ટોચના પાંચમા સ્થાન ધરાવે છે. જે ડઝનો દેશોની ત્રીવાર્ષિક પરીક્ષણ છે, જેમાં ગણિત, વાંચન, વિજ્ઞાન અને સહયોગી સમસ્યા હલ કરવાની ક્ષમતાઓની મુખ્ય શ્રેણીઓ છે.

જાપાનની સફળતાની ગાથા સિંગાપોર સાથે ઘણી સામ્યતા ધરાવે છે. નબળા કુદરતી સંસાધનો, વાવાઝોડા અને ધરતીકંપ જેવી વારંવારની આપત્તિઓના આધીન રાષ્ટ્ર હોવા છતાં તેઓએ તેમની શિક્ષણ પ્રણાલી દ્વારા ઉચ્ચ સ્તરની સફળતા હાંસલ કરી છે.

**ચાવીરૂપ શબ્દો**

જાપાન, શિક્ષણ પદ્ધતિ

**પારિભાષિક શબ્દની વ્યાખ્યા**

***જાપાન***

જાપાન એટલે કે 'ઊગતા સૂર્યના દેશ'ની ઉપમા પામેલો પૂર્વ એશિયાના તળપ્રદેશને અડીને આવેલો દેશ. પૅસિફિક મહાસાગરમાં લગભગ 2100 કિમી. લાંબી ચાપાકાર દ્વીપશૃંખલા બનાવતો આ દેશ આશરે 26° 59'થી 45° 31' ઉ. અ. અને 128° 06'થી 145° 49' પૂ. રે. વચ્ચે વિસ્તરેલો છે. 4 મુખ્ય ટાપુઓ ઉપરાંત લગભગ 3000 જેટલા નાના નાના ટાપુઓને સમાવતા આ દેશનું ક્ષેત્રફળ આશરે 3,77,915 ચોકિમી. છે. 4 પૈકી સૌથી મોટો ટાપુ હોન્શુ છે. અને તેથી તેને 'જાપાનનો તળપ્રદેશ' (mainland) કહેવામાં આવે છે.

***શૈક્ષણિક પદ્ધતિ***

શિક્ષણ પદ્ધતિ પ્રિય એક વિશેષ પ્રયુક્તિ ( ટેકનિક) છે. જેના દ્વારા શિક્ષક સુવ્યવસ્થિત રૂપથી એટલે કે રીતથી વિદ્યાર્થીને વિષયવસ્તુની જાણકારી આપે છે અને શિક્ષકોનો ઉદ્દેશ્ય પરિપૂર્ણ થાય છે.

***જાપાનની શિક્ષણ પદ્ધતિ:-***

**પ્રયોગશીલતા:-** જાપાનની શિક્ષણ પદ્ધતિ પ્રયોગશીલ અને અભ્યાસક્રમો ને અમલમાં લાવવાની પ્રવૃત્તિ છે.

**સામાજિક સુઆયોજન:-** શિક્ષણ સિસ્ટમ સામાજિક સુઆયોજન અને સામાજિક સ્થાનિકતાને વધારવા માટે કામ કરે છે.

**તકનીકી પ્રયોગતા:-** તકનિકી સાધનો અને અધતન શૈક્ષણિક પ્રક્રિયાઓનો ઉપયોગ કરીને અધતન શિક્ષણ ને પ્રોત્સાહિત કરે છે.

## જાપાનની શિક્ષણ પદ્ધતિ અને NEP 2020રજૂ કરાયેલ શૈક્ષણિક સુધારાઓની વૈશ્વિક દ્રષ્ટિકોણ સાથે તફાવત

જાપાનની શિક્ષણ પદ્ધતિ અને NEP 2020માં રજૂ કરાયેલ શૈક્ષણિક સુધારાઓની વૈશ્વિક દ્રષ્ટિકોણ સાથેના તફાવત નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

1. લક્ષ્ય અને ઉદ્દેશ્યો:- NEP 2020 અને જાપાનની શિક્ષણ પદ્ધતિમાં લક્ષ્ય અને ઉદ્દેશ્યોના સમજણ તરીકેનું મોટુ માપદંડ બનાવવામાં તફાવત હોય છે.
2. પ્રયોગશીલતા:- જાપાનમાં શિક્ષણની પ્રયોગશીલતા અને પ્રયાસિલતાનું અત્યંત ઉચ્ચ મુલ્ય માનીને તેનો પ્રયોગ કરવામાં આવે છે.
3. અનુક્રમણિકતા:- NEP 2020 માં શિક્ષણનું આધાર વિવિધ પાઠ્યક્રમોની અનુક્રમણિકતા અને અનુયાયી પ્રણાલીઓ પર આધારિત છે.
4. સંબંધિત શૈક્ષણિક પ્રતિષ્ઠા:- જાપાનમાં શિક્ષણની પ્રતિષ્ઠાના કાર્યક્રમો અને પ્રણાલીઓની સંબંધિત પ્રતિષ્ઠા અને પ્રણાલીનું ઉચ્ચ મૂલ્ય માનવામાં તફાવત જોવા મળે છે.
5. વિદ્યાર્થી અને શિક્ષક પ્રતિષ્ઠા:- જાપાનની શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની પ્રતિષ્ઠાને વધુ પસંદ કરવામાં આવે છે.

## જાપાનની શિક્ષણ પદ્ધતિ અને ગાંધીજીના આદર્શો

ગાંધીજીના આદર્શો જાપાનની શિક્ષણ પદ્ધતિ સાથે મહત્વપૂર્ણ સંબંધિત છે. ગાંધીજીએ આપેલા આદર્શો સાથે ત્યાંના સમર્થનકારો નિષ્ઠાવાન હતા, જે જાપાનની સમર્થ વિકાસશીલ શિક્ષણ પદ્ધતિનો પણ મૂળ હતો.

ગાંધીજીના આદર્શ વિશે તેમના સમર્થન કરો અને અનુયાયીઓ તેમના સ્વાવલંબી અભ્યાસોમાં શિક્ષણ પ્રચંડતા સર્વોત્તમતા સમાજસેવા અને અન્ય મૂળભૂત મૂલ્યોને અને સહયોગને મહત્વ આપે છે અને આ મૂલ્યો જીવનને આધારશીલ સ્થળે પણ પ્રયોગમાં લાવવાની લાવવા માટે ઉત્તેજિત કરે છે આથી ગાંધીજીના આદર્શો અને જાપાનની શિક્ષણ પદ્ધતિ વચ્ચે તાદાત્મ્ય છે.

## જાપાનની શિક્ષણ પદ્ધતિ અને NEP 2020માં જોવા મળતી સમાનતાઓ

1. જાપાનની શિક્ષણ પદ્ધતિ અને NEP 2020 એ વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોમાં વિશેષતાઓથી વિકસાવવાનું માને છે.

2. જાપાનમાં અને ભારતમાં તકનીકી પ્રગતિનો ઉપયોગ શિક્ષણમાં કરવામાં આવે છે.
3. જાપાનની શિક્ષણ પદ્ધતિ અને NEP 2020 વિદ્યાર્થીઓને વાસ્તવિક અનુભવો દ્વારા શિક્ષણ આપવાનું જણાવે છે.

**સમાપન**

જાપાની શિક્ષણ પદ્ધતિ અને NEP 2020માં કેટલીક સમાન બાબતો જોવા મળે છે, તો કેટલીક બાબતોમાં તફાવત પણ જોવા મળે. ગાંધીજીના આદર્શોને પણ જાપાનના શિક્ષણ સાથે સંબંધ જોવા મળે છે.

## સંદર્ભ

1. http://gujarativishwakosh.org.
2. https://chat.openai.com
3. https://www.linkedin.com
4. https://ik-pt2.ru/gu
5. રાવલ.એન.વી.(૨૦૧૧),**કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ** (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ:નીરવ પ્રકાશન